કરન્સી માર્કેટ

US.ડોલર	૭૭.૫૩
પાઉન્ડ	૯૭.૦૨
યુરો	૮૨.૭૬
સઉદી રિયાલ	૨૦.૬૭
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૫૨,૧૫૦
ચાંદી (૧ કિલો)	૬૦,૬૦૦

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)

તા.૨-૬-૨૦૨૨ ગુરૂવાર

AHMEDABAD ●●● SINCE-1991

Govt. of India Ministry of Minority Affairs (Haj Cell) Recognised

N.A. TOURS AND TRAVELS

HAJ, UMRAH, ZIYARAT TOUR ORGANISER

HAJJ 2022

Limited Seats Available

DELUXE PACKAGE ECONOMIC RATE	STAY NEAR HARAM IN STAR HOTEL	DIRECT FLIGHT SAUDI AIRLINES AHMEDABAD TO AHMEDABAD

Ellora Com Centre, G.P.O., Ahmedabad-1.

+91 77780 66088, 98980 29418

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com

For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૧ અંક-૩૦૩ ● ૧ ઝિલ્કદ હિજરી ૧૪૪૩ ● 2 JUNE - 2022 ● PAGES 12 ● ₹ ૬.૦૦

નેશનલ હેરાલ્ડ અખબાર સાથે જોડાયેલા કેસમાં ED દ્વારા પૂછપરછ કરાશે

સોનિયા અને રાહુલ ગાંધીને મની લોન્ડ્રીંગ કેસમાં EDનું સમન્સ

EDએ ફરીવાર PMLA હેઠળ તપાસ કરવાના ઈરાદાથી પૂછપરછ માટે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને બોલાવ્યા

રાહુલ ગાંધીને આજે જ્યારે સોનિયા ગાંધીને ૮મી જૂને પૂછપરછ માટે EDએ બોલાવ્યા છે પણ રાહુલ ગાંધી હાલ વિદેશમાં છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

નેશનલ હેરાલ્ડ અખબાર સાથે જોડાયેલા મની લોન્ડ્રીંગ કેસમાં એન્ફોર્સમેન્ટ રિરેક્ટોરેટ દ્વારા કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને તેમના પુત્ર રાહુલ ગાંધીને સમન્સ મોકલવામાં આવ્યા છે. ઈડી દ્વારા રાહુલ ગાંધીને ગુરૂવારે જ્યારે સોનિયા ગાંધીને ૮મી જૂને બોલાવાયા છે.

આ અંગે ૧૦ મહત્વના મુદ્દા

૧. રાહુલ ગાંધીને પાંચમી જૂન એટલે ગુરૂવારે પૂછપરછ માટે બોલાવાયા છે પરંતુ હાલ તેઓ દેશમાં નથી.

૨. ગાંધી પરિવાર પાસે છૂપાવવા માટે કશું જ નથી તેવું કોંગ્રેસે ભારપૂર્વક જણાવતાં કહ્યું કે, 'આ રાજકીય, સામાજિક, આર્થિક અને કાયદાકીય લડાઈ છે.'

૩. પત્રકાર પરિષદમાં કોંગ્રેસના સિનિયર સાંસદ અને વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યું કે, મની લોન્ડ્રીંગ અને મની એક્સચેન્જના કોઈ પુરાવા નથી. પાર્ટીએ કેન્દ્ર સરકાર પર રાજકીય બદલો લેવાનો અને વિધાનસભા ચૂંટણીઓને ધ્યાને લઈને વિપક્ષને નિશાન બનાવવા માટે કેન્દ્રીય તપાસ એજન્સીઓનો દુરૂપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે.

૪. સિંઘવીએ પત્રકારોને જણાવ્યું હતું કે, આ મની લોન્ડ્રીંગનો એક વિચિત્ર કેસ છે જેમાં કોઈ નાણાં સામેલ જ નથી. આ મામલો તાસના પત્તાની સરખામણીમાં વધુ ખોખલો છે. અમે તેનો સામનો કરીશું. અમે ભયભીત નથી. આ બદલાની રાજનીતિ, શુદ્રતા, ભય અને હલ્કી રાજનીતિનું પ્રતીક છે.

૫. મોંઘવારી જેવા વાસ્તવિક મુદ્દાઓ પરથી લોકોનું ધ્યાન હટાવવાનો પ્રયાસ કરવાનો કેન્દ્ર સરકાર પર આરોપ લગાવતાં કોંગ્રેસે કહ્યું કે, આ કેસમાં પગાર જેવા બાકીના લેણાની ચૂકવણી કરવા માટે દેવાને ઈક્વિટીમાં રૂપાંતરિત કરવાનો સમાવેશ થાય છે. સિંઘવીએ કહ્યું કે, ૨૦૧૫માં આ કેસને ઈડીએ બંધ કરી દીધો હતો પણ સરકારે આ કેસમાં જોડાયેલા અધિકારીઓને હટાવીને નવા અધિકારી લાવીને ફરી કેસ ખોલાવ્યો છે.

૬. અધિકારીઓએ જણાવ્યું કે, એજન્સી પ્રવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ એક્ટ (પીએમએલએ)ની ફોજદારી કલમો હેઠળ તેમના નિવેદનો લેવા માંગે છે.

૭. નેશનલ હેરાલ્ડ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (એજેએલ) દ્વારા પ્રકાશિત કરાય છે અને યંગ ઈન્ડિયન પ્રાઈવેટ લિમિટેડની માલિકીનું છે. આ કેસ યંગ ઈન્ડિયન પ્રાઈવેટ લિમિટેડ દ્વારા નેશનલ હેરાલ્ડ અખબાર ચલાવતા એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (એજેએલ)ના સંપાદનમાં છેતરપિંડી, ષડ્યંત્ર અને ગુનાહિત વિશ્વાસઘાતના આરોપો સાથે સંબંધિત છે.

૮. કેન્દ્રીય તપાસ એજન્સીએ તાજેતરમાં જ કોંગ્રેસના સિનિયર નેતાઓ મલ્લકાર્જુન ખડગે, પવન બંસલની તપાસના ભાગરૂપે પૂછપરછ કરી હતી. અધિકારીએ જણાવ્યું કે, કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અને ગાંધી પરિવારની પૂછપરછ યંગ ઈન્ડિયન અને એજેએલના પ્રમોટરોની શેર હોલ્ડિંગ પેટર્ન, નાણાકીય વ્યવહારો અને ભૂમિકાને સમજવા માટે તપાસનો એક ભાગ છે.

૯. એજન્સીએ ૨૦૧૩માં ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરેલી એક અંગત ફરિયાદના આધારે પીએમએલએની અપરાધિક જોગવાઈઓ અંતર્ગત એક નવો કેસ દાખલ કર્યો હતો જેમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્યો પર યંગ ઈન્ડિયન પ્રાઈવેટ લિમિટેડ સાથે છેતરપિંડી અને નાણાના દુરૂપયોગના ષડયંત્રનો આરોપ લગાવાયો હતો.

૧૦. આ કેસમાં હજુ કોઈ ફરિયાદ દાખલ નથી થઈ અને મામલો દિલ્હીની કોર્ટમાં પેન્ડિંગ છે. આ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી બંનેને જામીન મળી ગયા છે. સિંઘવીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, ઈડીએ આ મામલાને ગેરકાયદે ગણાવી પીએમએલએ હેઠળ તપાસ શરૂ કરી છે.

'બદલો લેવાની રાજનીતિ' : સોનિયા-રાહુલ ગાંધીને EDના સમન્સ અંગે કોંગ્રેસની પ્રતિક્રિયા

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧

નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને ઈડીના સમન્સને કોંગ્રેસે બદલાની રાજનીતિ ગણાવ્યા છે. બુધવારે પત્રકાર પરિષદને સંબોધતાં કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સૂરજેવાલા અને અભિષેક સિંઘવીએ કહ્યું કે, દેશમાં અન્ય વિરોધીઓ પર થઈ રહ્યું છે તેમ જ વિપક્ષના નેતાઓને નિશાન બનાવવા માટે ભાજપ દ્વારા આ બદલાની વેરવૃત્તિની રાજનીતિ છે. કોંગ્રેસના નેતાઓએ કહ્યું કે, આ માત્ર બદનામ કરવાના ઈરાદા સિવાય કોઈ કેસ બનતો નથી. આ કેસમાં કોઈ નાણાનો સમાવેશ જ નથી તેમ સૂત્રોએ કહ્યું કે, ખરેખર ૨૦૧૫માં કેસ બંધ થઈ ગયો હતો. સૂરજેવાલાએ કહ્યું કે, રાહુલ ગાંધીને પણ સમન્સ પાઠવાયું છે જેમાં મની લોન્ડ્રીંગ અંગે પૂછપરછ માટે બોલાવાયા છે. જ્યારે તેઓ દેશમાં હાજર નથી. સિંઘવીએ પત્રકારોને જણાવ્યું કે, મોદી સરકારે જાણી લેવું જોઈએ કે, બનાવટી અને ઘડી કાઢેલા કેસો દાખલ કરવાથી તેઓ કાયરતાપૂર્ણ કાવતરામાં સફળ નહીં થાય. ચૂંટણી પંચ સ્વતંત્રતા સંગ્રામના અવાજ નેશનલ હેરાલ્ડને અટકાવી શકતું નથી અને સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને ડરાવી શકતું નથી. કોંગ્રેસ નેતાગીરી ભયભીત નથી અને તપાસ એજન્સી સામે હાજર થવા માટે તૈયાર છે. આવી યુક્તિઓથી અમે ભયભીત થવાના નથી અને ઝુકી જવાના નથી પણ અમે કાયદાકીય, સામાજિક અને રાજકીય લડત લડીશું. સૂરજેવાલાએ કહ્યું કે, સોનિયા અને રાહુલ ગાંધીના નેતૃત્વમાં સમગ્ર પાર્ટી અને કાર્યકરોએ તેમનીસાથે ખભેથી ખભા મિલાવીને ઉભા રહેવું જોઈએ.અમે લડીશું અને દેશની લોકશાહી પરના હુમલા સામે જીતીશું. બંને નેતાઓએ કહ્યું કે, અખબારનો મુખ્ય મંત્ર સ્વતંત્રતાનો અવાજ છે. હવે સ્વતંત્રતા ખતરામાં છે. તમારી શક્તિથી તેની સુરક્ષા કરો. આજે અંગ્રેજોના શાસનની વિચારધારા સ્વતંત્રતા સંગ્રામના અવાજને દબાવવાનો પ્રયાસ કરી રહી છે. સૂરજેવાલો દાવો કર્યો કે, વડાપ્રધાન મોદી આ ષડયંત્રના પ્રમુખ છે. મુખ્ય મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવા માટે આ સરકાર આવા મુદ્દાઓ સાથે દેશના લોકોને ગેરમાર્ગે દોરી રહી છે.

કેન્દ્રીય મંત્રી પ્રહલાદસિંહ પટેલનું વિવાદાસ્પદ નિવેદન

ટૂંક સમયમાં દેશમાં વસ્તી નિયંત્રણ અંગે કાયદો લવાશે

થોડા સમય અગાઉ કેન્દ્ર સરકાર સંસદમાં વસ્તી નિયંત્રણ કાયદાને લાવવાની જરૂરિયાત પર ઈન્કાર કરી ચૂકી છે

(એજન્સી) રાયપુર, તા.૧

દેશમાં વસ્તી નિયંત્રણ માટે કાયદો બનાવવાની જરૂરિયાત પર કેન્દ્રીય મંત્રી પ્રહલાદ સિંહ પટેલે મહત્વનું નિવેદન આપ્યું છે. કેન્દ્રીય ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ રાજ્ય મંત્રી પ્રહલાદસિંહ પટેલે કહ્યું કે, આ પ્રકારના કાયદાને ટૂંક સમયમાં લાવવામાં આવશે. કેન્દ્રીય મંત્રી પટેલનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે થોડા સમય અગાઉ જ કેન્દ્ર સરકાર સંસદમાં વસ્તી નિયંત્રણ કાયદાને લાવવાની જરૂરિયાત પર ઈનકાર કરી ચૂકી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ રાજ્યસભામાં બીજેપી સાંસદ રાકેશ સિન્હાની તરફથી રજૂ કરવામાં આવેલ વસ્તી નિયંત્રણ બિલ પર કહ્યું હતું કે, લોકો પર દબાણ મૂકવાને બદલે સરકાર તેમને વસ્તી નિયંત્રણ માટે સફળતા પૂર્વક જાગૃત કરી રહી છે. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ પટેલ રાયપુરમાં બરોડાના આઈસીએઆર-નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ બાયોટિક સ્ટ્રેસ મેનેજમેન્ટ સંસ્થામાં આયોજિત 'ગરીબ કલ્યાણ સમ્મેલન'માં ભાગ લેવા માટે ગયા હતા. ત્યારબાદ હોટલમાં પત્રકાર પરિષદ દરમિયાન પત્રકારોએ પ્રહલાદ પટેલને વસ્તી નિયંત્રણ કાયદાને લઈને સવાલ પૂછ્યો હતો. તેના પર તેમણે કહ્યું કે, આ કાયદાને ટૂંક સમયમાં લાવવામાં આવશે. ચિંતા ન કરો. જ્યારે આ પ્રકારના મજબૂત અને મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે તો બાકીને પણ પૂરા કરવામાં આવશે.

અગાઉ પણ વસ્તી નિયંત્રણ કાયદા અંગે દેશમાં ચર્ચા ચાલી રહી હતી. જૂલાઈ ૨૦૧૯માં બીજેપી સાંસદ રાકેશ સિન્હાએ રાજ્યસભામાં વસ્તી નિયંત્રણ સાથે સબંધિત પ્રાઈવેટ મેમ્બર બિલ રજૂ કર્યું હતું. આ બિલમાં બે બાળકો વાળો નિયમ લાગુ કરવા અને તેના ઉલ્લંઘન પર દંડાત્મક કાર્યવાહી નક્કી કરવાની માંગ કરી હતી. તેના પર ૨ એપ્રિલ ૨૦૨૨ના રોજ સ્વાસ્થ્ય મંત્રાલય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવિયાએ સંસદમાં કહ્યું હતું કે, આ બિલની કોઈ જરૂર નથી. આ બિલપરની ચર્ચાના જવાબમાં તેમણે કહ્યું હતું કે, સરકાર લોકો પર દબાણ કરવાને બદલે તેમને વસ્તી નિયંત્રણ અંગે સફળતાપૂર્વક જાગૃત કરી રહી છે. આ સાથે જ આ માટે આરોગ્ય અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે. સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ કુટુંબ નિયોજન કાર્યક્રમોના પરિણામોની જાણકારી આપતા જણાવ્યું હતું કે, નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-સી (NFHS) અને વસ્તીના આંકડા પ્રમાણે વસ્તી વૃદ્ધિ દરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. બીજી તરફ કેન્દ્રીય મંત્રી પ્રહલાદ સિંહ પટેલે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ દ્વારા ટાર્ગેટ કિલિંગની ઘટનાઓ પર પણ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે જે લોકો, કલમ ૩૭૦ હટાવ્યા બાદની સ્થિતિની વાત કરે છે તો તે અગાઉનો સમય અને વર્તમાનની તુલના કરી લેવી. જ્યારે પણ કોઈ ટાર્ગેટ હત્યા થાય છે ત્યારે તેની પાછળ અનેક કારણો હોય છે. તેની પાછળ પાકિસ્તાન અને પાકિસ્તાન સમર્થિત તાકાત છે. કેન્દ્રીય મંત્રીએ આ દરમિયાન છત્તીસગઢમાં સત્તાધારી દળ કોંગ્રેસ પર પણ હુમલો કર્યો હતો અને કહ્યું કે, અહીં કેટલીક કેન્દ્રીય યોજનાઓનું લક્ષ્ય પરુ કરવામાં નથી આવ્યું. પટેલે કહ્યું કે, છત્તીસગઢમાં જળ જીવન મિશનનું ૨૩% કાર્ય થયું છે જ્યારે દેશમાં સરેરાશ ૫૦% કાર્ય થઈ ચૂક્યું છે.

૨૦૨૪માં ભાજપને હરાવવા માટે મારી સંપૂર્ણ તાકાત લગાવી દઈશ

૨૦૨૪માં ભાજપ ફરી સત્તામાં નહીં આવે : મમતા બેનરજી

આગામી ચૂંટણીઓમાં ભાજપની નફરત અને હિંસાવાળી રાજનીતિને ભારતમાં સ્થાન મળશે નહીં, મોદી સરકારના આઠ વર્ષના પ્રાયોગિક શાસનમાં માત્ર વાયદાઓ જ થયા છે, ભાજપે ભારતીયોના જીવનને બરબાદ કરી નાખ્યા, કેન્દ્ર સરકારે વિરોધ પક્ષો સામે કેન્દ્રીય એજન્સીઓનો દુરૂપયોગ બંધ કરવો જોઈએ : મમતા બેનરજી

(એજન્સી) પુરૂલિયા, તા.૧

વિપક્ષી નેતાઓ સામે કેન્દ્રીય તપાસ એજન્સીઓને ઉતારવા બદલ ભાજપની આગેવાનીવાળી કેન્દ્ર સરકાર પર ફટકાર લગાવતાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ દાવો કર્યો હતો કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીઓમાં ભાજપ ફરીવાર સત્તામાં નહીં આવે. તેમણે કહ્યું કે, ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓમાં ભાજપને હરાવવા માટે તેઓ પોતાના દરેક પ્રયાસ કરશે. મમતા બેનરજીએ કહ્યું કે, પુરૂલિયા અને બંગાળની ભૂમિએ લોકો માટે લડવા માટે તેમને શક્તિ આપી છે. હું કોઈનાથી ડરતી નથી અને લોકોનું કલ્યાણ સુનિશ્ચિત કરવાની વાત આવે ત્યારે હું મારી પૂરી તાકાતથી લડીશ. ૨૦૨૪માં ભાજપની દેશમાં હિંસા તથા નફરતની રાજનીતિને ભારતમાં કોઈ સ્થાન નહીં હોય. પુરૂલિયામાં વહીવટી અધિકારીઓ સાથેની એક બેઠકમાં બોલતાં મમતાએ કહ્યું કે, ભાજપની સરકાર યાદ રાખે, તમારા ગમે તેટલા પ્રયાસ છતાં તમારી જીત નહીં થાય. નો એન્ટ્રી એટલે તમે આવી શકશો નહીં. હવેથી લોકો કહેશે ૨૦૨૪માં ભાજપ માટે પ્રવેશ નથી. રાજકીય વિરોધીઓ સામે કેન્દ્રીય એજન્સીઓના કેન્દ્ર સરકારના દુરૂપયોગ સામે નિશાન સાધતાં ટીએમસીના સુપ્રીમોએ જણાવ્યું કે, વિરોધ પક્ષો દ્વારા શાસિત રાજ્યોમાં શાસનને વિક્ષેપ પાડવા કેન્દ્રીય એજન્સીઓનો દુરૂપયોગ કેન્દ્ર સરકારે અટકાવવો જ પડશે. ભાજપના નેતાઓ ઘૂંટણીયે સુધી ભ્રષ્ટાચારમાં ડૂબ્યા છે તેનું શું ? નોટબંધીને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૨માં પણ ૫૦૦ રૂ.ની નકલી નોટો મળી આવે છે તેનું શું ? વ્યસ્ત પીએમ જવાબ આપશે ? બંગાળના મુખ્યમંત્રી અનુસાર નોટબંધી બાદ ભાજપની આગેવાનીવાળી કેન્દ્ર સરકારે લોકોના જીવન સાથે રમત રમી છે. નોટબંધીની વાત કરીએ તો નરેન્દ્ર મોદીની આગેવાનીવાળી સરકારે તમામ ભારતીયોના જીવન સંપૂર્ણપણે બરબાદ કરી નાખ્યા છે. જુઠ્ઠા વાયદાઓના થોથાઓથી તેમણે શરૂઆત કરી હતી અને આ પ્રવાસ આઠ વર્ષમાં નિષ્ફળ પ્રયોગ સિવાય કાંઈ જ ન હતો. ભાજપે ભારતીયોના જીવન સાથે રમત રમી છે. તેમણે ૨૦૨૪ની ચૂંટણીઓમાં તમામ પ્રાદેશિક પક્ષોને ભાજપની સામે લડવા માટે સંગઠિત થવાની હાકલ કરી હતી.

ઉત્તરપ્રદેશમાં લખીમપુર ખીરી કેસના સાક્ષી પર ફાયરિંગ કરાયું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

ભારતીય કિસાન યુનિયનના જિલ્લા પ્રમુખ અને લખીમપુર હિંસાના સાક્ષી દિલબાગ સિંહ પર બે અજાણ્યા શખ્સોએ હુમલો કર્યો હતો. પોલીસે બુધવારે આ જાણકારી આપતા કહ્યું કે, આ હુમલો મંગળવારે રાત્રે થયો જ્યારે દિલબાગ સિંહ ગોલા કોતવાલી વિસ્તારમાં અલીગંજ-મુડા રોડથી પોતાની એસયુવીમાં ઘરે પરત ફરી રહ્યો હતો, ત્યારે બે વ્યક્તિઓએ તેમના પર ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં દિલબાગ સિંહને કોઈ ઈજા થઈ નથી. સિંહ ૩ ઓક્ટોબર, ૨૦૨૧ની તિકુનિયા હિંસાના સાક્ષીઓમાંના એક છે. તિકુનિયા હિંસામાં ૪ ખેડૂતો, ૧ પત્રકાર સહિત ૮ લોકો માર્યા ગયા હતા. આ કેસમાં કેન્દ્રીય મંત્રી અજય મિશ્રાના પુત્ર આશિષ મિશ્રા જેલમાં છે. દિલબાગ સિંહે ફોન પર કહ્યું કે, બદમાશોએ તેમની એસયુવીનું ટાયર પંચર કર્યું જેના કારણે તેમણે વાહન રોકવું પડ્યું. જે બાદ બદમાશોએ એસયુવીનો દરવાજો ખોલવાનો પ્રયત્ન કર્યો હતો. આ કારમાં દિલબાગ સિંહ એકલા જ હતા. જે બાદ હુમલાખોરો એસયુવીની અંદર ઠીક રીતે મને જોઈ ન શક્યા અને ત્યાંથી ભાગી ગયા. આ ઘટના બાદ દિલબાગ સિંહે ગોલા કોતવાલી પોલીસ સ્ટેશમાં ફરિયાદ નોંધાવી હતી. જેની જાણકારી રાકેશ ટિકૈતને આપવામાં આવી છે. આ કેસમાં પોલીસનું કહેવુ છે કે, આ ઘટનાને લઈને ફોરેન્સિક ટીમને ઘટનાસ્થળ પર મોકલી દેવામાં આવી છે. આ કેસમાં પોલીસ હુમલાખોરોની ઓળખ મેળવવાનો પ્રયાસ કરી રહી છે અને હાલ આ કેસની તપાસ ચાલૂ છે.

કેન્દ્રની ખામીયુક્ત નીતિઓને કારણે દેશ ઘઉંના સંકટનો સામનો કરી રહ્યો છે : મમતા બેનરજી

નોટબંધી કરીને ભાજપે સૌથી મોટું કૌભાંડ આચર્યું છે, આનાથી દેશને શું મળ્યું અને બધા નાણાં ક્યાં ગયા ? તેમણે દેશની સૌથી મોટી સંપત્તિ રેલવે અને વીમા કંપની પણ વેચી નાખી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ બુધવારે આરોપ લગાવ્યો હતો કે, કેન્દ્રના અર્થતંત્રમાં ગેરવહીવટને કારણે દેશ ઘઉંના સંકટનો સામનો કરી રહ્યો છે. ભાજપની આગેવાનીવાળી સરકારને ભ્રષ્ટ ગણાવતા તેમણે કહ્યું કે, નોટબંધી જેવી ખોટા નિર્ણયોને કારણે દેશની અર્થવ્યવસ્થાની કમર ભાંગી ગઈ છે અને દેશમાં બેરોજગારી વધી છે. મમતા બેનરજીએ બાંકુરા જિલ્લામાં ટીએમસીના કાર્યકરોની એક બેઠકને સંબોધતાં જણાવ્યું કે, કેન્દ્ર સરકાર અમને ઘઉં ઉપલબ્ધ કરાવતી નથી. તે દાવો કરી રહી છે કે, તેની પાસે આપવા માટે ઘઉં નથી. દેશમાં ઘઉંની અછત છે. આ સંકટ કેન્દ્રમાં ભાજપની આગેવાનીવાળી સરકારની ખામીયુક્ત નીતિઓને કારણે આવ્યું છે. મમતા બેનરજીએ કહ્યું કે, કેન્દ્રએ અમારા નાણા આપવા જોઈએ, જો તમે રાજ્યના નાણા આપી શકતા નથી તો તમને આ દેશ પર શાસન કરવાનો કોઈ અધિકાર નથી. મમતાએ સવાલ કર્યો કે, નોટબંધી બાદ બધા નાણા ક્યાં જતા રહ્યા અને આરોપ લગાવ્યો કે, આ એક મોટું કૌભાંડ છે. નોટબંધી એક મોટું કૌભાંડ હતું, આપણે આમાંથી શું મેળવ્યું અને બધા નાણા ક્યાં ગયા ? મમતા બેનરજીએ કેન્દ્ર પર ભારતીય રેલવે અને વીમા જેવી દેશની સંપત્તિઓને વેચવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, ભાજપ દેશની સંપત્તિઓ વેચવામાં લાગ્યો છે પછી તે રેલવે હોય કે વીમા કંપની, બધું જ વેચાઈ રહ્યું છે. આ રીતે તેઓ અર્થવ્યવસ્થા ચલાવી રહ્યા છે. આ દેશની અત્યારસુધી સૌથી અક્ષમ પાર્ટી છે. જો આગામી લોકસભા ચૂંટણીમાં તેની હાર થાય તો દેશ માટે સૌથી સારૂં રહેશે.

શું અન્ય ધર્મના નેતાઓ કે ધર્મગુરૂઓ આવું કહેશે ?

મહેમૂદ મદનીએ કહ્યું : જ્ઞાનવાપી મસ્જિદ અંગે કોર્ટનો ચુકાદો સ્વીકારવો જોઈએ

(એજન્સી) તા.૧

જમિયત-ઉલમા-એ-હિંદના પ્રમુખ મૌલાના મહમૂદ અસદમદની છેલ્લા ત્રણ દિવસથી ઉગ્ર નિવેદનો આપી રહ્યા છે. આ શ્રેણીમાં નવીનતમ નિવેદનમાં ૩૦ મેના રોજ આરએસએસ તરફી ચેનલ ઇન્ડિયા ટીવી સાથેની મુલાકાત છે તેમણે કહ્યું હતું કે "જ્ઞાનવાપી મસ્જિદનો મુદ્દો ચર્ચા દ્વારા અથવા કોર્ટ દ્વારા ઉકેલવો જોઈએ". આ ચેનલ સાથે મૌલાના મહમૂદ મદનીના ઈન્ટરવ્યુના કેટલાક મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે :

(૧) અમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની નહીં પણ દેશની પરિસ્થિતિની નિંદા કરી રહ્યા છીએ.

(૨) આપણા દેશમાં મુસ્લિમો લઘુમતીમાં નથી.

(૩) તેઓએ ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથના વખાણ કર્યા હતા અને પૂજા સ્થાનો પરથી લાઉડસ્પીકર હટાવવાની તેમની કાર્યવાહીને સમર્થન આપ્યું હતું.

(૪) યોગીજી ઉદ્દેશ્યપૂર્વક અને કોઈપણ પૂર્વગ્રહ વિના લાઉડસ્પીકર દૂર કરી રહ્યા છે.

(૫) ઈસ્લામિક ઈતિહાસમાં કાફિર શબ્દનું સંપૂર્ણપણે નવું અર્થઘટન રજૂ કર્યું હતું.

તેમણે કહ્યું કે, હિંદુઓને કાફિર તરીકે વર્ણવવું અયોગ્ય છે; જ્યારે પણ કાફિર શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે, તો તે મુસ્લિમો સામે લડ્યા હોય તેવા લોકોનો ઉલ્લેખ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો આપણા હિન્દુ ભાઈ-બહેનો કાફિર નથી.

(સંપાદકની નોંધ : શબ્દ 'કાફિર', અને તેનું બહુવચન, કુરાનમાં ૧૫૩થી વધુ વખત આવ્યું છે. આ શબ્દનો શાબ્દિક અર્થ અરબીમાં શાબ્દિક અર્થ 'અવિશ્વાસુ' નથી, પરંતુ તે અરેબિક વાક્યના સંદર્ભના આધારે સંખ્યાબંધ વિવિધ અર્થોને અભિવ્યક્ત કરવા માટે વપરાય છે. 'કાફિર' શબ્દનો ઉપયોગ અલગ-અલગ સમયે કુરાનમાં અલગ-અલગ વસ્તુઓ માટે કરવામાં આવ્યો છે)

(૬) હું AIMIMનો સખત વિરોધ કરૂં છું; ઓવૈસીની નીતિઓ દેશ માટે વિનાશક સાબિત થશે. તે માત્ર મુસ્લિમોની વાત કરે છે, જ્યારે જમિયત સમગ્ર દેશનું પ્રતિનિધિત્વ કરીએ છીએ અને અમારો રૂષ્ટિકોણ ઓવૈસીથી અલગ છે. રાજકીય સત્તા તરીકે મુસ્લિમ દેશ ખુદ મુસ્લિમો માટે ખતરનાક છે.

(૭) સંવાદ કે કોર્ટમાં જવા સિવાય, મંદિર-મસ્જિદના સંઘર્ષના સમાધાન માટે અન્ય કોઈ વિકલ્પ નથી.

(૮) જ્ઞાનવાપી મસ્જિદના કિસ્સામાં, અમે કોર્ટનો નિર્ણય સ્વીકારીશું.

(૯) મુસ્લિમોને તેમણે સલાહ આપી છે કે તેઓએ હિજાબના વિવાદમાં ફસાવવું ન જોઈએ.

(૧૦) મોદી અલ્લાહની ઈચ્છાથી ભારતના વડા પ્રધાન તરીકે ચૂંટાયા હતા; તેથી, આપણે તેને મદદ કરવી જોઈએ અને તેમની પાસેથી સહાય લેવી જોઈએ. આજે મદની સાહેબનો ઈન્ટરવ્યુ જોઈને ઘણી નવી માહિતી મળી. ઉદાહરણ તરીકે, હિંદુને કાફિર કહેવો તે ખોટું છે. માત્ર ઈસ્લામ વિરોધી લડવૈયાઓને જ કાફિર તરીકે ઓળખવામાં આવે છે. મુસ્લિમો પણ લઘુમતીમાં નથી. એ વાત પર ભાર મૂકવો જોઈએ કે હઝરત મદની સાહેબ સમગ્ર જમિયત-ઉલમા-એ-હિંદના સમર્થન સાથે સતત ત્રણ દિવસથી આવા નિવેદનો કરી રહ્યા છે, જેમાં માત્ર મદની સાહેબ જ નહીં પણ લખનૌના હઝરત મૌલાના અબ્દુલ અલીમ ફારૂકી પણ સામેલ છે. આજે પરિસ્થિતિની માંગ છે અને જીવંત અને જાગૃત મન સાથે ભવિષ્ય વિશે કંઈક કહેવાનો પ્રયાસ કરી રહ્યા છે, જમિયત-ઉલમા-એ-હિંદના આ ઉચ્ચારણો વધુને વધુ આક્રમક બની રહ્યા છે. આ જમિયત ઝિંદાબાદ, એટલે કે, આંધળું અનુકરણ અને વ્યક્તિવાદ, અને આવા સ્પષ્ટ ઈસ્લામિક વિરોધી નિવેદનો સાંભળ્યા પછી તે ગુલામી તરફ દોરી જશે.

આર્થિક સંકટમાં ફસાયેલા શ્રીલંકાના મુસ્લિમોનો નિર્ણય : આ વર્ષે હજ પર નહીં જાય

(એજન્સી) તા.૧

શ્રીલંકાના મુસ્લિમોએ દેશમાં આર્થિક સંકટને કારણે આ વર્ષે હજ યાત્રા ન કરવાનો નિર્ણય લીધો છે. મીડિયાના એક સમાચારમાં આ માહિતી અપાઇ હતી. અરબ ન્યૂઝ અનુસાર, સઉદી અરેબિયાએ વર્ષ ૨૦૨૨ માટે શ્રીલંકાના ૧,૫૮૫ હજ યાત્રીઓના ક્વોટાને મંજૂરી આપી હતી.

જોકે નેશનલ હજ કમિટી, શ્રીલંકા હજ ટૂર ઓપરેટર્સ એસોસિએશન અને મુસ્લિમ ધાર્મિક અને સાંસ્કૃતિક બાબતોના વિભાગ સહિત અનેક હિતધારકો દ્વારા ચર્ચા કર્યા બાદ નિર્ણય લેવામાં આવ્યો હતો કે આ વખતે શ્રીલંકાના કોઈપણ મુસ્લિમ હજ કરશે નહીં.

ઓલ-સિલોન હજ ટૂર ઓપરેટર્સ એસોસિએશન અને શ્રીલંકાના હજ ટૂર ઓપરેટર્સ એસોસિએશન દ્વારા મુસ્લિમ ધાર્મિક અને સાંસ્કૃતિક બાબતોના વિભાગને મોકલવામાં આવેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે આપણા દેશ શ્રીલંકાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અને વેદનાઓને ધ્યાનમાં રાખીને બંને એસોસિએશનના લોકો, સભ્યોએ આ વર્ષની હજ છોડવાનો નિર્ણય લીધો છે.

દરમિયાન હજ ટૂર ઓપરેટર્સ એસોસિએશનના પ્રમુખ રિઝમી રિયાલે જણાવ્યું હતું કે દેશ સામે ડોલરની ગંભીર કટોકટીને કારણે ઓપરેટરોનો નિર્ણય સર્વસંમતિથી લેવામાં આવ્યો હતો. શ્રીલંકાની ૨૨ મિલિયન વસ્તીમાં લગભગ ૧૦ ટકા મુસ્લિમો છે. દેશમાં મુખ્યત્વે બૌદ્ધ વસ્તી છે. હજ, ઈસ્લામ ધર્મના પાંચ મુખ્ય સિદ્ધાંતોમાંથી એક છે. આ હજનું આયોજન સરકારી લાઇસન્સ ધરાવતા ઓપરેટરોના જૂથો દ્વારા હાથ ધરવામાં આવે છે.

મુંબઈમાં ફરી કોરોનાનો રાફડો ફાટવાની ચેતવણી, પોઝિટિવિટી રેટ ૬ ટકાએ પહોંચ્યો

(એજન્સી) તા.૧

છેલ્લા કેટલાક સમયથી કોરોના મામલે લોકોને રાહત હતી, ત્યાં ફરી ચિંતાજનક બાબત સામે આવી છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)નું કહેવું છે કે મુંબઈમાં કોવિડની તપાસ ઝડપી કરવામાં આવશે. કારણ કે શહેરમાં ટેસ્ટ દરમિયાન પોઝિટિવ દર છ ટકા પર પહોંચી ગયો છે. બીએમસીએ કહ્યું કે અમે અધિકારીઓને યુદ્ધના ધોરણે પરીક્ષણને તાત્કાલિક વધારવા માટે કહ્યું છે. ટેસ્ટ લેબને સંપૂર્ણ રીતે તૈયાર રાખવા અને કર્મચારીઓની સંખ્યા વધારવા માટે પણ કહેવામાં આવ્યું છે.

ચેતવણી આપવામાં આવી છે કે, મુંબઈમાં દૈનિક કેસોમાં જબરદસ્ત વધારો થઈ રહ્યો છે, હવે જ્યારે ચોમાસું તેના માથા પર છે, ત્યારે કોરોનાના નવા કેસોમાં ઝડપથી વધારો થશે. બીએમસીએ ૧૨ થી ૧૮ વર્ષની વયના બાળકો માટે રસીકરણ અભિયાન અને બૂસ્ટર ડોઝને ઝડપી બનાવવા જણાવ્યું છે.

મંગળવારે, મુંબઈમાં ૫૦૬ નવા કોવિડ કેસ નોંધાયા હતા, જે આ વર્ષે ૬ ફેબ્રુઆરી (૫૩૬ કેસ) પછી સૌથી વધુ દૈનિક સંખ્યા છે. આ વર્ષે એપ્રિલમાં નોંધાયેલા કેસોની સરખામણીમાં મુંબઈમાં મે મહિનામાં નોંધાયેલા કોરોનાના કેસોની સંખ્યામાં ૧૦૦ ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે.

જણાવી દઈએ કે છેલ્લા ૨૪ કલાકમાં સમગ્ર દેશમાં કોરોનાના ૨૭૪૫ નવા કેસ સામે આવ્યા છે. અગાઉ મંગળવારે કોવિડ-૧૯ના ૨૩૩૮ નવા કેસ નોંધાયા હતા. આવી સ્થિતિમાં કોરોના ચેપના નવા કેસોમાં વધારો થયો છે, જેના કારણે સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૧૮,૩૮૬ થઈ ગઈ છે. સરકારી આંકડાઓ અનુસાર દેશમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોના વાયરસથી સંક્રમિત થવાની સંભાવના ૦.૬૦ ટકા હતી. જ્યારે તેમની પાસેથી સાજા થવાની સંભાવના ૯૮.૭૪ ટકા હતી.

અહીં, જો આપણે કોરોના સંક્રમણને રોકવા માટે બહાર પાડવામાં આવેલ રસીકરણના આંકડાઓ પર નજર કરીએ, તો દેશમાં અત્યાર સુધીમાં ૧૯૩.૫૭ કરોડથી વધુ લોકોને રસી આપવામાં આવી છે. જ્યારે ૮૫ કરોડથી વધુ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં સાડા ચાર લાખથી વધુ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૨૨૩૬ લોકોએ કોરોનાને માત આપી છે, આ સાથે જ કુલ રિકવર સંખ્યા ૪,૨૬,૧૭,૮૧૦ પર પહોંચી ગઈ છે.

મુંબઈ કોર્ટે અનિલ દેશમુખ સામેના કેસમાં જાહેર સાક્ષી બનવા માટે સચિન વાઝેની અરજીને મંજૂરી આપી

(એજન્સી) મુંબઇ, તા.૧

મુંબઈની વિશેષ અદાલતે બુધવારે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખને સંડોવતા ભ્રષ્ટાચારના કેસમાં સત્તાવાર સાક્ષી બનવાની બરતરફ કરાયેલા પોલીસ અધિકારી સચિન વાઝેની અરજીને મંજૂરી આપી હતી. સ્પેશિયલ સીબીઆઈ કોર્ટ સમક્ષ દાખલ કરાયેલી અરજીમાં, વાઝેએ દાવો કર્યો હતો કે તેણે તેમની ધરપકડ પહેલા અને પછી સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) ને સહકાર આપ્યો હતો, ત્યારબાદ તેણે ક્રિમિનલ પ્રોસિજર કોડ (CRPC)ની જોગવાઈઓ હેઠળ મેજિસ્ટ્રેટ સમક્ષ તેનું કબૂલાતનું નિવેદન નોંધવામાં આવ્યું હતું. તેના જવાબમાં, સીબીઆઈએ કેટલીક શરતોને આધીન, વાઝેની સાક્ષી બનવાની અરજીને મંજૂરી આપી હતી.સ્પેશિયલ જજ ડીપી શિંગડેએ બુધવારે વાજેની અરજી મંજૂર કરી હતી.તમારી અરજી મંજૂરી આપવામાં આવી છે, પરંતુ કેટલીક શરતોને આધીન, ન્યાયાધીશે કહ્યું. કોર્ટના આદેશ બાદ વાઝે હવે આ કેસમાં ફરિયાદ પક્ષના સાક્ષી તરીકે હાજર થઈ શકે છે.દક્ષિણ મુંબઈમાં ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના નિવાસસ્થાન નજીકથી મળેલા વિસ્ફોટકો થી ભરેલા વાહન અને થાણેના ઉદ્યોગપતિ મનસુખ હિરણની હત્યાના કેસમાં ગયા વર્ષે માર્ચમાં વાઝેની કથિત ભૂમિકા માટે ધરપકડ કરવામાં આવી હતી.વાઝે હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે.ગયા વર્ષે માર્ચમાં, મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમ બીર સિંહે આરોપ મૂક્યો હતો કે અનિલ દેશમુખ, જે તે સમયે મહારાષ્ટ્રના ગૃહ પ્રધાન હતા, તેમણે પોલીસ અધિકારી ઓને મહાનગરમાં રેસ્ટોરાં અને બારમાંથી દર મહિને ૧૦૦ કરોડ રૂપિયા એકત્ર કરવાનો ટાર્ગેટ આપ્યો હતો. સીબીઆઈએ ગયા એપ્રિલમાં બોમ્બે હાઈકોર્ટના આદેશ બાદ દેશમુખ, વાઝે અને અન્યો સામે FIR દાખલ કરી હતી.

કાશીના માધવ મંદિરે પણ પૂજા કરવાની મંજૂરી માંગતી અરજી દાખલ કરાઈ

(એજન્સી) તા.૧

જ્ઞાનવાપી મસ્જિદ અંગે કાયદાકીય લડાઈ વચ્ચે કાશીમાં વધુ એક મસ્જિદને લઈને વિવાદ શરૂ થઈ ગયો છે. હવે પંચગંગા ઘાટ પર સ્થિત ધરહરા મસ્જિદનો મામલો પણ સ્થાનિક કોર્ટમાં પહોંચ્યો છે. બિંદુ માધવ મંદિર તરીકે પ્રખ્યાત આ સ્થાન પર બનેલી મસ્જિદમાં નમાઝ પર પ્રતિબંધ અને પૂજા-અર્ચના કરવાનો અધિકાર આપવા માટે મંગળવારે સિવિલ જજ (જુનિયર ડિવિઝન) આકાશ વર્માની કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે.

આ દાવો ગાયઘાટના રહેવાસી અતુલ કુલ સહિત ૫ લોકો તરફથી દાખલ કરવામાં આવ્યો છે. દાવામાં સાદિક અલી, જમાલ અને મુન્નાને પ્રતિવાદી બનાવીને વાદીઓએ કોર્ટને અરજી કરી છે કે ટ્રાયલ દરમિયાન ધરહરા મસ્જિદમાં પ્રતિવાદીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવે. આ અરજીને વિવિધ દાવા તરીકે નોંધીને કોર્ટે સુનાવણી માટે ૪ જુલાઈની તારીખ નક્કી કરી છે.

અતુલ કુલ અને અન્યો વતી એડવોકેટ રાજેન્દ્ર પ્રસાદે દાવામાં કહ્યું છે કે હજારો વર્ષોથી પંચગંગા ઘાટ પર સ્થિત પ્રાચીન બિંદુ માધવ મંદિર માધવરાવની ધરહરા મસ્જિદ તરીકે પણ ઓળખાય છે. અહીં ભગવાન વિષ્ણુના મંદિરની સ્થાપના કરવામાં આવી હતી. હિન્દુઓ તેમાં પૂજા, દર્શન અને આરતી કરતા હતા.

અરજદારોનો દાવો છે કે આ મસ્જિદ બિંદુ માધવ મંદિરને તોડીને બનાવવામાં આવી હતી. વારાણસી ગેઝેટિયર નામના પુસ્તકને ટાંકીને અરજદારોએ દાવો કર્યો છે કે પંચગંગા ઘાટની ઉપર ભગવાન વિષ્ણુનું બિંદુ માધવ મંદિર અસ્તિત્વમાં છે. ઔરંગઝેબે મંદિર તોડીને ત્યાં મસ્જિદ બનાવી હતી.

૧૦૦ કરોડના સ્કોલરશિપ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો

કૌભાંડનો પર્દાફાશ કરવા બદલ ૭ વખત ગોળીઓ મરાઈ, બચી ગયા અને UPSC પરીક્ષા પાસ કરી

આંખ ગુમાવનારા રિંકુસિંહનો યુપીએસસીમાં ૬૮૩મો રેન્ક

(એજન્સી) મેરઠ, તા.૧

ભ્રષ્ટાચાર વિરૂદ્ધ લડાઈ લડનારા રિંકુ સિંહે જબ્બર આત્મવિશ્વાસથી સફળતતા પ્રાપ્ત કરી શકાય એ બાબત સાકાર કરી બતાવી છે. રિંકુ સિંહે નક્કી કર્યું કે તે આગળ વધવા માંગે છે અને પછી તેમને ના તો માફિયા રોકી શક્યા અને ના તો માફિયાઓની સાત ગોળીઓ રોકી શકી. ૨૦૦૭ બેચના પીસીએસ અધિકારી રિંકુ સિંહ રાહીએ વર્ષ ૨૦૦૯માં ૧૦૦ કરોડ રુપિયાના સ્કોલરશિપ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ કૌભાંડ ઉજાગર કરીને રિંકુ સિંહે માફિયાઓની દુશ્મની વ્હોરી લીધી હતી. ભ્રષ્ટાચાર વિરૂદ્ધ લડાઈ લડનાર રિંકુ સિંહને સાત ગોળીઓ મારવામાં આવી હતી, જેમાં તેમણે પોતાની એક આંખ ગુમાવવી પડી હતી અને ચહેરા પર ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને સાંભળવામાં પણ સમસ્યા થતી હતી. પરંતુ તેમના ઈરાદા દ્રઢ હતા. તેઓ હિંમત નહોતા હાર્યા. તેમણે યુપીએસસીની તૈયારીઓ ચાલુ રાખી. આ વર્ષે તેમણે યુપીએસસીની પરીક્ષા પાસ કરી અને ૬૮૩મો રેન્ક મેળવ્યો છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૮માં રિંકુ સિંહની પોસ્ટિંગ મુઝફ્ફરનગરમાં સમાજ કલ્યાણ અધિકારીના પદ પર થઈ હતી. આ દરમિયાન તેમણે કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. માફિયાએ પીસીએસ અધિકારી પર હુમલો કરવા માટે આઠ લોકોને મોકલ્યા હતા. તેમાંથી ચાર આરોપીઓને ૧૦ વર્ષની સજા થઈ હતી. રિંકુ સિંહે જ્યારે કૌભાંડ ઉજાગર કર્યો ત્યારે તેમની ઉંમર ૨૬ વર્ષ હતી.



રિપોર્ટ અનુસાર, અત્યારે તેમની ઉંમર ૪૦ વર્ષ છે. તેઓ જણાવે છે કે, જ્યારે મને પરેશાન કરવામાં આવી રહ્યો હતો ત્યારે હું વ્યવસ્થા સામે નહોતો લડી રહ્યો, વ્યવસ્થા મારી સાથે લડી રહી હતી. હું હોસ્પિટલમાં ચાર મહિનાઓ સુધી રહ્યો. મેડિકલ પર મારી રજાઓ હજી સુધી મંજૂર કરવામાં નથી આવી. ભ્રષ્ટાચાર વિરુદ્ધ અવાજ ઉઠાવવા માટે મને સમાજવાદી પાર્ટીની સરકારમાં માનસિક રોગીઓના વોર્ડ સુધી મોકલવામાં આવ્યો હતો. ઉત્તર પ્રદેશમાં સરકાર કોઈની પણ હોય, મારી મુશ્કેલી ઓછી નથી થઈ. રિંકુ સિંહે આગળ જણાવ્યું કે, જ્યારે હું ૧૦ વર્ષનો હતો ત્યારે મારા દાદાનું નિધન થઈ ગયુ હતું. મારા દાદીને ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. ગુજરાન ચલાવવા માટે તે લોકોના ઘરમાં વાસણ સાફ કરવા જતા હતા. મારા પિતા ભણવામાં સારા હતા પરંતુ પરિવારની દેખરેખ માટે તેમણે અભ્યાસ છોડી દેવો પડ્યો હતો. હું વિચારતો હતો કે જો સરકારી અધિકારીઓ પ્રામાણિક હોતા તો અમને ઘણી યોજનાઓનો લાભ મળી શક્યો હોત. આ તમામ વાતો મને પરેશાન કરતી હતી અને પછી મેં સરકારી અધિકારી બનવાનો નિર્ણય લીધો.

'ઉચ્ચ કક્ષાના અધિકારી પણ જામીનના હકદાર છે' : સુપ્રીમ કોર્ટે પોલીસ અધિકારીના જામીન રદ કરવાની છત્તીસગઢ સરકારની અરજીને ફગાવી

(એજન્સી) તા.૧

સુપ્રીમ કોર્ટે મંગળવારે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ અપ્રમાણસર સંપત્તિના કથિત કબજા સાથે સંબંધિત કેસમાં સસ્પેન્ડેડ એડિશનલ ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસ ગુરજિન્દર પાલ સિંઘને આપવામાં આવેલી જામીન સામેની છત્તીસગઢ સરકારની અરજીને ફગાવી દીધી હતી. જસ્ટિસ બી આર ગવઈ અને હિમા કોહલીની ખંડપીઠે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતમાં જાય છે તે રાજ્ય વતી સંપૂર્ણપણે બિનજરૂરી કવાયત છે. વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ છત્તીસગઢ સરકાર તરફથી દલીલ કરી હતી કે જેલની અંદર સિંહે ગાર્ડને પોતાની તરફેણ માટે લાંચ આપી હતી. તેણે આ અધિકારી પર પુરાવા સાથે ચેડાં કરવાનો આરોપ પણ લગાવ્યો હતો, અને દલીલ કરી હતી કે સિંઘ પોલીસમાં ઉચ્ચ કક્ષાના અધિકારી હતા. વકીલે કોર્ટને સિંહના જામીન રદ્દ કરવા જણાવ્યું હતું. બેન્ચે અરજીને ફગાવી દેતા કહ્યું હતું કે, જેવી રીતે એક સામાન્ય નાગરિકને બંધારણ હેઠળ તેના અધિકારો માટે હકદાર છે, તે જ રીતે ઉચ્ચ કક્ષાના અધિકારીના જામીન નકારી શકાય નહીં. બેન્ચે અપ્રમાણસર અસ્કયામતોના કેસમાં વધુ ધ્યાન દોરતા કહ્યું હતું કે, મોટા ભાગના પુરાવા દસ્તાવેજી સ્વરૂપમાં હોવાથી ચેડાં થવાની શક્યતાઓ ઓછી છે. બેન્ચે એ પણ નોંધ્યું હતું કે હાઇકોર્ટે ૧૨ મેના રોજ સિંઘને જામીન આપતી વખતે પહેલેથી જ કડક શરતો મૂકી હતી. છત્તીસગઢ સરકારે અરજીમાં દાવો કર્યો હતો કે જો સિંઘને મુક્ત કરવામાં આવશે તો તે સાક્ષીઓને પ્રભાવિત કરી શકે છે. તેણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે સિંઘે ભૂતકાળમાં પણ સાક્ષીઓને ડરાવ્યા હતા. જેના કારણે રાજ્યે આવા સાક્ષીઓને પોલીસ રક્ષણ પૂરું પાડવું પડ્યું હતું. જાન્યુઆરીમાં, છત્તીસગઢ એન્ટી કરપ્શન બ્યુરોએ સસ્પેન્શન હેઠળ રહેલા સિંહની ધરપકડ કરી અને તેમના પર ભ્રષ્ટાચાર, રાજદ્રોહ અને દુશ્મનાવટને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે અગાઉ હાઈકોર્ટના આદેશ સામે સિંહની અરજીને ફગાવી દીધી હતી, અને તેમને ધરપકડથી રક્ષણ આપવાનો ઈનકાર કર્યો હતો.

મે મહિનામાં જીએસટી કલેક્શન ઘટીને રૂા.૧.૪૧ લાખ કરોડ થયું

એપ્રિલમાં કલેક્શન રૂા. ૧.૬૮ લાખ કરોડ હતું, જે અત્યાર સુધીનું સૌથી વધુ છે
માસિક જીએસટી કલેક્શન ચોથીવાર ૧.૪૦ લાખ કરોડને વટાવી ગયું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

નવા નાણાંકીય વર્ષની શાનદાર શરૂઆત સાથે ઈતિહાસનું સૌથી રેકોર્ડ કલેક્શન દર્શાવ્યા બાદ મે, ૨૦૨૨ના વર્ષમાં જીએસટી કલેક્શન માસિક દ્રષ્ટિએ ૧૬% ઘટ્યું છે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કલેક્શન મે મહિનામાં માસિક ધોરણે ૧૬ ટકા ઘટીને રૂ. ૧.૪૧ લાખ કરોડ થયું છે. ગયા મહિને એટલે કે એપ્રિલમાં જીએસટી કલેક્શન રૂ. ૧.૬૮ લાખ કરોડ હતું, જે અત્યાર સુધીનું સૌથી વધુ છે. નાણા મંત્રાલયે મંગળવારે જાહેર કરેલા આંકડામાં માહિતી આપી કે મે ૨૦૨૧ની સરખામણીએ આ વર્ષે મે મહિનામાં જીએસટી કલેક્શનમાં ૪૪ ટકાનો વધારો થયો છે. મે મહિનામાં કલેક્શન હંમેશા એપ્રિલ મહિના કરતાં ઓછું નોંધાયું છે. એપ્રિલ મહિનો નાણાકીય વર્ષની શરૂઆત દર્શાવે છે અને મે મહિના માટેનું કલેક્શન એપ્રિલ મહિનાના રિટર્ન સાથે જોડાયેલું છે, નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું. મે મહિનાના કુલ જીએસટી કલેક્શનમાંથી સેન્ટ્રલ જીએસટીના રૂ. ૨૫,૦૩૬ કરોડ સ્ટેટ જીએસટીના રૂ. ૩૨,૦૦૧ કરોડ અને ઈંટીગ્રેટેડ જીએસટીના રૂ. ૭૩,૩૪૫ કરોડ રૂપિયા ઉપરાંત રૂ. ૧૦,૫૦૨ કરોડ કમ્પનસેશન સેસના છે. જોકે આઈએસજીટીમાંથી સરકારે સેન્ટ્રલ જીએસટીમાં રૂ. ૨૭,૯૨૪ કરોડ અને સ્ટેટ જીએસટીમાં રૂ. ૨૩,૧૨૩ કરોડ ચૂકવ્યા છે. આ રીતે સેટલમેન્ટ પછી મે મહિનામાં સેન્ટ્રલ જીએસટીનું કુલ કલેક્શન રૂ. ૫૨,૯૬૦ કરોડ અને સ્ટેટ જીએસટીનું કુલ કલેક્શન રૂ. ૫૫,૧૨૪ કરોડ હતું. જુલાઈ ૨૦૧૭માં જીએસટી સિસ્ટમ લાગુ થયા બાદ આ ચોથી વખત છે જ્યારે માસિક જીએસટી કલેક્શન ૧.૪૦લાખ કરોડ રૂપિયાને વટાવી ગયું છે. નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર એપ્રિલમાં કુલ ૭.૪ કરોડ ઈ-વે બિલ જનરેટ થયા હતા, જે માર્ચના ૭.૭ કરોડ ઈ-વે બિલ કરતાં લગભગ ૪ ટકા ઓછા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સતત ૧૧મો મહિનો છે જ્યારે જીએસટી કલેક્શન ૧ લાખ કરોડ રૂપિયાના આંકડાને વટાવી ગયું છે.

જીએસટી કલેક્શનના આંકડા

મહિનો	કલેક્શન (કરોડ રૂપિયામાં)	વાર્ષિક ફેરફાર
મે, ૨૦૨૨	૧,૪૦,૮૮૫	૪૪%
એપ્રિલ, ૨૦૨૨	૧,૬૭,૫૪૦	૨૦%
માર્ચ, ૨૦૨૨	૧,૪૨,૦૯૫	૧૫%
ફેબ્રુઆરી, ૨૦૨૨	૧,૩૩,૦૨૬	૧૮%
જાન્યુઆરી, ૨૦૨૨	૧,૪૦,૯૮૬	૧૮%
ડિસેમ્બર, ૨૦૨૧	૧,૨૯,૭૮૦	૧૩%
નવેમ્બર, ૨૦૨૧	૧,૩૧,૫૨૬	૨૫%
ઓક્ટોબર, ૨૦૨૧	૧,૩૦,૧૨૭	૨૪%
સપ્ટેમ્બર, ૨૦૨૧	૧,૧૭,૦૧૦	૨૩%
ઓગષ્ટ, ૨૦૨૧	૧,૧૨,૦૨૦	૩૦%
જુલાઈ, ૨૦૨૧	૧,૧૬,૩૯૩	૩૩%
જૂન, ૨૦૨૧	૯૨,૮૦૦	૨%

NSCN-IM પોતાની માંગને વળગી રહેતા કહ્યું : અમે ઉકેલના નામે નાગા ધ્વજ, બંધારણ છોડવા માટે તૈયાર નથી

(એજન્સી) તા.૧

લાંબા સમયથી ચાલી રહેલી નાગા રાજકીય સમસ્યાનું સમાધાન શોધવા માટે NSCN-IM પર દબાણ વધતું હોવાથી, આ બળવાખોર સંગઠને મંગળવારે તેની 'ઇમરજન્સી નેશનલ એસેમ્બલી'માં, નાગા અનન્ય ઈતિહાસ અને નાગા રાષ્ટ્રીય સિદ્ધાંતને જાળવી રાખવા અને તેનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી અને એક અલગ ધ્વજ અને બંધારણની તેની માંગ પર અડગ રહેવાની પ્રતિબદ્ધતા રજૂ કરી હતી.

શાંતિ પ્રક્રિયાના આખરી ઉકેલ વિશે મંગળવારે 'ઇમરજન્સી નેશનલ એસેમ્બલી' બોલાવવામાં આવી હતીઃ નાગા રાજકારણીઓએ છેલ્લા કેટલાક અઠવાડિયામાં પ્રારંભિક ઉકેલ માટે જોરદાર દબાણ કર્યું છે. એવા સંકેતો પણ મળ્યા છે કે કેન્દ્રએ ઓફર કરી છે કે નાગા ધ્વજનો ઉપયોગ 'સાંસ્કૃતિક' હેતુઓ માટે કરવામાં આવે અને યેહઝાબો (નાગા બંધારણ)નો એક ભાગ ભારતીય બંધારણમાં દાખલ કરવામાં આવે. જ્યારે કેન્દ્રની આ ઓફર વિશે પૂછવામાં આવ્યું ત્યારે, એનએસસીએન-આઈએમના એક નેતાએ મંગળવારે ધ ઈન્ડિયન એક્સપ્રેસને કહ્યું કેઃ તે ધ્વજનો ઉપયોગ 'સાંસ્કૃતિક' હેતુઓ માટે કરવામાં આવે તે માત્ર અમને સમજાવવા માટે કહેવામાં આવ્યું હતું, પરંતુ NSCN-IMએ કોઈ સાંસ્કૃતિક સંસ્થા નથી અથવા એનજીઓ નથી. માટે તે અસ્વીકાર્ય છે. NSCN-IMના અધ્યક્ષએ નેશનલ એસેમ્બલીમાં એક ભાષણમાં કહ્યું હતું કે જૂથ તેમના વલણથી હટશે નહીં. નાગા સ્વાતંત્ર્ય ચળવળના સાત દાયકાથી વધુ સમય પછી, અમને એવી રાજકીય આવશ્યકતાઓનો સામનો કરવો પડી રહ્યો છે કે જેના કારણે અમને આ રાષ્ટ્રીય સભા બોલાવવાની ફરજ પડી છે કારણ કે ભારત સરકારની દબાણયુક્ત પરિસ્થિતિએ અમને અમારા વલણને ફરીથી સમર્થન આપવા માટે પ્રેરિત કર્યા છે. ભગવાને અમને આપેલી નાગા રાષ્ટ્રીય ઓળખ એ ધ્વજ અને બંધારણના પ્રતિક છે, અમે નાગા રાજકીય ઉકેલના નામે નાગા રાષ્ટ્રીય ધ્વજ અને નાગા બંધારણને કેવી રીતે છોડી શકીએ?

તેમણે ઉમેર્યું હતું કે નાગા લોકોના સાર્વભૌમ અધિકારો અને ગૌરવને ધ્યાનમાં રાખીને ૨૦૧૫માં કેન્દ્ર સાથે ફ્રેમવર્ક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, પરંતુ ફ્રેમવર્ક કરારના રાજકીય મહત્વને નબળો પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. દરમિયાન, મંગળવારે નાગાલેન્ડના મુખ્ય પ્રધાન નેફિયુ રિયોએ જણાવ્યું હતું કે નાગા રાજકીય મુદ્દા પર કોર કમિટી (જે ગયા વર્ષે રિયોના નેતૃત્વ હેઠળના તમામ ૬૦ ધારાસભ્યોનો સમાવેશ કરીને રચવામાં આવી હતી) તે વિવિધ નાગા રાજકીય જૂથો અને નાગરિક સમાજો સાથે વાત કરી રહી છે જેથી તેઓ નાગાના રાજકીય મુદ્દાના ઉકેલ માટે એક મંચ પર આવી શકે. પીટીઆઈના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કેઃ અમે દરેક સાથે વાત કરી રહ્યા છીએ અને મારો દૃષ્ટિકોણ એ છે કે આપણે જોવું પડશે કે વાટાઘાટ કરી રહેલા પક્ષો એક સમજણ પર સહમત થાય.

ફેબ્રુઆરી ૨૦૨૩ ની વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં, ખાસ કરીને યુનાઇટેડ ડેમોક્રેટિક એલાયન્સ દ્વારા ઉકેલ માટે નવેસરથી દબાણ કરવામાં આવ્યું છે. આ એપ્રિલથી, દિલ્હીમાં નાગા રાજકારણીઓ અને કેન્દ્ર વચ્ચે ઘણી બેઠકો થઈ છે. એપ્રિલમાં, NSCN-IM નેતાઓ, જનરલ સેક્રેટરી થમુઇવાહની આગેવાની હેઠળ, કેન્દ્રના ઈન્ટરલોક્યુટર એ કે મિશ્રાને દીમાપુર નજીક સંગઠનના હેડક્વાર્ટર કેમ્પ હેબ્રોનમાં મળ્યા હતા. ગયા અઠવાડિયે, નાગા રાજકીય મુદ્દા પરની કોર કમિટીની બેઠક NSCN-IMની કટોકટીની બેઠક પહેલા મુખ્યમંત્રી રિયોના નિવાસસ્થાને મળી હતી.

નાગા ચળવળને ભારતની સૌથી લાંબા વિદ્રોહ તરીકે ગણવામાં આવે છે. ૧૯૯૭ માં કેન્દ્રએ સૌથી મોટા નાગા બળવાખોર જૂથ, NSCN-IM સાથે યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ૨૦૧૫માં ફ્રેમવર્ક કરાર પર હસ્તાક્ષર થયા પછી, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ NSCN-IM અને કેન્દ્ર વચ્ચે નાગા રાજકીય સમસ્યાના ઉકેલ માટે નવી વાટાઘાટો શરૂ થઈ હતી. જો કે, અલગ બંધારણ અને ધ્વજના મુદ્દાઓ પર NSCNની નિશ્ચિત માંગ અને કેન્દ્રના લડાયક વલણે નાગા શાંતિ પ્રક્રિયાની મડાગાંઠ ઉકેલી શકાય નથી.

સાધનાથી સિદ્ધિને ૫૦૦ વર્ષ થયા : CM યોગીએ અયોધ્યાના રામ મંદિરના ગર્ભગૃહ માટે પૂજા કરી

(એજન્સી) તા.૧

અયોધ્યામાં નિર્માણ પામનારા રામ મંદિરના ગર્ભગૃહની આધારશિલા મૂકીને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથએ પૂજા-વિધિ કર્યા છે. ૫ ઓગસ્ટ ૨૦૨૦ના દિવસે વડાપ્રધાન મોદીએ મોદીએ રામ મંદિરના નિર્માણ માટે ભૂમિપૂજન કર્યું હતું અને તેના લગભગ બે વર્ષ પછી યોગીએ ગર્ભગૃહના નિર્માણ માટે પહેલો પત્થર મૂક્યો છે.

યોગી આદિત્યનાથે પોતાની ભાવનાઓને શબ્દોમાં રજૂ કરીને ટ્વિટ કરીને કહ્યું, 'રામ રાજુ કીન્હે બિન મોહિ કહાં બિશ્રામ..' જેમણે રામ મંદિરના નિર્માણનું સપનું જોયું છે તેવા કરોડો રામ ભક્તો માટે આજનો દિવસ ઉત્સવથી કમ નથી. ૧૫૨૮થી લઈને ૯ નવેમ્બર ૨૦૧૯ સુધીના સંઘર્ષની તારીખો રામના ભક્તોને પરેશાન કરતી રહી હતી જો કે, હવે અહીં રામલલાનું આલીશાન ઘર તૈયાર થઈ રહ્યું છે.

ડિસેમ્બર ૨૦૨૩ સુધી રામલલા ગર્ભગૃહમાં બિરાજમાન થઈ જશે. ઘણાને આ સમય લાંબો લાગે પરંતુ ટ્રસ્ટ મંદિરની ભવ્યતાને અદ્વિતીય રાખવા માંગે છે. પત્થરોની પસંદગીથી લઈને કોતરણી કામ સુધી મંદિરને દિવ્ય સ્વરૂપ આપવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ૫૦૦ વર્ષોના સંઘર્ષ પછી તૈયાર થઈ મંદિર આગામી ૨૦૦-૫૦૦ નહીં પરંતુ હજારો વર્ષો સુધી ભક્તો માટે નવી ઊર્જાનો સ્ત્રોત બનશે.

ગર્ભગૃહના પશ્ચિમ ખૂણા પર પરિક્રમા માર્ગના ૯ સ્થાનો પર ૨૨ કોતરણીવાળી શિલાઓ સ્થાપિત કરવામાં આવી છે. આ શિલાઓનું એટલું બધું વજન છે કે, તેને ક્રેનની મદદથી ઉપાડીને સ્થાપિત કરવામાં આવી રહી છે. પૂજાના ત્રણ દિવસ પહેલા તેને સ્થાપિત કરવામાં આવી હતી.

મંદિરના ગર્ભગૃહની દીવાલ ૬ ફૂટની બનાવવામાં આવશે. ગર્ભગૃહ અને તેની આસપાસ કોતરણીવાળી શિલાઓ મૂકવામાં આવશે. ગર્ભગૃહમાં મકરાના સફેદ સંગેમરમરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. રાજસ્થાનના ભરતપુર જિલ્લાના બંસી-પહાડપુરના પહાડમાંથી મળતા ગુલાબી પત્થરનો ઉપયોગ કરીને ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવશે. અહીં લગભગ ૪.૭૦ લાખ ક્યુબિક ફૂટ કોતરણીવાળી શિલાનો ઉપયોગ કરવામાં આવશે.

સામાન્ય રીતે હિન્દુ મંદિરોનો સૌથી મુખ્ય ભાગ ગર્ભગૃહ કહેવાય છે કે, જ્યાં પ્રતિમા રાખવામાં આવે છે, જેની આસપાસ સ્તંભયુક્ત મંડપ હોય છે જે મંદિરના પટાંગણને ગર્ભગૃહ સાથે જોડે છે. ગર્ભગૃહની ફરતે પરિક્રમા માટે પથ પણ હોય છે. ઉપર શિખર હોય છે. સરળ ભાષામાં સમજીએ તો મંદિર ઘર છે તો ગર્ભગૃહ સૌથી ખાસ રૂમ છે. રામલલા ગર્ભગૃહની લગભગ ૫૦૦ વર્ષના સંઘર્ષની કહાની છે.

દેશમાં કોરોના કેસમાં ફરી થયો વધારો

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૭૪૫ નવા કેસ નોંધાયા

દેશમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧૮,૩૮૬ થઈ જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૪,૬૩૬ પર પહોંચ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

ભારતમાં કોરોના કેસમાં ફરી વધારો થયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૭૪૫ નવા કેસ નોંધાયા છે અને ૬ સંક્રમિતોના મોત થયા છે. મંગળવારે ૨૩૩૮ નવા કેસ નોંધાયા અને ૧૯ સંક્રમિતોના મોત થયા હતા. સોમવારે ૨૭૦૬ નવા કેસ નોંધાયા હતા અને ૨૫ સંક્રમિતોના મોત થયા હતા. રવિવારે ૨૮૨૮ નવા કેસ નોંધાયા હતા અને ૧૪ સંક્રમિતોના મોત થયા હતા. શનિવારે ૨૬૮૫ નવા કેસ નોંધાયા હતા અને ૩૩ સંક્રમિતોના મોત થયા હતા. દૈનિક પોઝિટિવિટી રેટ ૦.૬૦ ટકા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧૮,૩૮૬ થઈ છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૪,૬૩૬ પર પહોંચ્યો છે. દેશમાં ૪,૨૬,૧૭,૮૧૦ લોકો કોરોના સામે જંગ જીત્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ૧૯૩,૫૭,૨૦,૮૦૭ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે ૧૦,૯૧,૧૧૦ ડોઝ આપવામાં આવ્યા હતા. દેશમાં ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧થી રસીકરણ શરૂ થયું હતું. ગુજરાતમાં ૧૨ માર્ચ પછી પહેલીવારમંગળવારે પહેલીવાર અમદાવાદમાં સૌથી વધુ ૩૪ સહિત રાજયમાં કોરોનાના નવા ૪૫ કેસ નોંધાવા પામ્યા છે. મોટેરા ખાતે યોજાયેલી આઈ.પી.એલ.ની મેચમાં એકઠી થયેલી મેદનીને લઈ કોરોનાના કેસ હજુ વધવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે. રાજયમાં અમદાવાદ ખાતે મોટેરા સ્ટેડીયમ ખાતે આઈ.પી.એલ.ની બે મેચ રમાઈ હતી.આ બંને મેચ દરમ્યાન મોટી સંખ્યામાં ક્રીકેટ ચાહકો સ્ટેડીયમમાં ઉમટી પડયા હતા.કોરોના સંક્રમણની સ્થિતિ બે વર્ષ બાદ વેકિસનેશન ઉપરાંત ટેસ્ટીંગ સહિતના અન્ય પ્રયાસોથી કાબૂમાં આવતી જોવા મળી હતી ત્યાં ફરી એક વખત કોરોનાના કેસમાં વધારો થવા પામ્યો છે.અમદાવાદમાં સૌથી વધુ ૩૪ કેસ નોંધાયા જે સામે ૨૪ દર્દીઓ સાજા થવા પામ્યા હતા.ઉપરાંત ગાંધીનગર અને સુરત કોર્પોરેશન વિસ્તારમાં કોરોનાના બે-બે કેસ નોંધાયા હતા.ઉપરાંત મહેસાણા અને વલસાડમાં પણ કોરોનાના બે-બે કેસ નોંધાયા હતા.ગીર સોમનાથ,વડોદરા અને વડોદરા કોર્પોરેશન વિસ્તારમાં કોરોનાનો એક-એક કેસ નોંધાયો હતો.

કોલકાતા પોલીસે સિંગર કેકેના અકુદરતી મોત અંગે કેસ દાખલ કર્યો

હોસ્પિટલ પહોંચેલા KKના માથા પર હતા ઈજાના નિશાન

નવી દિલ્હી,તા.૧

ગાયક કેકેના મૃત્યુના કિસ્સામાં, કોલકાતા પોલીસે અસામાન્ય મૃત્યુનો કેસ નોંધ્યો છે. મળતી માહિતી મુજબ, કોન્સર્ટ બાદ તેમની તબિયત બગડી હતી. ત્યારબાદ તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ ગાયકનું મૃત્યુ હાર્ટ એટેકથી થયું હતુ. પરંતુ હવે સિંગરના માથામાં ઈજાના સમાચાર સામે આવી રહ્યા છે. ડોક્ટરો પોસ્ટમોર્ટમ બાદ જ કેકેના મૃત્યુનું સાચું કારણ જણાવી શકે છે. કે.કે.ના ચહેરા અને માથા પર ઈજાના નિશાન મળી આવ્યા છે. મળતી માહિતી મુજબ, કોલકાતાના ન્યુ માર્કેટ પોલીસ સ્ટેશનમાં ગાયક કેકેના અકુદરતી મોતનો કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ કેકેના પરિવારના આવવાની રાહ જોઈ રહી છે. પરિવારજનોની સંમતિ અને લાશની ઓળખ બાદ પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. આ અંગે SSKM હોસ્પિટલના જણાવ્યા અનુસાર, મૃતદેહના પોસ્ટમોર્ટમ માટે તૈયારીઓ કરવામાં આવી છે. પોસ્ટમોર્ટમ બાદ ગાયકનો મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે અને તેનું મૃત્યુ કેવી રીતે થયું તે પણ પોસ્ટમોર્ટમ રિપોર્ટના આધારે બહાર આવશે. પોલીસ હવે પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહી છે. તમને જણાવી દઈએ કે, બોલિવૂડના પ્રખ્યાત સિંગર કેકે ઉર્ફે કૃષ્ણકુમાર કુન્નાથનું કોલકાતામાં એક કોન્સર્ટ બાદ નિધન થયું હતું. મંગળવારે, ૫૩ વર્ષની ઉંમરે, કેકેના નિધનની ખબર સાંભળીને તેમના ચાહકો ઘણાં જ દુખી થયા હતા. દિલ્હીમાં જન્મેલા કેકેની તબિયત મંગળવારે કોન્સર્ટ દરમિયાન બગડી હતી. તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યો.

બોલિવૂડના પ્રખ્યાત સિંગર કેકે ઉર્ફે કૃષ્ણકુમાર કુન્નાથનું કોલકાતામાં એક કોન્સર્ટ બાદ નિધન થયું હતું

KCRએ નિકહત ઝરીન, એશા સિંઘ માટે રૂા.૨ કરોડના પુરસ્કાર અને ઘર માટે જગ્યા આપવાની જાહેરાત કરી

(એજન્સી) હૈદરાબાદ, તા.૧

મુખ્યપ્રધાન કે. ચંદ્રશેખર રાવે બુધવારે વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયન નિકહતઝરીન અને શૂટર એશા સિંહને આંતરરાષ્ટ્રીય મંચ પર તેમની સિદ્ધિઓ બદલ રૂા. ૨ કરોડના રોકડ પુરસ્કારની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીએ એવી પણ જાહેરાત કરી હતી કે આ બંને રમતવીરોને તેમના ઘર માટે જ્યુબિલી હિલ્સ અને બંજારા હિલ્સમાં જમીન આપવામાં આવશે. નિકહત ઝરીને ઈસ્તાંબુલમાં પર કિગ્રા વજન વર્ગમાં વિશ્વ ચેમ્પિયનશિપ જીતનારી રાજ્ય અને દક્ષિણ ભારતની પ્રથમ વ્યક્તિ બનીને ઈતિહાસ રચ્યો હતો. આ દરમિયાન, જર્મનીમાં તાજેતરમાં પૂર્ણ થયેલા ISSF જુનિયર વર્લ્ડ કપમાં એશા સિંહે ટીમ ઈવેન્ટ્સમાં ત્રણ ગોલ્ડ મેડલ જીત્યા હતા. શમશાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર નિઝામાબાદના આ બંને ખેલાડીઓનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. અગાઉ, રાજ્ય સરકારે ૨૦૧૪ માં નિકહત ઝરીનને તેના પ્રશિક્ષણ હેતુઓ માટે રૂા.૫૦ લાખ પણ આપ્યા હતા. નિકહત ઝરીન (૫૨ કિગ્રા) ફાઈનલમાં ૫-૦ થી પ્રભુત્વ સાથે જીત મેળવીને વર્લ્ડ ચેમ્પિયન બની હતી. આ ટાઈટલ જીતનારી તે પાંચમી ભારતીય મહિલા બની હતી. અન્ય ચાર બોક્સર છ વખતની ચેમ્પિયન મેરી કોમ (૨૦૦૨, ૨૦૦૫, ૨૦૦૬, ૨૦૦૮, ૨૦૧૦ અને ૨૦૧૮) સરિતા દેવી (૨૦૦૬), જેની આરએલ (૨૦૦૬), અને લેખા કેસી (૨૦૦૬) છે. તેના ભાવિ ધ્યેય વિશે ઝરીને કહ્યું છે કે, તેનું લક્ષ્ય પેરિસ ઓલિમ્પિકમાં ઓલિમ્પિક મેડલ મેળવવાનું છે. તેણીએ વધુમાં તેલંગાણા સરકારનો તેણીને સમર્થન અને સહાય આપવા બદલ આભાર માન્યો હતો. તેલંગાણા પ્રદેશ કોંગ્રેસ કમિટી (TPCC)ના પ્રમુખ એ રેવન્ત રેડ્ડીએ પણ જાહેરાત કરી હતી કે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી વિશ્વ બોક્સિંગ ગોલ્ડ-મેડલ વિજેતા નિકહત ઝરીનને પાંચ લાખ રૂપિયાની ભેટ આપશે.

શશિ થરૂરે સંસદીય દસ્તાવેજો જપ્ત કરનારા CBI અધિકારીઓ વિરૂદ્ધ કાર્યવાહીની માગ કરી

(એજન્સી) તા.૧

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી અંગે સંસદની સ્થાયી સમિતિના વડા શશિ થરૂરે સીબીઆઈ દ્વારા તાજેતરના દરોડા દરમિયાન સાંસદ કાર્તિ ચિદમ્બરમના નિવાસ સ્થાનેથી સમિતિના કેટલાક અત્યંત ગોપનીય દસ્તાવેજો જપ્ત કરવાને વિશેષાધિકારનો ગંભીર ભંગ ગણાવ્યો છે. આ મામલે શશીથરૂરે સંસદીય દસ્તાવેજો જપ્ત કરનારા સીબીઆઈના અધિકારીઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવાની માગ પણ કરી હતી. કોંગ્રેસના નેતા શશિ થરૂરે આ અંગે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર પણ લખ્યો છે. સંસદીય સમિતિના વડા તરીકે બિરલાને લખેલા પત્રમાં થરૂરે જણાવ્યું હતું કે સીબીઆઈના દરોડા દરમિયાન સમિતિ સાથે જોડાયેલા કાર્તિ ચિદમ્બરમના મોટાભાગના ગોપનીય દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા. સમિતિની ચર્ચાઓ અને કાર્યવાહી ત્યાં સુધી ગોપનીય રહે છે જ્યાં સુધી તેને ગૃહના પટલ પર ન મૂકવામાં આવે. થરૂરે નિયમોને ટાંકીને એમ પણ કહ્યું કે, લોકસભાના સ્પીકરના અધિકારક્ષેત્ર સિવાય કોઈ પણ સમિતિની ચર્ચા કે કાર્યવાહી જોઈ શકે નહીં, સિવાય કે તેને ગૃહના ટેબલ પર મૂકવામાં આવે. આ સમિતિ અને તેના સભ્યોના વિશેષાધિકારનો ભંગ છે. જો કે આ પહેલા કાર્તિ ચિદમ્બરમે પણ આ અંગે લોકસભા અધ્યક્ષને પત્ર લખ્યો હતો. કાર્તિ ચિદમ્બરમે શુક્રવારે ઓમ બિરલાને લખેલા પત્રમાં કહ્યું હતું કે, સાંસદ તરીકેના મારા વિશેષાધિકારોનું ઘોર ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. આ સાથે કાર્તિએ લોકસભા સ્પીકરને આ અંગે તાત્કાલિક ધ્યાન આપવાની અપીલ કરી હતી. CBIએ ગુરૂવારે ૨૦૧૧માં ૨૬૩ ચીની નાગરિકોને વિઝા આપવા સંબંધિત કથિત કૌભાંડના સંબંધમાં કાર્તિની લગભગ નવ કલાક પૂછપરછ કરી હતી. કથિત કૌભાંડ ત્યારે થયું હતું જ્યારે કાર્તિના પિતા પી ચિદમ્બરમ કેન્દ્રીય ગૃહમંત્રી હતા, જો કે, કાર્તિએ તેમની સામેના તમામ આરોપોને ખોટા ગણાવ્યા છે અને કહ્યું છે કે આ બધું રાજકીય બદલો લેવાથી કરવામાં આવ્યું હતું.

ઈઝરાયેલના સંરક્ષણમંત્રી ગેન્ટ્ઝ ભારતની મુલાકાત લેશે, રાજનાથસિંહ, ડોભાલને મળશે

(એજન્સી) નવીદિલ્હી, તા.૧

ઈઝરાયેલના સંરક્ષણ પ્રધાન બેન્જામિન (બેની) ગેન્ટ્ઝ ગુરૂવારે સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથે વાતચીત માટે નવી દિલ્હીમાં હશે. અગાઉ ઈઝરાયેલના વૈકલ્પિક વડાપ્રધાન રહી ચૂકેલા ગેન્ટ્ઝ એક નિવૃત્ત આર્મી જનરલ અને ઉચ્ચ-પ્રોફાઈલ રાજકીય નેતા છે અને બંને દેશો વચ્ચે ગાઢ સંરક્ષણ સંબંધોના એજન્ડા પર છે. ગેન્ટ્ઝ નવી દિલ્હીમાં શુક્રવાર સુધી ભારત સાથે સાઈબર ક્ષેત્રના નવા મંત્રો સંદર્ભે સહ-વિકાસ અને સહ-ઉત્પાદન સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરશે. આ ઈઝરાયેલ માટે ફાયદાકારક હોઈ શકે છે કારણ કે ભૂતકાળમાં તેના સંરક્ષણ ઉદ્યોગો ભારત સાથે મળીને કામ કરી રહ્યા છે. એક મોટો એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન અને ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યું છે. વિકાસ અને અન્ય ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરવા માટે ભારત અને ઈઝરાયેલ પાસે સંરક્ષણ સચિવ સ્તરે સંયુક્ત કાર્યકારી જૂથ પણ છે. ઈઝરાયેલ, રશિયા, ફ્રાન્સ અને તાજેતરમાં જ, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાને લશ્કરી સાધનોનો મુખ્ય પુરવઠો પૂરો પાડનાર છે. તે ભારત સાથે સંરક્ષણ સહ-ઉત્પાદનમાં સામેલ મુઠ્ઠીભર દેશોમાંથી એક છે. સંરક્ષણ પ્રધાન ગેન્ટ્ઝની મુલાકાત ઈઝરાયેલના વડા પ્રધાન નફ્તાલી બેનેટની સંભવિત મુલાકાતની યોજનાના પગલે આવે છે. કોવિડ સમસ્યા બાદ અગાઉની મુલાકાત મુલતવી રાખવી પડી હતી.



પ્રોજેક્ટ ભારતીય વાયુસેના અને ભારતીય નૌકાદળ માટે MRSAM (મીડીયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ) છે. આ ડિફેન્સ રિસર્ચ

એલપીજી સિલિન્ડરના ગ્રાહકોને કોઈ રાહત નહીં

૧૯ કિલોના કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં રૂા.૧ ૩૫નો ઘટાડો

ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ ઘટાડો થયો નથી, તેઓ જૂના ભાવે જ મળતા રહેશે, જોકે આગામી સમયમાં રાહતની આશા છે

(એજન્સી) નવી દિલ્હી,તા.૧

એલપીજી સિલિન્ડરના નવા દરો જાહેર કરવામાં આવ્યા છે. આજે ઈન્ડેનનો સિલિન્ડર ૧૩૫ રૂપિયા સસ્તો થયો છે. પેટ્રોલિયમ કંપની ઈન્ડિયન ઓઈલે કોમર્શિયલ સિલિન્ડરના દરમાં ઘટાડો જાહેર કર્યો છે જ્યારે ઘરેલુ એલપીજી સિલિન્ડર ગ્રાહકોને કોઈ રાહત મળી નથી. ૧૪.૨ કિલોનો ઘરેલું સિલિન્ડર ન તો સસ્તો થયો છે અને ન તો મોંઘો થયો છે. તે હજી પણ ૧૯મેના દરે ઉપલબ્ધ છે. ઉલ્લેખનીય છે કે કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૧૩૫ રુપિયાનો ઘટાડો જાહેર કરાયો છે પરંતુ ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ ઘટાડો થયો નથી, તેઓ જુના ભાવે જ મળતા રહેશે. જોકે આગામી સમયમાં રાહતની આશા છે. મે મહિનામાં ઘરેલુ એલપીજી સિલિન્ડરના ગ્રાહકોને બે વાર આંચકો લાગ્યો હતો. ૭ મેના રોજ એક મહિનામાં પ્રથમ વખત ઘરેલુ સિલિન્ડર (એલપીજી સિલિન્ડરની કિંમત આજે) ના દરોમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો અને ૧૯ મેના રોજ પણ ઘરેલું એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. ૧૯ કિલોના સિલિન્ડર પર આજે એટલે કે ૧ જૂનના રોજ ૧૩૫ રૂપિયા સુધીની સીધી રાહત મળી છે. હવે ૧૯ કિલોનો સિલિન્ડર દિલ્હીમાં ૨૩૫૪ના બદલે ૨૨૧૯ રૂપિયા, કોલકાતામાં ૨૪૫૪ને બદલે ૨૩૨૨, મુંબઈમાં ૨૩૦૬ના બદલે ૨૧૭૧.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં ૨૫૦૭ રૂપિયાની જગ્યાએ ૨૩૭૩ રૂપિયામાં વેચાશે. ૧ મેના રોજ તેમાં લગભગ ૧૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. તે જ સમયે, માર્ચમાં ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત દિલ્હીમાં માત્ર ૨૦૧૨ રૂપિયા હતી. ૧ એપ્રિલે તે વધીને ૨૨૫૩ રૂપિયા અને ૧ મેના રોજ વધીને ૨૩૫૫ રૂપિયા થઈ ગઈ. મોંઘવારીનો માર ઝેલી રહેલી જનતાને રાહત મળે તેવા સમાચાર આવ્યા છે. તાજેતરમાં પેટ્રોલ ડીઝલના ભાવમાં ધરખમ ઘટાડો થયા બાદ હવે એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘટાડો થયો છે. પહેલી જૂનથી કંપનીઓ તરફથી નવા રેટ જાહેર કરવામાં આવ્યા છે. નવા રેટ મુજબ ૧૯ કિલોવાળો કમર્શિયલ સિલિન્ડર ૧૩૫ રૂપિયા સસ્તો થયો છે. ભાવ ઘટતા હવે કમર્શિયલ સિલિન્ડર દિલ્હીમાં ૨૩૫૪ની જગ્યાએ ૨૨૧૯ રૂપિયાનો થયો છે. એ જ રીતે કોલકાતામાં હવે ૨૪૫૪ રૂપિયાની જગ્યાએ ૨૩૨૨ રૂપિયા, મુંબઈમાં ૨૩૦૬ રૂપિયાની જગ્યાએ ૨૧૭૧.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૨૫૦૭ રૂપિયાની જગ્યાએ ૨૩૭૩ રૂપિયા ચૂકવવા પડશે. કંપનીઓ તરફથી જાહેર કરવામાં આવેલા આ નવા ભાવની અસર આવનારા દિવસોમાં મોંઘવારી પર જોવા મળી શકે છે. અગાઉ ગત પહેલી તારીખે ભાવમાં લગભગ ૧૦૦ રૂપિયાનો વધારો નોંધાયો હતો.

UPSC પરીક્ષામાં ૪૧૯મો રેન્ક મેળવનાર

IAS મોહમ્મદ શબ્બીરના ઘરના ગામમાં ઉજવણી માહોલ, સખત સંઘર્ષ પછી અમે આ ખુશીનો દિવસ જોયો છે : પિતા ગુલામ મોહમ્મદ

(એજન્સી) જમ્મુ, તા.૧

મંગળવારે સુરનકોટ તાલુકાના બ્લોક લસાણાના પહાડી અને દૂરના વિસ્તારમાં આવેલા બાચેયાંવાલી ગામના રહેવાસી ગુલામ મોહમ્મદના ઘરે ઉજવણીનો માહોલ હતો. કારણ કે તેનો સૌથી નાનો દીકરો IAS બન્યો હતો. તેણે UPSC પરીક્ષામાં ૪૧૯મો રેન્ક મેળવ્યો છે. તેની સફળતાને વધાવવા ઘરમાં ગ્રામજનોનો અભિનંદનનો ધસારો છે. સંવાદ ન્યૂઝ એજન્સીએ મંગળવારે IAS મોહમ્મદ શબ્બીરની મુલાકાત લીધી, ત્યારે ગામમાં તહેવાર જેવી સ્થિતિ હતી. આ સાથે જ આજે પણ ગામ બચેયાંવાલીમાં પાકો રસ્તો, પાણી અને વીજળીના યોગ્ય સુવિધાઓથી વંચિત હોવાનું જોઈને નવાઈ લાગી હતી. આ બધી અસગવડો વચ્ચે પણ ગામના યુવાને પ્રથમ પ્રયાસમાં જ યુપીએસસીની પરીક્ષા પાસ કરી એ ગામ, તાલુકા, જિલ્લા જ નહીં પરંતુ સમગ્ર રાજ્ય માટે પ્રેરણાસ્ત્રોત બન્યો છે જે ગૌરવની બાબત છે. મોહમ્મદ શબ્બીરના પિતા ગુલામ મોહમ્મદ સાથે વાત કરી તો તેમની ખુશીનો પાર રહ્યો નહીં. સૌથી નાના પુત્રની સફળતા અંગે તેમણે કહ્યું કે અમે આ ખુશીનો દિવસ ખૂબ સંઘર્ષમાંથી પસાર થયા બાદ જોયો છે. વર્ષ ૨૦૧૫માં જ્યારે શબ્બીરની માતાનું અવસાન થયું ત્યારે મને લાગ્યું કે હવે શબ્બીરનું મન ભણવામાં લાગશે નહિ એ વાંચી શકીશ નહીં. માતાથી વિખૂટા પડવાના દુઃખ સાથે તેણે IAS બનવા માટે પોતાની મહેનત ચાલુ રાખી. શબ્બીરના મોટા ભાઈ મોહમ્મદ રફીક, મોહમ્મદ આશિક અને મોટી બહેન રઝિયા બી ઘરે આવનારાનું સ્વાગત કરવામાં વ્યસ્ત હતા, તો બીજી તરફ ભાઈની સફળતા પર ખુશી વ્યક્ત કરતાં તેઓ જણાવે છે કે શબ્બીર નાનપણથી જ આશાસ્પદ હતો. તે દરેક વર્ગમાં પ્રથમ આવતો હતો. પોતાના ભત્રીજા માટે સઉદી અરેબિયામાં વર્ષો સુધી કામ કરનાર મોહમ્મદ રાશિદના કાકા અતા મોહમ્મદ કહે છે કે અમે ઘણા ગરીબ છીએ. આજ સુધી અમે પાકું મકાન બનાવી શક્યા નથી. ઘર બાંધવું તો દૂર, વરસાદમાં ટપકતા કાદવની છત પણ રીપેર કરાવી શકી ન હતી. તમામ બાળકો સારી રીતે ભણેલા છે. શબ્બીર IAS બની ગયો છે. અત્તા મોહમ્મદે કહ્યું કે અમારૂ ગામ હજુ પણ સુવિધાઓથી વંચિત છે. ૨૦૦૨ પહેલા તે આતંકવાદનો ગઢ હતો, જેના માટે અમારે બાળકોને ઘરની બહાર કાઢીને પુંછ મોકલવા પડતા હતા.

જમ્મુ-કાશ્મીરમાં હિંદુ ટીચરની હત્યા પછી પંડિતોની સામૂહિક સ્થળાંતરની ચીમકી

(એજન્સી) શ્રીનગર, તા.૧

જમ્મુ અને કાશ્મીરના કુલગામ જિલ્લામાં એક હિંદુ ટીચરની આતંકવાદીઓ દ્વારા મંગળવારે હત્યા કરી દેવાયા પછી પીએમ પેકેજમાં અહીં રોજગારી મેળવીને કામ કરી રહેલા કાશ્મીરી પંડિતોએ આગામી ૨૪ કલાકમાં તેમને સુરક્ષિત સ્થળ નહીં આપવામાં આવે તો ખીણમાંથી સામૂહિક સ્થળાંતરની ચીમકી ઉચ્ચારી છે. જમ્મુ-કાશ્મીરના સાંબામાં રહેતી અને કુલગામના ગોપાલપુરામાં પોસ્ટિંગ ધરાવતી ૩૬ વર્ષની રજની બાલાની હત્યા આ મહિનામાં કાશ્મીરમાં બિન મુસ્લિમોને નિશાન બનાવીને કરાયેલી મે માસમાં સાતમી હત્યા છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, બાલા ઘાયલ થઈ હતી અને તેને જિલ્લાની હોસ્પિટલમાં લઈ જવાઈ હતી જ્યાં તેને મૃત જાહેર કરાઈ હતી. આ પહેલાં અધિકારીઓએ જણાવ્યું કે, તે વસાહતી કાશ્મીરી પંડિત હતી. અધિકારીએ જણાવ્યું કે, સમગ્ર વિસ્તારને ઘેરી લેવાયો છે અને હુમલાખોરોની તપાસ ચાલુ કરાઈ છે. પોલીસ પ્રવક્તાએ કહ્યું કે, જે લોકો આ આતંકવાદી કૃત્યમાં સામેલ છે તેને વહેલી તકે ઓળખીને મોતને ઘાટ ઉતારાશે. મહિલાની હત્યા બાદ કાશ્મીર ખીણમાં ભારે આક્રોશ છે. નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂક અબ્દુલ્લાહે કહ્યું કે, બાલાની હત્યા જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાની સ્થિતિનું વરવું દૃશ્ય દર્શાવે છે. તેમણે કહ્યું કે, કાશ્મીરમાં રહેતી મહિલા શિક્ષિકા શહીદ થઈ ગઈ છે. આ દર્શાવે છે કે, રાજ્યમાં આ કેવી શાંતિ પ્રવર્તી રહી છે. આ દર્શાવે છે કે, અમે અહીં કેટલા સુરક્ષિત છીએ. તેમના પુત્ર નેશનલ કોન્ફરન્સા ઉપપ્રમુખ ઓમર અબ્દુલ્લાહે શોક વ્યક્ત કર્યો અને કહ્યું કે, સરકારે લોકોની સુરક્ષા માટે ઘણું બધું કરવાનું છે. તેમણે કહ્યું કે, નિઃશસ્ત્ર નાગરિકો પર સીધા તાજેતરના હુમલાની લાંબી યાદીમાં નિશાન બનાવીને કરાયેલી વધુ એક હત્યા. સ્થિતિ સામાન્ય નહીં થાય ત્યાં સુધી જંપીને નહીં બેસીએ તેવા સરકારના દાવા પોકળ સાબિત થયા છે.

સુરતમાં એક પુત્રીની માતાને પ્રેમજાળમાં ફસાવી પતિ સાથે છૂટાછેડા લેવડાવી યુવકે અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા

પરિણીતાને લગ્નની લાલચ આપી શરીરસંબંધ બાંધી ટુકડે-ટુકડે ૯૦ હજાર પણ પડાવી લીધા : તરછોડી દેનાર યુવાન તેની માતા અને માસીના દીકરા સામે ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

સુરતના રામનગર વિસ્તારમાં પિયરમાં રહેતી એક પુત્રીની માતાને સોશિયલ મીડિયા થકી લગ્નની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી શરીરસંબંધ બાંધ્યા બાદ પતિ સાથે છૂટાછેડા લેવડાવી અન્ય યુવતી સાથે લગ્ન કરી તરછોડી દેનાર અડાજણના યુવાન વિરૂદ્ધ રાંદેર પોલીસમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાય છે.

શહેરના રામનગર વિસ્તારમાં માતા-પિતા સાથે રહેતી એક પુત્રીની માતા ભાવિકા (ઉ.વ.૨૯ નામ બદલ્યું છે)ના વર્ષ ૨૦૧૧માં લગ્ન થયા હતા. પતિ સાથે મનમેળ નહીં હોવાથી પિયરમાં ભાવિકાનો વર્ષ ૨૦૧૯માં સ્નેપ ચેટ અને ફેસબૂક પર ચિરાગ મણીલાલ પટેલ (રહે.૪૧, સાવન રો હાઉસ, સૌરભ પોલીસ ચોકી પાસે, અડાજણ) સાથે મિત્રતા અને ત્યાર બાદ પ્રેમસંબંધ બંધાયો હતો. પતિ સાથે મનમેળ નહીં હોવાથી ભાવિકાને ચિરાગે પતિથી છૂટાછેડા અપાવવા અને લગ્ન કરવાની લાલચ આપી જાન્યુઆરી ૨૦૨૦માં સરોલી ખાતે સાંઈબાબાના મંદિરમાં ભાવિકાને ચિરાગે મંગળસૂત્ર પહેરાવી આજથી આપણે પતિ-પત્ની છે, આપણે સમાજ વચ્ચે પતિ-પત્ની તરીકે આવશું નહીં. પરંતુ તારા છૂટાછેડા થયા બાદ હું તારી સાથે લગ્ન કરીશ અને સમાજમાં લઈ જઈશ એમ કહ્યું હતું. દરમિયાનમાં ચિરાગે ભાવિકાને અર્જન્ટ કામ છે કહી પોતાના ઘરે બોલાવી પરિવારના સભ્યોની ગેરહાજરીમાં ભાવિકા સાથે જબરજસ્તી શરીરસંબંધ બાંધ્યા હતા, જેથી ભાવિકાએ મળવાનો ઈનકાર કરી દેતા ચિરાગે આપણા સંબંધનો વીડિયો ઉતાર્યો છે, હું તને બહુ પ્રેમ કરૂ છું, એમ કહી લલચાવીને વિશ્વાસ કેળવી લીધો હતો. ત્યાર બાદ ચિરાગ ભાવિકાને અલથાણની બ્લુ હેવન હોટલ, અમદાવાદની ઓર્ચીડ હોટલ, સાપુતારા સહિત અલગ-અલગ ઠેકાણે ફરવા લઈ જઈ શરીરસંબંધ બાંધ્યા હતા અને ટુકડે-ટુકડે રૂા.૯૦ હજારથી વધુ પડાવી લીધા હતા. આ ઉપરાંત ચિરાગે અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા હતા અને તેની માતા બીના પટેલ અને માસીના દીકરા હિરેન પટેલે ભાવિકાને ધાકધમકી આપતા છેવટે રાંદેર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

લગ્નની લાલચે છૂટાછેડા તો આપ્યા પુત્રીનો કબજો પણ પતિને સોંપાવી દીધો

ભાવિકાને પ્રેમજાળમાં ફસાવનાર ચિરાગ મણીલાલ પટેલે નોકરી પણ છોડાવી દીધી હતી અને ભણવા માટે કહ્યું હતું. બંને ફરવા માટે મંદિરે જતા ત્યાં ભાવિકા સાથે લગ્ન માટે ચિરાગ બાધા પણ લેતો હતો જેથી ભાવિકાને સંપૂર્ણ વિશ્વાસ હોવાથી નોકરી છોડી દઈ ભણવાનું શરૂ કર્યું હતું. ઉપરાંત ચિરાગના કહેવાથી ભાવિકાએ પતિને છૂટાછેડા આપી પુત્રીનો કબજો પણ પૂર્વ પતિને હવાલે કરી દીધો હતો.

ચિરાગની માતાએ કહ્યું, તારા જેવીને મારા ઘરમાં કચરા-પોતા માટે પણ નહીં રાખીએ

લગ્નની લાલચે પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ કરનાર ચિરાગે અન્ય યુવતી સાથે લગ્ન કરી લેતા ભાવિકા ચિરાગના ઘરે દોડી ગઈ હતી. જ્યાં ભાવિકા અને ચિરાગના પરિવાર વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારે ચિરાગની માતાએ ભાવિકાને કહ્યું હતું કે, અમારા ઘરની વહુ બનવાનું સપનું છોડી દે, તારા જેવીને મારા ઘરના કચરા પોતા માટે પણ નહીં રાખું.

યુથ કોંગ્રેસ દ્વારા ભાવનગર શ્રમ અને રોજગારી કચેરીનો ઘેરાવ કરાયો

ભાવનગર, તા.૧

ગુજરાત યુવક કોંગ્રેસ દ્વારા લોંચ કરવામાં આવેલ 'ગુજરાત માંગે રોજગાર' કેમ્પેઈનના પ્રથમ ચરણ 'રોજગાર ક્યાં છે ?' અંતર્ગત આજે યુવક કોંગ્રેસ દ્વારા ભાવનગર શ્રમ અને રોજગાર કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો હતો અને ભાવનગર જિલ્લા રોજગાર અધિકારીને ભાવનગરમાં સરકારી, અર્ધસરકારી અને ખાનગી મળીને કુલ કેટલા રોજગાર આપતા એકમ આવેલા છે ?, આ એકમોમાં કુલ કેટલાક યુવાનોને રોજગાર મળેલા છે. જેમાં ગુજરાતી યુવાનો કેટલા ? ભાવનગરના સ્થાનિક યુવાનોને કેટલા યુવાનોને રોજગારી મળેલ છે ? જેવા સવાલો પૂછવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ગુજરાત યુવક કોંગ્રેસના પ્રદેશ પ્રભારી મહંમદ શાહિદજી, ગુજરાત યુવક કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ વિશ્વનાથસિંહ વાઘેલા, ભાવનગર શહેર કોંગ્રેસના પ્રમુખ પ્રકાશભાઈ વાઘાણી, જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ બળદેવભાઈ સોલંકી, શહેર યુવા કોંગ્રેસના પ્રમુખ સંદીપસિંહ ગોહિલ, વિધાનસભા પ્રમુખ વાહિદભાઈ મહેતર, ગ્રામ્ય વિધાનસભા પ્રમુખ હરદિપભાઈ રોયલા, પાલીતાણા વિધાનસભાના પ્રમુખ દિવ્યરાજ ગઢવી, પૂર્વ વિધાનસભા પ્રમુખ અલીભાઈ લાખાણી, વિધાનસભા મહામંત્રી ગૌતમ માડુ, જગદીશ બારૈયા, નટવરભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

ડીસાના કાંટ રોડ પર હિટ એન્ડ રનની ઘટના : હોમગાર્ડ જવાન ગંભીર રીતે ઘાયલ

ડીસા, તા.૧

ડીસાના કાંટ રોડ પર ગત મોડી રાત્રે એક હોમગાર્ડ જવાનને અજાણ્યા વાહનચાલકે ટક્કર મારી ફરાર થઈ જતા હોમગાર્ડ જવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો અને સારવાર માટે ડીસા સિવિલ બાદ વધુ સારવાર માટે પાલનપુર રિફર કરાયો હતો. ભાખર ગામેથી ડીસા નોકરી કરવા આવી રહેલા હોમગાર્ડ જવાનને અજાણ્યા વાહનચાલકે ડીસાના કાંટ રોડ પર ટક્કર મારી ફરાર થઈ જતા હોમગાર્ડ જવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ ઘટનાના પગલે ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ની ટીમને જાણ કરાતા ૧૦૮ની પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ઘાયલ હોમગાર્ડ જવાનને સારવાર માટે ડીસા સિવિલ જે બાદ વધુ સારવાર માટે પાલનપુર રિફર કરાયો હતો.

બાબરાના દેવળિયા ગામે

યુવક વારંવાર ફોન કરી હેરાન-પરેશાન કરતા સગીરાએ ગળા ફાંસો ખાધો

અમરેલી તા.૧

બાબરાના દેવળિયા ગામે સગીરાને તેજ ગામના યુવાન દ્વારા વારંવાર ફોન કરી હેરાન પરેશાન કરતા સગીરાએ યુવકના ત્રાસથી કંટાળી ગળાફાસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચેલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બાબરાના દેવળિયા ગામે એક સત્તર વર્ષીય સગીરાને ગામમાં રહેતો સંજય ધીરૂભાઈ ચાપરા નામનો યુવાન વારંવાર ફોન કરી હેરાન પરેશાન કરતો હોઈ એ આ યુવકના ત્રાસથી કંટાળી જઈ સગીરાએ પોતાના ઘરમાં ગળાફાસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે સગીરાના પિતાએ યુવક સામે બાબરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી કલમ ૩૦૫ અને એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

અમીરગઢ તાલુકાના ઈકબાલગઢના મુખ્ય બજારમાં આખલા યુદ્ધ ખેલાયું

અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ ગામે રખડતા પશુઓનો ત્રાસ પ્રતિદિન વધવા લાગ્યો છે. જેને લઈ ઈકબાલગઢ તેમજ આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકોમાં ભય ફેલાયો છે. આ વચ્ચે ઈકબાલગઢમાં બે આખલાઓ સામસામે આવી જતા બાખડ્યા હતા. જેથી લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જાહેરમાં આખલાઓ બાખડતા અવર-જવર કરતાં વાહન ચાલકો તેમજ લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.**(તસવીર : જમીલ મેમણ ડીસા)**

દહેગામના ટીડીઓ ચૌધરીની બઢતી સાથે બદલી બનાસકાંઠામાં નાયબ ડીડીઓ તરીકે મૂકાયા

છાપી, તા.૧

દહેગામ તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા કે.કે. ચૌધરીની બઢતી સાથે બદલી કરવામાં આવી હતી. કે. કે. ચૌધરીને બનાસકાંઠા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી નિમણૂક કરવામાં આવી હોવાનું જાણવા મળે છે

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ દહેગામ તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા કે.કે. ચૌધરીની રાજ્ય સરકાર દ્વારા બઢતી સાથે બદલી કરવામાં આવી હતી. કે.કે. ચૌધરીને બનાસકાંઠા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે મુકવામાં આવ્યા છે કે.કે. ચૌધરી આ અગાઉ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકા વિકાસ અધિકારી તરીકે ટૂંકા સમય માટે ફરજ બજાવી લોકપ્રિય બન્યા હતા વહીવટીય કડક છાપ ધરાવતા અધિકારીની બનાસકાંઠા જિલ્લામાં નિમણૂક કરાતાં જિલ્લામાં આવકાર સાંપડી રહ્યો છે.

વાલીઓના માથે ભારણ વધશે

શરૂ થતાં શૈક્ષણિક સત્રમાં ચાલુ વર્ષે સ્ટેશનરી પણ મોંઘી રહેશે

નડિયાદ, તા.૧

નવું શૈક્ષણિક સત્રનો આગામી જૂનના બીજા સપ્તાહમાં પ્રારંભ થનાર છે. ત્યારે પાઠ્યપુસ્તકો, નોટો સહિત સ્ટેશનરીમાં ભાવમાં વધારો થયો છે. આ વરસે કાગળ, ઈન્ક, લેબરના ભાવો પણ વધી ગયા છે. જેની સીધી અસર હાલ નવા પાઠ્ય પુસ્તકો અને નોટો ચોપડીઓ ઉપર પડી છે. જેને લઈ વાલીઓમાં પણ ચિંતાનુ મોજું ફરી વળ્યુ છે.

અધુરામા પુરૂ ચાલુ વર્ષે હજુ સુધી પાઠ્યપુસ્તકો સ્ટેશનરીની દુકાનમા આવ્યા નથી. ગયા વર્ષે પણ આવીજ રામાયણ રહેતા કેટલાક વિદ્યાર્થીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી. તો બીજી બાજુ આ વખતે જો આવી સ્થિતિ રહેશે તો છેલ્લી ઘડીએ વાલીઓ અને વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો મેળવવા દોડધામ મચાવવી પડશે તો નવાઈ નહીં.

નડિયાદના એક સ્ટેશનરીના વિક્રેતાએ જણાવ્યું છે કે, નજીકના દિવસોમાં સ્કૂલો ખુલે છે, પરંતુ હજુ સુધી પાઠ્યપુસ્તકો સ્ટેશનરીની દુકાનો સુધી આવ્યા નથી. ગયા વર્ષે પણ પાઠ્યપુસ્તકો મોડા મળ્યાં હતાં. ચાલુ વર્ષે પણ આમ થશે તેવા સ્પષ્ટ એંધાણ વર્તાઈ રહ્યાં છે. કારણ કે કાગળના ભાવમાં આ વર્ષે વધારો ઝીંકાયો છે. શાળાઓમાં અભ્યાસ શરૂ થયા પછી પણ જો આ સ્થિત રહે તો અભ્યાસ ઉપર અસર પડી શકે એમ છે. તો બીજી બાજુ દેશમાં વધેલા પેટ્રોલ, ડીઝલ, ગેસ તથા કાગળના ભાવથી સ્ટેશનરીના ભાવમાં પણ તોતિંગ વધારો થયો છે. મધ્યમ વર્ગના લોકોએ પોતાના સંતાનોને ભણાવવા માટે અત્યારથી જ અગમચેતી રૂપે આયોજન કરી દીધા છે. નોકરિયાત વર્ગએ મે માસની સેલેરીમાં અમૂક ખર્ચને કપાતમા મૂકી બચત કરેલા નાણાંને સ્ટેશનરી અને સ્કૂલની ફી પાછળ વાપરવાનું આયોજન કર્યું છે. ધંધાકીય લોકોએ ન જોઈતા અમુક ખર્ચ ટાળી આ ખર્ચને પહોંચી વળવા આયોજન કર્યું છે. તો ગરીબ વર્ગે પેટે પાટા બાંધી આ ખર્ચને પહોંચી વળવા મક્કમ બન્યા છે. સ્ટેશનરીના વધેલા ભાવને લઈ ખેડા જિલ્લાના વાલીઓના માથે બોજ આવી ગયો છે.

પંચાયત ઓફિસ ભાડાના મકાનમાં કાર્યરત કરાઈ

નડિયાદની દવાપુરા ગ્રામ પંચાયત મરણ પથારીએ, તંત્ર જાગશે ખરૂં ?

નડિયાદ, તા.૧

નડિયાદ પાસેના દવાપુરા ગામે પંચાયત ઓફિસ મરણ પથારીએ પહોંચતા ઓફિસને અન્ય સ્થળે ખસેડી કામગીરી કરવામાં આવી રહી છે. એક તરફ સરકારની ઈ ગામ પંચાયતની વાતો અને બીજી તરફ ઘણા ગામડાઓમાં પંચાયત ઓફિસના ઠેકાણા નથી.

નડિયાદ તાલુકાના નાનકડા ગામ એવા દવાપુરા ગામે ગ્રામ પંચાયતનું મકાન ખૂબ જ દયનીય હાલતમાં છે. અહીંયા સ્લેબ પરથી પોપડા પડે છે. સ્લેબના સળિયાઓ પણ દેખાવા લાગ્યા છે. જેથી મોટી જાનહાનિ ન સર્જાઈ તે માટે પંચાયત કચેરીને અન્ય જગ્યાએ ખસેડવામાં આવી છે. ભાડાના મકાનમાં છેલ્લા એક વર્ષથી કામગીરી કરવામાં આવી રહી છે. આ પંચાયત આસપાસના બે ગામો એરડિયાપુરા, જોરપુરનો પણ સમાવેશ થાય છે. ઘણા વર્ષોથી ગ્રામ પંચાયત મકાન ભયજનક હાલતમાં છે. ઉપરાંત મકાનની દીવાલોમાં પણ તિરાડો પડી ગઈ છે. જેના કારણે પંચાયત મકાનમાં જીવનું જોખમ હોય અહીંયા કોઈ કર્મચારી બેસવા તૈયાર થતા નથી.

એક બાજુ ગ્રામ પંચાયતમાં કોઈ આવકનું સાધન નથી ત્યારે બીજી બાજુ દર મહિને પંચાયતના મકાનનું ભાડું ચૂકવવાનો પ્રશ્ન ઉભો થયો છે. આવા તો ખેડા જિલ્લામાં અનેક ગામોમાં પંચાયત કચેરીનો પ્રશ્ન હશે? નોંધનીય છે કે ગ્રામ અને ગૃહ નિર્માણ વિભાગના મંત્રીના જિલ્લામાં જ આવી સ્થિતિ છે તો સમગ્ર રાજ્યની વાત શું કરી શકાય. એવો સવાલ જાગૃત પ્રજામાં છે.

જંબુસર : ડાભા વોર્ડ નં.૭ના સભ્યને પંચાયત સભ્ય પદેથી દૂર કરાયા

જંબુસર, તા.૧

ગ્રામપંચાયતની ચૂંટણી ૨૦૨૧માં ડાભા ગામે વોર્ડ નંબર સાતમાં સભ્ય તરીકે યાસીન કરીમ મલેક ચૂંટાઈ આવ્યા હતા. પરંતુ તેમણે ચૂંટણી પંચના નિયમોનો ભંગ કરી ઉમેદવારી નોંધાવી હતી. નિયમ મુજબ ઉમેદવારને બે બાળકો હોવા જોઈએ. જ્યારે ડાભા ગ્રામ પંચાયતના વોર્ડ નંબર સાતના સભ્ય યાસીન કરીમ મલેકને ત્રણ બાળકો હોય જે અંગે અરજદાર રસીદ મલેકે લેખિત રજૂઆત કરી હતી. જે અરજી અનુસંધાને વિસ્તરણ અધિકારીને તપાસ સોંપવામાં આવી હતી અને અરજદાર રસીદ અબ્બાસ મલેકે જણાવ્યું હતું કે ડાભા ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં વોર્ડ નંબર સાતના સભ્ય યાસીન મલિકને ત્રણ બાળકો હોવા છતાય ખોટા પુરાવા રજૂ કરી ઉમેદવારી નોંધાવેલ અને વિજેતા બનેલ છે. જેથી તેમનું સભ્યપદ દૂર કરવા જણાવેલ જે બાળકો હોવા જોઈએ. જ્યારે ડાભા ગ્રામ પંચાયતના વોર્ડ નંબર સાતના સભ્ય યાસીન કરીમ મલેકનો જવાબ લેવામાં આવતાં તેઓએ જણાવેલ કે સદર કરેલ અરજી ખોટી છે તેઓને માત્ર બે જ બાળકો છે પુત્રી તો અગાઉની પત્ની સાથે લઈને આવ્યા હતા અને પિતા તરીકેનું નામ લખાવેલ છે. જેની સુનાવણી રાખવામાં આવી હતી. જેના અંતે રજૂ થયેલ સાધનિક કાગળો અને રજૂઆતને કાળજીપૂર્વક ધ્યાને લેતા યાસીન કરીમ મલેક ત્રણ બાળકો ધરાવે છે અને ત્રણ બાળકોના જન્મના પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા નોંધાયેલા છે. જેથી જંબુસર તાલુકા વિકાસ અધિકારી મહેન્દ્ર કુમાર જી ચૌધરીએ ૨૪/૫/૨૨ના રોજ સદર બાબતે યાસીન કરીમ મલેકને ગ્રામપંચાયત ડાભાના વોર્ડ નંબર સાતના સભ્ય તરીકેના હોદ્દા પરથી દૂર કરવા હુકમ કરેલ છે. ડાભા ગ્રામ પંચાયતનો હુકમ થતાં જ ખોટું કરનારાઓમાં ફફડાટ ફેલાયો હતો.

ખોટી ખેડૂત ખરાઈ મેળવી ખેડૂત બન્યા હોવાની શક્યતા

માતર તાલુકામાં ૧૦૦ જેટલા ખેડૂતોને પુરાવા રજૂ કરવા મામલતદારે નોટિસ પાઠવી

નડિયાદ, તા.૧

માતર તાલુકામાં જિલ્લા બહારના ખેડૂતોએ જમીન ખરીદી ખેડૂત બની ગયા હોવાની શક્યતાના આધારે ગાંધીનગરની ટીમે માતર રજિસ્ટાર કચેરીમાં આવી તપાસ હાથ ધરતા ખળભળાટ મચી ગયો હતો. આ મુદ્દે માતર મામલતદારે સો જેટલા ખેડૂતોને નોટિસ પાઠવી તમે મૂળ ખેડૂત ક્યાંના તેવો ખુલાસો પુછ્યો છે. આ બાબતે ટૂંક સમયમાં જ માતર મામલતદાર કચેરી તરફથી ઉચ્ચ અધિકારીઓને પુરાવા સાથે તપાસ રિપોર્ટ રજૂ કરવામાં આવશે જે ખૂબ જ ચોંકાવનારો હોવાની શક્યતા સેવાઈ રહી છે કદાચ આ મામલામાં ખેડૂત ખરાઈ આપનાર ઉચ્ચ અધિકારીઓ પણ સંડોવણી બહાર આવે તેવી શક્યતાઓ હાલમાં નકારી શકાય તેમ નથી.

માતર તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી બીન ખેડૂત જમીન ખરીદી ખેડૂત બન્યા હોવાની શક્યતાના આધારે ગાંધીનગરની ટીમે તપાસ હાથ ધરી હતી. માતર મામલતદાર કચેરીમાં ગત તા. ૨૦ મેના રોજ ગાંધીનગર મહેસુલ વિભાગની ટીમે તપાસ હાથ ધરી હતી. ટીમ દ્વારા ચાર લાખથી વધુ સર્ચ ઓપરેશન કરી ૨૦૦થી વધુ દસ્તાવેજો ગાંધીનગર લઈ જવાયા હતા. જેની ૧૧ દિવસ ચકાસણી કર્યા બાદ તાલુકામાં જમીન ખરીદનાર ૧૦૦થી વધુ ખેડૂતોને નોટિસ આપી, તમે ક્યાંના મૂળ ખેડૂત ખાતેદાર છો ? તેનો જવાબ રજુ કરવા નોટિસમાં જણાવ્યું છે.

આ બાબતે માતરના મામલતદાર ભગતને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે ખેડૂતોને નોટિસ પાઠવી તેઓ મૂળ ખેડૂત કયાં ના છે તેનો ખુલાસો માગ્યો છે. આ ખુલાસા બાદ તપાસ રિપોર્ટ તૈયાર થશે તે તપાસ રિપોર્ટ ટૂંક સમયમાં જ ઉચ્ચ અધિકારીઓને સોંપવામાં આવશે.

અત્રે ખાસ નોંધનીય બાબત એ છે કે જિલ્લા બહારના ખેડૂતો માતર તાલુકામાં કોઈ જમીન ખરીદે તો સરકાર ના નવા નિયમ મુજબ પ્રાંત કચેરી માંથી ખેડૂત ખરાઈનો દાખલો રજૂ કરવો પડે જિલ્લા બહારના કેટલાક બિન ખેડૂતોએ ઘણી પ્રાંત કચેરીમાં વગના ધોરણે ખેડૂત ખરાઈના દાખલા મેળવી માતર મામલતદાર કચેરીમાં રજૂ કરી જમીન પોતાના નામે ખરીદી ખેડૂત બની ગયા હોવાની શક્યતાઓ હાલમાં સેવાઈ રહી છે. જો કે આ બાબતે હાલમાં માતર મામલતદાર કંઈ કહેવા તૈયાર નથી આ બાબતને પણ તેવો નકારી રહ્યા છે.

મોબાઈલ-ટેબલેટનો ઓર્ડર લઈ

સુરેન્દ્રનગરના વેપારી સાથે ઝારખંડના ઠગબાજની ૫.૯૨ લાખની છેતરપિંડી

સુરેન્દ્રનગર, તા.૧

સુરેન્દ્રનગર શહેરના વેપારી સાથે ઝારખંડના શખ્સે મોબાઈલના ટેબલેટના ઓર્ડરના અને ડિપોઝિટના પૈસા પરત કર્યા ન હતા. ત્યારે આ બનાવમાં વેપારીએ સુરેન્દ્રનગર સિટી બી-ડિવિઝન પોલીસ મથકે રૂા. ૫.૯૨ લાખની છેતરપિંડી કર્યાની શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. વઢવાણ ૮૦ ફૂટ રોડ ઉમિયા ટાઉનશિપ શેરી નં.૪માં રહેતા અને સુરેન્દ્રનગર ચંદ્રનિકેતન ટ્રેડીંગ કંપનીના દીપકકુમાર ડાયાલાલ ઠક્કરે બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવાયા મુજબ ઝારખંડના રણધીરકુમારે દીપકકુમાર સાથે મોબાઈલ ફોનમાં બેઝિક ફર્સ્ટ લર્નિંગ પ્રાઈવેટ લિમિટેડ કંપની વિશે વાતચીત કરી વિશ્વાસમાં લીધા હતા. મોબાઈલ ટેબલેટનો ઓર્ડર મેળવી ઓર્ડર પેટે ડિપોઝિટ પેટેના રૂા.૨૯,૫૦૦ તેમજ મોબાઈલ ટેબલેટનો ઓર્ડર પેટે રૂા.૫,૬૨,૫૦૦ એમ કુલ મળી રૂા.૫,૯૨,૦૦૦ ઓનલાઈન ટ્રાન્જેક્શન કરાવી લીધા હતા. આમ ૨૯-૬-૨૦૧૯થી આજ દિન સુધી મોબાઈલ ટેબલેટ કે મોબાઈલના ટેબલેટના ઓર્ડરના પૈસા તેમજ ડિપોઝિટ પેટે આપેલી રકમ પરત નહીં ચૂકવી દીપકકુમાર સાથે છેતરપિંડી કરી હતી. આ બનાવમાં ઝારખંડના બંધાગરી હોતાવર સદર બ્યુટી રાંચીના રણધીરકુમાર મદનપ્રસાદસિંઘ પ્રિયદર્શી સામે બી-ડિવિઝન પોલીસે ગુનો નોંધ્યો છે.

શ્રદ્ધાંજલિ આપીને સભા મુલત્વી રખાઈ

સુરત મનપાની સામાન્ય સભામાં કોર્પોરેટર જયેશ જરીવાલાને શ્રદ્ધાંજલિ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

સુરત મહાનગરપાલિકાના વોર્ડ નંબર-૨૦ના કોર્પોરેટરના જયેશ જરીવાલાના નિધન બાદ આજે પાલિકાની સામાન્ય સભા શ્રધ્ધાંજલી આપીને મુલત્વી રખાઈ હતી. પણ આ સભામાં વિપક્ષનું વર્તન ચર્ચાનો મુદ્દો બન્યું હતું. આજની સામાન્ય સભામાં શાસકપક્ષના પદાધિકારીઓ, સ્લમ અધ્યક્ષ સહિત કેટલાક નગરસેવકોએ સ્વ.જયેશ જરીવાલાને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેમના પરિવારને મદદરૂપ થવા ભાજપના કોર્પોરેટરોએ એક મહિનાનો રૂા.૧૫ હજાર પગાર આપવાનો નિર્ણય કર્યો હતો. જ્યારે ભાજપના પચ્ચીસ કોર્પોરેટરોએ કુલ રૂા.૨૫ હજાર આપવાની જાહેરાત કરી હતી. કોર્પોરેટરનું અવસાન થાય ત્યારે સામાન્ય સભામાં પક્ષાપક્ષી જોવા મળતી નથી. બંને પક્ષના પદાધિકારી, કોર્પોરેટરો શ્રદ્ધાંજલિ આપે છે. આજે પરંપરા તૂટી હતી, શાસકપક્ષના પદાધિકારીઓ અને સભ્યોએ શ્રદ્ધાંજલિ આપી હતી. જ્યારે વિપક્ષ નેતા ધર્મેશ ભંડેરીએ સભા બાદ મેયરને સંબોધીને એક પત્ર લખ્યો હતો. તેમાં મૃતક કોર્પોરેટરને શ્રદ્ધાંજલિ પાઠવી આવી રીતે ચાલુ ટર્મમાં નગરસેવક કે ચાલુ ફરજે કર્મચારી, અધિકારીનું અવસાન થાય તો તેમના પરિવારના બાળકોના અભ્યાસની જવાબદારી પાલિકાએ ઉપાડવા અંગે ગંભીરતાથી વિચાર કરવા માંગણી કરી હતી. સભામાં શ્રદ્ધાંજલિ કે સહાય નહી આપ્યા બાદ મેયરને લખાયેલો પત્રનો મુદ્દો મ્યુનિ. કેમ્પસમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

કીમ-સાયન સ્ટેશન વચ્ચે

સ્ટીલ ગર્ડરના લોકાર્પણને કારણે અનેક ટ્રેનોના વ્યવહારને અસર

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના વડોદરા-સુરત રેલવે વિભાગના કીમ અને સાયન સ્ટેશન વચ્ચે ૩૬ મીટરના સ્ટીલ ગર્ડરના લોકાર્પણને કારણે એન્જિનિયરિંગ અને પેવર બ્લોક લેવામાં આવશે. આ કારણે આજ તા.૧લી જૂનના રોજ ટ્રેનોને અસર થશે. રદ કરાયેલી ટ્રેનમાં (૦૯૦૮૨) ભરૂચ-સુરત પેસેન્જર સ્પેશિયલ ભરૂચ-સુરત અને સુરત વચ્ચે રદ રહેશે. જ્યારે રેગ્યુલેટેડ ટ્રેનોમાં (૨૨૭૧૭) રાજકોટ-સિકંદરાબાદ એક્સપ્રેસ ૨ કલાક ૨૦ મિનિટ, (૧૨૬૫૬) નવજીવન એક્સ., ૧ કલાક ૨૦ મિનિટ, (૦૯૦૭૫) મુંબઈ સેન્ટ્રલ-કાઠગોદામ સમર સ્પેશિયલ ૪૫ મિનિટ, (૧૯૦૧૫) સૌરાષ્ટ્ર એક્સપ્રેસ મુંબઈ અને સુરત વચ્ચે ૧૦ મિનિટ માટે રેગ્યુલેટ રહેશે.

આવતી જતી છોકરીઓ-મહિલાઓને બિભત્સ ઈશારા કરતો યુવક ઝડપાયો

છેડતી કરતા યુવકને છોકરીઓએ રંગેહાથ પકડી પોલીસને સોંપ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧

દાંડિયાબજાર રાજસ્થાન હોટલ પાસે રસ્તામાં ઊભા રહીને આવતી જતી છોકરીઓ અને મહિલાઓને બીભત્સ ઈશારા કરી હેરાન કરતા આરોપીને રાવપુરા પોલીસે ઝડપી પાડી ગુનો દાખલ કર્યો છે. ગઈકાલે રાવપુરા પોલીસ સ્ટેશનનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો.તે દરમિયાન કંટ્રોલરૂમ તરફથી મેસેજ મળ્યો હતો કે, દાંડિયાબજાર રાજસ્થાન હોટલ પાસે એક યુવકને છોકરીઓની છેડતી કરતા પકડયો છે. જેથી,રાવપુરા પોલીસની ટીમ ત્યાં પહોંચી ગઈ હતી. સ્થળ પર એક યુવકને મહિલાઓએ પકડી રાખ્યો હતો. એક મહિલા તથા એક યુવતીએ પોલીસને જણાવ્યું હતું કે, આરોપી આવતી જતી છોકરીઓને હાથ અને આંખથી ઈશારા કરીને હેરાન કરે છે.અને બિભત્સ ચેનચાળા કરે છે.જેથી, પોલીસ તેને પકડી રાવપુરા પોલીસ સ્ટેશન લઇ આવી હતી.પોલીસે આરોપી મિતેશ કુલીનચંદ્ર ભટ્ટ (રહે.રાધા કૃષ્ણની પોળ, રાજમહેલરોડ) ની સામે ગુનો દાખલ કર્યો હતો.

ખેડબ્રહ્માના માંડવા ખાતે યોજાયેલ નવ સંકલ્પ સંમેલનમાં કોંગ્રેસનો હુંકાર

લાલચમાં આવી પક્ષપલટો કરી પાર્ટી સાથે દગો કરનારાઓને સબક શીખવવાનો સમય આવી ગયો છે

ભાજપ સરકારે પ્રજાનું શોષણ કરવાનું જ કામ કર્યું છે : જિગ્નેશ મેવાણી

અમદાવાદ, તા.૧

ખેડબ્રહ્માના માંડવા ખાતે યોજાયેલ કોંગ્રેસના નવ સંકલ્પ સંમેલનમાં વિશાળ જનમેદનીને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષે જેમને માન સન્માન આપ્યું, મોટા નેતા બનાવ્યા, કાર્યકર્તા-આગેવાનોએ ખભે બેસાડી વિધાનસભા સુધી પહોંચાડ્યા તેવા પક્ષ સાથે દગો કરનાર લોકોએ પોતાના રાજકીય સ્વાર્થ માટે પ્રજાનું અપમાન કર્યું છે ત્યારે તેમને સબક શીખવવાનો સમય આવી ગયો છે. કોંગ્રેસ પક્ષ હંમેશા આદિવાસી સમાજના હક્ક અધિકાર માટે લડત આપતો આવ્યો છે. રાહુલ ગાંધીએ આદિવાસી સમાજની અસ્મિતાની લડાઈમાં ટેકો આપ્યો છે. આદિવાસી સમાજ તમામ ૪૦ સીટ ઉપર કોંગ્રેસ પક્ષને ભવ્ય જીત અપાવશે. લોભ-લાલચ કરનાર પક્ષપલટુઓને તાકાત હોય તો ફરી ખેડબ્રહ્માથી ચૂંટણી લડી બતાવે. આદિવાસી સમાજ અને કોંગ્રેસ પક્ષનો એક-એક કાર્યકર આગેવાની ભાજપના ઉમેદવારને કારમી હારનો સ્વાદ ચાખવો પડશે. ખેડબ્રહ્મા ખાતે યોજાયેલ ૯ સંકલ્પ સંમેલનને સંબોધન કરતાં aiccના મહામંત્રી અને પૂર્વ રાજ્યસભા સાંસદ મધુસુદન મિસ્ત્રીએ જણાવ્યું હતું કે ૧૫ વર્ષમાં ધારાસભ્ય રહેલા અશ્વિન કોટવાલે કેટલા રૂપિયા ભેગા કર્યા તેનો જવાબ જનતાને આપે ખેડબ્રહ્માના પૂર્વ ધારાસભ્ય અશ્વિન કોટવાલ પર સિનિયર આગેવાન નેતાઓના ચાર હાથ હતા દંડક અને વિધાનસભા તેમજ સંગઠનમાં મહત્વની જવાબદારી આપી તેમ છતાં માત્ર લોભ લાલચ અને રાજકીય મહેચ્છાને લીધે ભાજપમાં જોડાયા. પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે અશ્વિન કોટવાલ કહેતા હતા કે મારા ગુરૂજી અમરસીભાઈ ચૌધરી છે પરંતુ અશ્વિનભાઈએ પક્ષપલટો કરી ગુરૂનું નામ બગાડ્યું છે. ત્યારે કોંગ્રેસ અને આદિવાસી સમાજ તેમને છઠ્ઠીનું દૂધ પીવડાવશે. વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, આદિવાસી સમાજના હક્ક અધિકારની જમીન ભાજપ સરકાર આપતી નથી અને પોતાના માનીતા ઉદ્યોગપતિઓને ગૌચરની જમીન આપી દેવામાં આવે છે ૨૭ વર્ષથી શાસન કરનારી ભાજપને ઘરે બેસાડવાનો સમય આવી ગયો છે. મનરેગામાં કામ કરતા શ્રમિકોનો કોળિયો છીનવી લેવાનું કૃત્ય ભાજપ સરકારે કર્યું છે ત્યારે આ નકલી રામ ભક્તોને આવનારી વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર આપવાનું કામ આદિવાસી સમાજ અને કોંગ્રેસ પક્ષના કાર્યકરોએ આગેવાની લીધી છે.

રાજ્યમાં કોરોનાના નવા ૪૦ કેસ

અમદાવાદ, તા.૧

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૦ નવા કેસ નોંધાયા છે અને ૩૬ દર્દી સાજા થયા છે. સતત ૨૫મા દિવસે રાજ્યમાં દૈનિક મૃત્યુ આંક શૂન્ય રહ્યો છે. આજે અમદાવાદ શહેરમાં ૨૧ નવા કેસ નોંધાયા છે. વડોદરા શહેરમાં ૭, વડોદરા જિલ્લામાં ૬, અને ભરૂચ, ગાંધીનગર શહેર, મહેસાણા, પાટણ, સુરત, સુરત શહેરમાં ૧-૧ કેસ એમ રાજ્યમાં કુલ ૪૦ કેસ નોંધાયા છે. તો આજે ૨૮ જિલ્લા અને ૪ શહેરમાં કોરોનાનો એક પણ નવો કેસ નોંધાયો નથી. રાજ્યમાં કોરોનાનો રિક્વરી રેટ ૯૯.૦૯ ટકા પર સ્થિર રહ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૨ લાખ ૨૫ હજાર ૨૧૫ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, જ્યારે મૃત્યુઆંક ૧૦ હજાર ૯૪૪ પર સ્થિર છે. તેમજ અત્યાર સુધીમાં ૧૨ લાખ ૧૪ હજાર ૬૯ દર્દી ડિસ્ચાર્જ થયા છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૨૨૯ એક્ટિવ કેસ છે, શૂન્ય દર્દી વેન્ટિલેટર પર છે અને તમામ દર્દીઓની હાલત સ્થિર છે. રાજ્યમાં ૬ મે સુધી સતત ૧૫ દિવસ સુધી શૂન્ય મોત બાદ ૭ મેએ ૧૬ દિવસ બાદ એક દર્દીનું ખેડામાં મોત થયું હતું. ૫ મેએ ૨૪ દિવસ બાદ ૨૪થી વધુ કેસ ૨૫ નવા કેસ નોંધાયા હતા. અગાઉ ૧૨ એપ્રિલે ૨૪ કેસ નોંધાયા હતા.

અમદાવાદમાં ૨૦૧૭માં બનેલા રોડમાં ૪૦૦ કરોડનો ભ્રષ્ટાચાર થયો હતો અને આજદીન સુધી કોઈ મોટી કાર્યવાહી થઈ નથી : ઈસુદાન ગઢવી

આ ૪૦૦ કરોડના ભ્રષ્ટાચારથી સ્પષ્ટ થઈ ગયું છે કે ભ્રષ્ટાચારીઓ પ્રત્યે ભાજપ સરકારનું વલણ કેટલું નરમ છે કોઈને જેલમાં મોકલાયા નથી : આપ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

અમદાવાદમાં ૨૦૧૭માં ૪૦૦ કરોડના ભ્રષ્ટાચાર પર બોલતા આમઆદમી પાર્ટીના પ્રદેશ નેતા ઈસુદાન ગઢવીએ કહ્યું કે, વર્ષ ૨૦૧૭માં જુલાઈ-ઓગસ્ટ માસમાં પડેલા ભારે વરસાદને કારણે અમદાવાદ શહેરના ૭ ઝોનમાં જુદા-જુદા વિસ્તરણમાં કુલ ૪૦૦ કરોડના ખર્ચે બનાવેલા રસ્તાઓ તૂટી ગયા હતા. જે બાદ ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન થઈ હતી, ત્યારબાદ હાઈકોર્ટે જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. જે બાદ ૩૩ અધિકારીઓ સામે બેદરકારી દાખવવા બદલ ચાર્જશીટ તૈયાર કરવામાં આવી હતી. જનતાના ટેક્સના ૪૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો તે કેટલું આશ્ચર્યજનક છે, પરંતુ ભ્રષ્ટ ભાજપ સરકારે આજદીન સુધી એક પણ અધિકારીને જેલમાં મોકલ્યો નથી. આનાથી સ્પષ્ટ થાય છે કે ભાજપ સરકાર ક્યારેય ભ્રષ્ટાચાર સામે કોઈ પગલું ભરવા માંગતી નથી કારણ કે ભાજપના મોટા નેતાઓ જ આવા ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા છે. ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીએ શરૂઆત જ ભ્રષ્ટાચાર વિરૂદ્ધ જન આંદોલનથી કરી હતી. આ કારણથી આમઆદમી પાર્ટી હંમેશા ભ્રષ્ટાચારની સામે આવતી રહી છે. ઉદાહરણ તરીકે, ૨૦૧૫માં, જ્યારે એક મંત્રીએ દિલ્હીમાં ભ્રષ્ટાચાર કર્યો, ત્યારે અરવિંદ કેજરીવાલે પોતે તેની વિરુદ્ધ કાર્યવાહી કરી અને તેમને જેલમાં મોકલી દીધા. થોડા સમય પહેલા જ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને પણ ભ્રષ્ટાચારના આરોપમાં પોતાના એક મંત્રીને સસ્પેન્ડ કરીને જેલમાં મોકલી દીધા હતા. અમે જનતાના ટેક્સના પૈસાથી જનતાને ફાયદો કરાવવાનું કામ કરીએ છીએ, જ્યારે ગુજરાતની ભાજપ સરકાર જનતાના પૈસાથી રાજકારણીઓ-અધિકારીઓ અને તેમના મનપસંદ વેપારીઓને ફાયદો કરાવવાનું કામ કરે છે. આજે ફરી એકવાર આ ૪૦૦ કરોડના ભ્રષ્ટાચારથી સ્પષ્ટ થઈ ગયું છે કે ભ્રષ્ટાચારીઓ પ્રત્યે ભાજપ સરકારનું વલણ કેટલું નરમ છે. આજે ભાજપ સરકાર માટે માત્ર એક જ કાર્ય બચ્યું છે કે તે આમ આદમી પાર્ટી અને તેના કાર્યોની ટીકા કરે. કારણ કે આમ આદમી પાર્ટી ભ્રષ્ટાચારને ખતમ કરવાનું કામ કરે છે, જેના કારણે ભાજપને નુકસાન થઈ રહ્યું છે. ભાજપ નથી ઈચ્છતી કે દેશમાંથી ક્યારેય ભ્રષ્ટાચાર ખતમ થાય, એટલે જ આ ૪૦૦ કરોડના રોડ ભ્રષ્ટાચારમાં કોઈ અધિકારી સામે કડક પગલાં લેવામાં આવ્યા નથી. ખૂબ જ શરમજનક છે કે ભાજપ સરકાર જાણે છે કે કયા અધિકારીઓએ ભ્રષ્ટાચાર કર્યો છે અને કોની મિલીભગતને કારણે જનતાના ૪૦૦ કરોડ રૂપિયા ડૂબી ગયા છે. પરંતુ તમામ માહિતી હોવા છતાં કોઈપણ અધિકારીને જેલમાં મોકલવાને બદલે ભાજપ આ ભ્રષ્ટાચારીઓને બચાવવાનું કામ કરી રહી છે. એમ આપના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું.

ગરમીથી રાહત માટે અગાશીમાં સૂવા ગયેલા પરિવારના પાંચ ફોન, રોકડ અને સોનાની ચેઈનની ચોરી

ઈસનપુર પોલીસમાં નોંધાયેલી ફરિયાદ

અમદાવાદ, તા.૧

શહેરના ઈસનપુરમાં ઘરની બાલ્કનીમાં સૂતેલા એક પરિવારના પાંચ સ્માર્ટફોન, તથા ઓશિકા નીચેથી ચાવી લઈને ચોર ઘરની તિજોરીમાંથી સોનાની ચેઈન તથા રોકડ રકમ મળીને કુલ ૧.૭૪ લાખ રૂપિયાની મતા ચોરી ગયો હતો. શહેરના ઈસનપુર વિસ્તારમાં ઘોડાસર તળાવ પાસે વિનોદભાઈ જૈન તેમના માતા-પિતા, દાદી બે બહેન તથા બનેવી સાથે રહે છે અને સી.જી રોડ પરની એક ઓફિસમાં નોકરી કરે છે. ગત ૨૭મી મેના રોજ ઘરમાં ગરમી લાગતી હોવાથી પરિવાર રાત્રે સાડા અગિયાર વાગ્યે ઘરને તાળુ મારીને બાલ્કનીમાં સૂતો હતો. રાત્રે ૩ વાગ્યે વિનોદભાઈના માતાને તરસ લાગતા તેઓ પાણી પીવા જાગ્યા હતા. ઘરનું તાળું ખોલવા ચાવી માટે તેમણે ઓશિકા નીચેથી હાથ નાખતા તે મળી નહીં. ઉઠીને જોયું તો મકાનનો દરવાજો પણ ખુલ્લો હતો. ઘરમાં ચોરી થયાની શંકા થતા તેમણે પરિવારના અન્ય સભ્યોને જગાડ્યા અને અંદર જઈને જોતા તિજોરી ખુલ્લી હતી. જેમાં ઘરમાં મૂકેલા ૪૩ હજાર રોકડ તથા બીજા રૂમની તિજોરીમાંથી સોનાની ચેઈન અને બે વીંટી મળીને ૭૦ હજારની મતાની ચોરી થઈ હતી. આ બાદ વિનોદભાઈના બે બહેન તથા બનેવી અને માતા-પિતાએ તેમના ઓશિકા નીચે મૂકેલા ફોન લેવા જતા તે પણ ત્યાં નહોતા. ઘરમાંથી હાથફેરો કરનારી વ્યક્તિએ બાલ્કનીમાં સૂતેલા પરિવારના ઓશિકા નીચેથી એક-બે નહીં પાંચ-પાંચ ફોન પણ ચોરી કરી લીધા હતા. ચોરીની આ ઘટના બાદ પરિવારે અજાણ્યા ચોર સામે ઈનસપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

એક સમયની સાથી રેશમા પટેલે ભાજપમાં જોડાવાના હાર્દિકના નિર્ણયની ઝાટકણી કાઢી

આજે ભાજપમાં જોડતાં પહેલાં હાર્દિકે ગાંધીનગરમાં પાર્ટી કાર્યાલયની મુલાકાત લીધી : સૂત્રો

અમદાવાદ, તા.૧

હાર્દિક ગાંધીનગર શહેર ભાજપ કાર્યાલય ખાતે પહોંચ્યો હતો. મેયર અને શહેર પ્રમુખ સહિતના પદાધિકારીઓ સાથે કરી ચર્ચા જોડાવાના આયોજન સંદર્ભે મુલાકાત કરી હોવાનું મનાય છે એમ સૂત્રોએ જણાવ્યું હતું. કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ હાર્દિક પટેલ ભાજપમાં જોડાઈ જશે એવી ચર્ચાએ જોર પકડયું હતું. પરંતુ હવે તે આગામી ૨ જૂનના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની હાજરીમાં ભાજપમાં જોડાશે. જેમાં હાર્દિક ભાજપમાં જોડાય તે પહેલા ગાંધીનગરમાં આંટા માર્યા હતા. તેમાં હાર્દિક ગાંધીનગર શહેર ભાજપ કાર્યાલય ખાતે પહોંચ્યો હતો. તથા મેયર અને શહેર પ્રમુખ સહિતના પદાધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. તેમજ ભાજપમાં જોડાવાના આયોજન સંદર્ભે મુલાકાત હોવાનુ મનાય છે. જો કે કોંગ્રેસના પૂર્વ કાર્યકારી પ્રમુખને ભાજપમાં શહેરના હોદ્દેદારો સાથે મુલાકાત કરી આયોજન કરવુ પડે છે. તે એક ચર્ચાનો વિષય છે. તથા હાર્દિકનું ભાવિ જોખમમાં છે તેમ પણ લોક ચર્ચા થઈ છે.

તેવામાં મહેસાણા ખાતે આવેલા રેશ્મા પટેલે જણાવ્યું હતું કે, હાર્દિકના શૂરમાં છેલ્લા ૩ માસથી ભાજપ માટેની ચાહના અને પ્રીત વધી રહી હતી. એના પરથી સ્પષ્ટ થાય છે કે એ ભાજપમાં જ જોડાવાનો છે. જે કોંગ્રેસ હાર્દિકને મોટો કર્યો, માનપાન આપ્યું એટલે કે હાર્દિકે જે થાળીમાં ખાધું એજ થાળીમાં થુકીને કોંગ્રેસની બુરાઈ કરી રહ્યો હતો.

હાર્દિક પટેલ ભાજપમાં જોડાય છે તો મારૂ સ્પષ્ટ માનવું છે કે તેણે પોતાની કારકિર્દીનું બાર મરણ કર્યું છે. ભાજપમાં જોડાવવાનું એનું પગલું આત્મઘાતી પગલું સાબિત થશે. વધુમાં જણાવ્યું હતું કે, સમાજ હવે હાર્દિકની સાથે રહેશે નહીં. સમાજ સાચા મુદ્દાની સાથે હતો કોઈ વ્યક્તિની સાથે નહોતો. પરંતુ તેણે સમાજની લાગણીઓને દુભાવી છે. ૨૦૧૭માં અમે બધા તેનાં સાથીઓ હતા અને આજ હાર્દિક પટેલ સમાજ સાથે અન્યાય કર્યો છે. સમાજની માંગણીઓ આજે પણ ભાજપે પુરી કરી નથી. અમે ભાજપની પાર્ટીના અનુભવ લઈને આવ્યા છીએ.

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં અંગદાનનો સિલસિલો જારી

૫૨૦ દિવસમાં અંગદાનમાં મળેલ ૨૧૦ અંગોથી ૧૮૭ લોકોને નવજીવન

એક દર્દીના સગાની સંમતિ છતાં સર્જીકલ કારણે અંગોનું રિટ્રાઈવલ થયું નહીં

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧

સિવિલ હોસ્પિટલ અમદાવાદના તબીબોએ આદરેલા અંગદાનના સેવા યજ્ઞમાં વધુ એક પીંછુ ઉમેરાયું છે. રીટ્રાઈવલ સેન્ટરની મંજૂરી મળ્યાના ૫૨૦ દિવસમાં ૬૭ બ્રેઈનડેડ અંગદાતાઓના અંગદાનમાં મળેલા ૨૧૦ અંગોથી ૧૮૭ પીડિત જરૂરિયાતમંદોને નવજીવન મળ્યું છે. સિવિલ હોસ્પિટલની SOTTOની ટીમના ૧૦ સભ્યોની દિવસ રાત રાઉન્ડ ધ ક્લોક મહેનત અને અથાગ પરિશ્રમના પરિણામે ૨૧૦ અંગોના રીટ્રાઈવલમાં અંદાજિત ૨૦૦૦થી વધુ કલાકોની મહેનતનું આ પરિણામ છે કે આજે ૧૮૭ વ્યક્તિઓનું જીવન પીડામુક્ત કરવામાં સફળતા મળી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દર્દીને જ્યારે બ્રેઈનડેડ જાહેર કરવામાં આવે છે ત્યારે દર્દીને આઈ.સી.યુ.થી રીટ્રાઈવલ સેન્ટર સુધી લઈ જઈ અંગોને રીટ્રાઈવલ કરવાની સમગ્ર પ્રક્રિયામાં ૮થી ૧૦ કલાક જેટલો સમય લાગતો હોય છે. અંગદાતાઓ દ્વારા અંગદાનમાં મળેલા અંગોની વિગત જોઈએ તો અત્યાર સુધીમાં ૧૦૮ કિડની, ૫૭ લીવર, ૭ સ્વાદુપિંડ, ૧૪ હૃદય, ૬ હાથ અને ૯ ફેફસાંનું દાન મળ્યું છે. જેને વર્ષોથી અંગોની ખોડખાંપણથી પીડિત દર્દીઓનું જીવન બદલ્યું છે. ૬૭માં અંગદાનની વિગત જોઈએ તો મહેસાણા જિલ્લાના ૩૩ વર્ષીય મુકેશભાઈ પરમારને હેમ્રરેજ થતાં તબીબો દ્વારા બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતા. જેમના પરિવારજનોએ અંગદાન માટે સંમતિ દર્શાવતા બે કિડનીનું દાન મળ્યું છે. ૬૬માં અંગદાનમાં અમદાવાદના ખેંગારસિંહ રાઠોડને માર્ગ અકસ્માત થતાં તેઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલમા સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. અહીં સારવાર દરમિયાન બ્રેઈનડેડ થતાં તેમના પરિવારજનોએ અંગદાન માટે સંમતિ દર્શાવી પરંતુ જ્યારે તેમને રીટ્રાઈવલ માટે સેન્ટરમાં લઈ જવામાં આવ્યા તે સમયે સર્જીકલ કારણોસર અંગોનું રીટ્રાઈવલ થઈ શક્યું નહીં. ૬૫માં અંગદાનની વિગતમાં ૨૬ વર્ષના મેઘાબેનને પણ બ્રેઈન હેમરેજ થતાં પરિવારજનોની અંગદાન માટેની સંમતિ બાદ હૃદય, બંને કિડની, લીવર, અને બંને હાથનું દાન મળ્યું. જેમાં હાથને ચેન્નાઈની હોસ્પિટલ અને હૃદયને અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યું. જ્યારે કિડની અને લીવરને અમદાવાદ સિવિલ મેડિસીટીની આઈ.કે.ડી.આર.સી. હોસ્પિટલમાં દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે.

અમદાવાદમાં ડબલ મર્ડર કેસમાં ૧૨ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ધંધાની અદાવતમાં કરાયેલા હુમલામાં બે સગા ભાઈનાં મોત થયા હતા

અમદાવાદ, તા.૧

વર્ષ ૨૦૦૯માં ધંધાની અદાવતમાં રામઅવતાર પ્રજાપતિ પોતાના ચાર સાળાઓ સાથે રિક્ષામાં બેસી અમદાવાદ એરપોર્ટથી પોતાના ઘરે જતા હતા. તે વખતે ૧૩૨ ફૂટ રીંગ રોડ પર પ્રબોધ રાવળ બ્રિજના છેડા ઉપર આવતા આરોપીઓએ ફાયરિંગ કરી ડબલ મર્ડરને અંજામ આપ્યો હતો. આ હુમલામાં બે સાગા ભાઈ શ્રીકાંત પ્રજાપતિ અને મુકેશ પ્રજાપતિનું મોત થયું હતું. ત્યારે આ ગુનામાં છેલ્લા ૧૨ વર્ષથી નાસતો ફરતો આરોપી આખરે ઝડપાઈ ગયો છે. ૨૦૦૯માં એરપોર્ટ નજીક ચણા જોર ગરમના ધંધામાં

ઝઘડો થયો હતો, ૨૨ નવેમ્બર ૨૦૦૯ના રોજ ૧૩૨ ફુટ રીંગ રોડ પર ફરિયાદી રામઅવતાર પ્રજાપતિ જઈ રહ્યા હતા, ત્યારે બે અલગ-અલગ રિક્ષામાં આવી હુમલાખોરોએ રામઅવતાર ગયાપ્રસાદ પ્રજાપતિની રિક્ષાને આંતરી તેના તથા તેના સાળાઓ ઉપર જીવલેણ હુમલો કરી પિસ્તોલથી ફાયરીંગ કર્યું હતું. તેમજ લોખાંડની પાઈપ, હોકી વગેરે હથિયારો વડે માર મારી ગંભીર ઈજાઓ કરી હુમલાખોર નાસી છૂટ્યા હતા. આ બનાવમાં ઈજા પામનાર પૈકી બે સગા ભાઈઓ શ્રીકાંત પ્રજાપતિ અને મુકેશ પ્રજાપતિનું સારવાર દરમ્યાન મોત થયું હતું. પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી હતી. ગુનામાં ૧૫ આરોપીઓની સંડોવણી જણાઈ આવી હતી. જે પૈકી પાંચ આરોપીઓ પકડાઈ ગયા હતા. આ ગુનામાં વોન્ટેડ આરોપીઓ ઘણા સમયથી પોલીસને ચકમો આપી ભાગતા ફરતા હતા. દરમિયાન ડબલ મર્ડરમાં સામેલ અને વોન્ટેડ આરોપી પૈકીનો એક આરોપી ગોકુલ સીંગ ઉર્ફે ગોકુલ કુસ્વાહ રાજસ્થાન ધોલપુર જીલ્લાના છકતુકાપુરા ગામ હોવાની બાતમી મળતા પોલીસે રાજસ્થાન ખાતેથી આરોપીને ઝડપી પડ્યો હતો. આરોપી ગુનાને અંજામ આપી અમદાવાદથી પોતાના વતન જતા રહ્યો હતો. જ્યાં થોડા વર્ષ છુટક મજુરી કરી ૮ વર્ષ પછી મહેસાણા ખાતે રહેવા આવ્યો હતો. જ્યાં પણ તે 'ચણા જોર ગરમ' વેચવાનું કામ કરતો હતો. તેમજ મહેસાણાથી પોતાના ગામ અવરજવર કરતો હતો. આરોપીને સાબરમતી પોલીસ સ્ટેશનના ગુનાના કામે સોંપવા આગળની તજવીજ હાથ ધરવામાં આવી છે.

રામોલમાં લગ્ન બાદ દહેજ માટે ત્રાસ આપતા પરિણીતાએ આપઘાત કરતાં દુષ્પ્રેરણાની ફરિયાદ

અમદાવાદ, તા.૧

પાટણના પરિવારની દીકરીને અમદાવાદ ખાતે રહેતાં હાર્દિક પટેલ સાથે પ્રેમ સંબંધ હતો. જેની જાણ પરીવારને થતાં તે બંનેના લગ્ન કરાવ્યા હતા અને યુવતી તેના પતિ હાર્દિક સાથે અમદાવાદમાં રહેવા માટે આવી ગઇ હતી. આ દરમિયાન ગત ૨૭ તારીખે સવારના સમયે દીકરીના પિતા ઘરે હાજર હતા. આ સમયે જમાઈ હાર્દિકે ફોન કરી જણાવ્યુ હતુ કે, તમારી દીકરીએ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે જેથી તમે જલ્દી આવો. આ સાંભળીને દીકરીના પિતા પરીવાર સાથે અમદાવાદ આવ્યા હતા. તેમને જાણવા મળ્યું હતું કે, હાર્દિક તેની પત્ની સાથે સારો વ્યવહાર કરતો ન હતો, તારા બાપે કશું આપ્યું નથી તું હવે જઈને પૈસા અને દાગીના લઈ આવ તેમ કહીને શારીરિક માનસિક ત્રાસ આપતો હતો. હાર્દિકના અગાઉ પહેલા લગ્ન થયા હતા. પહેલી પત્નીને ત્રાસ આપતો હોવાથી તેની સાથે છૂટાછેડા પણ થઈ ગયા હતા. હાર્દિક અવાર નવાર પૈસાની માંગણી કરીને પત્નીને ત્રાસ આપતો હતો. આખરે કંટાળી દીકરીએ ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. એમ મૃતકના પિતાએ જણાવ્યું હતું. આ અંગે રામોલ પોલીસ સ્ટેશનમાં દુષ્પ્રેરણાની ફરિયાદ નોધાઇ હતી.

દરોડા પાડવા ગયેલી પોલીસ પર ફાયરિંગ, ત્રણને ઈજા

હથિયારોની બાતમીના આધારે દરોડો પાડવા ગયેલી પોલીસ ટીમ પર હુમલો

અમદાવાદ, તા.૧

સાબરકાંઠા જિલ્લાના પોશીના પંથકમાં ગેરકાયદેસર હથિયારની બાતમીના આધારે રેડ કરવા ગયેલ પોલીસ પર પથ્થરમારો કરીને ફાયરિંગની ઘટના સામે આવી છે. જેમાં ૩ જેટલા પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા છે. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, સાબરકાંઠા જિલ્લાના પોશીનાના કાલીકાંકર ગામે બાતમીના આધારે ગેરકાયદેસર હથિયારની રેડ કરવા ગયેલા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ ગામે ગયા હતા. આ સમયે દેશી બનાવટની બંદૂક વડે પોલીસ પર ફાયરિંગ કરવામાં આવ્યુ હતુ. જે બાદ ત્યાંના સ્થાનિકોના ટોળાઓ એકઠા થઈને પોલીસ પર પથ્થરમારો પણ કર્યો હતો. આ ઘટનામાં ૩ પોલીસ કર્મીઓને ગંભીર ઈજા પહોંચી છે. જ્યારે અન્ય ૪થી વધુ પોલીસ કર્મીઓ ઘાયલ થયા છે. તમામ ઘાયલોને પહેલા પોશીના ખાતે ત્યારબાદ ખેડબ્રહ્મા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે અને ફાયરિંગમાં ગંભીર રીતે ઘાયલ પોલીસને હિંમતનગરની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. કાલીકંકર ગામે બનેલી ઘટનામાં જે પાંચ પોલીસ કર્મીઓને ઈજા થઈ હતી તે પૈકી અમિતભાઈ સાવનભાઈ મોડિયા, અભિજીતસિંહ સાવંતસિંહ જેતાવતને હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. જ્યારે ચંદ્રેશકુમાર હિંમતલાલ, વાસુભાઈ ઈન્દુભાઈ ગમાર, ભરતકુમાર પરષોત્તમભાઈ ચાવડાને પોશીના આરોગ્ય કેન્દ્રમાં સારવાર અપાઈ હતી. કાલીકંકર ગામના રોફળોમાં રહેતા જેસીંગભાઈ તેજાભાઈ ગમારના ઘરમાંથી પોશીનાના પીએસઆઈ આર.જે.ચૌહાણ અને તેમની ટીમે બુધવારે ૧૦:૩૦ વાગે જઈને બંદૂક કબ્જે લીધી હતી. ત્યારબાદ કેટલાક શખ્સોએ બંદૂક ઝૂંટવી લઈ તેમાંથી ફાયરિંગ કરતાં પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું હતું. આ ઘટનાની જાણ થતા પોશીના પોલીસ, સાબરકાંઠા એલ.સી.બી, એસ.ઓ.જી, જિલ્લા પોલીસ વડા સહિતનો કાફલો કાલી કાંકર ગામે તૈનાત કરી દેવામાં આવ્યો છે. હાલ તો પોલીસ સમગ્ર મામલે તપાસનો દોર શરૂ કર્યો છે અને હુમલો કરનારાઓની અટકાયત કરવાની તજવીજ હાથ ધરી છે.

મુસેવાલા હત્યા કેસનો આરોપી લોરેન્સ બિશ્નોઈ મોરબી ડ્રગ્સ કેસમાં સામેલ હતો

અમદાવાદ, તા. ૧

કોંગ્રેસના નેતા અને પંજાબના ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યામાં સામેલ લોરેન્સ બિશ્નોઈ ગુજરાતના મોરબી ખાતેના ડ્રગ્સ કેસમાં પણ સામેલ હોવાનું જણાવવામાં આવ્યું હતું. ત્રીજી માર્ચના રોજ ફિરોઝપુરની જેલમાં બિશ્નોઈની ગેંગના સાગરિત ભરત ભૂષણ યાદવનું રહસ્યમય સંજોગોમાં મોત થયું હતું. ભૂષણ યાદવ પર આરોપ હતો કે, નવેમ્બર ૨૦૨૧માં મોરબીથી તે ૩.૫ કી.ગ્રા.ના ડ્રગ્સનો જથ્થો લઈ ગયો હતો. ગુજરાત એટીએસ દ્વારા મોરબીમાંથી ૧૨૦ કિ.ગ્રા. જેટલા ડ્રગ્સના જથ્થાને ઝડપી પાડવામાં આવ્યો હતો. દ્વારકા જિલ્લામાંથી પણ તે સમયે ૨૪ કિ.ગ્રા. જેટલું ડ્રગ્સ ઝડપાયું હતું. એટીએસના સૂત્રોએ જણાવ્યું હતું કે, તે સમયથી જ ડ્રગ્સ તસ્કર ઈશા રાવ ફરાર હોવાનું પણ જણાવવામાં આવ્યું હતું. રાવ નશીલા પદાર્થનો આ જથ્થો પાકિસ્તાનથી લાવ્યો હોવાની વિગતો ખુલી હતી. ઈશા રાવના સાગરિતો પાસેથી બિશ્નોઈ ગેંગે નશીલા પદાર્થનો આ જથ્થો મેળવ્યો હતો. જે મામલે પોલીસે અરવિંદ યાદવની ધરપકડ કરી હતી. જેણે પૂછપરછમાં ભરત ભૂષણનું નામ લીધું હતું. એટીએસના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ટ્રાન્ઝિટ વોરન્ટના આધારે ભરત ભૂષણની ધરપકડ કરવામાં આવી હતી. ભરત ભૂષણે પોલીસને જણાવ્યું હતું કે, બિશ્નોઈ ડ્રગ્સના આંતરરાષ્ટ્રીય રેકેટ સાથે જોડાયેલ છે. અને તે ગુજરાત માર્ગે ડ્રગ્સનો જથ્થો મંગાવે છે. પોલીસે જણાવ્યું હતું કે, બિશ્નોઈનો જમણો હાથ ગણાતો ગોલ્ડી બાર પણ આ તસ્કરીમાં સામેલ છે.

વટવામાં દુષ્કર્મના ઝડપાયેલા આરોપીએ અગાઉ પણ બળાત્કાર ગુજાર્યો હોવાનું તપાસમાં ખૂલ્યું

પતિ અને બાળકને મારી નાંખવાની ધમકી આપી બળાત્કાર ગુજાર્યો

અમદાવાદ, તા.૧

અમદાવાદના વટવા વિસ્તારમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાતા પોલીસે ગુનેગારની ધરપકડ કરી તપાસ કરતા ચોંકાવનારો ખુલાસો થયો છે. આ ગુનામાં પકડાયેલો આરોપી અગાઉ પણ બળાત્કારના ગુનાને અંજામ આપી ચૂક્યો હોવાનું સામે આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ શખ્સ બે મહિલાઓને પોતાની હવસનો શિકાર બનાવી હતી. આરોપીનું નામ અઝહર ઉર્ફે અમન બાબાખાન પઠાણ છે. વટવા પોલીસ સ્ટેશનમાં પરિણીતાએ આરોપી સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી, જેમાં ૨૫ નવેમ્બર ૨૦૨૧ના રોજ બપોરના સમયે મહિલા પોતાના ઘરેથી બહાર નીકળી રહી હતી, તે સમયે તેના ઘરની નજીકમાં જ રહેતા આરોપી અઝહર પઠાણે તેના પતિ અને બાળકોને મારી નાખવાની ધમકી આપી પોતાની સાથે એક રૂમમાં લઈ જઈ તેની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટનાથી હેતબાઈ ગયેલી મહિલાએ પતિને જાણ કરતા તેના પતિએ વટવા વિસ્તાર છોડી અન્ય વિસ્તારમાં રહેવાનું નક્કી કરી વટવા મૂકી દાણીલીમડા તરફ રહેવા જતા રહ્યા હતા.જો કે આરોપી દ્વારા તે બાદ પણ અવારનવાર મહિલાને મળવાનું કહી પતિ અને બાળકોને મારી નાખવાની ધમકી આપતા અંતે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની ધરપકડ કરી છે. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાતાં પોલીસે અઝહર ઉર્ફે અમન બાબાખાન પઠાણની ધરપકડ કરી છે. આરોપીની પૂછપરછ હાથ ધરતા સામે આવ્યું કે આરોપી પોતે પરિણીત છે અને આજ પ્રકારથી તેણે અગાઉ પણ વટવા વિસ્તારમાં જ એક મહિલા પર દુષ્કર્મ ગુજાર્યું હતું. જે ગુનામાં જેલવાસ પણ ભોગવી ચૂક્યો છે. ત્યારે પોલીસે આરોપીની વધુ પૂછપરછ શરૂ કરી છે. બળાત્કાર જેવા ગંભીર પ્રકારના બે ગુના આરોપી સામે નોંધાતા પોલીસે આરોપીનો ગુનાહિત ઈતિહાસ છે કે કેમ તે દિશામાં પૂછપરછ શરૂ કરી છે.

ગુજરાતના ચાર ગામોને સંઘ પ્રદેશમાં ભેળવવા કે નહીં તે અંગે ૧૧મી જૂનની બેઠકમાં નિર્ણય કરાશે

અમદાવાદ, તા.૧

ભારતના પશ્ચિમ રાજ્યોના આંતરીક અને કેન્દ્ર સાથેના પ્રશ્નો મુદ્દે ૧૧ જૂનને શનિવારે વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની બેઠક સંઘ પ્રદેશ દીવમાં મળી રહી છે.

આ બેઠકમાં ગુજરાતના વલસાડ જિલ્લાના ચાર ગામોનો કેટલોક ભાગ કેન્દ્ર શાસિત પ્રદેશમાં ભેળવવા વિસ્તારથી ચર્ચાને અવકાશ હોવાનું કહેવાય છે. એટલુ જ નહિ, આ બેઠકમાં ગુજરાત તરફથી પાડોશી રાજ્યોમાંથી આવતા દારૂ અને કાયદો- વ્યવસ્થાની જાળવણી માટે પરસ્પર સહયોગના મુદ્દા પણ ઉપસ્થિત કરાશે. ગૃહમંત્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને ગોવા, મહારાષ્ટ્ર, ગુજરાત એમ ત્રણ રાજ્યોના મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને મુખ્ય સચિવો તેમજ સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના એડમિનિસ્ટર વચ્ચે બેઠક મળશે. વલસાડના કપરાડા તાલુકાના મેઘવાલ, નગર, રાયમલ અને મધુબન એમ ચાર ગામો સંઘ પ્રદેશમાં ભેળવાવા મુદ્દે ચાલી રહેલી ચર્ચા વિધિસર માળખામાં તબદિલ થાય તો નવાઈ નહીં લાંબા સમયથી આ ચારેય ગામના નાગરીકો સ્થાનિક સ્તરે આર્થિક, સમાજીક, સરકારી સેવાકીય બાબતો માટે સંઘ પ્રદેશ પર નિર્ભર હોવાથી આ વિસ્તારને ત્યાં ભેળવવા માંગણી કરી રહ્યા છે. જો કે, મધુબન ડેમની માલિકી અને પાણી મુદ્દે વિવાદ હોવાથી તેનો નિર્ણય થઈ રહ્યો નથી. આથી, આ મુદ્દાને બેઠકમાં અધિકૃતરૂપ મળે તો નવાઈ નહીં.

મુસ્લિમ વિદ્વાનોએ અલ-અક્સા મસ્જિદની સુરક્ષા માટે કાર્યવાહીની માંગ કરી

(એજન્સી) જેરૂસલેમ, તા.૧

ઈન્ટરનેશનલ યુનિયન ઓફ મુસ્લિમ સ્કોલર્સ (IUMS)એ ઈઝરાયેલી વસાહતીઓના સંવેદનશીલ વિસ્તારમાં ઘૂસણખોરી કર્યા પછી મુસ્લિમ રાષ્ટ્રો અને તેમના નેતાઓને અલ-અક્સા મસ્જિદનો બચાવ કરવા હાકલ કરી છે. રવિવારે મોડી રાત્રે જારી કરાયેલા એક નિવેદનમાં, IUMS સેક્રેટરી જનરલ અલી અલ-કરાદગીએ જણાવ્યું હતું કે મુસ્લિમ વિદ્વાનો આ ઉશ્કેરણીજનક પ્રયાસોની સખત નિંદા કરે છે. તેમણે ઈસ્લામિક રાષ્ટ્રોના નેતાઓ અને લોકોને તેમની કિબલા (પ્રાર્થનાની પ્રથમ દિશા)નો બચાવ કરવા હાકલ કરી. યુનિયને અલ-અક્સા અને જેરુસલેમાઇટ પર કબજેદારોના હુમલાઓને સમાપ્ત કરવા માટે શક્ય તેટલું બધું કરવા માટે પણ આહ્વાન કર્યું. અલ-કરાદાગીએ વિશ્વભરના સ્વતંત્ર લોકો અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી સંગઠનોને પેલેસ્ટીની લોકોની સાથે ઊભા રહેવા અને અલ-અક્સા પરના તેમના આરબ અને ઈસ્લામિક અધિકારનો બચાવ કરવા અપીલ કરી. આશીર્વાદિત અલ-અક્સા મસ્જિદ અને અલ-હુદ્રસ અલ-શરીફમાં જે કંઈ થઈ રહ્યું છે તે અને અલ-અક્સા

મસ્જિદ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવવાના યહૂદીઓ ભયાવહ પ્રયાસોથી અમે ખૂબ જ દુઃખ અને ચિંતાની લાગણી અનુભવી રહ્યા છીએ એમ તેમણે ઉમેર્યું. આ નિવેદન ત્યારે આવ્યું જ્યારે હજારો ઈઝરાયેલી વસાહતીઓએ ૧૯૬૭માં શહેર પર ઈઝરાયેલના કબજાના સંદર્ભમાં જેરૂસલેમને એકીકરણ કરવાનો દિવસ તરીકે ઓળખવા માટે રવિવારે ફ્લેગ માર્ચ યોજી હતી. ૧૯૬૭ના આરબ-ઈઝરાયેલ યુદ્ધ દરમિયાન, ઈઝરાયેલે પૂર્વ જેરૂસલેમ પર કબજો કર્યો, જ્યાં અલ-અક્સા મસ્જિદ સંકુલ સ્થિત છે. તેણે ૧૯૮૦માં આખા શહેરનો કબજો મેળવ્યો, એક એવું પગલું કે જેને આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા ક્યારેય માન્યતા આપવામાં આવી ન હતી. ગયા વર્ષની ફ્લેગ માર્ચની આસપાસની અથડામણોને કારણે ગાઝા પટ્ટી પર ૧૧-દિવસીય ઈઝરાયેલ હુમલો થયો, જે દરમિયાન ૨૬૦થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા અને હજારો ઘાયલ થયા, જ્યારે સંઘર્ષ દરમિયાન ગાઝામાંથી પેલેસ્ટીની ફાયરિંગમાં ૧૩ ઈઝરાયેલીઓ પણ માર્યા ગયા, વર્ષોમાં સૌથી ખરાબ હિંસા ઈજિપ્તના હસ્તક્ષેપ થઈ યુદ્ધવિરામ હેઠળ અટકી ગઈ.

ઈઝરાયેલે વેસ્ટ બેંકમાં પેલેસ્ટીની મહિલાની ગોળી મારીને હત્યા કરી

(એજન્સી) તા.૧

પેલેસ્ટીનિયન આરોગ્ય મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે, આજે સવારે કબજા હેઠળના પશ્ચિમ કાંઠે ઈઝરાયેલી દળોએ ગોળીબાર કરીને એક યુવાન પેલેસ્ટીનિયન મહિલાની હત્યા કરી હતી. આ મહિલાની ઓળખ ૩૧ વર્ષીય ગોફરનવારાસનાહ તરીકે થઈ હતી, તેણીને છાતીમાં ગોળી વાગી હતી અને તેણીને ગંભીર ઈજાઓ થઈ હતી. ઈઝરાયેલી દળોએ તેણીને લોહીલુહાણ સ્થિતિમાં છોડી દીધી હતી. પેલેસ્ટીનિયન સૂત્રોએ જણાવ્યું હતું કે આ હત્યા પશ્ચિમ કાંઠે અલ-અરૂબ શરણાર્થી શિબિરના પ્રવેશદ્વાર પાસે થઈ હતી. પેલેસ્ટીનિયન રેડ ક્રેસન્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈઝરાયલી દળોએ તેણીને ગોળી માર્યા પછી લગભગ ૨૦ મિનિટ સુધી

તબીબોને વારાસનાહ નજીક આવતા અટકાવ્યા હતા. ઈઝરાયલી દળોએ એવો દાવો કર્યો હતો કે, તેણીએ છરી સાથે હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આવા આરોપ પોતાના ગુનાઓને છૂપાવવા માટે ઈઝરાયેલી દળો દ્વારા વારંવાર કરવામાં આવે છે.

EU કાઉન્સિલે સીરિયન શાસન સામેના પ્રતિબંધોને વધુ એક વર્ષ માટે લંબાવ્યા

(એજન્સી) તા.૧

યુરોપિયન યુનિયન EU કાઉન્સિલે ગઈકાલે જાહેરાત કરી હતી કે તે નાગરિક વસ્તીના દમનના પરિણામે સીરિયન શાસન સામે તેના પ્રતિબંધિત પગલાંને વધુ એક વર્ષ માટે લંબાવી રહ્યું છે. કાઉન્સિલની વેબસાઇટ પર પોસ્ટ કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પગલાં હવે ૧ જૂન, ૨૦૨૩ સુધી અમલમાં રહેશે. ૨૦૧૧માં સીરિયા વિરુદ્ધ નાગરિક વસ્તીના હિંસક દમનના જવાબમાં પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા, નિવેદનમાં જણાવાયું છે. તેમાં જણાવ્યું હતું કે કાઉન્સિલે સૂચિમાંથી ત્રણ વ્યક્તિઓને દૂર કર્યા છે. સૂચિમાં હવે સંપત્તિ ફ્રીઝ અને મુસાફરી પ્રતિબંધ બંને દ્વારા લક્ષ્યાંકિત ૨૮૯ વ્યક્તિઓ અને સંપત્તિ ફ્રીઝને આધીન ૭૦ સંસ્થાઓનો સમાવેશ થાય છે. નિવેદનમાં સીરિયન શાસન અને યુદ્ધ અર્થતંત્ર સાથેના તેમના સંબંધોથી લાભ મેળવતી કંપનીઓ અને અગ્રણી વ્યવસાયિક લોકોને લક્ષ્યાંકિત કરવા તરફ પણ ધ્યાન દોર્યું છે. સીરિયા પ્રતિબંધો માનવતાવાદી સહાયના પુરવઠામાં વિક્ષેપ ન આવે તે માટે રચાયેલ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે પ્રતિબંધિત પગલાંમાં તેલની આયાત પરના નિયંત્રણો, ચોક્કસ રોકાણો પરના નિયંત્રણો, અસ્કયામતો પરના નિયંત્રણો અને આંતરિક દમન માટે ઉપયોગમાં લઈ શકાય તેવા ઉપકરણો અને તકનીક પર નિકાસ પ્રતિબંધોનો સમાવેશ થાય છે. પ્રતિબંધમાં "ઇન્ટરનેટ અથવા ટેલિફોન સંચારની દેખરેખ અથવા અટકાવવા માટેના સાધનો અને તકનીક"નો પણ સમાવેશ થાય છે. જો કે, તેણે ઉમેર્યું કે ખોરાક, દવાઓ અથવા તબીબી સાધનોની નિકાસ EU પ્રતિબંધોને આધિન નથી અને માનવતાવાદી હેતુઓ માટે સંખ્યાબંધ ચોક્કસ અપવાદો છે. તેના નિવેદનને સમાપ્ત કરતા, તેણે કહ્યું: યુરોપિયન યુનિયન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવ ૨૨૫૪ અને ૨૦૧૨ જીનીવા પ્રારંભના આધારે સીરિયામાં સંઘર્ષનો સ્થાયી અને વિશ્વસનીય રાજકીય ઉકેલ શોધવા માટે પ્રતિબદ્ધ છે.

IMF ભંડોળ ન આપે ત્યાં સુધી સઉદી અરેબિયા અને UAEએ પાકિસ્તાનની અર્થવ્યવસ્થાને સહાયતા આપવાનો ઈન્કાર કર્યો

(એજન્સી) તા.૧

સઉદી અરેબિયા અને યુનાઈટેડ આરબ અમીરાતે જ્યાં સુધી પાકિસ્તાનને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ) પાસેથી પ્રથમ ભંડોળ આપવામાં ન આવે ત્યાં સુધી પોતાનું નાણા ધિરાણ આપવાનો ઈન્કાર કર્યો છે. સૌથી ખરાબ આર્થિક સંકટ વચ્ચેથી પસાર થઈ રહેલું દક્ષિણ એશિયાઈ રાષ્ટ્ર પાકિસ્તાન આ દેશોની મદદ માટે વિનંતી કરી રહ્યું સાથે છે. એપ્રિલમાં ભૂતપૂર્વ પાકિસ્તાની વડાપ્રધાન, ઈમરાનખાનની હકાલપટ્ટી અને ત્યારપછીના આ પદ પર શેહબાઝ શરીફની નિમણૂક પછી, નવા વડાપ્રધાન અને અધિકારીઓએ દેશના સંબંધો સુધારવા અને તેને પુનઃસ્થાપિત કરવા માટે સઉદી અરેબિયા અને UAEની મુલાકાત લીધી હતી. જો કે, આ વાટાઘાટો પાકિસ્તાનનાં ગલ્ફ સાથીઓ પાસેથી ભંડોળ મેળવવા માટેના પ્રયાસો હતા. શનિવારે પાકિસ્તાનના નાણા મંત્રી

મિફ્તાહ ઈસ્માઈલે કહ્યું હતું કે, અમે સઉદી અરેબિયા અને દુબઈ ગયા હતા અને અન્ય દેશો સાથે પણ વાત કરી છે, તેઓ નાણાં આપવા માટે તૈયાર છે, પરંતુ તે બધા કહે છે કે અમારે પહેલા IMF પાસે મદદ લેવા જવાની જરૂર છે. ગલ્ફના દેશોએ નાણાં આપવાનો ઇનકાર એવા સમયે કર્યો છે જ્યારે પાકિસ્તાન હાલમાં દાયકાઓમાં તેની સૌથી ખરાબ આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે, છેલ્લા મહિનામાં પાકિસ્તાની રૂપિયામાં લગભગ ૮ ટકાનો ઘટાડો થયો છે અને દેશની વિદેશી હૂંડિયામણ અનામત એક વર્ષથી પણ ઓછા સમયમાં અડધી થઈ ગઈ છે. બ્લૂમબર્ગના અહેવાલ અનુસાર પાકિસ્તાન એશિયામાં સૌથી ખરાબ આર્થિક પ્રદર્શન કરનાર દેશ બની ગયું છે. પાકિસ્તાનને ૨૦૧૮માં પણ આવા સમાન સંકટનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તે પછી પણ રિયાધ અને અબુધાબીએ તેને પ્રથમ IMF પાસે જવાની શરત વિના નવું ભંડોળ પૂરું પાડ્યું હતું. હવે, તેઓ પાકિસ્તાનની અર્થવ્યવસ્થાને તેમના સમર્થનના સંદર્ભમાં વધુ સાવધાનીપૂર્વક કામ કરી રહ્યા છે. ઈસ્લામાબાદને હાલમાં આર્થિક પતનથી બચવા માટે $૩૬ બિલિયનની તાત્કાલિક જરૂર છે. તેના પડોશી દેશ ચીને પણ આ જ શરત મૂકી છે, ઈસ્માઈલે જણાવ્યું હતું કે, ચીનની એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્કે પાકિસ્તાનને કહ્યું છે કે પ્રથમ વિશ્વ બેંક પાકિસ્તાનને સહાય આપે પછી જ તે ભંડોળ પૂરું પાડશે. બેઇજિંગે ઈસ્લામાબાદને ફરીથી સહાય મોકલવાનું વચન પણ પૂર્ણ કર્યું નથી.

ઈરાનની ધમકીથી ડરીને ઈઝરાયેલે તુર્કીની મુસાફરી કરવા અંગે ચેતવણી આપી

(એજન્સી) જેરૂસલેમ, તા.૧

ટોચના રિવોલ્યુશનરી ગાર્ડના કર્નલની હત્યા બાદ ઈરાનની ધમકીઓને કારણે ઈઝરાયેલે તેના નાગરિકોને તુર્કીની મુસાફરી સામે ચેતવણી આપી છે જેના માટે તેહરાને ઈઝરાયેલને જવાબદાર ઠેરવ્યું છે. કર્નલ સૈયદ ખોદાઈને એક અઠવાડિયા પહેલા રાજધાનીના પૂર્વમાં બે મોટરસાયકલ સવારોએ ગોળી મારીને હત્યા કરી હતી. ઈરાની સમાચાર સાઈટ્સે જણાવ્યું હતું કે રિવોલ્યુશનરી ગાર્ડ્સે હત્યા પછી તરત જ ઈઝરાયેલી ગુપ્તચર નેટવર્કના સભ્યોની ધરપકડ કરી હતી. ઈઝરાયેલના રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સમકક્ષ ટેરરિઝમ બ્યુરોએ જણાવ્યું હતું કે ઈઝરાયેલના નાગરિકો માટે જોખમ વધી ગયું છે અને તુર્કી આ સમયે ઈઝરાયેલ માટે ઉચ્ચ સ્તરનું જોખમ ધરાવતો દેશ છે, "બ્યુરોએ વડા પ્રધાન નફતાલી બેનેટના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં લખ્યું છે. ચેતવણી તુર્કીમાં ઈઝરાયેલીઓ અને ઈરાન સાથે સરહદ ધરાવતા દેશો માટેના વાસ્તવિક ખતરાથી ઉદ્ભવે છે. ઈઝરાયેલે ખોદાઇ પર વિશ્વભરમાં તેના નાગરિકો સામે હુમલાનું કાવતરૂં ઘડવાનો આરોપ મૂક્યો છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, ઈઝરાયેલે યુએસ અધિકારીઓને જાણ કરી હતી કે

ખોદાઈની હત્યાનો અર્થ ઈરાનને એકમ ૮૪૦ની પ્રવૃત્તિનો અંત લાવવાના સંદેશ તરીકે હતો, જે ઈરાનની બહારના લક્ષ્યો પર હુમલાઓ કરવા માટે IRGCની અંદર એક ચુનંદા એકમ છે. ઈરાને ક્યારેય યુનિટ ૮૪૦ના અસ્તિત્વને સ્વીકાર્યું નથી જેમાં ખોદાઈ તેના ડેપ્યુટી કમાન્ડર હતા.ઈરાને ખોદાઈની હત્યાનો બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી છે.

પ્રથમ વ્યાવસાયિક સના-કૈરો ફ્લાઈટ ૬ વર્ષના અંતરાલ પછી ઉપડશે

(એજન્સી) સના, તા.૧

યમનમાં હૌથી નાગરિક લશ્કરી દળોએ પુષ્ટિ કરી છે કે સના અને કૈરો વચ્ચેની પ્રથમ વ્યાવસાયિક ફ્લાઇટ છ વર્ષના અંતરાલ પછી બુધવારે ઉપડશે. યમન માટે યુએનના વિશેષ દૂત હંસ ગ્રુન્ડબર્ગના કાર્યાલયે સનામાં (હૌથી-નિયંત્રિત) પરિવહન મંત્રાલયને લખેલા પત્રમાં પુષ્ટિ કરી છે કે સનાથી કૈરોની વર્ષોમાં પ્રથમ પેસેન્જર ફ્લાઇટ, તેમજ પરત ફ્લાઇટ, ૧લી જૂનથી નિર્ધારિત છે. અહેવાલમાં હૌથી સંચાલિત અલ-મસિરાહ ટીવીને ટાંકીને જણાવ્યું હતું. યુદ્ધગ્રસ્ત દેશની છ વર્ષમાં પ્રથમ વાણિજ્યિક ફ્લાઇટ ૧૬ મેના રોજ, હૌથી-આધિકૃત યમનની રાજધાની સનાથી અમ્માન, જોર્ડન માટે ઉડાન ભરી હતી, જે દેશમાં ચાલી રહેલા યુએન-સંઘર્ષ વિરામમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે.૯ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ, સઉદીની આગેવાની હેઠળના ગઠબંધને યમનની હવાઈક્ષેત્રો પર પ્રતિબંધો લાદ્યા, પરિણામે સના એરપોર્ટ બંધ કરવામાં આવ્યું. ત્યારપછી, માત્ર કેટલીક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના વિમાનોને સના હવાઈમથકમાં પ્રવેશવાની મંજૂરી

આપવામાં આવી હતી, જે આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે દેશનું સૌથી મોટું હબ હતું. સંયુક્ત રાષ્ટ્રના નેજા હેઠળ, યમનના લડતા પક્ષોએ ૨ એપ્રિલના રોજ બે મહિનાના યુદ્ધ વિરામમાં પ્રવેશ કર્યો, જેમાં સનાથી વાણિજ્યિક ફ્લાઇટ્સ અને ઈંધણના જહાજોને હૌથી-અધિકૃત હોદેદાહ બંદરમાં પ્રવેશવાની મંજૂરી અને સરકાર હસ્તકના તાઈઝ શહેરનો ઘેરો હટાવવાનો સામેલ છે. યુએનના જણાવ્યા અનુસાર, યુદ્ધવિરામની શરૂઆતથી અત્યાર સુધીમાં ૩૪૦,૦૦૦ ટન ઈંધણ વહન કરતા કુલ ૧૨ બળતણ જહાજોને યમન સરકાર દ્વારા હોદેદાહ બંદરમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી છે. લડતા પક્ષોએ મોટાભાગે યુદ્ધવિરામ રાખ્યો છે, પરંતુ તેઓ હજી તાઈઝ શહેરનો ઘેરો હટાવવા અંગે અંતિમ સમજૂતી પર પહોંચી શક્યા નથી. હજારો લોકોને મોતના મુખમાં અને દેશને ભૂખમરાની અણી પર ધકેલી દેનાર યુદ્ધને સમાપ્ત કરવા માટે યુદ્ધવિરામ વર્ષોમાં પ્રથમ સફળતા દર્શાવે છે. ૨૦૧૪ના અંતથી યમન ગૃહયુદ્ધમાં ફસાઈ ગયું છે જ્યારે ઈરાન સમર્થિત હૌથી નાગરિક લશ્કરી દળોએ ઘણા ઉત્તરીય પ્રાંતો પર નિયંત્રણ મેળવ્યું હતું અને સનામાંથી સઉદી સમર્થિત સરકારને હાંકી કાઢી હતી.

ઈઝરાયેલે UAE સાથે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા

(એજન્સી) જેરૂસલેમ, તા.૧

ઈઝરાયેલે મંગળવારે સંયુક્ત આરબ અમીરાત સાથે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા, રોઈટર્સના અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે. અહેવાલ મુજબ, ઈઝરાયેલે આરબ રાજ્ય સાથે પ્રથમ હસ્તાક્ષર કરેલ કરારનો ઉદ્દેશ્ય તેના વાર્ષિક દ્વિપક્ષીય વેપારને ૧૦ બિલિયન ડોલરથી વધુ વધારવાનો છે. દ્વિપક્ષીય કરાર પર દુબઈમાં અર્થતંત્ર અને ઉદ્યોગ મંત્રી ઓર્ના બાર્બીવાઈ અને તેમના સમકક્ષ, યુએઈના અર્થતંત્ર મંત્રી અબ્દુલ્લા બિન તોક અલ મરરી દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, એમ અહેવાલમાં જણાવાયું છે. ઈઝરાયેલના વડાપ્રધાન નફ્તાલી બેનેટે એક ટ્વીટમાં જણાવ્યું હતું કે, સામાન્ય રીતે દેશો વચ્ચે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરવામાં ઘણા વર્ષો લાગે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું

છે કે રાષ્ટ્રો વચ્ચે વેપાર થતા ૯૬ ટકા માલ પર ડ્યૂટી દૂર કરવામાં આવશે અથવા ઘટાડવામાં આવશે. UAEએ આગાહી કરી હતી કે વ્યાપક આર્થિક ભાગીદારી કરાર પાંચ વર્ષમાં વાર્ષિક દ્વિપક્ષીય વેપારને ૧૦ બિલિયન ડોલરથી વધુ વધારશે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે
ગુરૂવાર ૨ જૂન ૨૦૨૨
૧ ઝિલકદ હિજરી ૧૪૪૩
જેઠ સુદ ત્રીજ સંવત ૨૦૭૮

સિદ્ધુ મૂસેવાલાની હત્યા : પંજાબ જેવા સંવેદનશીલ રાજ્યોમાં નિર્ણયો બહુ વિચારીને લેવા પડે

પંજાબી સિંગર અને કોંગ્રેસના નેતા શુભદીપ સિંહ સિદ્ધુ ઉર્ફે સિદ્ધુ મૂસેવાલાની હત્યાએ 'આપ'ની રાજ્ય સરકાર પર સવાલો ઊભા થયા છે. આ ઘટના કાયદો અને વ્યવસ્થાની ખરાબ સ્થિતિ જણાવી રહી છે. પંજાબ સરકારના તાજેતરના નિર્ણય પર એક મોટો પ્રશ્ન ઊભો થયો છે. જેમાં સરકારે એક ઝાટકે જ ૪૦૦ વધુ મહત્ત્વની વ્યક્તિઓની સુરક્ષા પાછી ખેંચી લીધી છે. આ ઘટના એટલા માટે પણ ગંભીર છે કે તેની કડીઓ કેનેડા અને આર્મેનિયામાં બેઠેલા ગુનેગારો સાથે જોડાયેલી છે. એવું લાગે છે કે પંજાબ ગેંગ વોરની ચુંગાલમાં ફસાઈ ગયું છે અને તેમાં સંડોવાયેલા ગુનેગારો અન્ય દેશોમાં બેસીને આવા નરસંહારને અંજામ આપી રહ્યા છે. ગેંગસ્ટર લોરેન્સ વિશ્નોઈ અને તેના સાથી ગોલ્ડી બ્રારે સિદ્ધુ મુસેવાલાની હત્યાની જવાબદારી સ્વીકારી છે.

કર્જદાર આ રકમ ચુકવવામાં નિષ્ફળ જવાથી સામાન્ય જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) - રૂલ્સ - 2002 સૂચિત કાયદો નિયમ 8 સાથે વાંચતા તેની કલમ 13 ની પેટા - કલમ (4) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **સાંકેતિક કબ્જો** તારીખ **30.05.2022** ના રોજ લેવામાં આવ્યો છે.
ખાસ કરીને કર્જદાર અને જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે કથિત મિલકતના સોદામાં પડવું નહી અને જો તે મિલકતને લગતા કોઈ પણ સોદા કરવામાં આવશે તો **રૂ.3,75,70,566.02 (રૂપિયા ત્રણ કરોડ પંચોતેર લાખ સિત્તેર હજાર પાંચસો છાસઠ અને બે પૈસા માત્ર)** 29.05.2021 ની તારીખથી અને તેના ઉપર ચડત વ્યાજ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના હકને આધીન રહેશે.
સુરક્ષીત અસ્કયામતોને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈ મુજબ ઉધાર લેનાર નું ધ્યાન દોરવામાં (આમંત્રિત) કરવામાં આવે છે.
સ્થાવર મિલકતનું વર્ણન
ગુજરાત, પિન-380007, અમદાવાદ- 4 (પાલડી) ના પેટા જિલ્લા અને અમદાવાદના નોંદણી જિલ્લા માં મૌજે પાલડી તાલુકા શહેરના ટીપીએસ નં.6 (સર્વે નં.129+130+221 પૈકી) ના પટાનું જમીન બેરિંગ અંતિમ પ્લોટ નં.249, 281 થી 286 પર સ્થિત, પેટા પ્લોટ/ટેનામેન્ટ નં.28/બી માપિત 657.17 ચો. મીટર્સ પૂર્વીય બાજુએ પર સૌરાષ્ટ્ર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ. (નોંધણી નં. બી-172 ડીટી 05.04.93) નું બાંધકામ અને પશ્ચિમ બાજુએ સંપત્તિ બેરિંગ પેટા પ્લોટ નં.28/ એ માપિત 370.39 ચો. મીટર્સ ના તમામ હક્ક, શીર્ષક અને રુચિ અને નીચે મુજબ બંધાયેલ:
પૂર્વ - પ્લોટ નં-29 પશ્ચિમ - સોસાયટી રોડ 9 મીટર
ઉત્તર - પ્લોટ નં-27 દક્ષિણ - સોસાયટી રોડ 12 મીટર
સહી/-
તારીખ : 30.05.2022 અધિકૃત અધિકારી
સ્થળ : અમદાવાદ ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

પરિશિષ્ટ IV
જુઓ નિયમ 8(1)
કબજા નોટિસ
(સ્થાવર મિલકત માટે)
જે અંતર્ગત,
નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશનુ ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એકટ 2002 હેઠળ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના (CIN: L65922DL2005PLC136029)** અધિકૃત અધિકારી છે અને કલમ 13(12) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં **31.01.2022** ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં ખરીદદારો **દેવ શિવદાનભાઈ સોધા અને દિપ્તી દેવદાનભાઈ સોધાતર** ને નોટિસમાં જણાવેલી લોન ખાતું નં. **HHERAJ00236089** સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર હકીકતમાં ચુકવણી થાય ત્યાં સુધી **18.01.2022** થી વ્યાજ દરે **રૂ. 5,54,501.57 (રૂપિયા પાંચ લાખ ચોપન હજાર પાંચસો એક અને સત્તાવન પૈસા માત્ર)** ની સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ વ્યાજે ચુકવણીની તારીખ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવેલ છે.
કર્જદાર આ રકમ ચુકવવામાં નિષ્ફળ જવાથી સામાન્ય જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) - રૂલ્સ - 2002 સૂચિત કાયદો નિયમ 8 સાથે વાંચતા તેની કલમ 13 ની પેટા - કલમ (4) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **સાંકેતિક કબ્જો** તારીખ **28.05.2022** ના રોજ લેવામાં આવ્યો છે.
ખાસ કરીને કર્જદાર અને જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે કથિત મિલકતના સોદામાં પડવું નહી અને જો તે મિલકતને લગતા કોઈ પણ સોદા કરવામાં આવશે તો **રૂ.5,54,501.57 (રૂપિયા પાંચ લાખ ચોપન હજાર પાંચસો એક અને સત્તાવન પૈસા માત્ર)** 18.01.2022 ની તારીખથી અને તેના ઉપર ચડત વ્યાજ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના હકને આધીન રહેશે.
સુરક્ષીત અસ્કયામતોને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈ મુજબ ઉધાર લેનાર નું ધ્યાન દોરવામાં (આમંત્રિત) કરવામાં આવે છે.
સ્થાવર મિલકતનું વર્ણન
ફ્લેટ નં. 302, ત્રીજો માળ, વિંગ-સી, સિદ્ધિ-5, એફ. સી. આઈ. સામે., ગોડાઉન જામનગર રોડ, ઘંટેશ્વર નજીક, રાજકોટ-360001, ગુજરાત.
સહી/-
તારીખ : 28.05.2022 અધિકૃત અધિકારી
સ્થળ : રાજકોટ ઇન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

પરિશિષ્ટ IV
જુઓ નિયમ 8(1)
કબજા નોટિસ
(સ્થાવર મિલકત માટે)
જે અંતર્ગત,
નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશનુ ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એકટ 2002 હેઠળ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ** ના અધિકૃત અધિકારી છે અને કલમ 13(12) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 9 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં **07.12.2021** ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં ખરીદદારો **પ્રવિણભાઈ વલ્લભભાઈ ઢોલરિયા પ્રોપ્રાઈટર વંદના સેલ્સ એજન્સી અને મમતા પ્રવિણભાઈ ઢોલરિયા ઉર્ફે મમતા પ્રવિણ ઢોલરિયા** ને નોટિસમાં જણાવેલી લોન ખાતું નં. **V446OXXVII (અગાઉ આઇએચએફએલ લોન ખાતું નં. HLAPSUR00300208)** સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર હકીકતમાં ચુકવણી થાય ત્યાં સુધી **16.11.2021** થી વ્યાજ દરે **રૂ. 84,59,196.38 (રૂપિયા ચોર્યાસી લાખ ઓગણસાઇઠ હજાર એકસો છન્નુ અને આડત્રીસ પૈસા માત્ર)** ની સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ વ્યાજે ચુકવણીની તારીખ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવેલ છે. વધુમાં **આઇએચએફએલ, એ ઇન્ડિયાબુલ્સ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ**ની તરફેણમાં તેના તમામ અધિકારો, શીર્ષક અને વ્યાજ **ઇન્ડિયાબુલ્સ એઆરસી-XXVII, ટ્રસ્ટ** ના **ટ્રસ્ટી** તરીકે તારીખ **23.03.2022** ના અસાઇનમેન્ટ કરાર દ્વારા સોંપવામાં આવ્યા છે,
કર્જદાર આ રકમ ચુકવવામાં નિષ્ફળ જવાથી સામાન્ય જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) - રૂલ્સ - 2002 સૂચિત કાયદો નિયમ 8 સાથે વાંચતા તેની કલમ 13 ની પેટા - કલમ (4) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **સાંકેતિક કબ્જો** તારીખ **28.05.2022** ના રોજ લેવામાં આવ્યો છે.
ખાસ કરીને કર્જદાર અને જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે કથિત મિલકતના સોદામાં પડવું નહી અને જો તે મિલકતને લગતા કોઈ પણ સોદા કરવામાં આવશે તો **રૂ. 84,59,196.38 (રૂપિયા ચોર્યાસી લાખ ઓગણસાઇઠ હજાર એકસો છન્નુ અને આડત્રીસ પૈસા માત્ર)** 16.11.2021 ની તારીખથી અને તેના ઉપર ચડત વ્યાજ **ઇન્ડિયાબુલ્સ એસેટ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ** ના હકને આધીન રહેશે.
સુરક્ષીત અસ્કયામતોને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈ મુજબ ઉધાર લેનાર નું ધ્યાન દોરવામાં (આમંત્રિત) કરવામાં આવે છે.
સ્થાવર મિલકતનું વર્ણન
લક્ષ્મી કાંત આશ્રમ રોડ, રાશી સર્કલ નજીક, આકાશ ગંગા સોસાયટીની સામે, જિલ્લા:સુરત, પેટા જિલ્લા: શહેર, ગામ : કતારગામ ના અંતિમ પ્લોટ નં.-60, ટી.પી.યોજના નં.:19(કતારગામ), જમીન બેરિંગ સર્વે/બ્લોક નં. 247/2/પૈકી 1 માપિત લગભગ 9207.00 ચો.મીટર્સ ના ઉત્તરિય હિસ્સા પર સ્થિત,"ચિત્રકુટ સોસાયટી, વિભાગ-2" ની નીચેની જમીનમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સો સાથે, પ્લોટ નં.-41, માપિત લગભગ 29*35 સમાન 112.77 ચો. યાર્ડસ સમાન 94.28 ચો.મીટર્સ, કતારગામ, સુરત, ગુજરાત-395004, સીમાઓ સમીત છે.
પૂર્વ - સંલગ્ન સોસાયટી રોડ પશ્ચિમ - પ્લોટ નં-50
ઉત્તર - તિરુમાલા સોસાયટી દક્ષિણ - પ્લોટ નં-52
સહી/-
અધિકૃત અધિકારી
તારીખ :28.05.2022 ઈન્ડિયાબુલ્સ એસેટ્સ રિકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ
સ્થળ : સુરત ઇન્ડિયાબુલ્સ એઆરસી-XXVII, વતી ટ્રસ્ટી

જ્ઞાનવાપી સર્વેક્ષણ રિપોર્ટના ફૂટેજ અદાલતે અરજદારોને આપ્યાના થોડા સમયમાં જ 'લીક' થઈ ગયા હતા : અહેવાલ

(એજન્સી) તા.૧

ઉત્તર પ્રદેશના વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ સંકુલના કોર્ટ દ્વારા આદેશીત સર્વેક્ષણમાંથી વિડિઓ ફૂટેજ અને ચિત્રો સોમવારે, ૩૧ મેના રોજ લીક થયા હોવાના અહેવાલ છે; અને તે એ જ દિવસે લીકેજ થયા હતા જ્યારે આ વિવાદમાં સામેલ પક્ષકારોને તે આપવામાં આવ્યા હતા. હિંદુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, સર્વેની તસવીરો અને ફૂટેજ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સામે આવ્યા હતા અને સોમવારે અમુક ટીવી ચેનલો પર પણ પ્રસારિત કરવામાં આવ્યા હતા. આ પહેલા સોમવારે, વારાણસી ડિસ્ટ્રિક્ટ કોર્ટે કેસની સુનાવણી કરતા, આ કેસમાં પાંચ અરજદારો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના આધારે સર્વેના તારણો કેસમાં પક્ષકારો સાથે તેને શેર કરવાની મંજૂરી આપતો આદેશ પસાર કર્યો હતો. આ સર્વેની તસવીરો અને ફૂટેજ ૧૯ મેના રોજ કોર્ટમાં સબમિટ કરવામાં આવ્યા હતા. પાંચ હિંદુ મહિલા અરજદારોએ સર્વેના તારણોની માંગણી કરી હતી, ત્યારે જ્ઞાનવાપી મસ્જિદ સંકુલની દેખરેખ રાખતી અંજુમન ઈન્તેઝામિયા મસ્જિદ સમિતિએ તારણોને સાર્વજનિક કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો. પક્ષકારોને તારણો આપવા માટે પરવાનગી આપતો આદેશ પસાર કરતી વખતે, કોર્ટે અસ્વીકરણ ઉમેર્યું હતું કે આ ફૂટેજ ફક્ત એટલા માટે પ્રદાન કરવામાં આવી રહ્યું હતું કે બંને પક્ષો આ સર્વે કમિશનરના અહેવાલ પર કોઈ વાંધો ઉઠાવવા માટે તે જોઈ શકે. અદાલતે સ્પષ્ટતા કરી હતી કે પક્ષકારો સાથે શેર કરવામાં આવેલ કોઈપણ ચિત્રો અથવા ફૂટેજ જાહેર જનતા માટે ઉપલબ્ધ કરાવવાના નથી અથવા કોર્ટની પરવાનગી વિના તેનો કોઈપણ અનધિકૃત ઉપયોગ કરવો જોઈએ નહીં. આ આદેશ આવ્યા પછી, સર્વેક્ષણના તારણો સીલબંધ પેકેટોમાં બંધ કોમ્પેક્ટ ડિસ્ક (સીડી) પાંચમાંથી ચાર અરજદારોને પ્રદાન કરવામાં આવ્યા હતા. સીડીઓ તેમને સોંપવામાં આવે તે પહેલાં, કોર્ટે અહેવાલ મુજબ અરજદારોને લેખિત બાંયધરી સબમિટ કરવા જણાવ્યું હતું કે તેઓ ફૂટેજનો દુરુપયોગ કરશે નહીં અથવા તેને જાહેર કરશે નહીં. અરજદારો પૈકી એકના વકીલ સુભાષનંદન ચતુર્વેદીના જણાવ્યા મુજબ, પ્રશ્નમાં રહેલા ચાર

અરજદારો - મંજુ વ્યાસ, લક્ષ્મી દેવી, સીતાસાહુ અને રેખા પાઠક -એ આ કર્યું હતું અને સીલબંધ પેકેટો મેળવ્યા હતા. સર્વેક્ષણના તારણો સોંપવામાં આવ્યા પછી, આ ફૂટેજ અને ચિત્રો સોશિયલ મીડિયા પર ફરવા લાગ્યા હતા અને હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ કેટલીક ટીવી ચેનલો દ્વારા પ્રસારિત પણ કરવામાં આવ્યા હતા. મસ્જિદ સમિતિનું પ્રતિનિધિત્વ કરતા વકીલ અભયનાથ યાદવે આરોપ મૂક્યો હતો કે અરજદારોમાંના એકે આ તારણો લીક કર્યા હતા, અને તેને "ષડયંત્ર" અને "લોકોને ભ્રમિત કરવાનો" પ્રયાસ ગણાવ્યો હતો. અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા વકીલોએ દાવો કર્યો હતો કે તેમના ચારેય પેકેટ હજુ પણ સીલ છે. એક અરજદારનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ વિષ્ણુ જૈને કહ્યું કે તેઓ સીલબંધ પેકેટ કોર્ટને સોંપવા તૈયાર છે. ૨૦ મેના રોજ આ મામલાની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે આ કેસમાં સર્વેક્ષણના તારણોને લગતા અગાઉના લીક્સ અંગે નરમ વલણ અપનાવ્યું હતું. વારાણસીની સિવિલ કોર્ટમાં સર્વેક્ષણના તારણો ઉપલબ્ધ થયાના થોડા સમય પછી, તે સમયે કેસની સુનાવણી, ૧૯ મેના રોજ, સર્વેક્ષણ દરમિયાન એક 'શિવલિંગ' મળી આવ્યું હોવાની વિગતો મીડિયામાં લીક થઈ ગઈ હતી. આ માહિતી લીક થવાને કારણે સર્વેના ઈન્ચાર્જ તત્કાલિન એડવોકેટ કમિશનર અજય કુમાર મિશ્રાને પણ બરતરફ કરવામાં આવ્યા હતા. જસ્ટિસ ચંદ્રચુડે કહ્યું હતું કે, આપણે કોઈ બાબત લિક ન કરવી જોઈએ. તે કોર્ટમાં જમા કરાવવી જોઈએ. પ્રેસમાં લીક કરશો નહીં. તમારે ન્યાયાધીશ સમક્ષ હાજર થવું જોઈએ. ૨૦ મેની સુનાવણી દરમિયાન, સર્વોચ્ચ અદાલતે અન્ય ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લીધા હતા; તેણે કેસને સિવિલ કોર્ટમાંથી વારાણસી ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં સ્થાનાંતરિત કર્યો હતો, અને કહ્યું કે વરિષ્ઠ અને અનુભવી ન્યાયિક અધિકારી તેની જટિલતા અને સંવેદનશીલતાને કારણે કેસની સુનાવણી કરે છે; અને કહ્યું હતું કે વારાણસી જિલ્લા ન્યાયાધીશ સિવિલ પ્રોસિજર કોડ (CPC) ઓર્ડર ૭ નિયમ ૧૧ હેઠળ બરતરફી માટેની મસ્જિદ સમિતિની અરજીનો નિર્ણય કરવામાં પ્રાધાન્ય આપશે. ૩૦ મેના રોજ, વારાણસીના જિલ્લા ન્યાયાધીશ અજય કૃષ્ણ વિશ્વેશાએ CPC O7 R11 હેઠળ મસ્જિદ સમિતિની અરજીની સુનાવણી કરી હતી, જેણે ફરિયાદની જાળવણી પર પ્રશ્ન ઉઠાવ્યો હતો, તેમાં એવી દલીલ કરી હતી કે ફરિયાદને પૂજાના સ્થળો અધિનિયમ, ૧૯૯૧ દ્વારા ખાસ પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. પૂજાના સ્થળોનો અધિનિયમ કહે છે કે ધાર્મિક સ્થળની પ્રકૃતિ બદલી શકાતી નથી અને તે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની સ્થિતિમાં જ રહેવી જોઈએ. જિલ્લા અદાલત સમક્ષ, અરજદારો - જેમણે મસ્જિદ સંકુલમાં કથિત રીતે સ્થિત હિંદુ મંદિરમાં સમગ્ર વર્ષ પ્રવેશ મેળવવા અને સંકુલમાં પૂજા કરવાનો અધિકાર માંગતો દાવો દાખલ કર્યો હતો તેઓએ દલીલ કરી હતી કે CPC O7 R11 અરજીને એકલતામાં સાંભળવી જોઈએ નહીં. અને તેના બદલે, સર્વેક્ષણ પંચના અહેવાલ સાથે તેની વિચારણા કરવી જોઈએ. તેનાથી વિપરીત, મસ્જિદ સમિતિએ દલીલ કરી હતી કે CPC O7 R11 અરજીને અલગ સાંભળવી જોઈએ.

ફેક્ટ ચેક : મધ્યપ્રદેશના ખંડવામાં સાધુ પર હુમલો કરનાર યુવક મુસ્લિમ નથી

(એજન્સી) તા.૧

હાલમાં જ એક યુવક એક સાધુની દાઢી અને વાળ બળજબરીથી કાપતો હોય તેવો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ હુમલાખોર સાધુ સાથે દુર્વ્યવહાર કરતો પણ સાંભળવા મળે છે. આ સાથે એવો દાવો કરવામાં આવ્યો છે કે ખંડવામાં એક મુસ્લિમ યુવકે સાધુ સાથે આ દુષ્કર્મ કર્યું હતું. ટ્વિટર યુઝર 'મહેશ સાહુ'એ આ વીડિયો શેર કર્યો છે અને લખ્યું કે આ યુવકને 'હિંદુ એક્ટ' હેઠળ સજા થવી જોઈએ. કેટલાક અન્ય ટ્વિટર યુઝર્સે આ વીડિયો અને તેની સાથેના દાવાને વધુ વાયરલ કર્યા છે. આ ક્લિપને કોમી એંગલથી ફેસબુક પર પણ પ્રસારિત કરવામાં આવી હતી.

હકીકત-તપાસ

અમે જોયું કે આ વીડિયોમાં એક લોગો છે જેમાં 'પૃથ્વી ચક્ર' લખેલું છે. વધુ સંશોધન કરતાં, AIt ન્યૂઝને જાણવા મળ્યું કે 'પૃથ્વી ચક્ર' નામની ચેનલે ૨૪ મે, ૨૦૨૨ના રોજ ફેસબુક પર આ વીડિયો પોસ્ટ કર્યો હતો. આ કેપ્શન મુજબ, પ્રવીણ નામના વ્યક્તિએ મધ્ય પ્રદેશના ખંડવામાં એક સાધુને માર માર્યો હતો. નવભારત ટાઈમ્સે અહેવાલ આપ્યો છે કે પ્રવીણ ગૌર નામના યુવકે ખંડવા જિલ્લાના પતજન ગામમાં

વાળંદની દુકાનની સામે એક સાધુના વાળ અને દાઢી કાપી નાખી હતી. આ લેખમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પ્રવીણે નશાની હાલતમાં આ સાધુ પર હુમલો કર્યો હતો. પોલીસ આ હુમલા પાછળના હેતુને જાણી શકી નથી. આજતકે પણ આ આરોપીની ઓળખ પ્રવીણ ગૌર તરીકે કરી છે, જે હાલમાં પોલીસ કસ્ટડીમાં છે. વધુમાં, ખંડવાના એસપી વિવેક સિંહે જણાવ્યું હતું કે આ અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં આવી રહી છે અને કેસ નોંધવામાં આવ્યો છે. અલ્ટ ન્યૂઝ દ્વારા ખંડવા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ સાથે પણ વાત કરવામાં આવી હતી, તેમણે અમને જણાવ્યું કે આ ઘટનામાં કોઈ સાંપ્રદાયિક મુદ્દો નથી. જ્યારે આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો, ત્યારે તેના પગલે પોલીસે ગુનો નોંધી આરોપીને કસ્ટડીમાં લીધો હતો. જો કે તપાસ દરમિયાન પીડિતનો પત્તો લાગ્યો ન હતો. પણ આ આરોપી મુસ્લિમ નથી પરંતુ હિન્દુ સમુદાયનો છે અને તે હાલમાં જેલમાં છે. સારાંશ એ છે કે, મધ્ય પ્રદેશના ખંડવામાં એક યુવક દ્વારા એક સાધુ પર હુમલો કરવાનો વીડિયો કોમી એંગલથી ખોટી રીતે શેર કરવામાં આવ્યો હતો જેમાં આ આરોપી મુસ્લિમ નથી.

રાજ્યસભા માટે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની સંખ્યા માટે હરીફાઈ

(એજન્સી) તા.૧

રાજ્યસભાની ચૂંટણીમાં બે મીડિયા દિગ્ગજોની છેલ્લી ઘડીની એન્ટ્રીએ ઓછામાં ઓછા બે રાજ્યો રાજસ્થાન અને હરિયાણામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે તીવ્ર હરીફાઈ ઊભી કરી છે. સંસદના ઉપલા ગૃહના સભ્ય ઝી જૂથના અધ્યક્ષ સુભાષ ચંદ્રાએ રાજસ્થાનમાંથી ભાજપના સમર્થન સાથે ઉમેદવારી નોંધાવી હતી. રાજસ્થાનમાં કોંગ્રેસ ચારમાંથી બે અને ભાજપ એક બેઠક જીતવાની સ્થિતિમાં છે. હવે ચોથી બેઠક માટે સુભાષ ચંદ્રા કોંગ્રેસના પ્રમોદ તિવારીને પડકાર ફેંકીને મુકાબલો કરશે. ભાજપ કથિત રીતે રાજ્યની શાસક કોંગ્રેસ અને અશોક ગેહલોત વિરુદ્ધ સચિન પાયલટના ઝઘડામાં નારાજગીનો લાભ મેળવવા માંગે છે. રાજ્યસભાના ઉમેદવારો – રણદીપ સૂરજેવાલા, મુકુલ વાસનિક અને પ્રમોદ તિવારી - અન્ય રાજ્યોમાંથી આવે છે અને સ્થાનિક ધારાસભ્યો દ્વારા તેમને "બહારના" તરીકે જોવામાં આવે છે અને કોંગ્રેસ આ ગુસ્સાનો સામનો કરી રહી છે. ભાજપના ઉમેદવાર ઘનશ્યામ તિવારી છે, જે વસુંધરારાજે કેબિનેટના ભૂતપૂર્વ મંત્રી છે. ૨૦૦ સભ્યોની રાજસ્થાન વિધાનસભામાં દરેક ઉમેદવારને જીતવા માટે ૪૧ વોટની જરૂર છે. કોંગ્રેસ પાસે ૧૦૮ ધારાસભ્યો છે અને ભાજપ પાસે ૭૧ મત છે. ભાજપ પાસે ૩૦ સરપ્લસ વોટ છે અને બીજી સીટ જીતવા માટે તેને બીજા ૧૧ વોટની જરૂર છે. કોંગ્રેસને ત્રીજી સીટ જીતવા માટે વધુ ૧૫ વોટની જરૂર છે. નાના પક્ષો અને અપક્ષો તેમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. ૧૩ અપક્ષો, બે રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (RLP) સભ્યો, બે ભારતીય ટ્રાઇબલ પાર્ટી (BTP) અને બે CPM ધારાસભ્યો છે, જે નિર્ણાયક પરિબળ

બની શકે છે. ભાજપ શાસિત હરિયાણામાં પણ કોંગ્રેસને એક સીટ પર જોરદાર ટક્કર મળશે. ITV નેટવર્કના મેનેજિંગ ડિરેક્ટર કાર્તિકેય શર્મા હરિયાણામાંથી રાજ્યસભાની ચૂંટણી લડવા માટે તૈયાર છે. તેમની એન્ટ્રી કોંગ્રેસના અજય માકનને ટક્કર આપી શકે છે. કાર્તિકેય શર્મા કોંગ્રેસના પૂર્વ નેતા વિનોદ શર્માના પુત્ર અને હરિયાણાના પૂર્વ સ્પીકર કુલદીપ શર્માના જમાઈ છે. તેમને બીજેપી તેમજ જેજેપી (જનનાયક જનતા પાર્ટી)નું સમર્થન છે. જેજેપી નેતા અજયસિંહ ચૌટાલાએ કહ્યું કે પાર્ટીના તમામ ૧૦ ધારાસભ્યો કાર્તિકેય શર્માને સમર્થન આપશે. કોઈપણ પાર્ટીને સીટ જીતવા માટે ૩૧ વોટની જરૂર છે. કોંગ્રેસ પાસે ૩૧ છે. ભાજપ પાસે નવ સરપ્લસ વોટ છે જે તે શ્રી શર્માને ટ્રાન્સફર કરી શકે છે. કોંગ્રેસના નેતા અજય માકન મજબૂત સ્થિતિમાં હોવા છતાં તેમને અસર કરી શકે તેવા પરિબળોમાં કોંગ્રેસના નેતા કુલદીપ બિશ્નોઈનો સમાવેશ થાય છે; અહેવાલો સૂચવે છે કે ભાજપ શ્રી બિશ્નોઈનો સંપર્ક કરી શકે છે. મહારાષ્ટ્રમાં, જેની છ બેઠકો છે, રાજ્યસભાની બેઠકની ૧૮ વર્ષથી રાહ જોતાં કોંગ્રેસના નેતા નગમામોરારજીએ પક્ષમાં 'સ્થાનિક વિરુદ્ધ બહારના વ્યક્તિ'ના ઘર્ષણ વિશે ચર્ચા કરી છે. કોંગ્રેસ ઉત્તર પ્રદેશના નેતા ઈમરાન પ્રતાપગઢીને મહારાષ્ટ્રમાંથી છઠ્ઠી સીટ માટે નામાંકન કર્યું છે. નગ્માએ ટ્વીટ કર્યું છે કે સોનિયા ગાંધીએ "વ્યક્તિગત રીતે" વચન આપ્યું હતું કે તેમને ૨૦૦૩-૦૪માં રાજ્યસભામાં સ્થાન આપવામાં આવશે. હવે મિસ્ટર ઈમરાનને મહારાષ્ટ્રમાંથી રાજ્યસભામાં સ્થાન આપવામાં આવ્યું છે. હું પૂછું છું, શું અહીંના સ્થાનિક લોકો ઓછા લાયક છે? જો કે તેણીએ પાછળથી શ્રી પ્રતાપગઢીને અભિનંદન પાઠવ્યા હતા અને તેમના સમર્થનનો સંકેત આપ્યો હતો. શિવસેના, કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના મહાવિકાસ અઘાડી ગઠબંધનનું કહેવું છે કે તેમની પાસે છમાંથી ત્રણ બેઠકો જીતવાની સંખ્યા મોજૂદ છે, જે રાજ્ય વિધાનસભાના ૨૮૮ સભ્યો દ્વારા ચૂંટવામાં આવનાર છે. ભાજપ બે બેઠક જીતી શકે છે, અને છઠ્ઠી બેઠક માટે હરીફાઈ થશે એવી શક્યતા છે.

અખિલેશ મિશ્રાએ મોદી કાર્યકાળના આઠ વર્ષની આઠ મોટી સિદ્ધિઓ ગણાવી

(એજન્સી) તા.૧

ફોરેન પોલિસી માટે ૨૦૧૨માં લખાયેલા એક નિબંધમાં, ડેરોન એસેમોગ્લુ અને જેમ્સ એ રોબિન્સને એવા ૧૦ કારણો આપ્યા હતા જેમાં તેઓ વિચારતા હતા કે શા માટે અમુક દેશો નિષ્ફળ જાય છે અને અલગ પડે છે. એક દાયકા પછી હવે તે ૨૦૧૪ પહેલા જે ભારતમાં અમે હતા તે સમયગાળાની અને તે ૧૦ કારણોમાંથી મોટા ભાગના કારણો ભારતમાં પણ કેવી રીતે લાગુ પડે છે તેની સ્પષ્ટ સમજ આપે છે. ખાસ કરીને, "નબળી કેન્દ્ર સરકાર" કેવી રીતે દેશ માટે આપત્તિજનક પરિણામો આવે છે તે આપણે સમજી શકીએ છીએ. ૩૦મી મેના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળના આઠ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આપણે તેના રેકોર્ડનું મૂલ્યાંકન કેવી રીતે કરીશું ? અથવા તેને અલગ રીતે કહીએ તો, મોદીની આગેવાની હેઠળની મજબૂત કેન્દ્રીય સરકારના કામના પરિણામ સ્વરૂપે આ છેલ્લા આઠ વર્ષમાં કયા ફેરફારો થયા છે, જે ૨૦૧૪ પહેલાના સમયગાળાની તુલનામાં વિપરીત છે અને શું આપણે નિષ્ફળતા અને પતનની નજીક આવી ગયા છીએ ?

પ્રથમ, "બંધારણીય લોકશાહી"માં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવો. ચૂંટાયેલી સરકારોમાં લોકોનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો મોદીનું સૌથી મોટું યોગદાન છે.

બીજું, સમગ્ર દેશમાં "આપણે બધુ કરી શકીએ છીએ" (આત્મનિર્ભર)ની ભાવનાને આત્મસાત કરવી. એક વર્ષમાં ૪૨ યુનિકોર્નથી માંડીને એક વર્ષમાં લગભગ એક અબજ લોકોને રસી આપવાથી લઈને ૨૨,૦૦૦થી વધુ લોકોને સક્રિય યુદ્ધ ક્ષેત્રમાંથી બચાવવા સુધી, જો આપણે તેના પર વિચાર કરીએ તો આપણા લોકોની પહોંચની બહાર કંઈ જ લાગતું નથી.

ત્રીજું, આપણા રાષ્ટ્રીય ઉદ્દેશ્યમાં યોગદાન આપવા માટે દેશના તમામ ભાગો અને સમાજના તમામ વર્ગોને ઉત્સાહિત કરવા. ઉત્તરપૂર્વ હવે આપણા આર્થિક વિકાસમાં સમાન ફાળો આપે છે. ઉત્તર પ્રદેશ જેવું રાજ્ય, જે અગાઉના યુગમાં BIMARU જૂથના ભાગ રૂપે અસ્વસ્થ હતું, તે હવે શાસનના રાષ્ટ્રીય મોડલ સેટ કરે છે. રમતગમતથી લઈને ટેકનોલોજી સુધી, અને સર્જનાત્મક ક્ષેત્રોથી લઈને વિજ્ઞાન સુધી, સમાજના તમામ વર્ગો હવે નિયમિતપણે નવા માપદંડો સેટ કરી રહ્યા છે.

ચોથું, આપણા લોકોમાં સુરક્ષાની ભાવના પુનઃસ્થાપિત કરવી. માત્ર ૨૦૦૮માં જ દેશનાં શહેરોમાં આતંકવાદીઓ દ્વારા ૩૦૮ ભારતીયોની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. આને ૨૦૧૬-૨૨ વચ્ચેના સમયગાળા સાથે સરખામણી કરો તો, જમ્મુ અને કાશ્મીર, પંજાબ અને પૂર્વોત્તર બહાર મૃત્યુ થયા નથી. એ જ રીતે નક્સલી આતંક શાંત કરવામાં આવ્યો છે. બાહ્ય મોરચે, પાકિસ્તાનને તેની પોતાની સરહદની અંદર પાઠ ભણાવવામાં આવ્યો છે. અને ૨૦૧૩ થી વિપરીત, જ્યારે તત્કાલિન સંરક્ષણ મંત્રીએ ચીન સામે લાચારી દાખવી હતી, ત્યારે નવી ભારત સરકારે ડોકલામ અને લદ્દાખ બંને સ્થાને પોતાનો દ્રઢ સંકલ્પ દર્શાવ્યો હતો.

પાંચમું, એક નવી બ્રાન્ડ ઈન્ડિયા ઈમેજનું નિર્માણ જે ઈન્ડિયા ફર્સ્ટ પોલિસીના તેના દાવામાં વિશ્વાસ ધરાવે છે. QUAD અને ઈન્ડો-પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક (IPEF) જેવી પહેલોના

સ્થાપક સભ્ય બનવાથી લઈને આબોહવા પરિવર્તન પર વૈશ્વિક કાર્યસૂચિનું નેતૃત્વ કરવા, યુક્રેન યુદ્ધમાં તેની પોતાની રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ પર ભાર મૂકવાથી લઈને પશ્ચિમ એશિયાના તમામ દેશો સાથે ગાઢ સંબંધો સ્થાપિત કરવા સુધી, ૨૦૨૨નું ભારત ગુણાત્મક રીતે અલગ છે અને આઝાદી પછીના કોઈપણ સમય કરતાં વધુ સારી સ્થિતિમાં છે.

છઠ્ઠું, નવા ભારતીય આર્થિક મોડલની રચના જે મુક્ત અને લોકશાહી પર આંતરરાષ્ટ્રીય સર્વસંમતિનો ભાગ છે પરંતુ પશ્ચિમી સર્વસંમતિથી અલગ છે. છેલ્લાં આઠ વર્ષમાં, મોદી એક એવું મોડેલ રજૂ કરવામાં સફળ રહ્યા છે જે મુક્ત બજારની ગતિશીલતાને કલ્યાણકારી કામો સાથે એકીકૃત રીતે જોડે છે.

સાતમું, સમાજ તરીકે આપણા લોકોમાં આત્મવિશ્વાસની પ્રેરણા આપવી. હવે અમે કોઈપણ પ્રસ્તાવના કે ક્ષમાયાચના વિના અમારો અનન્ય સાંસ્કૃતિક ઈતિહાસ અથવા અમારી રાષ્ટ્રીય હિતની પ્રથમ નીતિનો દાવો કરીએ છીએ. અમે હવે એવા અભિનેતાઓના નૈતિકતાના પ્રવચનોથી પ્રભાવિત થતા નથી જેમની ક્રિયાઓ તેમના ઉપદેશથી અલગ છે. બેડમિન્ટન એરેનાથી લઈને થિંક ટેન્કમાં નીતિવિષયક ચર્ચાઓ સુધી, વેપાર સોદાઓ પર હસ્તાક્ષર કરવાથી લઈને અમારી સંસ્કૃતિની સાઈટ્સ પર ફરીથી દાવો કરવા માટે, અમે હવે કોઈ પણ શ્રેષ્ઠ પ્રમાણિત અધિકારીની મંજૂરી લીધા વિના અમારી કામગીરી કરવા માટે આત્મવિશ્વાસ ધરાવીએ છીએ.

આઠમું, અને કદાચ છેલ્લાં આઠ વર્ષમાં સૌથી મહત્ત્વનું પરિવર્તન એ છે કે આપણે ભારતીયોની સમાજ તરીકેની માનસિકતામાં આવેલો બદલાવ છે. વડાપ્રધાન મોદીએ પોતે કહ્યું તેમ, વલણ હવે "ચલતા હૈ નહીં, બદલ શકતા હૈ" જેવું છે. આ નવી વિચારસરણી છે જે "આ કેવી રીતે થશે"ની માનસિકતાને પ્રભાવિત કરે છે અને કોઈ પણ અસંભવિત કાર્યનો સામનો કરવા માટે તૈયાર કરે છે. એક રીતે જોઈએ તો, છેલ્લાં આઠ વર્ષમાં મોટી જે હાંસલ કરી શક્યા છે તે તેમણે ૨૦૧૪માં કરવાનું નક્કી કર્યું હતું અને તેઓ ૨૦૨૨ સુધીમાં આ લક્ષ્યો હાંસલ કરવાની વાત કરતા હતા. હવે આપણે આપણી આઝાદીના ૭૫માં વર્ષમાં આવી ગયા છીએ અને અમે અમૃતકાળમાં પ્રવેશ કરીએ છીએ અને આગામી ૨૫ વર્ષ તરફ આગળ વધી રહ્યા છીએ. મોદીના આ આઠ વર્ષોએ ભારતને ૨૧મી સદીમાં વિશ્વનું નેતૃત્વ કરનાર પસંદગીના રાષ્ટ્રોની લીગમાં સામેલ કરવાનો મંચ તૈયાર કર્યો છે.

રાજ્યસભા માટે ઘનશ્યામ તિવારીની ઉમેદવારી એવો સ્પષ્ટ સંકેત છે કે વસુંધરા રાજે રાજસ્થાનમાં ભાજપના મુખ્યમંત્રીનો ચહેરો નહીં બને

(એજન્સી) તા.૧

આગામી રાજ્યસભાની ચૂંટણી માટે રાજસ્થાનમાંથી પક્ષના ઉમેદવાર તરીકે ઘનશ્યામ તિવારીને નામાંકિત કરીને, ભાજપના કેન્દ્રીય નેતૃત્વએ બે વખતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વસુંધરા રાજેને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે પક્ષ તેમને ૨૦૨૩માં રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર તરીકે રજૂ કરવા ઉત્સુક નથી. રાજ્યમાં ભાજપનો બ્રાહ્મણ ચહેરો ગણાતા છ વખતના વિધાનસભ્ય તિવારી (૭૫), વસુંધરારાજે જ્યારે ૨૦૦૩ માં પહેલીવાર મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમની સાથે સંઘર્ષ થયો હતો. જો કે તેમને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા હતા, પરંતુ આ બંને નેતાઓ વચ્ચે ગંભીર મતભેદો હતા. ૨૦૧૩માં, જ્યારે રાજેએ રાજ્યમાં બીજેપીને ફરીથી સત્તામાં લાવવાનું નેતૃત્વ કર્યું, ત્યારે તેણીએ તેમને તેમની કેબિનેટમાં સામેલ કર્યા ન હતા. આનાથી તિવારી ખૂબ નારાજ થયા હતા, અને તેઓ તેમની તેમજ નરેન્દ્ર મોદી અને અમિત શાહની ખુલ્લેઆમ ટીકા કરતા હતા. તિવારીની 'પાર્ટી વિરોધી' પ્રવૃત્તિઓએ નેતૃત્વનું ધ્યાન દોર્યું હતું અને ૨૫ જૂન, ૨૦૧૮ના રોજ તેમણે ભાજપમાંથી રાજીનામું આપ્યું ત્યારે માર્ચ, ૨૦૧૯માં, તેઓ કોંગ્રેસમાં જોડાયા હતા. જો કે, તિવારીને પક્ષના કેડર દ્વારા સ્વીકારવામાં આવ્યો ન હતો અને તેમણે કોંગ્રેસ છોડી દીધી હતી, અને ભારતવાહિની પાર્ટી નામની પોતાની રાજકીય સંસ્થા બનાવી હતી જેને રાજકીય નિરીક્ષકો દ્વારા બ્રાહ્મણ-પ્રભુત્વવાળી પાર્ટી તરીકે ઓળખવામાં આવતી હતી. તિવારીએ, દિલ્હીમાં પાર્ટીના એક વરિષ્ઠ કાર્યકર્તાની મદદથી ભાજપના નેતૃત્વને એક ભાવનાત્મક પત્ર લખ્યો હતો, જેના પગલે તેમને ૧૨ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ પાર્ટીમાં ફરીથી પ્રવેશ આપવામાં આવ્યો હતો, જોકે તેમને કોઈ મહત્વપૂર્ણ ભૂમિકા આપવામાં આવી ન હતી. તાજેતરમાં જયપુરમાં યોજાયેલી ભાજપની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક દરમિયાન, પક્ષના પ્રમુખ જેપી નડ્ડા અને અન્ય વરિષ્ઠ નેતાઓએ તિવારીને રાજસ્થાનમાં બ્રાહ્મણ મતદારોનું સમર્થન મેળવવા માટે ઉપયોગ કરવા અને તેમને મુખ્ય પ્રવાહમાં પાછા લાવવાનો નિર્ણય કર્યો હતો. ઉલ્લેખનીય છે કે જયપુરમાં રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક દરમિયાન પાર્ટીના નેતૃત્વએ એ પણ સ્પષ્ટ કર્યું હતું કે તે કોઈને પણ પોતાના મુખ્ય પ્રધાનપદના ચહેરા તરીકે રજૂ કરશે નહીં, પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની છબીને પ્રોજેક્ટ કરીને ૨૦૨૩ની વિધાનસભાની ચૂંટણી લડશે. વસુંધરા રાજેને સમર્થન આપતા જૂથને

આંચકો લાગ્યો છે, જેમાં પક્ષના ૭૧માંથી ૫૩ ધારાસભ્યો અને રાજ્યના ૨૫ લોકસભા સભ્યોમાંથી લગભગ ૧૨નો સમાવેશ થાય છે. રાજ્યસભાની દ્વિવાર્ષિક ચૂંટણી માટે રાજસ્થાનમાંથી ભાજપના ઉમેદવાર તરીકે તિવારીની નામાંકનનો અર્થ સ્પષ્ટપણે એ સંદેશો પહોંચાડવાનો છે કે રાજે પક્ષના ટોચના નેતૃત્વની યાદીમાં નથી. ભાજપના એક જૂથને લાગે છે કે પાર્ટી, તેમને રાજ્યસભામાં નામાંકિત કરીને, તેમને રાષ્ટ્રીય રાજકારણના કેન્દ્રસ્થાને પ્રમોટ કરવા માંગે છે. પાર્ટીમાં તેમના લાંબા અનુભવ અને વરિષ્ઠતાને ધ્યાનમાં રાખીને અને રાજસ્થાનના બ્રાહ્મણ સમુદાયને ખુશ કરવા માટે તેમને મોદીની કેબિનેટમાં સ્થાન આપવામાં આવી શકે છે. આકસ્મિક રીતે, ભાજપે પક્ષના વરિષ્ઠ કાર્યકર્તા ઓમ માથુરને ઉપલા ગૃહમાં બીજી ટર્મ માટે રિપીટ ન કરવાનો નિર્ણય લીધો છે, અને તેમણે બે ટર્મ માટે સેવા આપી હતી. તેમના સંગઠનાત્મક કૌશલ્યો માટે જાણીતા, માથુર, જેઓ RSSની પૃષ્ઠભૂમિ ધરાવે છે, અને છેલ્લી ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં જ્યારે ભાજપે પાટીદારોના રોષનો સામનો કરવો પડ્યો ત્યારે ભાજપની ચૂંટણીમાં સફળતાનો શ્રેય તેઓને આપવામાં આવ્યો હતો. તેઓ પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારી સમિતિના સભ્ય હતા અને રાજસ્થાનમાં પાર્ટીના મુખ્ય વ્યૂહરચનાકારો પૈકી એક હતા અને એક તબક્કે તેમને વસુંધરારાજેનો વિકલ્પ ગણવામાં આવતા હતા. માથુરે કથિત રીતે મોદીની કેબિનેટમાં મંત્રી બનવાનો ઇનકાર કર્યો હતો, હવે જ્યારે તે રાજ્યસભા માટે નોમિનેશન થઈ ગયા છે, ત્યારે રાજકીય નિરીક્ષકોને લાગે છે કે કેટલાક રાજ્યોમાં રાજ્યપાલોની જગ્યાઓ ખાલી થશે ત્યારે તેમને ગવર્નર પદની ઓફર કરવામાં આવશે નહીં.

સંસ્કાર સૌરભ

નબીની નસીહત

રસૂલુલ્લાહ (સ.અ.વ)એ ફરમાવ્યું છે,“જ્યારે તમે તમારા પડોશીઓને એમ કહેતા સાંભળો કે તમે ખોટું કર્યું છે તો ચોક્કસ તમે ખોટું કર્યું છે.”(મોઅઝમે ઔસલ : ૨૯૮૨,અબ્દુલ્લાહ બિન મસૂદ રદિ.)

બોધ વચન

એટલા કડવા ન બનો કે કોઈ થૂંકી દે; અને એટલા મીઠાં ન બનો કે કોઈ ગળી જાય. -ટૉલસ્ટોપ

આજની આરસી

૨ જૂન ગુરૂવાર ૨૦૨૨
૧ ઝિલકદ હિજરી ૧૪૪૩
જેઠ સુદ ત્રીજ સંવત ૨૦૭૮
સુબ્હ સાદિક ૪-૨૮
ખત્મે ઝવાલ ૧૨-૩૭
તુલૂએ આફતાબ (સૂર્યોદય)૫-૫૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૨૧

હદીસ બોધ

મોટાભાગે લોકો જે બે બાબતોનું મૂલ્ય સમજતા નથી કે તેનો લાભ ઉઠાવતા નથી તે બે બાબતો તંદુરસ્તી અને ફુરસદ છે. -હદીસ બોધ

દુબઈની ડોમેસ્ટિક ક્રિકેટ ટુર્નામેન્ટમાં ડભોઈનો સૈફુદીન મેન ઓફ ધ મેચ બન્યો

ડભોઈ, તા.૧

દુબઈ શારજાહ ખાતે ચાલતી ડોમેસ્ટિક ક્રિકેટ ટુર્નામેન્ટમાં દુબઈ ઈલેવનમાં સિલેક્ટર થયેલા ડભોઇ કડિયાવાડમાં રહેતા સૈફુદ્દીન ઇબ્રાહીમભાઇ લગનીયા ફાઇનલ મેચમાં સારૂં પ્રદર્શન કરતા મેન ઓફ ધ મેચમાં ટ્રોફી મેળવતા સમગ્ર મુસ્લિમ સમાજ સહિત ડભોઇનું ગૌરવ વધાર્યુ હતું. ડભોઇ કોલેજ ગ્રાઉન્ડ ખાતે બરોડા ક્રિકેટ એસોસિએશનના નેજા હેઠળ ચાલતા કોચિંગ ક્લાસ પૈકી પ્રેક્ટિસ કોચના માર્ગદર્શન હેઠળ વડોદરા જિલ્લામાંથી ૧૭ છોકરાઓ સિલેક્ટર થઈ દુબઈ ખાતે ડોમેસ્ટિક મેચમાં પોતાનું કિસ્મત અજમાવવા પહોંચી ગયા હતા જ્યાં ૧૭ પૈકી ડભોઇ કરિયાવાડ ખાતે રહેતા સૈફુદ્દીન ઈબ્રાહીમભાઇ લગનીયા દુબઈ ઈલેવન મેચમાં સિલેક્ટર થયા હતા. ડોમેસ્ટિક ક્રિકેટ ટુર્નામેન્ટમાં ફાઇનલ રમાયેલી મેચમાં દુબઈ ઈલેવનનો વિજય થયો હતો જેમાં સૈફુદ્દીનનું સારૂં પ્રદર્શન રહેતા મેન ઓફ ધ મેચ જાહેર કરી ટ્રોફી આપતા ખુશખુશાલ સાથે ડભોઇ મુસ્લિમ સમાજ સહિત ડભોઇનું નામ રોશન કરનાર સૈફુદ્દીન ઇબ્રાહીમભાઇ લગનીયાને મુસ્લિમ સમાજ સહિત ક્રિકેટ પ્રેમીઓએ શુભેચ્છાઓ પાઠવી છે.

સી.એસ.આર.ડેની ઉજવણી અંતર્ગત

અંકલેશ્વર ઓએનજીસી દ્વારા ૨૫૦ દિવ્યાંગોને સારથી ડિવાઈઝ સ્ટિક વિતરણ

(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૧

અંકલેશ્વર સ્થિત ઓએનજીસી દ્વારા સી.એસ.આર.ડેની ઉજવણી કરી હતી. ૨૫૦ દિવ્યાંગોને સારથી ડિવાઈઝ સ્ટિક ઓએનજીસી દ્વારા વિતરણ કરાઈ હતી. વર્ષ ૨૦૨૦-૨૧માં ૫.૩૨ કરોડના ખર્ચે જિલ્લામાં સી.એસ.આર પ્રવૃત્તિ હાથ ધરી હતી. વોકેશનલ ટ્રેનિંગ અને તેના લાભાર્થી, શાળા રિનોવેશન સહિત પાણી અને અન્ય પ્રાથમિક સુવિધા માટે ઓએનજીસી દ્વારા સી.એસ.આર અંતર્ગત કામગીરી કરી છે.

અંકલેશ્વર સ્થિતિ ઓએનજીસી કંપની દ્વારા ઓએનજીસી કોલોની સૂર્યા ઓડિટોરિયમ ખાતે સી.એસ.આર.ડેની ઉજવણી કરી હતી. કંપની દ્વારા ઓઇલ ફિલ્ડ એવા ભરૂચ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારથી લઈ શહેરી વિસ્તારમાં જરૂરી પાયાની સુવિધા માટે સી.એસ.આર એક્ટિવિટી અંતર્ગત અનેકવિધ કાર્યક્રમો હાથ ધર્યા છે. ત્યારે ગ્રામ્યની જળ સમસ્યા હોય તો પાણી સુવિધા ઉભી કરી છે. માર્ગ કે પછી કંપની દ્વારા શહેર તેમજ ગ્રામ્યમાં શાળા રિનોવેશન સહિતની કામગીરી કરાઈ રહી છે. શિક્ષણ તેમજ પાયાની સુવિધા ઉપરાંત રોજગારલક્ષી કામગીરી રૂપે વોકેશનલ ટ્રેનિંગ કાર્યક્રમ વડે મહિલા સશક્તિકરણ કે વિદ્યાર્થીઓ માટે રોજગારલક્ષી તાલીમ શિબિર યોજી તેમને સીવણ મશીન, બ્યુટી પાર્લર કીટ, વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર તેમજ રિક્ષા સહિતની મદદરૂપ કરાઈ રહી છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ઓએનજીસી અંકલેશ્વર એસેટ દ્વારા આ પાછળ ૫.૩૨ કરોડ રૂપિયાની માતબર સી.એસ.આર પ્રવૃત્તિ હાથ ધરી છે. જે અંતર્ગત આજરોજ સી.એસ.આર ડેની ઉજવણી ભાગ રૂપે યોજવામાં આવેલ કાર્યક્રમ દિવ્યાંગો માટે અત્યાધુનિક ટેક્નોલોજી યુક્ત સારથી ડિવાઈઝ સ્ટિકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઓર્ચિત ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરવામાં આવેલ ૨૫૦ જેટલી આ સ્ટિક આજે મહાનુભાવોના હસ્તે આપવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ, ઓએનજીસી એસેટ મેનેજર વિજયકુમાર ગોખલે, એચ.આર હેડ એસ.ભટ્ટાચારજી, તારક લુહાર નેશનલ એસોસિએશન ઓફ બ્લાઈન્ડ ફાઉન્ડેશન ગુજરાતના હાનિ વાધચંદાની, પાલિકા પ્રમુખ વિનય વસાવા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ ભરત પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ અરવિંદ પટેલ તેમજ લાભાર્થી દિવ્યાંગો તેમજ કંપનીના કર્મચારીઓ અને પદાધિકારીઓ, મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહી સી.એસ.આર.ડેની ઉજવણી કરી હતી.

હિંમતનગર ખાતે ગરીબ કલ્યાણ સંમેલન યોજાયું

હિંમતગનર, તા.૧

ગરીબ કલ્યાણ સંમેલનનુ દિપ પ્રગટાવી જિલ્લા પ્રભારી મંત્રી કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પાર્લામેન્ટમાં પ્રવેશ કર્યો ત્યારે લોકશાહીના મંદિરના દ્વારે શીશ નમાવી કહ્યું હતું કે, હું દેશનો પ્રધાન સેવક છું મારી સરકાર ગરીબોને સમર્પિત સરકાર હશે જે આજે કેન્દ્ર સરકારના સુશાસનના આઠ વર્ષ પૂરા થતાં ગરીબ કલ્યાણ સંમેલનમાં સાચી સાબિત થઈ છે. ગુજરાતના ૨૮ લાખ ખેડૂતો સહિત દેશભરના કરોડો ખેડૂતોના બેંક એકાઉન્ટમાં ડીબીટીના માધ્યમથી કિસાન સન્માન નિધિ સહાયનો ૧૧મો હપ્તો રિમોટ કંટ્રોલ દ્વારા પ્રધાનમંત્રી મોદીએ કોઈ વચેટિયા વિના જમા કરીને અગાઉની સરકાર કરતા તેમની સરકારનો સીધો સૌને પરિચય કરાવ્યો હતો.

કેન્દ્ર સરકાર દ્વારા યુવાનો મહિલાઓને આગળ વધવા માટે અનેક યોજનાઓ અમલી બનાવી છે જે જમીની હકીકત પર ખરા અર્થમાં સાબિત થઈ છે. પ્રધાનમંત્રી ઉજવલા યોજના, જનધન યોજના, આયુષ્યમાન ભારત, પ્રધાનમંત્રી આવાસ યોજના, શૌચાલય, સ્વચ્છ ભારત મિશન યોજના તથા શિક્ષણ, રોડ રસ્તા, આરોગ્ય યોજના છેવાડાના લોકો સુધી પહોંચી છે. કૂપોષણ અભિયાન, સહી પોષણ દેશ રોશન કોરોના કાળમાં મફત અન્ન વિતરણ અંત્યોદય યોજના ગરીબોના ઘર-ઘર સુધી પહોંચી રહી છે. શાળા પ્રવેશોત્સવ અને શિક્ષણમાં નવી પોલિસી ૨૦૨૦ દ્વારા આમુલ પરિવર્તન આવ્યા છે. ગરીબના દીકરા, ડૉક્ટર, એન્જિનિયર થઈ શકે તેવા અવસરો આજે પ્રાપ્ત થયા છે. ૩૩ ટકા મહિલા અનામત તેમજ રાજકીય ક્ષેત્રે મહિલાની ભાગીદારી તથા ઘર મિલકતમાં મહિલાઓને ટેક્સમાં રાહત અને કન્યા કેળવણી મફત કરવામાં આવી છે યુપીએસસીનું તાજેતરમાં પરિણામ આવ્યું તેના મહિલા ટોપટેનમાં રહી છે.

જિલ્લા કલેક્ટર હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની કલ્યાણકારી ૧૩ યોજનાઓને એક સાથે સાંકળી લઈ લાભાર્થીઓને લાભ પહોંચાડવાના ઉમદા હેતુથી ગરીબ કલ્યાણ સંમેલન યોજવામાં આવ્યું છે. માનવ વિકાસને સ્પર્શતી વિવિધ યોજનાઓનો યોગ્ય રીતે અમલ થાય અને ઈચ્છીત લાભાર્થીને સાચો લાભ મળી શકે.

ઈડર નાગરિક સહકારી બેંકમાં રૂા.૧૦ લાખની ઉચાપત કરનાર કર્મીએ ગુનો કબૂલ્યો

ઈડર, તા.૧

એક માસ અગાઉ ઈડર નાગરિક બેંકમાં બેંકની કેશમાંથી ૧૦ લાખની ઉચાપત થવા પામી હતી. જે અંગે બેંક કર્મી કેવલ રમેશચંદ્ર રાવલનાઓને પોતે ૧૦ લાખની ઉચાપત અંગે લેખિતમાં કબૂલાત કરી હતી અને જેમાં પાંચ લાખ આજરોજ તેણે ભરી દીધા હતા. જ્યારે અન્ય પાંચ લાખ તા.૪/૬/૨૦૨૨ના રોજ ભરવાની બાંહેધરી આપવામાં આવેલ છે. જ્યારે આ બેંકમાં અગાઉ કર્મચારીની નવી ભરતી અંગે પણ આક્ષેપો અને ડિરેક્ટરો દ્વારા પોતાના સગાઓ અને મોટી રકમનો તોડ આક્ષેપો થયા હતા. જ્યારે આવી રીતે કર્મચારીની ભરતી થવા પામી હોય તો આ બેંકમાં આ રીતે મોટી ઉચાપત થાય એ વ્યાજબી હોય એવું લોકમુખે ચર્ચા થવા પામી હતી. જ્યારે આ અંગે બેંકના વહીવટ દ્વારા ભીનું સંકેલવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોય એવું ચર્ચાઈ રહ્યું છે.

પુણાગામની યુવતીએ પ્રોડક્ટ પ્રમોશનના ટાસ્કને પૂરો કરી કમિશન મેળવવાની લાલચમાં રૂા.૩ લાખ ગુમાવ્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત તા.૦૧

મૂળ ભાવનગરના ભંડારીયાની વતની અને સુરતમાં પુણાગામ યોગીચોક રોડ વિશ્વમૈત્રી સોસાયટી પ્લોટ નં.૧૦માં રહેતી ૨૯ વર્ષીય ઋષિતા કાળુભાઈ સુતરિયા ઉધના દરવાજા સ્થિત એક કંપનીમાં નોકરી કરે છે. ગત ૧૭ માર્ચના રોજ ઋષિતા ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ જોતી હતી ત્યારે તેમાં એમેઝોન પ્લેટફોર્મ પર પ્રોડક્ટ પ્રમોશનની જાહેરાત જોઈને તેમાં આપેલા વ્હોટ્સએપ નંબર પર મેસેજ કર્યો હતો. સામેથી એક વ્યક્તિએ મેસેજ કરી કહ્યું હતું કે પ્રોડક્ટનું માર્કેટીંગ કરવા બદલ કમિશન મળશે. તેણે એક લીંક મોકલી રજિસ્ટ્રેશન કરાવી ટાસ્ક પુરા કરવાનું કહી તે માટે પૈસા પણ જમા કરાવવા પડશે તેમ કહ્યું હતું. આથી ઋષિતાએ ૧૭ માર્ચથી ૬ એપ્રિલ દરમિયાન ત્રણ જુદાજુદા ટાસ્કમાં ૩૦ ટ્રાન્ઝેક્શન મારફતે રૂા.૩,૦૪,૭૯૪ જમા કરાવી તેના તમામ ટાસ્ક પૂર્ણ કરી રૂા.૧,૨૨,૨૩૨ નું કમિશન મેળવ્યું હતું અને તે તેણે રજિસ્ટર્ડ કરેલા એકાઉન્ટમાં પણ નજરે ચઢતું હતું. તેમ છતાં તે ફ્રીઝ થઈ જતા ઋષિતાએ વ્હોટ્સએપ નંબર પર મેસેજ કરી પૂછતાં સામેથી વ્યક્તિએ મેસેજ કરી જમા કરાવેલી રકમ રૂા.૩,૦૪,૭૯૪ અને કમિશન રૂા.૧,૨૨,૨૩૨ મળી કુલ રૂા.૪,૨૭,૦૨૬ વિડ્રો કરવા ૧૦ ટકા હેન્ડલીંગ ફી ભરવા કહેતા ઋષિતાને શંકા ગઈ હતી. આ અંગે તેણે ગતરોજ સરથાણા પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

સુરતના પાલ ગૌરવ પથ સ્થિત

મદદનીશ પશુપાલક નિયામકના ગળામાંથી સોનાની ચેઈનની ચીલઝડપ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧

સુરત શહેરના પાલ ગૌરવ પથ સ્થિત બાગબાન સર્કલ પાસે નાઈટ વોકમાં નીકળેલા મદદનીશ પશુપાલન નિયામકના ગળામાંથી ૨ તોલા વજનની સોનાની ચેઈન આંચકીને બુકાનીધારી સ્નેચરો બાઈક પર ફરાર થઈ જતા અડાજણ પોલીસ દોડતી થઇ ગઇ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના નાનપુરા સ્થિત પશુરોગ સંશોધન એકમના મદદનીશ પશુપાલન નિયામક અશોક વલ્લભ કુંભાણી (ઉ.વ. ૪૦ રહે. ગ્રીનસિટી, ભાઠા, હજીરા રોડ) ગત રવિવારે રાતે જમ્યા બાદ નાઈટ વોકમાં નીકળ્યા હતા. ઘરેથી નીકળી પાલ ગૌરવ પથ બાગબાન સર્કલ તરફ જઈ રહ્યા હતા ત્યારે મોનાર્ક ચાર રસ્તા તરફથી બાઇક પર બુકાનીધારી બે સ્નેચરો ધસી આવ્યા હતા. જે પૈકી બાઇક પર પાછળ બેસેલા સ્નેચરે અશોકના ગળામાંથી સોનાની બે તોલા વજનની ચેઈન કિંમત રૂ.૭૦ હજારની આંચકીને પાલ હવેલી તરફ ભાગી ગયા હતા. ઘટના અંગે ગત રોજ પશુપાલન નિયામક અશોક કુંભાણીએ અડાજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ – રોકાણકાર જાગૃતિ કાર્યક્રમ

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

તારીખ અને સ્થળઃ

શનિવાર, 4 જૂન, 2022; સાંજે 6:30 વાગ્યાથી.
આઈનોક્સ, રેસકોર્સ રોડ, ગોપાલ બાગ, ઈલોરા, વડોદરા – 390 007, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કશ્યપ શુક્લ, મોબાઈલ : 98255 27423.

શનિવાર, 4 જૂન, 2022; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ રસોઈ, કાળુભા રોડ, કલાનાળા, ભાવનગર – 364 001.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ચિંતન દલવાડી, મોબાઈલ : 98255 71968.

શનિવાર, 4 જૂન, 2022; સાંજે 7:00 વાગ્યાથી.
દિલ સે રે બેંક્વેટ હોલ, સ્ટાર બજાર ઉપર, ઈમ્પીરીયલ સ્ક્વેર, અડાજણ, સુરત 395009.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અમિત મંડલયવાલા, મોબાઈલ : 99249 59993.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:30 સુધીનો જ રહેશે.
કાર્યક્રમ દરમિયાન કોવિડ સુરક્ષા માર્ગદર્શિકાનું પાલન કરવાનું ફરજિયાત છે.
વોક-ઈન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav
HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education by HDFC Mutual Fund

કેવાઈસી, સરનામું બદલવું, રોકાણકારોની ફરિયાદોનું નિવારણ વગેરે માટે https://www.hdfcfund.com/information/key-know-how ની મુલાકાત લો.
મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારના જોખમોને આધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.

જીવનસાથી ડોટ કોમ પર પરિચય થયા બાદ પ્રેમસંબંધ બંધાયો હતો

એક સંતાનની માતા સાથે પ્રણયફાગ ખેલ્યા પછી તરછોડી દેનાર યુવક સામે ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧

જીવન સાથી ડોટ કોમ પર પરિચય થયા પછી એક સંતાનની માતા સાથે પ્રેમસંબંધ બાંધી તરછોડી દેનાર યુવક અને તેની માતા, ભાણેજ અને અન્ય સંબંધીઓ સામે મહિલાએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપીઓને પકડવા માટે તપાસ હાથ ધરી છે.

આધારભૂત સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ માંજલપુર વિસ્તારમાં રહેતી મહિલાને દોઢ વર્ષ પહેલા ધવલ જશવંતભાઈ પટેલ (રહે.વડા ગામ, તા.ધનસુરા, જિ.અરવલ્લી) સાથે જીવનસાથી ડોટ કોમ પર પરિચય થયો હતો. બંને વચ્ચે થયેલો પરિચય પ્રેમસંબંધમાં ફેરવાયો હતો. ધવલે મહિલાને લગ્ન કરવાનું વચન આપ્યું હતું. ધવલ વડોદરામાં તેની માતા જયાબેન સાથે ભાડાના ફ્લેટમાં રહેવા આવ્યો હતો. ધવલ અને મહિલાએ પશ્ચિમ વિસ્તારમાં ભાગીદારીમાં વેલનેસ સેન્ટર શરૂ કર્યુ હતું. ધવલે મહિલાને લગ્નનું વચન આપીને અવાર-નવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. મહિલાને ગર્ભ રહી જતા તેણે ધવલના દબાણને વશ થઈને ગર્ભપાત પણ કરાવી લીધો હતો.

ત્યારબાદ ધવલ લગ્ન કરવાનું વચન તોડીને મહિલાને છોડીને જતો રહ્યો હતો. ધવલની માતા પણ આ સંબંધોથી વાકેફ હતી. તેમ છતાંય તેમણે પુત્રને અટકાવ્યો નહતો. વેલનેસ સેન્ટર શરૂ કરવા માટે લીધેલી લોનના રૂપિયા બાબતે પણ તેઓ વચ્ચે વિવાદ થયો હતો. ધવલ રૂપિયા ૧૦ લાખ આપવાનું કહીને ફરી ગયો હતો. જે અંગે મહિલાએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પીઆઈ ડી.કે. વાઘેલાએ ગુનો દાખલ કરીને આરોપીઓને ઝડપી પાડવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

ધવલના ભાણેજે પણ મહિલાની છેડતી કરી

વડોદરા, મહિલાના લગ્ન અગાઉ થયા હતા. પરંતુ,પતિ સાથે અણબનાવ થતા તે પુત્ર સાથે અલગ રહેતી હતી અને તે દરમિયાન તેનો પરિચય ધવલ સાથે થયો હતો. ધવલના ભાણેજ નિલાંશુએ પણ મહિલા સાથે અભદ્ર વ્યવહાર કર્યો હોવાનો આક્ષેપ છે. ધવલના સંબંધીઓ અને પરિચિત અમરિષ ગોર, ભાવનાબેન તથા ધવલના ડ્રાયવરે મહિલાને ફરિયાદ નહીં નોંધાવવા માટે ધમકી આપી હતી. મહિલાએ ક્યાં ગર્ભપાત કરાવ્યો હતો ? તે અંગે પણ પોલીસે તપાસ હાથ ધરી છે.

વડોદરામાં નુડલ્સ બનાવતી ફેક્ટરીમાં આગ : બે કામદારો શેડ ઉપરથી નીચે કૂદી પડતાં એકને ઈજા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧

વડોદરા શહેરના આજવા રોડ પર આવેલા સરદાર એસ્ટેટ પાસે ક્રિષ્નાનગર પાસે નુડલ્સ બનાવતી ફેક્ટરીમાં વહેલી સવારે આગ ફાટી નીકળી હતી. ફેક્ટરીમાં આગ લાગતા ફેક્ટરીના પતરાના શેડ ઉપર સૂઈ ગયેલા બે કામદારે પતરા ગરમ થતાં શેડ ઉપરથી નીચે ભૂસકો માર્યો હતો. જેમાં એક દાઝી ગયો હતો. જ્યારે બીજાને કોઈ ઈજા થઈ ન હતી.

મળતી માહિતી મુજબ આજવા રોડ સરદાર એસ્ટેટ પાસે ક્રિષ્નાનગર પાસે જય અંબે ગૃહ ઉદ્યોગ નામથી નીરજભાઈ નુડલ્સ બનાવવાની ફેક્ટરીમાં આગની ઘટના બની હતી. ફેક્ટરીમાં નુડલ્સનું ઉત્પાદન કરીને સ્ટોક પણ ફેક્ટરીમાં રાખે છે. આ ફેક્ટરીમાં કામ કરતા અને ફેક્ટરીમાં જ રહેતા બે યુવાનો ફેક્ટરીના પતરાના શેડ ઉપર સૂતા હતા. વહેલી સવારે ફેક્ટરીમાં આગ આગ લાગતા પતરા ગરમ થતા ફેક્ટરી પર સૂઈ રહેલા બે કામદાર શેડ ઉપરથી નીચે કૂદી પડ્યા હતા. જેમાં ૧૯ વર્ષીય વિનયકુમાર વિશ્વાસ શેડ ઉપરથી કૂદતાં અને શેડમાં મૂકેલા વ્હીકલ પર પડતા પગમાં ઈજા પહોંચી હતી અને ગરમ પતરાં ઉપર ચાલતા દાઝી ગયો હતો. આગની ઘટનાની જાણ થતા આસપાસના લોકોએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જેથી પાણીગેટ ફાયર બ્રિગેટની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાનો પ્રયાસ ધર્યો હતો. આગને સંપૂર્ણ રીતે કાબૂમાં લેવા માટે ફાયર બ્રિગેડે જીઈબીની ટીમ તેમજ ફેક્ટરી સ્થિત નુડલ્સનો બળી ગયેલો જથ્થો બહાર કાઢવા માટે જેસીબી અને ચાર ટ્રેક્ટરની પણ મદદ લીધી હતી. ફેક્ટરીમાંથી નુડલ્સનો જથ્થો બહાર કાઢ્યા બાદ કુલિંગ કરીને આગને સંપૂર્ણ કાબૂમાં લેવામાં આવી હતી.

IDFC FIRST BANK LIMITED

(erstwhile Capital First Limited) and amalgamated with IDFC Bank Limited)CIN : L65110TN2014PLC097792
Registered Office : KRM Towers, 8th Floor, Harringtone Road,Chetpet, Chennai-600031.
TEL : +91 44 4564 4000 | FAX : +91 44 4564 4022
AUTHORIZED OFFICER -Himanshu Singh CONTACT NUMBER- 9621177755
AUTHORIZED OFFICER - Debjyoti Roy CONTACT NUMBER- 9874702021

IDFC FIRST Bank

એપેન્ડિક્સ - IV-A [જુઓ નિયમ ૮ (૬)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણની વેચાણ નોટિસ

ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર અસ્ક્યામતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને કોલમ (ii) મુજબના દેણદાર(રો)ને અને સહદેણદારર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (iii) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, એનો ભૌતિક કબજો અગાઉના કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ અને કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હવે **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે જ્યાં છે', 'જે છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડે (અગાઉની કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ) (i) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહદેણદારર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, **આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઇટ** www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

	(i)	(ii)	(iii)	(iv)	(v)	(vi)
ક્રમ	ડિમાન્ડ નોટિસ રકમ અને તારીખ	દેણદાર(રો) અને સહદેણદાર(રો)નાં નામ	મિલકતનું સરનામું	રિઝર્વ કિંમતની રકમ	ઈએમડી રકમ	હરાજીની તારીખ અને સમય
૧	રૂા. ૧૬,૫૯,૩૧૯.૯૬/- ૧૨-૦૬-૨૦૨૧	શાંતિબાઈ લખન સિંઘ, લખન સિંઘ આહિરવાર અને કમલા કિશન તુફાનસિંઘ	સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સા, પ્લોટ નંબર ૨૯૮ ની જગ્યા ક્ષેત્રફળ ૫.૪૯મી. એટલે ૧૮.૦૧ ફૂટ. પહોળાઈ અને ૧૦.૯૮ મી. એટલે ૩૬.૦૨ ફૂટ. લંબાઈ, ગામ ફોર્મ નં.૭/૧૨ના રેવન્યુ રેકોર્ડ મુજબ ક્ષેત્રફળ ૬૦.૨૮ ચો.મી. સમાન ભાગમાં વહેંચાયેલ રોડ અને ખુલ્લી જમીન પ્લોટ નંબર ૪૯૦ ક્ષેત્રફળ ૧૩૪૧૫.૪૭ ચો.મી. પૈકી ૨૭.૬૬૦૮ ચો.મી. પૈકી “મહાદેવ રેસિડેન્સી-૧” ગુજરાત રાજ્યમાં આવેલી જમીન પર વિકસિત જિલ્લોઃ સુરત, પેટા જિલ્લો અને તાલુકોઃ પલસાણા, મોલઃ બગુમરા રેવન્યુ નં. ૪૪, ૪૫, ૪૯૮, ૪૯૮/૫, ૪૯૯/૧, ૪૯૯ /૩, ૪૯૯/૩, ૪૯૯/૪ અને ૪૯૯/૬, બ્લોક નં. ૬૭/એ અને જેની ચતુર્સીમાઃ પૂર્વ : ૭.૫ મી. રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. ૩૯૯, ઉત્તરઃ પ્લોટ નં. ૨૯૭ અને દક્ષિણઃ પ્લોટ નં. ૨૯૯	૮,૫૦,૦૦૦/-	૮૫,૦૦૦/-	૨૧-૦૬-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૨	રૂા ૧૫,૨૪,૮૨૬.૧૫/- ૨૬-૦૭-૨૦૨૧	શ્રી તારાચંદ પાલીવાલ અને શ્રીમતી ટીનાબાઈ પાલીવાલ	મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સા, પ્લોટ નં. ૪૬૨ ક્ષેત્રફળ ૭૨ ચો. યાર્ડ એટલે ૬૦.૨૮ ચો.મી. (બ્લોક નં. ૨૫૬/૪૬૨ ક્ષેત્રફળ ૬૦.૯૩ ચો.મી. કે.જે.પી. મુજબ) “નક્ષત્ર રેસિડેન્સી”, રેવન્યુ સર્વે નં. ૨૧૪, બ્લોક નં. ૨૫૬ ક્ષેત્રફળ હે.આરે. ૦૬-૧૫-૯૮ ચો.મી., મોજે ગામઃ જોલવા, તાલુકો પલસાણા, જિલ્લોઃ સુરત, જેની ચતુરસીમા - પૂર્વ : પ્લોટ નં. ૪૪૭, પશ્ચિમઃ ૬ મી. પહોળો રોડ, ઉત્તરઃ પ્લોટ નં.૪૬૧ અને દક્ષિણઃ પ્લોટ નં.૪૬૩	૮,૫૦,૦૦૦/-	૮૫,૦૦૦/-	૨૧-૦૬-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૩	રૂા. ૨૪,૬૧,૯૯૫.૯૦/- ૧૦-૦૧-૨૦૧૯	જીગ્નેશભાઈ હામીરભાઈ ગોહીલ અને રેખાબેન જીગ્નેશભાઈ ગોહીલ	પ્લોટ નં. ૪૬, રોયલ રેસીડેન્સી, ગામ કામરેજ,તા. કામરેજ, જિલ્લો સુરત -૩૯૪૧૮૫, ગુજરાત.	૧૨,૦૦,૦૦૦/-	૧,૨૦,૦૦૦/-	૨૧-૦૬-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૪	રૂા. ૧૩,૧૯,૨૨૯.૦૮/- ૦૬-૦૨-૨૦૨૦	શ્રી દેવેન્દ્ર બહાદુર શ્રી નરેન્દ્ર બહાદુર સિંઘ અને શ્રીમતી સાધના દેવેન્દ્ર સિંઘ	મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સા પ્લોટ નં. ૧૬૪ ક્ષેત્રફળ ૪૮ ચો. યાર્ડ એટલે કે ૪૦.૧૮ ચો. મી., બ્લોક નં. ૨૮૮/૧૬૪ ક્ષેત્રફળ ૪૦.૧૮ ચો. મી. કે.જે.પી. મુજબ સાથે, વણવહેંચાયેલ ભાગ ક્ષેત્રફળ ૨૩.૭૦ ચો. મી. રોડ અને સીઓપી, રાજ મંદિર રેસીડેન્સી, મોજે તાતીથૈયા, તાલુકો - પલસાણા, જિ. સુરત, સુરત, ગુજરાત - ૩૯૪૩૨૭	૬,૩૦,૦૦૦/-	૬૩,૦૦૦/-	૨૧-૦૬-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૫	રૂા. ૧૫,૬૯,૮૮૪.૬૭/- ૦૫-૦૮-૨૦૨૧	શંકર દુલાજી ચૌહાણ અને ધુલીબાઈ	મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સા પ્લોટ નં. ૨૫ મંજુર પ્લાન મુજબ ક્ષેત્રફળ ૬૦.૨૮ ચો.મી., બુકિંગ પ્લાન મુજબ ક્ષેત્રફળ ૬૦.૨૫ ચો. મી. સાથે ૧૧.૩૯ ચો.મી. ની જમીનના અવિભાજિત હિસ્સો સી.ઓ.પી. અને ૨૪.૪૨ ચો.મી.. રોડની જમીનમાં અવિભાજિત શેર, કુલ ક્ષેત્રફળ ૯૬.૦૯ ચો.મી., “શિવ સાગર રેસીડેન્સી-૨”, રેવન્યુ સર્વે નં. ૧૪૪, બ્લોક નં. ૧૩૯ ક્ષેત્રફળ ૩૫૯૧૬ ચો.મી. મોજે ગામઃ દાસ્તાન, તાઃ પલસાણા, જિલ્લોઃ સુરત. અને જેની ચતુર્સીમા- પૂર્વ : સોસાયટી રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. ૪૦, ઉત્તરઃ પ્લોટ નં. ૨૪ અને દક્ષિણઃ પ્લોટ નં. ૨૬	૮,૩૦,૦૦૦/-	૮૩,૦૦૦/-	૨૧-૦૬-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૬	રૂા. ૧૮,૨૪,૪૩૮.૬૩/- ૧૦-૦૫-૨૦૨૧	શ્રીમતી જસુબેન ચૌહાણ અને શ્રી મનોજકુમાર માવજીભાઈ ચૌહાણ	સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા, પ્લોટ નંબર ૬૦૦, ક્ષેત્રફળ ૭૨.૦૦ ચો. યાર્ડ એટલે ૬૦.૨૦ ચો. મી. સાઈટ મુજબ અને યોજના મુજબ ક્ષેત્રફળ ૫૫.૯૩ ચો. મી., રોડ એન્ડ સીઓપીમાં પ્રમાણસર અવિભાજિત શેર સાથે ક્ષેત્રફળ ૩૧.૨૨ ચો. મી., “શિવ વાટીકા” “વિભાગ-૨”, ગુજરાત રાજ્યમાં આવેલી જમીન પર વિકસિત, જિલ્લોઃ સુરત, પેટા-જિલ્લા અને તાલુકોઃ કામરેજ, મોજેઃ ગામ નનસાડ, રેવન્યુ સર્વે નં. ૭૦/૧, અને ૭૦/૨, બ્લોક નં. ૬૬, રી-સર્વે પછી બ્લોક નં. ૮૭ અને ૮૮, રહેણાંક હેતુ માટે, એન.એ. જમીન પૈકી, જેની ચતુર્સીમા - ઉત્તર : સોસાયટી ઈન્ટરનલ રોડ, દક્ષિણ : સંલગ્ન પ્લોટ નં. ૬૦૧, પૂર્વઃ સોસાયટી ઈન્ટરનલ રોડ અને પશ્ચિમઃ સંલગ્ન પ્લોટ નં. ૨૯૯	૯,૫૦,૦૦૦/-	૯૫,૦૦૦/-	૨૧-૦૬-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૭	રૂા. ૧૫,૬૯,૪૬૩.૮૬/- ૧૧-૦૪-૨૦૨૧	લાલજીભાઈ જી. રબારી અને નીતાબેન લાલજીભાઈ રબારી	જે તે મિલતના તમામ ભાગ અને હિસ્સા સાથે પ્લોટ નં. ૪૭, પ્લોટ એરીયા, જેનું ક્ષેત્રફળ ૧૮X૩૫ એટલે કે ૬૩૦ ચો. ફુટ એટલે કે ૫૮.૫૫ ચો.મી જે રોયલ રેસીડેન્સી પર આવેલ બ્લોક નં. ૩૮૭, રેવન્યુ સર્વે નં. ૩૯૭/૨ બ્લોક નં. ૩૮૮, રેવન્યુ સર્વે નં. ૩૯૭/૧ કે જેનું ક્ષેત્રફળ ૧૬૪૧૧ ચો.મી. અને ૧૬૧૪૦ ચો.મી.કુલ ક્ષેત્રફળ ૩૨૮૨૧ ચો.મી. મોજે કામરેજ , સુરત સીટી ગુજરાત. જેની ચતુર્સીમા : પૂર્વઃ પ્લોટ નં. ૪૮, પશ્ચિમ : પ્લોટ નં. ૪૬, ઉત્તર : અંદરનો રોડ અને દક્ષિણઃ પ્લોટ નં. ૩૪	૧૨,૦૦,૦૦૦/-	૧,૨૦,૦૦૦/-	૨૧-૦૬-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી

ડિસ્ક્લેમરઃ મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક નથી.

તા.: ૦૨.૦૬.૨૦૨૨, સ્થળ : ગુજરાત

અધિકૃત અધિકારી **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉ કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ/ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે જાણીતી)

સંસ્કાર સૌરભ

નબીની નસીહત

રસૂલુલ્લાહ (સ.અ.વ)એ ફરમાવ્યું છે,"જ્યારે તમે તમારા પડોશીઓને એમ કહેતા સાંભળો કે તમે ખોટું કર્યું છે તો ચોક્કસ તમે ખોટું કર્યું છે."(મોઅઝમે ઔસલ : ૨૯૮૨,અબ્દુલ્લાહ બિન મસૂદ રદિ.)

બોધ વચન

એટલા કડવા ન બનો કે કોઈ થૂંકી દે; અને એટલા મીઠાં ન બનો કે કોઈ ગળી જાય. -ટૉલસ્ટોય

આજની આરસી

૨ જૂન ગુરૂવાર ૨૦૨૨
૧ ઝિલકદ હિજરી ૧૪૪૩
જેઠ સુદ ત્રીજ સંવત ૨૦૭૮
સુબ્હ સાદિક ૪-૨૮
ખત્મે ઝવાલ ૧૨-૩૭
તુલૂએ આફતાબ (સૂર્યોદય)૫-૫૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૨૧

હદીસ બોધ

મોટાભાગે લોકો જે બે બાબતોનું મૂલ્ય સમજતા નથી કે તેનો લાભ ઉઠાવતા નથી તે બે બાબતો તંદુરસ્તી અને ફુરસદ છે. -હદીસ બોધ

હાલની ફેરી સર્વિસ કરતાં બમણી સ્પીડ ધરાવતી સર્વિસ માટે તૈયારીઓ આખરી તબક્કામાં

ભાવનગર-મુંબઈ તથા ભાવનગરથી હજીરા રો-રો ફેરી સર્વિસ હવે શરૂ થશે

અગાઉ દહેજ-ઘોઘા ફેરી સર્વિસ ૨૦૧૯માં અનિશ્ચિત સમય માટે બંધ કરાઈ હતી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧

ભાવનગર-હજીરા અને ભાવનગર-મુંબઈ રૂટ પર અત્યાધુનિક રો-રો ફેરી સર્વિસ ખૂબ જલ્દી શરૂ કરવામાં આવશે. આ સેવા હાલની ઘોઘા-હજીરા રો-રો ફેરી કરતાં બમણી સ્પીડ અને વધુ ક્ષમતા ધરાવતી હશે. સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોકેમિકલ્સ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (સીઆઈપીઈટી)ના ૫૫મા પ્રોફેશલ ટ્રેનિંગ સેન્ટરનું લોકાર્પણ કરવા માટે ભાવનગરના મહેમાન બન્યા હતા. મફતલાલ ગ્રુપ ભાવનગરમાં સીએનજી ટર્મિનલની સ્થાપના કરી રહ્યું છે અને અલંગ ખાતે રિસાયકલિંગ યાર્ડ બની રહ્યું છે. આ માટે ભાવનગર-હજીરા અને ભાવનગર-મુંબઈ વચ્ચેની અત્યાધુનિક રો-રો ફેરી સર્વિસ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે, જે હાલની ફેરી સર્વિસ કરતાં બમણી સ્પીડ ધરાવતી હશે. રોપેક્સ ફેરી હજીરા બંદર પર આવી ચૂકી છે તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. ભાવનગર-મહુલા કોસ્ટલ રોડના રિનોવેશનનું કામ ચાલી રહ્યું છે, આ સિવાય ભાવનગર અને ધોલેરા વચ્ચે સિક્સ લેન રોડ બની રહ્યો છે, ભાવનગરના ૩૦૦ વર્ષ પૂરા થતાં યાદગાર ઉજવણી કરવાનો પ્રસ્તાવ પણ મૂક્યો હતો. આ હાઈવે પર મોટા-મોટા ખાડા પડી ગયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ભાવનગરમાં કન્ટેનર બનાવવાની સુવિધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસ કાર્યરત છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૭માં તેમનો ડ્રીમ પ્રોજેક્ટ ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસને ખુલ્લો મૂક્યો હતો. જેના ઘણા મહિના બાદ સર્વિસ શરૂ કરવામાં આવી હતી. કેટલાક કારણોસર સપ્ટેમ્બર, ૨૦૧૯માં રો-રો ફેરી સર્વિસ અનિશ્ચિત સમય માટે બંધ કરી દેવામાં આવી હતી. ભાવનગરથી ભરૂચનું અંતર આમ તો ૩૧૦ કિમી થાય છે પરંતુ ફેરી સર્વિસના કારણે તે ૩૧ કિમી થઈ જાય છે. ૬૧૫ કરોડ રૂપિયાના ખર્ચે યોજના શરૂ કરવામાં આવી હતી.

AMCની એડવાન્સ ટેક્સની યોજનાના લાભ માટે નવતર પ્રયોગ કરાશે

અમદાવાદ, તા.૧

અમદાવાદના મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેક્સધારકો એડવાન્સ ટેક્સ રિબેટ યોજનાનો લાભ લીધો નથી તેઓને આ રીબેટ યોજનાથી કેટલો લાભ થાય તેની માહિતી સાથેનો એક પત્ર મોકલવામાં આવશે. રેવન્યુ કમિટીના ચેરમેને જણાવ્યું હતું કે, ટેક્સ વિભાગ દ્વારા ૨૨ એપ્રિલથી એડવાન્સ ટેક્સ રિબેટ યોજના શરૂ કરવામાં આવી છે જેમાં લોકોનો પ્રતિસાદ સારો મળ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશન ટેક્સ વિભાગ દ્વારા જાહેર ખબરો તેમજ સમાચાર પત્રોમાં માહિતી આપીને જાહેરાત કરવામાં આવે છે રૂા.૪૪૧ કરોડના અત્યાર સુધીમાં ટેક્સની આવક થઈ છે જે ગત વર્ષ કરતા રૂા.૧૮૦ કરોડથી વધુ છે. લોકો સુધી વધુ માહિતી પહોંચે તેના માટે હવે જે પણ ટેક્સધારકોને ટેક્સ ભરે તેના માટે વ્યક્તિગત પત્ર લખવામાં આવશે. જેથી તેઓ વધુ વળતર મેળવી શકે અને કોર્પોરેશનની આવક થઈ શકે છે.

નોકરી પરથી છૂટા કરી દેવાની સરકાર તરફથી ચીમકી અપાતા

રાજ્યની ગ્રામ પંચાયતોના કોમ્પ્યુટર ઓપરેટરોએ આખરે હડતાળ સમેટી

૨૨ દિવસ બાદ પણ સરકારે મચક ન આપી : રૂા.પાંચ કમિશન વધારાયું

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧

રાજ્યમાં ઘણા સમયથી ચાલી રહેલી VCE (વિલેજ કમ્પ્યુટર ઓપરેટર) કર્મચારીઓની હડતાળ હવે સમેટાઇ ગઈ છે. ૨૨ દિવસની હડતાળ બાદ પણ સરકારે મચક ના આપતાં હવે આખરે હડતાળ સમેટવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ કર્મચારીઓને સરકારે ચિમકી આપી હતી કે, જો તમે હડતાળ નહી સમેટી તો તેમને નોકરી પરથી છુટા કરી દેવામાં આવશે. સરકારની આ ચિમકી બાદ VCE કર્મચારીઓએ તેમની હડતાળ સમેટી લીધી છે. જો કે સરકાર VCE કર્મચારીઓને તેમને મળતા કમિશનમાં વધારો કર્યો છે અને ૫ રુપીયા કમિશન વધારવાનો નિર્ણય કર્યો છે. રાજયમાં ૧૧,૦૦૦થી વધુ વિલેજ કમ્પ્યુટર ઓપરેટર ગ્રામપંચાયતમાં ફરજ બજાવે છે. VCE કર્મચારીઓએ એવી માગણીઓ સાથે હડતાળ શરુ કરી હતી કે, સરકાર તેમને સામાન્ય કમિશન આપે છે, અને તે પણ નિયમિત નથી મળતું. જેથી કરીને આ કર્મચારીઓને નિયત પગાર ધોરણ પર લેવા, નોકરીની સુરક્ષા આપવી તેમજ સરકારી લાભો આપવા સહિતની માગણી કરાઈ હતી. ગ્રામપંચાયત કમ્પ્યૂટર સાહસિક (ઓપરેટર) મંડળના મહામંત્રીએ હડતાળ સમયે જણાવ્યું હતું કે, બે વર્ષ પહેલાં પણ આ માંગણીઓ માટે આંદોલન કર્યું હતું ત્યારે સરકારે ખાતરી આપી હતી પરંતુ હજુ પણ પ્રશ્નો ઉકેલાયા નથી.

BAPSના પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરતાં બહેરિનના વડાપ્રધાન

અમદાવાદ, તા. ૧

બહેરિનના ક્રાઉન પ્રિન્સ અને વડાપ્રધાન સલમાન બિન હમાદ અલ ખલિફાએ સ્વામી બ્રહ્માવિહરિદાસ અને બાપ્સ સ્વામિનારાયણ સંસ્થા સાથે મંગળવારે મુલાકાત કરી બહેરિનમાં બની રહેલા સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિર અંગે ચર્ચા કરી હતી. બહેરિનના નેતાઓ દ્વારા ભેંટમાં આપવામાં આવેલી જમીન પર આ મંદિરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જે અંગે પહેલી ફેબ્રુઆરીના રોજ ઘોષણા કરવામાં આવી હતી. આ પગલાંને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી પણ આવકાર મળ્યો હતો. આ મુલાકાત સમયે ભારતના રાજદૂત પિયુષ શ્રિવાસ્તવ, બાપ્સના મિડલ ઈસ્ટ ખાતેના પ્રમુખ, સ્વામી અક્ષરતિદાસ, બાપ્સ બહેરિનના પ્રમુખ ડો. પ્રફુલ્લ પટેલ અને સમુદાયના નેતાઓ રમેશ પાટીદાર તથા મહેશ દેવજી પણ હાજર રહ્યાં હતા. આ મુલાકાત સમયે બહેરિનના વડાપ્રધાન અને ક્રાઉન પ્રિન્સ સુધી મોદીનો સંદેશ પહોંચાડવામાં આવ્યો હતો. મોદીએ આ પગલાને ઐતિહાસિક ગણાવ્યો હતો. તેમજ મોદીએ શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

ચાંદ દેખાવા બાબત

અમદાવાદ, તા.૧

ગુજરાત ચાંદ કમિટીના પ્રમુખ મુફ્તી મોહંમદ શબ્બીર અહેમદ સિદ્દીકી અને શહેર કાઝી જનાબ મોહંમદ શોએબે એક યાદીમાં જણાવ્યું છે કે, આજરોજ તા.૧/૬/૨૦૨૨ બુધવાર મગરીબના સમયે ચાંદ દેખાતા આવનાર ઈસ્લામી મહિના માહે ઝિલકઅદનો પહેલો ચાંદ તા.૨/૬/૨૦૨૨ ગુરૂવારના રોજ ગણાશે. જો કે સાથે એક નોંધમાં જણાવ્યું હતું કે, શરઈ સબૂત મળવાથી ચાંદની તારીખમાં ફેરબદલ થઈ શકે છે.

દેશભરના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના વૈજ્ઞાનિકોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપતા રાજ્યપાલ

પ્રાકૃતિક કૃષિથી લોકોના સ્વાસ્થ્યની રક્ષા તથા ખેડૂતો માટે વૈજ્ઞાનિકો સંકલ્પ કરે

સ્વસ્થ માટી-સ્વસ્થ ખેતી વગેરે થકી સ્વસ્થ ભારતનું નિર્માણનું આહ્વાન : કેન્દ્રીય મંત્રી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે હિમાચલ પ્રદેશના સોલન ખાતેની ડૉ. વાય એસ. પરમાર હોર્ટિકલ્ચર એન્ડ ફોરેસ્ટ્રી યુનિવર્સિટી ખાતે યોજાયેલાં ૧૨માં દ્વિ-વાર્ષિક રાષ્ટ્રીય કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સંમેલનના ઉદ્ઘાટન સત્રમાં દેશભરના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો-KVKનાં વૈજ્ઞાનિકોને પ્રાકૃતિક કૃષિ સંદર્ભે માર્ગદર્શન આપ્યુ હતું. રાજ્યપાલે સંમેલનમાં જણાવ્યું હતું કે, ૬૦ના દશકમાં ખાદ્યાન્ન ક્ષેત્રે દેશને સ્વાવલંબી બનાવવા ક્ષેત્રે કૃષિ વૈજ્ઞાનિકોનું પ્રદાન મહત્વપૂર્ણ રહ્યુ હતું. હવે પ્રાકૃતિક કૃષિથી લોકોના સ્વાસ્થ્યની રક્ષા માટે, ખેતી અને ખેડૂતોની સમૃદ્ધિ માટે વૈજ્ઞાનિકો સંકલ્પબદ્ધ બને. તેમણે વધુમાં જણાવ્યુ હતું કે, રાસાયણિક કૃષિના દુષ્પરિણામોથી બચવા પ્રાકૃતિક કૃષિ અપનાવવી એ આજના સમયની માંગ છે. રાજ્યપાલે વૈજ્ઞાનિકોને પરિવર્તનના પ્રહરી ગણાવી જણાવ્યુ હતું કે, વૈજ્ઞાનિકો પોતાના સંશોધનો-કૌશલ્યની મદદથી વર્તમાન પડકારોનો ઉકેલ મેળવી પ્રાકૃતિક કૃષિની મદદથી આપત્તિને અવસરમાં પરિવર્તિત કરે અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વૈજ્ઞાનિક તથ્યોથી માહિતગાર કરી. આ પ્રસંગે તેમણે પ્રાકૃતિક કૃષિના બીજામૃત, જીવામૃત-ઘન જીવામૃત, મલ્ચીંગ, વાપ્સા અને મિશ્ર પાક જેવા મહત્વના સિદ્ધાંતોની વિગતવાર સમજ આપી હતી. તેમણે જણાવ્યુ હતું કે, દેશી ગાયના છાણ-ગૌમૂત્ર, બેસન, ગોળ અને માટીના મિશ્રણથી બનતા જીવામૃત-ઘન જીવામૃત પ્રાકૃતિક ખાતરનું કાર્ય કરે છે, જે જમીનમાં સૂક્ષ્મ જીવાણુની વૃદ્ધિ કરે છે અને જમીનનાં ઓર્ગેનિક કાર્બનની માત્રામાં વધારો કરે છે, જેથી જમીન ફળદ્રુપ બને છે. રાજ્યપાલે જૈવિક કૃષિ અર્થાત્ ઓર્ગેનિક ખેતી અને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને સાવ અલગ ગણાવતા જણાવ્યું હતું કે, ઓર્ગેનિક કૃષિમાં કૃષિ ખર્ચ ઘટતો નથી, શરૂઆતના વર્ષોમાં ઉત્પાદન ઘટે છે. નિંદામણની સમસ્યાનો હલ થતો નથી, જ્યારે પ્રાકૃતિક કૃષિમાં શરૂઆતથી જ ઉત્પાદનમાં ઘટાડો થતો નથી, કૃષિ ખર્ચ ઘટે છે. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતરોના ઉપયોગથી ઉત્પાદન વધે તે હવે શક્ય નથી. જમીન બંજર બની રહી છે, ત્યારે જમીન અને માનવીના સ્વાસ્થ્યની રક્ષા માટે પ્રાકૃતિક કૃષિ આશીર્વાદરૂપ છે, તેમણે કૃષિ ક્ષેત્રે ટેક્નોલૉજીના ઉપયોગ ઉપર પણ ભાર મૂક્યો હતો. આ સંમેલનમાં વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયેલા કેન્દ્રના કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમરે દેશના કૃષિ વિકાસમાં ખેડૂતોનો પરિશ્રમ અને કૃષિ વૈજ્ઞાનિકોના સંશોધન-માર્ગદર્શનને મહત્વરૂપ ગણાવી ઉમેર્યું હતું કે, સ્વસ્થ માટી, સ્વસ્થ ખેતી, સ્વસ્થ કૃષિ ઉત્પાદનથી સ્વસ્થ ભારતના નિર્માણ માટે દેશના ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપવા પ્રતિબદ્ધ બને.

દેશી બનાવટના હથિયાર સાથે એકને ઝડપી પાડતી ગાયકવાડ હવેલી પોલીસ

અમદાવાદ, તા. ૧

શહેરની ગાયકવાડ હવેલી પોલીસ દ્વારા દેશી બનાવટની પિસ્તલ સાથે એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. હાલ રથયાત્રાને પગલે હવેલી પી.આઈ. આર. એચ. સોલંકી સહિતની ટીમ પોલીસ ટીમ દ્વારા સઘન પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. તે દરમ્યાન ગાયકવાડ હવેલીના સર્વેલન્સ સ્કોવોર્ડના પી.એસ.આઈ. આર. એલ. પટેલ સહિતના સ્ટાફે બાતમીના આધારે વોચ ગોઠવી હતી. તપાસ કરતાં ૩૩ વર્ષીય શહેઝાદખાન સલીમખાન પઠાણ દેશી બનાવટની પિસ્તલ સાથે ઝડપાયો હતો. જે ૪૦૨, મદિના ફ્લેટ, અખાડાની બાજુમાં, સોદાગરની પોળ, જમાલપુર ખાતે રહેતો હોવાનું જણાવાયું હતું. પિસ્તલની કિંમત રૂા. દસ હજાર જેટલી હોવાનું જણાવાયું હતું. આ મામલે પોલીસે આરોપી સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર **શેખ મકસુદહુસેન મોહંમદહુસેન** રહે : ઘર નં.૩૯, શક્તિનગર, ગ્રીન પાર્કની સામે, સૌરાષ્ટ્ર પેઈન્ટની બાજુમાં, બીબીતળાવ, વટવા, અમદાવાદનાઓની સૂચના અને ફરમાઈશથી જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમારા પુત્ર નામે **શેખ અજીજુલહસન મકસુદહુસેન** અમારા કહ્યામાં નથી અને તે અમારાથી જુદો રહે છે અને તે અમારી કોઈ વાત માનતો નથી અને તેમના લગ્ન થઈ ગયેલ છે અને તેઓ અમારી સાથે રહેતા નથી અને અમારા તેમની સાથે કોઈપણ પ્રકારના પારિવારિક સંબંધ નથી અને તેઓને અમોએ અમારી સ્થાવર તથા જંગમ મિલકતમાંથી આ નોટિસ આપી બેદખલ કરેલ છે. જેથી અમારા પુત્રનો હવે પછી અમારી સ્થાવર કે જંગમ મિલકતમાં કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો રહેતો નથી. તેથી કોઈપણ વ્યક્તિ, પેઢી, સંસ્થા કે બેંકે નાણાકીય કે સામાજિક વ્યવહારો કરવો કરાવવો નહીં, તેમ છતાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થા આવો વ્યવહાર કરવો કરાવવો નહીં અને જો આવું કોઈ વ્યવહાર કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિ કે સંસ્થાની રહેશે, તે અંગે અમો જવાબદાર રહીશું નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારી મારફતે,
મોહંમદયુસુફ જી.શેખ (એડવોકેટ)
મો.નં. ૯૮૨૫૭૦૦૭૧૪

લિ.
મકસુદહુસેન એમ.શેખ
મો.નં.૯૩૭૪૨૦૪૮૦૭

એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ – રોકાણકાર જાગૃતિ કાર્યક્રમ

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

તારીખ અને સ્થળ:

શનિવાર, 4 જૂન, 2022; સાંજે 6:30 વાગ્યાથી.
આઈનોક્સ, રેસકોર્સ રોડ, ગોપાલ બાગ, ઈલોરા, વડોદરા – 390 007, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કશ્યપ શુક્લ, મોબાઈલ : 98255 27423.

શનિવાર, 4 જૂન, 2022; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ રસોઈ, કાળુભા રોડ, કલાનાળા, ભાવનગર – 364 001.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ચિંતન દલવાડી, મોબાઈલ : 98255 71968.

શનિવાર, 4 જૂન, 2022; સાંજે 7:00 વાગ્યાથી.
દિલ સે રે બેંક્વેટ હોલ, સ્ટાર બજાર ઉપર, ઈમ્પીરીયલ સ્ક્વેર, અડાજણ, સુરત 395009.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અમિત મંડલયવાલા, મોબાઈલ : 99249 59993.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:30 સુધીનો જ રહેશે.
કાર્યક્રમ દરમિયાન કોવિડ સુરક્ષા માર્ગદર્શિકાનું પાલન કરવાનું ફરજિયાત છે.
વૉક–ઈન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav | HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education by HDFC Mutual Fund

કેવાઈસી, સરનામું બદલવું, રોકાણકારોની ફરિયાદોનું નિવારણ વગેરે માટે https://www.hdfcfund.com/information/key-know-how ની મુલાકાત લો.
મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.

‘બિન અનામત વર્ગમાં દરેક કેટેગરીના મેરિટવાળા ઉમેદવારો ભાગ લઈ શકે’ : PSI ભરતી વિવાદમાં હાઈકોર્ટમાં સુનાવણી સમયે સરકારનો જવાબ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

પીએસઆઈ ભરતી વિવાદ મામલે હાઈકોર્ટમાં દાખલ અરજી અંગે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જે દરમ્યાન સરકાર તરફથી પોતાનો જવાબ રજૂ કરવામાં આવ્યો હતો. સરકારે જણાવ્યું હતું કે, બિન અનામત વર્ગમાં દરેક કેટેગરીના મેરિટવાળા ઉમેદવારો ભાગ લઈ શકે છે. આ અંગેની વધુ સુનાવણી ત્રીજી જૂનના રોજ હાથ ધરવામાં આવશે. પીએસઆઈની ભરતી જીપીએસસી પેટર્ન પ્રમાણે કરવાની માંગ સાથે હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. ૧૨ અને ૧૯ જૂનના રોજ પીએસઆઈની ભરતી પરીક્ષા યોજાશે. ૧૨ જૂનની પરીક્ષાના એડમિટ કાર્ડ પાંચ જૂનથી ડાઉનલોડ કરી શકાશે.

થોડા સમય પહેલા પીએસઆઈની ભરતી માટેના પ્રિલિમ પરીક્ષાનુ પરિણામ જાહેર કરાયેલુ છે, જેની સામે હાઈકોર્ટમાં વિવિધ અરજીઓ થયેલી છે. આ અરજીની સુનાવણી સમયે આજે રાજ્ય સરકારે તેનો જવાબ રજૂ કર્યો છે. બીજી તરફ, અરજદારે આ અરજી પર જલદીથી સુનાવણીની માગ કરેલી. જો કે, સરકારે તેનો વિરોધ કરેલો. હાઈકોર્ટે આ અરજી પરની વધુ સુનાવણી ત્રીજી જૂને રાખી છે.

રાજ્ય સરકારે તેના જવાબમાં કહ્યું છે કે, સરકારના સંબંધિત વિભાગે પીએસઆઈની ભરતી માટેની જે પ્રક્રિયા હાથ ધરેલી છે, તે યોગ્ય છે. ભરતી માટે બહાર પાડેલા નોટિફિકેશન મુજબ જ મેરિટ તૈયાર કરાયેલુ છે, જો અરજદારને આ ભરતી પ્રક્રિયાને પડકારવી હતી તો જ્યારે જાહેરાત બહાર પડી ત્યારે જ તેને પડકારવાની જરૂર હતી. આ ઉપરાંત, ભરતીમાં રૂલ મુજબ એક્સ સર્વિસમેન માટે ૨૦ ટકા રાહત આપેલી જ છે. પ્રિલિમ પરીક્ષા માટે દરેક કેટેગરીમાં તેની કુલ જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને પાસ કરાયા છે અને મુખ્ય પરીક્ષા માટે બોલાવેલા છે. સરકારે તેના જવાબમાં કહ્યુ છે કે, સામાન્ય રીતે એવુ માનવામાં આવે છે કે, જનરલ કેટેગરી એટલે બિન અનામત વર્ગ અથવા તો ઓપન કેટેગરી. જે ખોટુ છે. બિન અનામત વર્ગની કેટેગરી એટલે એવી કેટેગરી કે જેમાં દરેક વર્ગના (ઓબીસી, એસસી, એસટી) ઉચ્ચ મેરિટવાળા ઉમેદવારોનો સમાવેશ થઈ શકે છે. આ ઓપન મેરિટ લિસ્ટ છે, જેમાં દરેકનો સમાવેશ કરી શકાય છે.. જેથી, મુખ્ય પરીક્ષા માટેના જનરલ ઉમેદવારોના પ્રોવિઝનલ લિસ્ટમાં મેરિટમાં આવતા કોઈપણ વર્ગના ઉમેદવારોનો સમાવેશ થઈ શકે છે. સુનાવણી દરમિયાન, અરજદારના વકીલની રજૂઆત હતી કે આ કેસ પરની સુનાવણી વહેલી હાથ ધરવામાં આવે. પાંચ જૂન પછી જો સુનાવણી થશે તો આ અરજીઓ અર્થહીન બની જશે, કારણ કે મુખ્ય પરીક્ષા ૧૨ જૂને અને ૧૯ જૂને યોજાશે. જેમાં, ૧૨ જૂને યોજાનાર મુખ્ય પરીક્ષા માટે પાંચ જૂનથી અને ૧૯ જૂને યોજાનાર મુખ્ય પરીક્ષા માટે ૧૨ જૂનથી ઉમેદવારોને એડમિટ કાર્ડ ઈસ્યુ થવાના શરૂ થઈ જશે.

ધંધુકાના ધારાસભ્ય રાજેશભાઈ ગોહિલની ગ્રાન્ટમાંથી ખરીદવામાં આવેલી એમ્બ્યુલન્સના લોકાર્પણ કાર્યક્રમમાં ગુજરાતના પૂર્વ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડા, પૂર્વ સાંસદ રાજુભાઈ પરમાર, ચોટીલાના ધારાસભ્ય ઋત્વિક મકવાણા, ધંધુકાના ધારાસભ્ય રાજેશભાઈ ગોહિલ સહિતના આગેવાનો અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા. આ લોકાર્પણ કાર્યક્રમ પી.એમ.બી. હેલ્થ સેન્ટર ખાતે યોજવામાં આવ્યો હતો.

IDFC FIRST BANK LIMITED

(erstwhile Capital First Limited) and amalgamated with IDFC Bank Limited)CIN : L65110TN2014PLC097792
Registered Office : KRM Towers, 8th Floor, Harringtone Road,Chetpet, Chennai-600031.
TEL : +91 44 4564 4000 | FAX : +91 44 4564 4022
AUTHORIZED OFFICER -Himanshu Singh CONTACT NUMBER- 9621177755
AUTHORIZED OFFICER - Debjyoti Roy CONTACT NUMBER- 9874702021

IDFC FIRST Bank

એપેન્ડિક્સ - IV-A [જુઓ નિયમ ૮ (૬)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણની વેચાણ નોટિસ

ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર અસ્ક્યામતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને કોલમ (ii) મુજબના દેણદાર(રો)ને અને સહદેણદારર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (iii) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, એનો ભૌતિક કબજો અગાઉના કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ અને કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હવે **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **‘જેમ છે જ્યાં છે’, ‘જે છે તે છે’, અને ‘જે કાંઈ છે તે છે’** નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડે (અગાઉની કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ) (i) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહદેણદારર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, **આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઇટ www.idfcfirstbank.com** પર આપેલી લિંકનો સંદર્ભ લો.

	(i)	(ii)	(iii)	(iv)	(v)	(vi)
ક્રમ	ડિમાન્ડ નોટિસ રકમ અને તારીખ	દેણદાર(રો) અને સહદેણદાર(રો)નાં નામ	મિલકતનું સરનામું	રિઝર્વ કિંમતની રકમ	ઈએમડી રકમ	હરાજીની તારીખ અને સમય
૧	રૂા. ૧૬,૫૯,૩૧૯.૯૬/- ૧૨-૦૬-૨૦૨૧	શાંતિબાઈ લખન સિંઘ, લખન સિંઘ આહિરવાર અને કમલા કિશન તુફાનસિંઘ	સ્થાવર મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સા, પ્લોટ નંબર ૨૯૮ ની જગ્યા ક્ષેત્રફળ ૫.૪૯મી. એટલે ૧૮.૦૧ ફૂટ. પહોળાઈ અને ૧૦.૯૮ મી. એટલે ૩૬.૦૨ ફૂટ. લંબાઈ, ગામ ફોર્મ નં.૭/૧૨ના રેવન્યુ રેકોર્ડ મુજબ ક્ષેત્રફળ ૬૦.૨૮ ચો.મી. સમાન ભાગમાં વહેંચાયેલ રોડ અને ખુલ્લી જમીન પ્લોટ નંબર ૪૯૦ ક્ષેત્રફળ ૧૩૪૧૫.૪૭ ચો.મી. પૈકી ૨૭.૬૬૦૮ ચો.મી. પૈકી "મહાદેવ રેસિડેન્સી-૧" ગુજરાત રાજ્યમાં આવેલી જમીન પર વિકસિત જિલ્લોઃ સુરત, પેટા જિલ્લો અને તાલુકોઃ પલસાણા, મોલઃ બગુમરા રેવન્યુ નં. ૪૪, ૪૫, ૪૯૮, ૪૯૮/૫, ૪૯૯/૧, ૪૯૯ /૩, ૪૯૯/૩, ૪૯૯/૪ અને ૪૯૯/૬, બ્લોક નં. ૬૭/એ અને જેની ચતુર્સીમાઃ પૂર્વ : ૭.૫ મી. રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. ૩૯૯, ઉત્તરઃ પ્લોટ નં. ૨૯૭ અને દક્ષિણઃ પ્લોટ નં. ૨૯૯	૮,૫૦,૦૦૦/-	૮૫,૦૦૦/-	૨૧-૦૬-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૨	રૂા ૧૫,૨૪,૮૨૬.૧૫/- ૨૬-૦૭-૨૦૨૧	શ્રી તારાચંદ પાલીવાલ અને શ્રીમતી ટીનાબાઈ પાલીવાલ	મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સા, પ્લોટ નં. ૪૬૨ ક્ષેત્રફળ ૭૨ ચો. યાર્ડ એટલે ૬૦.૨૮ ચો.મી. (બ્લોક નં. ૨૫૬/૪૬૨ ક્ષેત્રફળ ૬૦.૯૩ ચો.મી. કે.જે.પી. મુજબ) "નક્ષત્ર રેસિડેન્સી", રેવન્યુ સર્વે નં. ૨૧૪, બ્લોક નં. ૨૫૬ ક્ષેત્રફળ હે.આરે. ૦૬-૧૫-૯૮ ચો.મી., મોજે ગામઃ જોલવા, તાલુકો પલસાણા, જિલ્લોઃ સુરત, જેની ચતુરસીમા - પૂર્વ : પ્લોટ નં. ૪૪૭, પશ્ચિમઃ ૬ મી. પહોળો રોડ, ઉત્તરઃ પ્લોટ નં.૪૬૧ અને દક્ષિણઃ પ્લોટ નં.૪૬૩	૮,૫૦,૦૦૦/-	૮૫,૦૦૦/-	૨૧-૦૬-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૩	રૂા. ૨૪,૬૧,૯૯૫.૯૦/- ૧૦-૦૧-૨૦૧૯	જીગ્નેશભાઈ હામીરભાઈ ગોહીલ અને રેખાબેન જીગ્નેશભાઈ ગોહીલ	પ્લોટ નં. ૪૬, રોયલ રેસીડેન્સી, ગામ કામરેજ,તા. કામરેજ, જિલ્લો સુરત -૩૯૪૧૮૫, ગુજરાત.	૧૨,૦૦,૦૦૦/-	૧,૨૦,૦૦૦/-	૨૧-૦૬-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૪	રૂા. ૧૩,૧૯,૨૨૯.૦૮/- ૦૬-૦૨-૨૦૨૦	શ્રી દેવેન્દ્ર બહાદુર શ્રી નરેન્દ્ર બહાદુર સિંઘ અને શ્રીમતી સાધના દેવેન્દ્ર સિંઘ	મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સા પ્લોટ નં. ૧૬૪ ક્ષેત્રફળ ૪૮ ચો. યાર્ડ એટલે કે ૪૦.૧૮ ચો. મી., બ્લોક નં. ૨૮૮/૧૬૪ ક્ષેત્રફળ ૪૦.૧૮ ચો. મી. કે.જે.પી. મુજબ સાથે, વણવહેંચાયેલ ભાગ ક્ષેત્રફળ ૨૩.૭૦ ચો. મી. રોડ અને સીઓપી, રાજ મંદિર રેસીડેન્સી, મોજે તાતીથૈયા, તાલુકો - પલસાણા, જિ. સુરત, સુરત, ગુજરાત - ૩૯૪૩૨૭	૬,૩૦,૦૦૦/-	૬૩,૦૦૦/-	૨૧-૦૬-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૫	રૂા. ૧૫,૬૯,૮૮૪.૬૭/- ૦૫-૦૮-૨૦૨૧	શંકર દુલાજી ચૌહાણ અને ધુલીબાઈ	મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સા પ્લોટ નં. ૨૫ મંજુર પ્લાન મુજબ ક્ષેત્રફળ ૬૦.૨૮ ચો.મી., બુકિંગ પ્લાન મુજબ ક્ષેત્રફળ ૬૦.૨૫ ચો. મી. સાથે ૧૧.૩૯ ચો.મી. ની જમીનના અવિભાજિત હિસ્સો સી.ઓ.પી. અને ૨૪.૪૨ ચો.મી.. રોડની જમીનમાં અવિભાજિત શેર, કુલ ક્ષેત્રફળ ૯૬.૦૯ ચો.મી., "શિવ સાગર રેસીડેન્સી-૨", રેવન્યુ સર્વે નં. ૧૪૪, બ્લોક નં. ૧૩૯ ક્ષેત્રફળ ૩૫૯૧૬ ચો.મી. મોજે ગામઃ દાસ્તાન, તાઃ પલસાણા, જિલ્લોઃ સુરત. અને જેની ચતુર્સીમા- પૂર્વ : સોસાયટી રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. ૪૦, ઉત્તરઃ પ્લોટ નં. ૨૪ અને દક્ષિણઃ પ્લોટ નં. ૨૬	૮,૩૦,૦૦૦/-	૮૩,૦૦૦/-	૨૧-૦૬-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૬	રૂા. ૧૮,૨૪,૪૩૮.૬૩/- ૧૦-૦૫-૨૦૨૧	શ્રીમતી જસુબેન ચૌહાણ અને શ્રી મનોજકુમાર માવજીભાઈ ચૌહાણ	સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા, પ્લોટ નંબર ૬૦૦, ક્ષેત્રફળ ૭૨.૦૦ ચો. યાર્ડ એટલે ૬૦.૨૦ ચો. મી. સાઈટ મુજબ અને યોજના મુજબ ક્ષેત્રફળ ૫૫.૯૩ ચો. મી., રોડ એન્ડ સીઓપીમાં પ્રમાણસર અવિભાજિત શેર સાથે ક્ષેત્રફળ ૩૧.૨૨ ચો. મી., "શિવ વાટીકા" "વિભાગ-૨", ગુજરાત રાજ્યમાં આવેલી જમીન પર વિકસિત, જિલ્લોઃ સુરત, પેટા-જિલ્લા અને તાલુકોઃ કામરેજ, મોજેઃ ગામ નનસાડ, રેવન્યુ સર્વે નં. ૭૦/૧, અને ૭૦/૨, બ્લોક નં. ૬૬, રી-સર્વે પછી બ્લોક નં. ૮૭ અને ૮૮, રહેણાંક હેતુ માટે, એન.એ. જમીન પૈકી, જેની ચતુર્સીમા - ઉત્તર : સોસાયટી ઈન્ટરનલ રોડ, દક્ષિણ : સંલગ્ન પ્લોટ નં. ૬૦૧, પૂર્વઃ સોસાયટી ઈન્ટરનલ રોડ અને પશ્ચિમઃ સંલગ્ન પ્લોટ નં. ૨૯૯	૯,૫૦,૦૦૦/-	૯૫,૦૦૦/-	૨૧-૦૬-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી
૭	રૂા. ૧૫,૬૯,૪૬૩.૮૬/- ૧૧-૦૪-૨૦૨૧	લાલજીભાઈ જી. રબારી અને નીતાબેન લાલજીભાઈ રબારી	જે તે મિલતના તમામ ભાગ અને હિસ્સા સાથે પ્લોટ નં. ૪૭, પ્લોટ એરીયા, જેનું ક્ષેત્રફળ ૧૮X૩૫ એટલે કે ૬૩૦ ચો. ફૂટ એટલે કે ૫૮.૫૫ ચો.મી જે રોયલ રેસીડેન્સી પર આવેલ બ્લોક નં. ૩૮૭, રેવન્યુ સર્વે નં. ૩૯૭/૨ બ્લોક નં. ૩૮૮, રેવન્યુ સર્વે નં. ૩૯૭/૧ કે જેનું ક્ષેત્રફળ ૧૬૪૧૧ ચો.મી. અને ૧૬૧૪૦ ચો.મી.કુલ ક્ષેત્રફળ ૩૨૮૨૧ ચો.મી. મોજે કામરેજ , સુરત સીટી ગુજરાત. જેની ચતુર્સીમા : પૂર્વઃ પ્લોટ નં. ૪૮, પશ્ચિમ : પ્લોટ નં. ૪૬, ઉત્તર : અંદરનો રોડ અને દક્ષિણઃ પ્લોટ નં. ૩૪	૧૨,૦૦,૦૦૦/-	૧,૨૦,૦૦૦/-	૨૧-૦૬-૨૦૨૨ સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી

ડિસ્ક્લેમરઃ મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક નથી.

અધિકૃત અધિકારી **આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉ કેપિટલ ફર્સ્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ/ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે જાણીતી)

તા.: ૦૨.૦૬.૨૦૨૨, સ્થળ : ગુજરાત

મુસ્લિમોને નિશાન બનાવતા કટ્ટરપંથીઓ માટે મોદી સરકારની મૌન મંજૂરી એ તેના આઠ વર્ષના કાર્યકાળની ભયાનક વિસંગતતા છે

(એજન્સી) તા.૧

જમીયત-ઉલેમા-એ-હિંદ દ્વારા આયોજિત બે દિવસીય સત્ર દરમિયાન મસ્જિદોની શહીદી અને યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) સંબંધિત મુદ્દાઓ પર વિચાર-વિમર્શ કરવા માટે દેશભરમાંથી લગભગ ૫,૦૦૦ મૌલવીઓ, ઈમામો અને ઈસ્લામિક વિદ્વાનો ઉત્તર પ્રદેશના દેવબંદમાં એકઠા થયા હતા. ૨૮ મેના રોજ જમીયત-ઉલામા-એ-હિંદના વડા મૌલાના મહેમૂદ મદાનીની આંખોમાંથી આંસુ વહેતા જોઈને તેઓ ચોંકી ઉઠ્યા હતા, તેમણે શોક વ્યક્ત કર્યો હતો કે મોદી સરકાર મુસ્લિમો સાથે અણગમતું વર્તન કરી રહી છે અને તેમના શાસન હેઠળ દેશમાં મુસ્લિમોને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે તેના તરફ સરકાર આંખ આડા કાન કરી રહી છે.

મુસ્લિમોને ૧૪ માર્ચ 'ઈસ્લામોફોબિયા સામે લડવા માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે મનાવવાનું આહવાન કર્યું હતું, ત્યારે સૌથી મહત્વપૂર્ણ ઠરાવ એ પણ કરવામાં આવ્યો હતો કે યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવા માટે મોદી સરકારના દબાણને વશ ન થવું જોઈએ. મુસ્લિમ નેતાઓ અને મૌલવીઓએ અલગ-અલગ મંચો પર UCCનો વિરોધ કર્યો છે, ત્યારે આ પ્રથમ વખત છે કે સમગ્ર મુસ્લિમ સમુદાયે તેનો વિરોધ નોંધાવ્યો છે. નેતૃત્વએ એ પણ સ્પષ્ટ કર્યું કે તેઓ આરએસએસ અને ભાજપનો મુકાબલો કરવા માટે તૈયાર છે અને મુસ્લિમોને આહવાન કર્યું કે તેઓ બંધારણના માળખામાં સત્યાગ્રહ (સવિનય અસહકાર) શરૂ કરવા માટે તૈયાર થઈ જાય. નરેન્દ્ર મોદી દ્વારા સંચાલિત આરએસએસ અને બીજેપી સરકારના આઠ વર્ષ દરમિયાન આ પ્રથમ વખત બન્યું છે કે મુસ્લિમોએ પોતાનો અવાજ ઉઠાવ્યો છે અને સ્પષ્ટ અવાજમાં કહ્યું છે કે હવે બહુ થયું અને તેઓ તેમના હેતુ માટે લડત આપશે. મુસ્લિમ ધર્મગુરુઓએ મુસ્લિમોને વિનંતી કરી છે કે તેઓ હિંદુત્વ કટ્ટરપંથીઓ સામે જાહેરમાં પોતાનો ગુસ્સો ન કરે. તેઓએ સમુદાયના સભ્યોને "નફરતને પ્રેમથી હરાવવા"ની સલાહ આપી છે. આશ્ચર્યની વાત એ છે કે, નફરત કરતાં આવા લોકોની સંખ્યામાં અચાનક વધારો થયો હોવા છતાં મોદી અને અમિત શાહ બંને આ કટ્ટરપંથીઓની પ્રવૃત્તિઓ પ્રત્યે મૌન વલણ અપનાવી રહ્યા છે. મદનીએ કહ્યું કે, સરકારનું મૌન દુર્ભાગ્યપૂર્ણ છે. પરંતુ અમે આ સ્થિતિનો સામનો કરીશું અને કટ્ટરપંથીઓને આ દેશને ક્યારેય નબળો પાડવાની મંજૂરી આપીશું નહીં.

મુસ્લિમોની દ્રઢતા અને સહિષ્ણુતા પ્રત્યે આરએસએસ અને સંઘ પરિવારનો તિરસ્કાર પ્રગટ થાય છે જ્યારે તેઓએ મદની પર 'રાજકારણ કરવાનો' આરોપ મૂક્યો હતો અને તેમના આંસુને 'મગરના આંસુ' ગણાવ્યા હતા. ભારતને હિંદુ રાષ્ટ્ર બનાવવાની કોશિશમાં આરએસએસ આટલી હદે નીચું જઈ શકે તે સમજની બહાર છે, અને તે ખૂબ જ ચિંતાની વાત છે કે મોદી અને શાહે મુસ્લિમો પર જે દમન થઈ રહ્યા છે તે અંગે કોઈ ચિંતા દર્શાવી નથી. આ કટ્ટર હિન્દુ સંસ્થાઓ માત્ર મુસ્લિમ સમુદાય, ઈસ્લામ અને મુઘલ શાસકો વિશે જ નહીં, પણ હિંદુઓ વિશે પણ ખોટી માહિતી આપી રહી છે અને તેમને અંધારામાં પણ રાખી રહી છે. બંને સમુદાયના લોકોને તેમના ઈરાદાઓ અને કાવતરાઓથી વાકેફ કરવાની આવશ્યકતા છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને ૧૨ એપ્રિલના તેમના પત્રમાં, મૌલાના મદનીએ સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો હતો કેઃ જમણેરી ઉગ્રવાદી જૂથો દ્વારા મુસ્લિમ વિરોધી ઉશ્કેરણી એ એક પેટર્ન બની ગઈ છે જેના દ્વારા ઘણીવાર સામૂહિક હિંસા આચરવામાં આવે છે. તેમણે એ પણ ધ્યાન દોર્યું હતું કે સ્થાનિક પોલીસ ટીમો લઘુમતી સમુદાયોમાં ભયની માનસિકતા પેદા કરી રહી છે અને ખારગોન હિંસામાં સમયબદ્ધ ઉચ્ચ-સ્તરીય ન્યાયિક તપાસ માટે વિનંતી પણ કરી હતી. મદનીએ ધ્યાન દોર્યું હતું કે, દેશ અશાંતિના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે પરંતુ સરકારમાં રહેલા લોકોએ તેમના હોઠ બંધ કરી દીધા છે જે બધા માટે ચિંતાનું કારણ છે. મુસ્લિમો તેમના નગરોની શેરીઓમાં ચાલતા હોય ત્યારે પણ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. અમે દરેક યાતના સહન કરીશું પરંતુ કોઈને આપણા દેશના ટુકડા કરવા નહીં દઈએ. આપણે તમામ મુદ્દાઓ પર સમાધાન કરી શકીએ છીએ પરંતુ દેશ અને આપણા અંતરાત્માની કિંમતે નહીં. તેમણે શાસકોને ચેતવણી આપી હતી કે મુસ્લિમોની સહનશીલતા અને દ્રઢતાને તેમની નબળાઈ ન માનવી જોઈએ. તેમણે કહ્યું કે, અમે શાંતિના દૂત છીએ અને ભાઈચારાને પ્રોત્સાહન આપવા માંગીએ છીએ. અમે કોઈપણ સંજોગોનો સામનો કરવા તૈયાર છીએ. આપણે આગથી આગ ઓલવી શકતા નથી. આપણે નફરતના વાતાવરણને પ્રેમથી હરાવવાનું છે. શાંત રહો અને જેઓ આપણા દેશને વિખેરી નાખવા માંગે છે તેમની યોજનાઓથી પ્રભાવિત ન થાઓ. જો મોદી સરકાર મુસલમાનોની દુર્દશા અને યાતનાઓ વિશે ચિંતિત હોત તો કદાચ ધર્મસભા યોજાઈ ન હોત. વાસ્તવમાં, આ મીટિંગ દ્વારા મુસ્લિમોએ મોદી સરકારને મજબૂત સંદેશ આપ્યો કે તેઓ બલિદાન આપવા માટે તૈયાર છે પરંતુ નષ્ટ થવા માટે તૈયાર નથી. હિંદુ કટ્ટરપંથીઓ આપણા સાચા રાષ્ટ્રીય ઈતિહાસથી વાકેફ નથી. વંચિત છે. હિન્દુ સમાજ એવા ધાર્મિક કટ્ટરપંથીઓ પાસેથી વૈજ્ઞાનિક વિચાર અને માહિતી મેળવવાની અપેક્ષા કેવી રીતે રાખી શકે જેઓ પોતે ભારતના સાચા ઈતિહાસથી વાકેફ નથી? આવા ધર્માંધ લોકો ડાબેરી ઈતિહાસકારોનો સખત વિરોધ કરે છે. તેઓ જાણે છે કે હિંદુ ધર્માંધોની જેમ આ ઈતિહાસકારો જૂઠાણાંનો આશરો લેતા નથી. ભારતીય ઈતિહાસકારોનો એક દોષરહિત રેકોર્ડ છે. અમિત શાહને લખેલા તેમના પત્રમાં, મૌલાના મદનીએ ઉલ્લેખ કર્યો હતો કે ખરગોન જિલ્લા વહીવટીતંત્રે ૪૫ કહેવાતા ગેરકાયદે બાંધકામો તોડી પાડ્યા હતા, જે બધા મુસ્લિમોના હતા. તેમણે મધ્યપ્રદેશના ખરગોનમાં મુસ્લિમોની "સતામણી" રોકવા માટે તેમના હસ્તક્ષેપની માંગ કરી હતી, અને તેમણે આરોપ લગાવ્યો છે કે મુસ્લિમોની મિલકતોને પસંદગીપૂર્વક તોડી પાડવામાં આવી રહી છે. તેમના શાસનના છેલ્લા ૮ વર્ષના સમયગાળા દરમિયાન, મોદી કોઈપણ તબક્કે આવા અપરાધીઓને આવી ગુનાહિત પ્રવૃત્તિઓથી દૂર રહેવા કડક ચેતવણી આપી નથી. પોલીસ પણ તેમની વિરુદ્ધ કેસ નોંધવાનું ટાળતી હોવાથી આ અન્યાય કરનારાઓ છૂટી જાય છે.

- **અરુણ શ્રીવાસ્તવ**

(સૌ. : નેશનલ હેરાલ્ડ ઈન્ડિયા.કોમ)

કોલેજોની મોંઘી ફીને લીધે વિદ્યાર્થીઓને યુક્રેન જેવા સ્થળોએ જવાની ફરજ પડે છે : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

સુપ્રીમ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું કે, દેશમાં શિક્ષણ એક મોટો ઉદ્યોગ બની ગયો છે અને જે વિદ્યાર્થીઓ તબીબી અભ્યાસક્રમોની ઊંચી કિંમત ચૂકવી શકતા નથી તેઓ યુક્રેન જેવા દેશોમાં જઈ રહ્યા છે. યુક્રેન પર રશિયન આક્રમણના મહિનાઓ બાદ આ અવલોકન કરવામાં આવ્યું છે જ્યારે ભારતને આ યુદ્ધગ્રસ્ત દેશમાંથી લગભગ ૨૦,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢવાની ફરજ પડી હતી. કોર્ટ નવી ફાર્મસી કોલેજો સ્થાપવા માટે કેન્દ્રને અરજીઓ પર પ્રક્રિયા કરવા કહેતી અરજીઓની બેચની સુનાવણી કરી રહી હતી ત્યારે તેણે આ કહ્યું હતું. ૨૦૧૯માં ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI)એ આવી સંસ્થાઓના મશરૂમિંગને રોકવા માટે નવી ફાર્મસી કોલેજો સ્થાપવા પર પાંચ વર્ષનો મોરેટોરિયમ લાદ્યો હતો. દિલ્હી, કર્ણાટક અને છત્તીસગઢની ઉચ્ચ અદાલતોએ તેને ફગાવી દીધો હોવા છતાં કેન્દ્ર અને PCIએ આ મોરેટોરિયમને સમર્થન આપ્યું છે. હાઈકોર્ટના આદેશો સામે PCIની અપીલ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. કેન્દ્ર અને PCIનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, ૨૫૦૦થી વધુ ફાર્મસી કોલેજો છે. દેશમાં હાલની સ્થિતિ જુઓ. અહીં એવી કોલેજો છે જે

આ કોર્ટને કહે છે કે, તેઓએ બે વર્ષ ગુમાવ્યા છે, કારણ કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી મોરેટોરિયમ અમલમાં આવ્યું છે. હું આ અરજી લેનારા વિદ્યાર્થીઓને સમજી શકું છું પરંતુ આ કોલેજો ઉદ્યોગો છે. આ કોલેજોમાં મશરૂમિંગ હોવાથી અમે પાંચ વર્ષનો મોરેટોરિયમ અમલમાં મૂક્યો છે. આ કોર્ટ જાણે છે કે, કેવી રીતે એન્જિનિયરિંગ કોલેજો શોપિંગ સેન્ટર તરીકે ચલાવવામાં આવી રહી છે. જસ્ટિસ બી.આર. ગવઈ અને હિમા કોહલીની બેન્ચ મહેતા સાથે સંમત થઈ હતી. ખંડપીઠે પીસીઆઈને તે કોલેજોની અરજીઓ સ્વીકારવા અને પ્રક્રિયા કરવા માટે નિર્દેશ આપ્યો હતો, જેઓ હાઈકોર્ટ સમક્ષ અરજદાર હતા, પરંતુ મંજૂરી અથવા બિન-મંજૂરી અંગે કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવશે નહીં. કોર્ટે ફાર્મસી કોલેજોની અરજીઓ પર નોટિસ જારી કરી હતી, જેમાં આવતા મહિને પ્રવેશની શરૂઆત પહેલા કોલેજો શરૂ કરવા માટે નવી પરવાનગી માંગવામાં આવી હતી. અરજદારોમાંના એક માટે હાજર થયેલા એડવોકેટ સિદ્ધાર્થ આર ગુમાએ છત્તીસગઢ હાઈકોર્ટના ૨૪ ફેબ્રુઆરીના આદેશને ટાંકીને કહ્યું હતું કે પીસીઆઈ કોલેજો માટેની નવી અરજીઓ પર વિચાર કરવા બંધાયેલ છે. મહેતાએ બેન્ચને જણાવ્યું કે, PCI છત્તીસગઢ હાઈકોર્ટના આદેશને પડકારશે. પરંતુ બેન્ચે નોંધ્યું હતું કે દિલ્હી અને કર્ણાટક હાઈકોર્ટના આદેશોથી ઉદ્ભવેલી ૧૫ થી વધુ અપીલોમાં PCIએ તેનો જવાબ રજૂ કર્યો હતો અને તે સુનાવણીમાં લઈ શકાય છે. PCIએ આવી કોલેજોની સંખ્યા અને વિદ્યાર્થીઓના વાર્ષિક પ્રવેશને ટાંકીને કોઈપણ નવી ફાર્મસી સંસ્થાઓ માટે અરજીઓ પર પ્રતિબંધ મૂકતો મોરેટોરિયમ લાદ્યો હતો. તેણે કહ્યું હતું કે, ફાર્માસિસ્ટની ઉપલબ્ધ વર્કફોર્સ દેશની જરૂરિયાતોને પહોંચી વળવા માટે પૂરતી છે. પીસીઆઈએ પાછળથી કેટલીક કેટેગરીની સંસ્થાઓને મુક્તિ આપી હતી, જેમાં ઉત્તર-પૂર્વીય રાજ્યોની સરકારી કોલેજોનો સમાવેશ થાય છે. અરજદારોએ આ મુક્તિને પડકારી છે અને કહ્યું છે કે, આ દર્શાવે છે કે, આનાથી ટોચમર્યાદા અથવા સમાન રીતે સ્થિત સંસ્થાઓની શ્રેણી વચ્ચે કૃત્રિમ ભેદભાવ ઊભો થયો છે.

શીખોનું બળજબરીથી ધર્માંતરણ : પેનલે આગામી સુનાવણી ૧૬ જૂને નક્કી કરી

(એજન્સી) તા.૧

રાષ્ટ્રીય લઘુમતી આયોગે શીખોના કથિત બળજબરીથી ધર્માંતરણ અંગે અકાલ તખ્તના જથેદાર જ્ઞાની હરપ્રીત સિંહની ફરિયાદની ગંભીર નોંધ લીધી છે અને સુનાવણીની આગામી તારીખ ૧૬ જૂન નક્કી કરી છે. રાષ્ટ્રીય લઘુમતી આયોગે શીખોના કથિત બળજબરીથી ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તન અંગે અકાલ તખ્તના જથેદાર જ્ઞાની હરપ્રીત સિંહની ફરિયાદની ગંભીર નોંધ લીધી છે અને સુનાવણીની આગામી તારીખ ૧૬ જૂન નક્કી કરી છે. રાષ્ટ્રીય લઘુમતી આયોગના અધ્યક્ષ ઈકબાલ સિંહ લાલપુરાએ સોમવારે કપૂરથલા ખાતે જિલ્લા વહીવટી સંકુલમાં લઘુમતીઓની બેઠકની અધ્યક્ષતા કર્યા બાદ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું. શીખોના ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તનના ગ્રાઉન્ડ રિપોર્ટ્સ અને પુરાવાઓ જોયા પછી, અમે તે મુજબ પગલાં લઈશું, તેમણે ઉમેર્યું હતું કે, દર વર્ષે બળજબરીથી ધર્મ પરિવર્તનની લગભગ ૨,૦૦૦ ફરિયાદો કેન્દ્રને મળે છે. લાલપુરાએ જણાવ્યું હતું કે, આયોગ દેશભરમાં લઘુમતીઓના અધિકારોના રક્ષણ માટે કાર્યરત છે. લઘુમતીઓનું શિક્ષણ, રોજગાર અને તેમની સાથે થતા કોઈપણ પ્રકારના ભેદભાવને રોકવા આયોગના એજન્ડામાં ટોચ પર છે. તેમણે કહ્યું કે ગુરૂ અર્જન દેવના શહીદ દિવસને સમર્પિત ૩ જૂને નવી દિલ્હીમાં "આંતર-વિશ્વાસ સંમેલન" નું આયોજન કરવામાં આવશે, જેમાં તમામ ધર્મોના આગેવાનો ભાગ લેશે અને વિશ્વ ભાઈચારાનો સંદેશ આપશે. કમિશનના અધ્યક્ષે કહ્યું કે જિલ્લા સ્તરે 'સદભાવના સમિતિ'ની રચના થવી જોઈએ જેને આયોગ લઘુમતીઓના કલ્યાણ માટે વાર્ષિક રૂ. ૧ કરોડ આપશે.ડેપ્યુટી કમિશનર વિશેષ સારંગલ અને અન્યો સાથેની બેઠક દરમિયાન, કમિશને લઘુમતીઓ માટેના ૧૫-પોઈન્ટ કલ્યાણ કાર્યક્રમના અમલીકરણની સમીક્ષા કરી અને વિવિધ ધર્મોના પ્રતિનિધિઓને પણ મળ્યા. તેમણે આંગણવાડી દ્વારા બાળકોના વિકાસ, ઉર્દૂ શિક્ષણના ઉત્થાન, મદરેસાઓનું નવીનીકરણ, લઘુમતી બાળકો માટે શિષ્યવૃત્તિ, સ્વરોજગાર માટેની યોજના ઓ, ટેકનિકલ શિક્ષણ દ્વારા કૌશલ્ય વિકાસ, આર્થિક પ્રવૃત્તિઓ અને લોન યોજનાઓ માટેનાણાકીય સહાય, લઘુમતીઓના જીવન ધોરણ વધારવા, રમખાણો અટકાવવા અને પીડિતોનું પુનર્વસન માટે પણ સમીક્ષા કરી હતી. તેમણે કહ્યું કે કમિશને શીખ યાત્રિકોની સુવિધા માટે કિરતપુર સાહિબ ખાતે રેલ હોલ્ટ માટે કેન્દ્ર સમક્ષ મામલો ઉઠાવ્યો છે અને શીખોને પાંચ ધાર્મિક ચિહ્નોમાંથી એક નાની કિરપાન રાખવાની મંજૂરી આપવા માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલય પાસે પણ મુદ્દો ઉઠાવ્યો છે. જે બામ્બિસ્મા પામેલા શીખો ડોમેસ્ટિક ફ્લાઈટ દરમિયાન પોતાની સાથે રાખે છે.

ખરગોન સાંપ્રદાયિક હિંસા પછી મુસ્લિમ સગીરોની અટકાયત અને જુવેનાઈલ હોમમાં તેમની સાથે ક્રૂરતાનો આરોપ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

મધ્યપ્રદેશના ખરગોનમાં ૧૦ એપ્રિલે રામ નવમીના અવસર પર ફાટી નીકળેલી સાંપ્રદાયિક હિંસા પછી, પોલીસે આશરે ૭૨ કેસ નોંધ્યા હતા અને કેટલાક સગીરો સહિત લગભગ ૨૦૦ લોકોની ધરપકડ કરી હતી. પથ્થરમારો, આગચંપી અને હિંસાના સંબંધમાં, ૧૨ સગીરોને ખંડવા પોલીસ સ્ટેશનમાં રિમાન્ડ બાદ ખંડવામાં કિશોર સુધારક ગૃહમાં મોકલવામાં આવ્યા હતા. તેમાં બે ભાઈઓ, ૧૫ વર્ષનો ઓમેર અને ૧૭ વર્ષનો મિર્ઝા તેમની ૧૧-૧૨ એપ્રિલની વચ્ચેની રાત્રે ધરપકડ કરવામાં આવી હતી અને ૧૪ એપ્રિલના રોજ ખંડવામાં સુધારક ગૃહમાં મોકલવામાં આવ્યા હતા. આ સુવિધામાં છોકરાઓએ શારીરિક હિંસા, લક્ષિત ઉત્પીડન અને ખોરાક અને પાણી આપવાનો ઈનકાર કરવાનો આરોપ મૂક્યો છે. તેમની વિરુદ્ધ કલમ ૧૪૭,૧૪૯, ૪૩૬, ૪૩૫, ૪૨૭ અને ૩૩૬ સહિત અન્ય કલમો હેઠળ આરોપ મૂકવામાં આવ્યો છે. આ ૧૨ સગીરો પૈકી, ૧૫ અને ૧૭ વર્ષની વયના બે મુસ્લિમ છોકરાઓએ દાવો કર્યો હતો કે તેઓને હિંદુ ભક્તિ ગીતો સાંભળવાની ફરજ પાડવામાં આવી હતી, તેમને ભગવદ ગીતાના શ્લોકો ગાવા માટે દબાણ કરવામાં આવ્યું હતું, અપૂરતું ભોજન આપવામાં આવ્યું હતું અને માર મારવામાં આવ્યો હતો. ૧૭ વર્ષના એક યુવકે ધ વાયર સાથે વાત કરતા કહ્યું કે, મોબાઈલ ફોન પર ભજનો વગાડવામાં આવતા હતા અને અમને તે ગીતો ગાવા માટે દબાણ કરવામાં આવતું હતું અને અમને ગીતા જ્ઞાન આપવામાં આવ્યું હતું અને તે વાંચવા માટે કહેવામાં આવ્યું હતું. ત્યાં અમારા ૧૨થી વધુ છોકરાઓ હતા, અમારે વધુ પાણી પીને સમય પસાર કરવો પડ્યો હતો કારણ કે અમને પૂરતું ભોજન આપવામાં આવતું ન હતું. તેઓએ અમને કામકાજ કરવા માટે પણ કહ્યું હતું, અને પછી અમને માર પણ માર્યો હતો. આ બંને છોકરાઓએ જણાવ્યું હતું કે તેઓ સુધાર ગૃહમાં હતા ત્યારે તેઓને ગંભીર ઈજાઓ થઈ હતી. મિર્ઝા અને ઓમૈરનો આરોપ છે કે જ્યારે તેમને સુધારક ગૃહમાં રાખવામાં આવ્યા હતા ત્યારે

તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. જ્યારે હિંસા માટે જવાબદાર અધિકારીઓના નામ પૂછવામાં આવ્યા ત્યારે મિર્ઝાએ ચોક્કસ "ભીમ" નામ આપ્યું હતું. તેમના એડવોકેટે ધ્યાન દોર્યું હતું કે પોલીસ દ્વારા કરવામાં આવેલી તપાસમાં અનેક ત્રુટિઓ છે. દાખલા તરીકે, તેઓએ એક વિકલાંગ વ્યક્તિ પર પથ્થરમારો કરવાનો આરોપ મૂક્યો હતો, અને એક એફઆઈઆરમાં એક મૃત વ્યક્તિનું નામ પણ હતું. મસ્જિદને આગ લગાડવાના કિસ્સામાં પણ મુસ્લિમોનું નામ લેવામાં આવ્યું છે. આ તપાસને લગતી કેટલીક ખામીઓ પણ જોઈ શકાય છે, યુવાનોને નિર્ધારિત સમય કરતાં વધુ સમય સુધી સુધારક ગૃહોમાં રાખવામાં આવ્યા હતા અને છોકરાઓ વિરુદ્ધ કસ્ટડીમાં પણ હિંસા આચરવામાં આવી છે. સગીરોના દાદા અને અન્ય એક સંબંધીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ૮-૧૦ પોલીસકર્મીઓ તેમના ઘરમાં ઘૂસી ગયા અને તેમની સાથે દુર્વ્યવહાર કર્યો, હિંસા કરી અને સગીરોને લઈ ગયા હતા. પરિવારે તેની અરજીમાં એવી દલીલ કરી છે કે તેમનું ઘર સાંપ્રદાયિક હિંસાના સ્થળથી ઘણું દૂર હતું. ધ વાયરે ખરગોન પોલીસ સ્ટેશનના ટાઉન ઈન્સ્પેક્ટર બી.એલ. માંડલોઈ સાથે વાત કરતાં માંડલોઈએ કસ્ટડીમાં અથવા ખંડવામાં સુધારક ગૃહમાં શારીરિક હિંસાના કોઈપણ આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા હતા. ઓમૈર અને મિર્ઝા માત્ર એકલા જ એવા લોકો ન હતા જેઓને તેમના ઘરેથી લઈ જવામાં આવ્યા હતા. તે જ રાત્રે તેમના પિતા અને બે કાકા સહિત પુખ્ત વયના લોકોને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. આ શખ્સો હાલમાં રાજ્યની મંડલેશ્વર જેલમાં બંધ છે અને તેમની સામે કેસ ચાલી રહ્યો છે. આ મહિનાની શરૂઆતમાં, આ પ્રદેશની મહિલાઓએ એક વિરોધ કૂચ કાઢીને માંગણી કરી હતી કે જે નિર્દોષ સગીરોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા તેમની સાથે ન્યાયી કાર્યવાહી કરવામાં આવે અને તેઓને તરત જ મુક્ત કરવામાં આવે. દેખાવકારોએ આક્ષેપ કર્યો હતો કે યુવાનોને યોગ્ય તપાસ અને યોગ્ય ઓળખ વિના કસ્ટડીમાં લઈ જવામાં આવી રહ્યા છે. પરિવારના કેસનું સંકલન કરી રહેલા જમાત ઈસ્લામી હુસ્લિમીનના સભ્યોએ આરોપ લગાવ્યો કે આ કેસમાં તપાસ એકતરફી છે અને ન્યાયી રીતે કરવામાં આવી રહી નથી. યુવાનોને ઈરાદાપૂર્વક નિશાન બનાવવામાં આવ્યા હતા અને તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. અગાઉ, આઠ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની બનેલી ફેક્ટ-ફાઈન્ડિંગ ટીમે કોમી હિંસા માટે રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટીતંત્રને સીધા જ જવાબદાર ઠેરવ્યા હતા. ટીમે એમ પણ કહ્યું કે કાર્યવાહી મોટાભાગે એકતરફી રહી છે અને પોલીસ ઘટનાના ૧૫ દિવસ પછી પણ શાંતિ સ્થાપિત કરવામાં નિષ્ફળ રહી હતી.

રશિયન પ્રમુખ પુતિન તેમની આંખોની રોશની ગુમાવી રહ્યા છે, તેઓ કદાચ ૩ વર્ષ સુધી જીવી શકશે : અહેવાલ

(એજન્સી) તા.૧

રશિયન ગુપ્તચર અધિકારીએ એક અહેવાલમાં દાવો કર્યો છે કે રશિયન રાષ્ટ્રપતિ તેમની આંખોની રોશની ગુમાવી રહ્યા છે અને તેઓ માથાના દુખાવાથી પીડાઈ રહ્યા છે. એક રશિયન ગુપ્તચર અધિકારીએ દાવો કર્યો છે કે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન "ઝડપી રીતે આગળ વધતા કેન્સરની ગંભીર" બીમારીથી પીડાઈ રહ્યા છે અને તેઓ હવે કદાચ માત્ર ત્રણ વર્ષ જીવી શકે તેવી શકયતા છે. ફેડરલ સિક્યુરિટી સર્વિસ (FSB) ઓફિસરે એવો પણ દાવો કર્યો હતો કે ૬૯ વર્ષીય રાષ્ટ્રપતિ તેમની આંખોની રોશની ગુમાવી રહ્યા છે અને તેઓ સખત માથાના દુખાવાથી પીડાઈ રહ્યા છે. FSB અધિકારીએ પુતિનની બગડતી જતી તબિયત અંગેની માહિતી ભૂતપૂર્વ રશિયન જાસૂસ બોરિસ કાર્પિચકોવને જાહેર કરી હતી, જે હાલમાં યુકેમાં રહે છે. ઈન્ડિપેન્ડન્ટે વધુમાં જણાવ્યું હતું કે, અમને કહેવામાં આવ્યું છે કે તેઓને માથાનો દુખાવો છે અને જ્યારે તે ટીવી પર દેખાય છે ત્યારે તેમને કાગળ પર લખેલા શબ્દોની જરૂર પડે છે અને તેઓ જે વાંચે છે તે માટે મોટા અક્ષરોમાં લખેલું બધું હોય છે. આ અક્ષરો એટલા મોટા હોય છે, કે દરેક પૃષ્ઠ પર ફક્ત બે વાક્યો સમાઈ શકે છે. તેમની દૃષ્ટિ પર ગંભીર અસર પડી રહી છે. જાસૂસે ઉમેર્યું હતું કે પુતિનના અંગો હવે અનિયંત્રિત રીતે ધ્રૂજી રહ્યા છે. રશિયન રાષ્ટ્રપતિના સ્વાસ્થ્ય વિશેની અટકળો લોકપ્રિય રશિયન ટેલિગ્રામ ચેનલ જનરલ એસવીઆરથી શરૂ થયા હોવાનું જાણવા મળ્યું છે. આ ચેનલે દાવો કર્યો હતો કે પુતિનના ડોકટરોએ તેમને ચેતવણી આપી હતી કે કોઈપણ સર્જરી તેમને ટૂંકા સમય

માટે અસમર્થ કરી શકે છે, અને આ સમયગાળા દરમિયાન રાષ્ટ્રપતિએ સત્તાની લગામ કોઈ સહાયકને સોંપવી જોઈએ. યુકેના ભૂતપૂર્વ ગુપ્તચર અધિકારી ક્રિસ્ટોફર સ્ટીલે કહ્યું છે કે પુતિન તબીબી સારવાર માટે મીટીંગ છોડીને જતા રહ્યા પછી પુતિનના સ્વાસ્થ્ય અંગેની ચિંતાઓ પણ વધી રહી છે. દરમિયાન, રશિયન વિદેશ પ્રધાન, સેર્ગેઈ લવરોવે, પુતિનની બગડતી જતી તબિયત અંગેની અફવાઓને નકારી કાઢી છે. તેમણે કહ્યું છે કે, મને નથી લાગતું કે સમજદાર લોકો આ વ્યક્તિમાં કોઈ પ્રકારની બીમારી અથવા બીમારીના ચિહ્નો જોઈ શકે છે. દરમિયાન રશિયા-યુક્રેન યુદ્ધ હવે ચોથા મહિનામાં પ્રવેશી ગયું છે અને મોસ્કોએ યુક્રેનના ડોનબાસ પ્રદેશ પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું છે.

નર-માદા ભેંસો તથા ભેંસના પાડાની કત્લ મામલે

રાજ્ય પોલીસ દ્વારા બહાર પડાયેલ પરિપત્ર પાછો ખેંચવા માગણી

ઈત્તિહાદુલ મુસ્લેમીન-એ-હિંદ દ્વારા રાજ્યના મુખ્યમંત્રી, હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તથા રાજ્યના ડીજીપીને પત્ર પાઠવી રજૂઆત કરાઈ

અંજાર, તા.૧

તાજેતરમાં ગુજરાત રાજ્ય પોલીસ દ્વારા તારીખ ૧૧-૦૫-૨૦૨૨ના રોજ એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે જેમાં રાજ્યમાં નર તથા માદા ભેંસો અને ભેંસના પાડિયાની કતલ મામલે પાસા હેઠળ કાર્યવાહી કરવા જણાવાયું છે. પરિપત્ર પ્રમાણે ગૌવંશની જેમ નર તથા માદા ભેંસો અને ભેંસના પાડિયાની ગેરકાયદેસર કતલ કરવામાં આવશે તો આવા કિસ્સાઓ આરોપીઓની પાસા હેઠળ ધરપકડ કરવામાં આવશે તેવું જણાવેલ છે.

દેશના દરેક નાગરિકને પોતાના ધર્મ, સામાજિક પરંપરાઓ અનુસાર જીવન નિર્વાહ કરવાનો તેમજ પોતાની માન્યતાઓ અનુસાર ખાન-પાન કરવાનો બંધારણીય અધિકાર છે. હાલ આપણા ભારત દેશ તેમજ ગુજરાત રાજ્યના કાયદાઓમાં ઉપરોક્ત જાનવરો (નર તથા માદા ભેંસો અને ભેંસના પાડિયા) માટે પ્રતિબંધ કરતો કોઈ કાયદો અમલમાં નથી. જેથી તેમને હલાલ તરીકે ઉપયોગમાં લઈ શકાય છે. જેથી ગુજરાત પોલીસ દ્વારા તારીખ ૧૧-૦૫-૨૦૨૨ના રોજ જાહેર કરાયેલ પરિપત્ર બાબતે-સરકાર તથા પોલીસ દ્વારા ફેર વિચારણામાં લઈ આગામી સમયમાં મુસ્લિમ સમાજ માટે "બકરી ઈદ" (ઈદ-ઉલ-અઝહા)નો પવિત્ર તહેવાર આવી રહેલ છે તેમાં પણ મુસ્લિમ સમાજ મોટા પ્રમાણમાં 'કુરબાની' કરતા હોય છે. તેથી પોલીસ તંત્ર દ્વારા વેળાસર પરિપત્ર પર ફેરવિચારણા કરી અને ગૌવંશ સિવાય હલાલ જાનવરો નર તથા માદા ભેંસો અને ભેંસના પાડિયાને હલાલ તરીકે ઉપયોગમાં લેવા તેમજ હલાલ જાનવરોની કુરબાની કરવા છૂટ-છાટ આપવા ઈત્તિહાદુલ મુસ્લેમીન-એ-હિન્દ ટ્રસ્ટના પ્રમુખ હાજી મોહંમદભાઈ આગરિયા દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તેમજ ગુજરાત રાજ્યના પોલીસ મહાનિર્દેશક આશિષ ભાટિયાને પત્ર પાઠવી માંગ કરી છે.

પોલીસ દ્વારા જાહેર કરાયેલ જાહેરનામાથી આમ લઘુમતી મુસ્લિમ સમાજના લોકો-ભય અને અસલામતી મહેસુસ કરે છે. તેનો ગેર ઉપયોગ કરી ઘણા બધા બિન અધિકૃત સંગઠનો/વ્યક્તિઓ દ્વારા તે પરિપત્રનો દુરૂપયોગ કરવાની શક્યતાઓ રહેલી છે. વર્તમાન સમયે રાજ્યમાં શાંતિ-સલામતીનો માહોલ છે ત્યારે સરકારે દરેક નાગરિકો માટે પોતાના અધિકારો/હક્કોના રક્ષણ માટે ત્વરીત કદમ ઉઠાવી પરિપત્ર પરત કરી રાજ્યમાં ગૌવંશ સિવાયના "હલાલ" જાનવરો ભેંસ અને ભેંસની નસલો માટે પ્રતિબંધ પરિપત્ર પરત ખેંચી "બકરી ઈદ" જેવા મુસ્લિમ સમાજના પવિત્ર તહેવારોની ઉજવણી સારી રીતે થઈ શકે તેથી ગૌવંશ સિવાયના હલાલ જાનવરોને પ્રતિબંધ દૂર કરી ઉપયોગમાં લેવા તથા હલાલ કુરબાની માટેના ઘેટાં, બકરાં કે અન્ય જાનવરોની નિયમો અનુસારની હેરાફેરી કરતા વાહનોને બિન અધિકૃત સંગઠનો અને વ્યક્તિઓના અવરોધ, હેરાન પરેશાનીથી બચાવવા રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોને તકેદારી રૂપે યોગ્ય આદેશ થવા સંસ્થાના પ્રમુખ હાજી મોહંમદભાઈ આગરિયા, સંસ્થાના ટ્રસ્ટી ગણ હાજી જુમ્માભાઈ રાયમા, હાજી ઈનામુલહક ઈરાકી, હૈદરશા પીર, હબીબશા સૈયદ, યુસુફભાઈ સંઘાર, સુલતાનભાઈ મોજોઠી, મૌલાના અબુદુજાના તથા સંસ્થા પરિવાર તરફથી પત્રો પાઠવી આવેદન કરવામાં આવેલ છે એવું ઈત્તિહાદુલ મુસલમીન-એ-હિંદ ટ્રસ્ટના પ્રવક્તા જલાલશા સૈયદે તેમની યાદીમાં જણાવ્યું હતું.

હિંમતનગર માહિતી કચેરીમાંથી વયનિવૃત્ત થતાં જી.એસ. મન્સુરીનો વિદાય સમારોહ યોજાયો

હિંમતનગર, તા.૧

જિલ્લા માહિતી કચેરી હિંમતનગર ખાતે ફરજ બજાવતા જી.એસ.મન્સુરી વયનિવૃત્ત થતાં માહિતી કચેરીના સ્ટાફ દ્વારા ભાવસભર વિદાય આપવામાં આવી હતી. વિવિધ વિભાગોમાં ૩૮ વર્ષ અને ૪ માસ સેવા બાદ વયનિવૃત્ત થનાર મન્સુરીને માહિતી પરિવાર દ્વારા શેષ જીવન નિરામય અને પ્રવુતમય રહે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

વર્ષ ૧૯૮૪માં તાજપુરી (અશોકપુરા)માં જળ સંપત્તિ નિગમમાં ટ્યુબ ઓપરેટર તરીકે સેવામાં જોડાયા હતા. ત્યાર બાદ તેમણે દોલતાબાદ, નનાનપુર, તલોદ ખાતે પણ સેવાઓ આપી હતી. વર્ષ ૨૦૧૮માં જી.એસ. મન્સુરી જિલ્લા મહિતી કચેરી, હિંમતનગર ખાતે જુનિયર ક્લાર્ક તરીકે જોડાયા હતા. સરળ અને સૌમ્ય સ્વભાવના જી.એસ. મન્સુરીએ માહિતી કચેરીના સહકર્મીઓનો મળેલા સહયોગની ક્ષણને વાગોળી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે નાયબ માહિતી નિયામક અરવિંદભાઈ મછારે જણાવ્યું કે, માહિતી કચેરી એ માત્ર ઓફિસ નથી પરંતુ પોતાના પરિવાર સમાન છે. આ પરિવારમાં હરહંમેશ પરિવારજનો સાથ સહયોગથી હળીમળીને રહ્યા છે. આજે આપણા પરિવારમાંથી જી.એસ. મન્સુરી વયનિવૃત્ત થઈ રહ્યા છે, ત્યારે આ પરિવારમાં તેમની ખોટ વર્તાશે. પવનની દિશા અને સમયનો વહેણ વહેતા વાર લાગતી નથી તેવી જ રીતે જી.એસ.મન્સુરી સાથે કાર્યનો આ સમય જાણે ક્ષણભરમાં પૂરો થયો થઈ ગયો. આ પ્રસંગે સહકર્મીઓએ જી.એસ.મન્સુરી સાથેના પોતાના અનુભવો વર્ણવી નિવૃત્તિની શુભકામનાઓ પાઠવી હતી.

શિનોર : રૂા.૨૫ લાખના ખર્ચે તૈયાર થયેલ ઓક્સિજન પ્લાન્ટ શોભાના ગાંઠિયા સમાન

ચકાસણી પૂર્ણ થયાને ૩૫ દિવસ થયા છતાં લોકાર્પણ કરાતું નથી

ડભોઈ, તા.૧

શિનોર તાલુકામાં કોરોનાની બીજી લહેરમાં આશરે ચાલીસ ઉપરાંત લોકો ઓક્સિજન ન મળવાના કારણે મૃત્યુ પામ્યા હતા, તેથી આ વિસ્તારના ધારાસભ્ય અક્ષય પટેલ દ્વારા તારીખ ૧૫/૫/૨૦૨૧ના રોજ જિલ્લા કલેક્ટરને ટપાલ લખીને ધારાસભ્યની સ્પેશિયલ ગ્રાન્ટમાંથી ૧૦ મીટર ક્યુબની ક્ષમતાનો પોર્ટેબલ ઓક્સિજન પ્લાન્ટ કરજણ તથા મોટા ફોફળીયા સી.એચ.સી.માં ફાળવવા માટે રૂપિયા ૨૫-૨૫ લાખની ગ્રાન્ટ ફાળવી હતી છતાં પણ ગમે તે કારણોસર આ ઓક્સિજન પ્લાન્ટ સમય મર્યાદામાં શિફ્ટિંગ કરવામાં આવ્યો હતો. જેના સમાચારો વારંવાર ચમકતા ગત તારીખ

૨૬/૪/૨૦૨૨ના રોજ એજન્સીના માણસો એમ.ડી. કિર્તેશ ગાંધી ,ડાયરેક્ટર જાલેનદુ પાઠક તથા ટેકનિકલ એન્જિનિયર અને ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી યુ.વી.ટીલાવત, સંસ્થાના પ્રતિનિધિ અશોકભાઈ પટેલ, બીથલીના સરપંચ વિકાસભાઈ પટેલની હાજરીમાં પ્લાન્ટની ચકાસણી કરતા પ્લાન્ટ પૂરી ક્ષમતા અને પેરામીટર સહિત ઓક્સિજન ફ્લો અને પ્રેશર સંતોષ કારક માલુમ પડ્યું હતું અને પ્યોરિટી ૯૫.૧ ટકા મળી હતી. એજન્સી દ્વારા સી.એ.પટેલ હોસ્પિટલ તથા C.H.C.ના સ્ટાફને સ્થળ પર તાલીમ પણ આપવામાં આવી હતી. આમ ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત અને ચાલુ હતો પરંતુ સરકારની પરંપરા મુજબ તેનું લોકાર્પણ ધોરણ સર કરેલ ના હોય કુવા કાંઠે તરસ્યા, જેવો ઘાટ લોકોનો થયો છે. આ ઓક્સિજનનો પ્લાન્ટ જે ધારાસભ્યની ગ્રાન્ટના રૂપિયા ૨૫ લાખના માતબર ખર્ચે તૈયાર થઈને શિફ્ટિંગ થઈ ગયો હોવા છતાં ૩૫ દિવસો ચકાસણીને પણ પૂરા થયા છતાં પણ લોકાર્પણની રાહ જોઈને આજે પણ શોભાના ગાંઠિયા જેવો ઉભો રહ્યો છે.

વડોદરાના વાસણા-ભાયલી રોડ પર

પશુઓની બલિ ચઢાવવાની માહિતી મળતા તંત્રમાં દોડધામ : પોલીસ-જીવદયા કાર્યકરો પર પથ્થરમારો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧

વડોદરાના વાસણા-ભાયલી રોડ પર ગઈ કાલે મોડી રાત્રે પોલીસ અને જીવદયા પ્રેમીઓ પર કેટલાંક અજાણ્યા શખ્સો દ્વારા પથ્થરમારો કરાયો હોવાની ઘટના સામે આવી છે. ભાયલીના ડેડા તલાવડી પાસે બાધામાં બલિ ચઢાવવા માટે અંદાજે ૩૦થી ૪૦ બકરા લવાયા હોવાની માહિતી મળતા પીપલ ફોર એનિમલ્સ સંસ્થા દ્વારા પોલીસને સાથે રાખી દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરમિયાન કેટલાંક અજાણ્યા લોકોએ અંધારામાં રહી પોલીસ અને સંસ્થાના લોકો પર પથ્થરમારો કરતાં જિલ્લા પોલીસનો કાફલો ઘટના સ્થળ પર પહોંચી આવ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર ગઈ કાલે મોડી રાત્રે શહેરના વાસણા-ભાયલી રોડ પર આવેલા ડેડા તલાવટી પાસે કેટલાંક લોકો બાધા કરવા માટે અંદાજે ૩૦થી ૪૦ બકરાઓને બલિ ચઢાવવા માટે લાવ્યા હતા. જે અંગેની જાણકારી જીવદયા પ્રેમી મેનકા ગાંધી દ્વારા સંચાલિત વડોદરાની પીપલ્સ ફોર એનિમલ્સ સંસ્થાને મળી હતી. જેના આધારે પીપલ્સ ફોર એનિમલ્સ સંસ્થાના કાર્યકર્તાઓએ સ્થાનિક પોલીસને સાથે રાખીને ઘટના સ્થળે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહીના પગલે સ્થળ પર નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા.

પરંતુ કેટલાંક અજાણ્યા શખ્સો દ્વારા ઝાડીઓ પાછળ રહી પોલીસ કર્મીઓ અને સંસ્થાના કાર્યકર્તાઓ પર પથ્થર મારો કરવામાં આવ્યો હતો. જોકે આ હુમલામાં કોઈને પણ ઈજા પહોંચી ન હતી. આ ઘટનાની જાણ થતાં જ જિલ્લા પોલીસનો કાફલો પણ ઘટના સ્થળ પર પહોંચી આવ્યો હતો. અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી બલિ માટે લવાયેલા બકરાઓને બચાવી લેવામાં આવ્યા હતા. આ અંગે મીડિયા સાથે વાત કરતાં વડોદરાના સી ડિવિઝનના એસીપી મેઘા તેવારે જણાવ્યું હતું કે, પોલીસને મહિતી મળી હતી કે બરોડા રૂરલની હદમાં ખુલ્લી જગ્યામાં કેટલાંક બકરા કાપવા માટે લોકો ભેગા થયા છે. જીવદયા પ્રેમીઓએ માહિતી આપી અને પોલીસની મદદ માંગી હતી. જે તે સમયે રૂરલ વિસ્તારની પોલીસ તેઓની સાથે ઘટના સ્થળે પહોંચી હતી. ત્યારે કેટલાંક લોકો અંધારામાંથી પોલીસ અને સંસ્થાના લોકો પર પથ્થર મારો કર્યો હતો. જોકે આ હુમલામાં કોઈને ઈજા થઈ નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ મામલે હાલ બનાવ સમયે હાજર લોકોની પુછપરછ કરવામાં આવી રહી છે. આ બાદ આગળી કાર્યવાહી કરવામાં આવશે. તેમજ આ મામલે ગુનો નોંધાવવાની તજવીજ પોલીસ દ્વારા હાથ ધરાઈ છે.

નર્મદા વિભાગ દ્વારા

દુધઈ ગામે પાઈપલાઈન થકી પાણી આપવા માટે અધિકારીઓ દ્વારા સર્વેની કામગીરી

સુરેન્દ્રનગર, તા.૧

નર્મદાના નીર માટે છેલ્લા પાંચ વર્ષથી સતત લડત આપતા મૂળી તાલુકાના ખેડૂતો હવે આશાવાદી બન્યા છે તેમાં નર્મદા યોજના હેઠળ આજે દુધઈ ગામે સર્વે માટે અધિકારીઓ આવેલ હતા અને પાઈપલાઈન થકી ધોળી ધજા ડેમથી જેપર સુધીની પાઈપલાઈનનું સર્વેની કામગીરી આરંભી દીધી હતી. છેલ્લા પાંચ વર્ષથી ખેડૂતો સાથે રહેલ અને સુરેન્દ્રનગરથી ગાંધીનગર સુધી સતત રજૂઆત કરનાર દુધઈ વડવાળા મંદિર મહંત રામબાપુ અને ખેડૂતો સાથે સતત લડતમાં હાજર રહેલ આગેવાનો સાગરભાઈ રબારી, પાલભાઈ આંબલિયા, ધારાસભ્ય ઋત્વિક મકવાણા, રતનસિંહ ડોડિયા, રાજુભાઈ કરપડા, ભરતસિંહ ઝાલા, અલ્પેશ ગાભુ સહિતનાઓનો મૂળી તાલુકાના ખેડૂતોએ આભાર વ્યક્ત કર્યો હતો આજે ટીમ સાથે સ્થાનિક આગેવાન રામકુભાઈ કરપડાને સાથે રાખી અધિકારીઓએ તળાવોની રૂબરૂ મુલાકાત લઈ GPS સિસ્ટમથી સર્વે કરવામાં આવ્યો હતો. આ યોજના અંતર્ગત મૂળી તાલુકાના ગામો અને ધ્રાંગધ્રા અને વઢવાણ તાલુકાના ગામોનો સમાવેશ થાય છે ત્યારે હવે ખેડૂતો આશાવાદી બન્યા છે કે, ટૂંક સમયમાં નર્મદાના નીર મળશે માટે ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળે છે.

પાણી મામલે ખેડૂતો મેદાનમાં આવ્યા

ધ્રાંગધ્રાના જેસડા ગામે કેનાલમાં પાણી છોડવાની માંગ સાથે ખેડૂતોનું ઉપવાસ આંદોલન

સુરેન્દ્રનગર, તા.૧

સુરેન્દ્રનગર જિલ્લામાં હાલમાં સૌથી મોટી સમસ્યા પાણી સમસ્યા બની ચૂકી છે. જિલ્લામાં ઉનાળાના પ્રારંભે જ પાણીની સમસ્યા વિકટ સમસ્યા બની ચૂકી હતી પરંતુ હવે તો ઉનાળાના ઉતરતા દિવસો છે ત્યારે પરિસ્થિતિ વધુ કથળતા સમસ્યા સર્જાઈ છે. જેના પગલે જેસડા ગામે કેનાલમાં પાણી છોડવાની માંગ સાથે ખેડૂતો નર્મદા કેનાલ પાસે ઉપવાસ પર ઉતર્યા હતા. ઘટનાને પગલે પોલીસ દોડી ગઈ હતી અને સમજાવવાના પ્રયાસો હાથ કર્યા હતા.

થોડા દિવસ પહેલાં પાણી પ્રશ્ને લઈને ધારાસભ્ય નૌશાદ સોલંકીએ પણ સરકારને રજૂઆત કરી હતી અને તાત્કાલિકપણે પાણી છોડવાની માગણી કરી હતી અને રોડ રસ્તા અને હાઈવે ચક્કાજામ પણ કરવામાં આવ્યા હતા તે છતાં પણ તંત્રની હજુ સુધી આંખ ખુલી નથી. જેને લઈને ખેડૂતોમાં પણ રોષ વ્યાપી જવા પામ્યો છે. આ મામલે હવે ખેડૂતોએ ધાંગધ્રાના જેસડા ગામે અનોખો વિરોધ નોંધાવ્યો છે

૧૫મીથી જે પાણી કેનાલમાં પિયત માટે છોડવું જોઈએ તે સરકાર હજુ સુધી છોડી શકી નથી જેને લઈને જિલ્લાના હજારો ખેડૂતો

વાવેતર વગર ખેતર સુકાભઠ્ઠ પડ્યા છે ત્યારે આ મામલે ખેડૂતો દ્વારા કેનાલમાં ઉતરી અને ઉપવાસ આંદોલન ઉપર ઉતરી અને રામધૂન બોલાવી વિરોધ પ્રદર્શન નોંધવામાં આવ્યું છે અને સરકાર પાસે પાણી છોડવામાં આવે તેવી માગણી પણ કરવામાં આવી છે. જોકે આગામી દિવસોમાં પાણી છોડવામાં નહીં આવે કેનાલમાં તો ઉગ્ર આંદોલનની ચીમકી ખેડૂતો દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

જ્યાં સુધી નર્મદાની કેનાલમાં પાણી છોડવામાં નહીં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે તેવી ચીમકી પણ ખેડૂતોએ ઉચ્ચારી છે. પોલીસ તંત્ર પણ ઘટનાસ્થળે દોડી ગયું છે અને લોકોને સમજાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યો છે.

સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌથી વધુ કપાસ ઉત્પાદન કરતો જિલ્લો સુરેન્દ્રનગર છે. તેવા સંજોગોમાં દર વર્ષે સરકાર દ્વારા આગોતરા વાવેતર માટે ૧૫ મેથી કેનાલમાં પાણી છોડવામાં આવતું હોય છે પરંતુ આ ચાલુ વર્ષે સરકારે હજુ સુધી કોઈ પણ પ્રકારનો નિર્ણય લીધો નથી અને કેનાલમાં પાણી છોડવામાં આવ્યું નથી. તેને લઈને વાવેતરને નુકશાન થવાની ભીતિ સર્જાઈ છે. કપાસના વાવેતરને નુકશાન જતા ખેડૂતોને આર્થિક પરિસ્થિતિ ઉપર પણ અસર પડવાનાં એંધાણ વર્તાઈ રહ્યા છે ત્યારે આ મામલે ખેડૂતો વિરોધ પ્રદર્શન નોંધાવી રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં મામલે સરકાર દ્વારા વિચારણા કરી અને ત્યારબાદ ખેડૂતોને વાવેતર માટે પિયત માટે પાણી છોડવામાં આવે તે જરૂરી બન્યું છે. જેસડા ગામે વહેલી સવારથી ખેડૂતો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

ડીસામાં યુવકની હત્યાના બનાવમાં ચાર આરોપી કલાકોમાં ઝડપાયા

ડીસા, તા.૧

ડીસાના નેહરૂ નગર ટેકરા વિસ્તારમાં એક યુવકની માથામાં તિક્ષ્ણ ઘા મારી હત્યા કરતાં ચકચાર મચી જવા પામી હતી. જે બાદ પોલીસે હત્યારાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા અને કલાકોમાં જ યુવકને મોતને ઘાટ ઉતારનાર ચાર શખ્સોને ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી છે. બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં આવેલા નેહરૂ નગર ટેકરા વિસ્તારમાં સરકારી આવાસ યોજના નજીક વ્હોળામાં નીચાણવાળા ભાગમાં નવીન ઉર્ફે નનીકો બાબુભાઈ માજીરાણાની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. આ ઘટનાના પગલે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરતા પોલીસ ટીમ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. જે બાદ પોલીસે આ યુવકની હત્યા કોણે કરી અને કયા કારણોસર કરવામાં આવી તેની તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો હતો. જે બાદ પોલીસે ગણતરીના જ કલાકોમાં હત્યાનો ભેદ ઉકેલી ચાર શખ્સોને ઝડપી પાડ્યા હતા. મૃતક નવીન માજીરાણાએ તા.૨૬ના રોજ પ્રકાશ અને પૃથ્વીરાજ પાસે ૨૦ રૂપિયા માંગ્યા હતા અને આ બંને જણાએ મૃતક નવીન માજીરાણાને પૈસા ન આપતા મૃતક નવીન માજીરાણાએ મા-બેન સામે ભૂંડી ગાળો બોલી હતી. ગાળો બોલવાની અદાવતમાં આરોપી પ્રકાશ ઉર્ફે પકો સોમાજીભાઈ ઉર્ફે ટીકુભાઈ માજીરાણા અને પૃથ્વીરાજ કેશાજી માજીરાણા તેમજ બે આરોપી કિશોર વયના આમ આ ચારેય શખ્સોએ મૃતક નવીન માજીરાણાને ઘ્લોળા લઈ જઈ માથાના ભાગે બે છરા વડે ઘા મારી ઘાતકી હત્યા કર્યાની કબૂલાત કરી હતી જે બાદ પોલીસે હત્યામાં વપરાયેલ મોટરસાઈકલ અને બે છરા કબજે કરી ચારેય શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા, જેમાં બે આરોપી કિશોર વયના હોવાથી પાલનપુર બાળ રિમાન્ડ હોમમાં મોકલી વધુ તપાસ હાથ ધરી છે.

ઈંટોલાની સીમમાં દીપડાએ દેખાદેતા ચકચાર સસલાનો શિકાર કરતો વીડિયો વાયરલ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧

ગઈ કાલે મોડી રાત્રે ઈંટોલા ગામની સીમમાં એક હિંસક દીપડો જોવા મળ્યો હતો. દીપડાએ ત્યાં રહેલા એક સસલાનો શિકાર પણ કર્યો હતો. જેના દ્રશ્યો એક ખેડૂતે કેમેરામાં કેદ કર્યા હતા. વડોદરાના પાદરે ઈંટોલા ગામની સીમમાં દીપડા જોવા મળ્યો વન્ય પ્રાણીઓ હવે ખોરાકની શોધમાં માનવ વસ્તીમાં આવી જતાં હોવાની ગંભીર ઘટનાઓ રાજ્યના લગભગ તમામ જંગલોની આસપાસના વિસ્તારમાં સામાન્ય બની ગઈ છે. ત્યારે વડોદરા શહેરની નજીક આવેલા ઈંટોલા ગામમાં દીપડો દેખાતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર વડોદરા જેવા ભરચક શહેરની પાદરે આવેલા ઈંટોલા ગામની સીમમાં મોડી રાત્રે એક સ્થાનિક ખેડૂતે હિંસક દીપડાને સીમમાંથી પસાર થતા જોયો હતો. આ સમયે દીપડાએ સામેથી આવતા એક નિર્દોષ સસલાનો શિકાર કરતા આ સમગ્ર ઘટનાનો વીડિયો કેમેરામાં કેદ થઈ ગયો હતો.

જંગલમાં હિંસક પ્રાણીઓ દ્વારા થતાં શિકારના દ્રશ્યો જેવું જીવંત દ્રશ્ય વડોદરાના પાદરે ઈંટોલા ગામની સીમમાં કેમેરામાં કેદ થયું હતું. હાલ આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થયો છે. વડોદરા શહેર નજીક દીપડાની ઉપસ્થિતિ હાલ ચિંતાનો વિષય બની છે. દીપડો ક્યાંથી આવ્યો તે અંગે પણ વનવિભાગ તપાસ હાથ ધરશે તેવી ચર્ચા છે. જોકે આ ઘટનાને પગલે ગ્રામજનોમાં ભારે ફફડાટની લાગણી વ્યાપી છે.

ચાણસ્મા તાલુકાના ૧૨ ગામોના તળાવો પાણીથી ભરવા માંગ

તળાવો પાઈપલાઈનથી ભરવામાં નહીં આવે તો ગાંધીનગર ખાતે ધરણા કરવાની ચીમકી

(સંવાદદાતા દ્વારા)

પાટણ, તા.૧

ચાણસ્મા તાલુકાના ૧૨ ગામોનાં તળાવોમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત ખોરસમ પમ્પિંગ સ્ટેશનથી પાટણ જતી પાઈપલાઈનથી તળાવો ભરવામાં આવે તેવી માંગ સાથે સરપંચો-આગેવાનો દ્વારા જિલ્લા પ્રશાસનને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી છે.

ચાણસ્મા તાલુકાના ગલોલીવાસણા, સેંધા, સેવાળા, સેઢાલ, ધરમોડા, સરદારપુરા, ઈલમપુર, રાજપુર, સબોસણ, મહેમદપુર, સરસાવ અને ફિંચાલમાં આવેલા ગામતળાવોમાં છેલ્લા ઘણાં સમયથી પાણી ભરવા માટે રજૂઆતો કરવામાં આવી હતી પરંતુ તંત્ર દ્વારા હજુ સુધી આ

(તસવીર : ઈલ્મુદ્દીન સૈયદ, પાટણ)

તળાવોમાં પાણી ભરવામાં ન આવતા આ વિસ્તારમાં બોરના પાણી તળ ઊંડા થઈ ગયા છે જેને કારણે ખેતી પાક લેવામાં સિંચાઈના પાણી મળતા નથી. તો સાથે સાથે પશુઓ અને ગ્રામજનોને પીવાના પાણીની તંગી વર્તાઈ રહી છે. ત્યારે આજે ૧૨ ગામના સરપંચ, આગેવાનો દ્વારા ખોરસમ પમ્પિંગ સ્ટેશનથી પાટણ તરફ જતી પાઈપલાઈન વચ્ચે આસપાસના ગામતળાવો પાઈપલાઈનથી ભરવામાં આવે તેવી આવેદનપત્રમાં માંગ કરવામાં આવી છે.

જો આગામી સમયમાં ચાણસ્મા તાલુકાના ૧૨ ગામોના તળાવો પાઈપલાઈનથી ભરવામાં નહીં આવે તો ગાંધીનગર ખાતે ધરણા કરવામાં આવશે તેવી સરપંચ-આગેવાનોએ ચીમકી ઉચ્ચારી છે.

નડિયાદમાં નજીવી બાબતે

બે સગા ભાઈઓએ જાતીય સતામણી કરી હોવાની બહેનની ફરિયાદ

નડિયાદ, તા.૧

નડિયાદમાં નજીવી બાબતે ઝઘડો થયા બાદ મહિલાએ પોતાની જાતીય સતામણી થઈ હોવાના આક્ષેપ સાથે બે સગા ભાઈ સામે ફરિયાદ નોંધાવી છે. આ અંગે મળતી માહિતી મુજબ નડિયાદના મંજીપુરા રોડ પર આવેલ સંતરામપુર નગરમાં ગતરોજ બપોરના સમયે પથ્થર બેસાડવા બાબતે એક મહિલા સંતરામનગરમાં રહેતા હર્ષદ મોહન પટેલ સાથે બોલાચાલી કરી રહી હતી. આ સમયે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં મામલો ગરમાયો હતો. હર્ષદ પટેલ મહિલા અને સાથેના વ્યક્તિ સાથે ઝઘડો કર્યો હતો. આ સમયે ઉશ્કેરાયેલ હર્ષદ પટેલે મહિલાને હાથ પકડી નીચે પાડી દઈ ઢસડી હતી. બાદમાં મહિલા પર ચઢી બેસી કપડા ફાડી નાખી હિતેશ પટેલે જાનથી મારી નાખવાની ધમકી આપી મહિલાની જાતીય સતામણી કરી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કર્યો છે. વધુમા ફરિયાદમા જણાવ્યું છે કે આ સમયે હિતેશભાઈનું ઉપરાણું લઈને દોડી આવેલા તેમના નાનાભાઈ નીલેશે મહિલાના બંને પગ પકડી રાખ્યા હતા. આવી ફરિયાદના આધારે નડિયાદ ટાઉન પોલીસએ ઉપરોક્ત બંને ભાઈઓ સામે ફરિયાદ નોંધી છે. પોલીસે આઈપીસી ૩૫૪ (છ) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી દીધી છે.

ધાર્મિક કાર્યક્રમ

ટંકારીયા ખાતે ૧૨મીએ હજ્જ ટ્રેનિંગ કેમ્પ યોજાશે

ભરૂચ તાલુકાના ટંકારીયા ગામે દારૂલ ઉલુમ અશરફીયા મુસ્તુફાઈયા ખાતે હજ ટ્રેનિંગ કેમ્પ આગામી તારીખ ૧૨ જૂનના રોજ સવારે ૯ વાગે યોજવામાં આવશે. હજ્જે બયતુલ્લાહ જનાર ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ટ્રેનિંગ દરમ્યાન હજ અરકાનની સાચી સમજ પ્રાપ્ત કરશે.

સુરતમાં ૧૦ વીવર્સ પાસેથી રૂા.૩૧.૫૯ લાખનું ગ્રે કાપડ ઉધારમાં ખરીદી બે વેપારી ફરાર

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

મૂળ મહેસાણાના ઊંઝાના ઈઠોર ગામના વતની અને સુરતમાં વેસુ વીઆઈપી રોડ શ્યામ મંદિરની બાજુમાં ગોકુલ પેરેડાઈઝ ફ્લેટ નં.૪૦૨માં રહેતા ૫૯ વર્ષીય વિષ્ણુભાઈ પરસોત્તમભાઈ પટેલ અને તેમના પરિજનો પાંડેસરા વિસ્તારમાં લુમ્સના કારખાના ધરાવે છે. પરિચિત કાપડ દલાલ વિલાસભાઈ દુસાણે ગત માર્ચ મહિનામાં જુદા જુદા સમયે રીંગરોડ સાલાસર ગેટ સામે મહાવીર માર્કેટમાં નવકાર એન્ટરપ્રાઈઝના નામે કાપડનો વેપાર કરતા મુકેશભાઈ લલીતભાઈ જૈન તેમજ રીંગરોડ ગોળવાળા માર્કેટની સામે શ્રી બાલાજી માર્કેટમાં ગણેશ એન્ટરપ્રાઈઝના નામે કાપડનો વેપાર કરતા અનિલકુમાર હરસુખભાઈ દેવાણીને લઈ તેમના કારખાને આવ્યા હતા અને બંનેની ઓળખાણ કરાવી તેમની બજારમાં સારી શાખ છે તેમ કહી ધંધો શરૂ કરાવ્યો હતો. બંને વેપારીઓએ વિષ્ણુભાઈ તેમજ તેમના પરિજનોના કારખાનામાંથી તેમજ અન્ય ૯ વીવર્સ પાસેથી કુલ રૂા.૩૧,૫૮,૮૯૩નું ગ્રે કાપડ ખરીદ્યું હતું. જોકે, પેમેન્ટના સમયે વિષ્ણુભાઈ અને અન્ય વીવર્સ બંને વેપારીની દુકાને ઉઘરાણી માટે ગયા ત્યારે તેમની દુકાન બંધ હતી અને તેમના મોબાઈલ ફોન પણ બંધ હતા. આ અંગે વિષ્ણુભાઈએ ગતરોજ ભોગ બનેલા વીવર્સ વતી બંને વેપારી વિરૂદ્ધ સલાબતપુરા પોલીસ મથકમાં ઠગાઈની ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

યુનિ. કેમ્પસમાં નમાઝ વિરૂદ્ધ ભાજપ, હિંદુવાદી જૂથોના વિરોધ પ્રદર્શન પછી યુપીની કોલેજે પ્રોફેસરને રજા પર ઉતાર્યા

● આ મામલે સ્ટુડન્ટ નેતા દીપક શર્મા આઝાદે દાવો કર્યો કે કોલેજના કેમ્પસમાં નમાઝ અદા કરવામાં આવી રહી હતી, તેનાથી શાંતિપૂર્ણ વાતાવરણ બગડી શકે છે, જ્યારે ભાજપની યુવા પાંખના જિલ્લા અધ્યક્ષ અમિત ગોસ્વામીએ કહ્યું કે, આ એક સુનિયોજિત કાવતરૂં છે ● કાયદાના પ્રોફેસર એસ.આર.ખાલિદ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી અને તેમને એક મહિનાની રજા આપી દેવામાં આવી હતી, અગાઉ આ કોલેજમાં હિજાબ ઉપર પણ બેન મૂકવામાં આવ્યો હતો

(એજન્સી) તા.૧

અલીગઢમાં આવેલી એક કોલેજના ગાર્ડનમાં નમાઝ અદા કરતા પ્રોફેસરનો વીડિયો ભાજપ અને કટ્ટર હિન્દુવાદીઓએ વાયરલ કરી દીધો હતો. જેના બાદ તેમના પર કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવતા કોલેજના પ્રશાસને પ્રોફેસરને ફરજિયાત એક મહિનાની રજા પર મોકલી દીધા હતા.

આ ઘટના શ્રી વર્સનાય કોલેજમાં બની હતી. અહીં અભ્યાસ કરાવતા કાયદાના પ્રોફેસર એસ.આર.ખાલિદ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી અને તેમને એક મહિનાની રજા આપી દેવામાં આવી હતી. અગાઉ આ કોલેજમાં હિજાબ ઉપર પણ બેન મૂકવામાં આવ્યો હતો.

કોલેજના પ્રિન્સિપાલ અનિલ કુમાર ગુપ્તાએ આ મામલે એક જાણીતા મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે નમાઝનો સમય જલદી પતી રહ્યો હતો એટલા માટે ઉતાવળે મેં પાર્કમાં જ નમાઝ અદા કરી હતી. આ મામલે સંસ્થાના પ્રવક્તાએ કહ્યું કે આ મામલે તપાસના આદેશ આપી દેવાયા છે. તેમણે કહ્યું કે, ભાજપના યુવા મોરચાના કેટલાક કાર્યકરોએ એવો આરોપ મૂક્યો હતો કે, જાહેરમાં નમાઝ અદા કરીને માહોલ બગાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ મામલે સ્ટુડન્ટ નેતા દીપક શર્મા આઝાદે દાવો કર્યો કે કોલેજના કેમ્પસમાં નમાઝ અદા કરવામાં આવી રહી હતી, તેનાથી શાંતિપૂર્ણ વાતાવરણ બગડી શકે છે. જ્યારે ભાજપની યુવા પાંખના જિલ્લા અધ્યક્ષ અમિત ગોસ્વામીએ કહ્યું કે આ એક સુનિયોજિત કાવતરૂં છે.

સમયની અનિશ્ચિતતા અને ભય હેઠળ આ શહેરમાં મુસ્લિમ તરીકે રહેવું મુશ્કેલ બન્યું : હોટલના માલિક મોહંમદ ઝમીલ

કોમવાદી હુમલાના ભયથી મથુરાની તાજ હોટલ 'રોયલ ફેમિલી રેસ્ટોરન્ટ'માં ફેરવાઈ

મથુરાની હોટલમાં પડકારજનક સમયમાં ધંધાને ટકાવી રાખવા માટે મુસ્લિમ સ્ટાફને બદલે હિંદુ કર્મચારીઓ રખાયા, કટ્ટરવાદીઓના આતંકને કારણે ૫૦ વર્ષથી નોન-વેજ પીરસનારી હોટલે હવે શાકાહારી ભોજન વેચવાનું શરૂ કર્યું

(એજન્સી) મથુરા, તા.૧

હિંદુ કટ્ટરવાદી જૂથોના 'કાશી-મથુરા બાકી હૈ' સૂત્રને ફરી વેગ મળતાં અને મુસ્લિમોને નિશાન બનાવવા માટે અપરાધિક જૂથો દ્વારા ઉપયોગમાં લેવાતા આ સૂત્રથી ઉત્તરપ્રદેશના મથુરામાં મોહમ્મદ ઝમીલ અને તેમની તાજ હોટલની ૫૬ વર્ષની મજલનો સ્વાદ બદલવો પડ્યો છે. અહેવાલો અનુસાર આ રેસ્ટોરન્ટ ૧૯૭૪થી તાજ હોટલ નામથી પ્રખ્યાત હતી. જો કે, કોમી પવનો વધુ મજબૂત અને વેગવંતા બનતા આ હોટલનું નામ ડિસેમ્બર ૨૦૨૧માં બદલીને 'રોયલ ફેમિલી રેસ્ટોરન્ટ' કરી દેવાયું છે. જો કે, માત્ર તાજ હોટલનું નામ સામાન્ય કરી દેવાયા બાદ પણ આ વિવાદનો અંત આવી જતો નથી. હોટલના માલિકો એક-બે વર્ષમાં પારિવારિક હોટલના ૫૦ વર્ષની ઉજવણી કરી રહ્યા છે ત્યારે તેમણે કહ્યું કે, તેમણે અહીં ટકી રહેવા માટે રેસ્ટોરન્ટનું ભોજન અને સ્ટાફ સુદ્ધાં બદલવો પડ્યો છે.

તેમણે સમાચાર એજન્સીને જણાવ્યું કે, 'આ શહેરમાં એક મુસ્લિમ તરીકે રહેવું મુશ્કેલ બન્યું છે. મને સતત શંકાસ્પદ રીતે જોવાઈ રહ્યો છે. અમે અનિશ્ચિત સમય અને સતત અજાણ્યા ભયના સમયમાં જીવી રહ્યા છીએ. અમારૂં ગુજરાન ચલાવવા માટે અમારે અમારી ઓળખ છૂપાવવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. દશકોથી અમારા પરિવારનું ગુજરાન ચલાવવા માટે આ રેસ્ટોરન્ટ છે. મારી પહેલાં મારા માતા-પિતા તેને ચલાવી રહ્યા હતા. મારા પારિવારિક વારસાને બદલવો મારા માટે દુઃખદાયક છે.' ઝમીલે આઠ મુસ્લિમ કર્મચારીઓને હોટલની નોકરીમાંથી છૂટા કર્યા અને હિંદુઓને નોકરી પર રાખ્યા છે. આ માટે દાવો કરતાં તેમણે કારણ બતાવ્યું કે, તેઓ વેજીટેરિયન ભોજન સારી રીતે બનાવે છે. રાજ્ય સરકારે ગયા વર્ષે માંસાહારી ભોજન અને દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકતા આ પગલાં લેવા પડ્યા છે. તેનાથી અમે ચિકન કોરમા, ચિકન ચંગેઝી, નિહારી વેચી શકતા નથી અને તેના બદલે હવે પનીર ચંગેઝી અને પનીર કોરમા વેચવા પડે છે. મુસ્લિમ દેખાવવાળા માલિકે કહ્યું કે, તેણે પોતાની ઓળખ છતી ના થાય તે માટે કેશ કાઉન્ટર પર બેસવાનું છોડી દીધું છે જેથી તેમની હાજરીથી ગ્રાહકને કોઈ મુશ્કેલી થાય. મારા સ્થાને મેં હિંદુ સ્ટાફને રાખ્યો છે. મને ઘણું નુકસાન થઈ રહ્યું છે. કેટલાક અસામાજિક તત્ત્વો મારા ધંધાને યોગ્ય રીતે ચાલવા દેતા નથી, તેથી હું તેમના નિશાના પર છું. મારી આવક દિવસની ૧૪,૦૦૦-૧૫,૦૦૦ રૂપિયાથી ઘટીને ૩૦૦૦-૪૦૦૦ થઈ ગઈ છે. મારા વિસ્તારમાં જીવનમાં પ્રથમવાર આવી સ્થિતિ જોઈ છે. આ શાંતિપૂર્ણ મંદિરોની નગરી હતી અને અમે સૌહાર્દ સાથે રહેતા હતા. અચાનક બધું બદલાઈ ગયું. હવે બધા અચાનક પોતાના ઘરોમાં પણ નોન વેજ ખાવાનું વિચારતા નથી કારણ કે, એવો ભય ફેલાઈ ગયો છે કે, કટ્ટરવાદીઓ કોઈપણ સમયે તેમને ગૌમાંસના આરોપમાં માર મારી શકે છે. માંસ પર પ્રતિબંધની વિરૂદ્ધમાં હાઈકોર્ટમાં પણ ગયા છીએ પણ બાબત પેન્ડિંગ છે. વધારે સમય રાહ જોવી અને વધુ નુકસાનથી બચવા માટે મેં જીવન ટકાવી રાખવા રેસ્ટોરન્ટનું નામકરણ કર્યું છે. એપ્રિલમાં કહેવાતા સંગીત સોમ સેના સાથે નાતો ધરાવતા હિંદુવાદી જૂથો સામે મેરઠ પોલીસે તોફાન અને લૂંટની ફરિયાદ દાખલ કરી હતી. તેમના પર વેજ બિરયાની વેચનારા મોહંમદ સાજીદની લારીની તોડફોડનો આરોપ હતો જેમાં તેમણે દાવો કર્યો હતો કે, મુસ્લિમ ફેરિયો નવરાત્રી દરમિયાન માંસ વેચી રહ્યો છે. આ વિસ્તાર સંગીત સોમનો મતવિસ્તાર હતો જે ગત ચૂંટણીમાં હારી ગયો હતો. સાજીદે તોડફોડ, ભોજન ફેંકી દેવા અને નાણાની લૂંટનો આરોપ લગાવ્યો હતો.

અયોધ્યા અને મથુરા મંદિરની આસપાસ દારૂના વેચાણ પર રોક

મથુરા ખાતે ૧ જૂને બિયર અને ભાંગની ૩૭ દુકાનો ઉપર તાળા મરાયા, માંસના વેચાણ ઉપર પણ પ્રતિબંધ

(એજન્સી) અયોધ્યા, તા.૧

રામનગરી અયોધ્યા અંગે યોગી સરકારે મોટો નિર્ણય કર્યો છે. હવે ભગવાન શ્રી રામના મંદિરની આસપાસના વિસ્તારમાં દારૂનું વેચાણ થઈ શકશે નહી. સરકારે આ વિસ્તારની દારૂની દુકાનોના લાયસન્સ રદ કરવામાં આવ્યા છે. આ સાથે બુધવારના રોજ કૃષ્ણનગરી મથુરામાં શ્રી કૃષ્ણના જન્મસ્થળની આસપાસના વિસ્તારમાં દારૂના વેચાણ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. મથુરાને તીર્થસ્થળ જાહેર કરીને શ્રી કૃષ્ણના જન્મસ્થળની આસપાસના વિસ્તારમાં દારૂ અને માંસના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. મથુરા ખાતે બુધવારના રોજ ૧ જૂન એટલે કે આજથી બીયર અને ભાંગની ૩૭ દુકાનો ઉપર તાળા મારવામાં આવ્ય અને તેના બદલે દૂધ અને દહીંની દુકાનો વધારવામાં આવશે. મથુરા ખાતેની ત્રણ હોટલોના બાર અને બે મોડેલ શોપ ને આજથી ખોલવામાં નહી આવે. ઉત્તરપ્રદેશ વિધાન પરિષદમાં મંગળવારના રોજ આબકારી મંત્રી નિતિન અગ્રવાલે બસપાના સભ્ય ભીમરાવ આંબેડકર દ્વારા પૂછવામાં આવેલ સવાલનો જવાબ આપતા કહ્યું હતું કે, અયોધ્યા ખાતે પ્રભુ શ્રી રામમંદિરના આસપાસના વિસ્તારની દારૂની દુકાનોના લાયસન્સ રદ કરવામાં આવ્યા છે. તેમણે આગળ જણાવ્યું હતું કે, '૧૯૬૮ના નિયમ પ્રમાણે આબકારી દુકાનોની સંખ્યા અને સ્થાન જાહેર પૂજા સ્થળ, શાળા, હોસ્પિટલ અને રહેણાંક વસાહતોથી અનુક્રમે ૫૦, ૭૫ અથવા ૧૦૦ મીટરના અંતરની અંદર હોય તો તેને લાયસન્સ આપવામાં આવતું નથી. આ આદેશને ધ્યાનમાં રાખીને અયોધ્યા ખાતેની દારૂની દુકાનો બંધ કરવામાં આવી છે.

ઓફિસમાં 'શ્રેષ્ઠ એન્જિનિયર ઓસામા બિન લાદેન'નો ફોટો લગાવતાં યુપીનો અધિકારી સસ્પેન્ડ

● દુનિયાના સર્વ શ્રેષ્ઠ જૂનિયર એન્જિનિયર માનનીય ઓસામા બિન લાદેન તરીકે ઓળખ આપનાર અને ફોટો મૂકવા બદલ રવીન્દ્ર પ્રકાશ ગૌતમની હકાલપટ્ટી ● દક્ષિણાંચલ વિદ્યુત વિતરણ નિગમ લિમિટેડના સબ-ડિવિઝનલ અધિકારી રવીન્દ્ર પ્રકાશ ગૌતમે તેમની ઓફિસમાં ઓસામા બિન લાદેનનો ફોટો લગાવ્યો હતો

(એજન્સી) ફારૂખાબાદ, તા.૧

ઉત્તર પ્રદેશના ફારૂખાબાદ ખાતે એક અધિકારીએ વિશ્વના સૌથી ખૂંખાર આતંકવાદી ઓસામા બિન લાદેનને પોતાનો ગુરૂ ગણાવ્યો છે. ઉપરાંત અધિકારીએ પોતાની ઓફિસમાં લાદેનની તસવીર પણ લગાવી છે. ફારૂખાબાદના નવાબગંજ ખાતે વીજ નિગમ કાર્યાલયના પરિસરમાં ઓસામા બિન લાદેનની તસવીરનો ફોટો વાયરલ થયા બાદ ભારે હડકંપ મચ્યો છે.

ઓફિસમાં લાદેનના ફોટાની નીચે શ્રદ્ધેય ઓસામા બિન લાદેન (વિશ્વના સર્વ શ્રેષ્ઠ જુનિયર એન્જિનિયર) એમ પણ લખેલું છે. સાથે જ નીચે ઝીણા અક્ષરે એસડીઓ રવિન્દ્ર પ્રકાશ ગૌતમનું નામ લખ્યું છે. સુપ્રિન્ટેન્ડેન્ટ એન્જિનિયર એસકે શ્રીવાસ્તવે આ મામલે તપાસ કમિટી રચવામાં આવી છે અને રિપોર્ટ મળ્યા બાદ કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી. નવાબગંજ વીજ નિગમ કાર્યાલયના પરિસરમાં આવેલા વેઈટિંગ રૂમની દીવાલ પર લાગેલો ઓસામા બિન લાદેનનો ફોટો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. ઉપરી અધિકારીઓને આ અંગેની જાણ થયા બાદ તે ફોટો હટાવી લેવામાં આવ્યો હતો. સબ ડિવિઝનલ ઓફિસર રવિન્દ્ર પ્રકાશ ગૌતમને આ અંગે ફોન કરવામાં આવ્યો તો તેમણે લાદેનને પોતાનો ગુરૂ ગણાવ્યો હતો. સાથે જ એમ પણ કહ્યું હતું કે, આ તસવીર હટાવી લેવામાં આવશે તો બીજી પણ લાગી જશે. આ ફોટો મેં જ લગાવ્યો છે.' એસડીઓના કહેવા પ્રમાણે લાદેન વિશ્વનો સર્વ શ્રેષ્ઠ જુનિયર એન્જિનિયર છે અને આ કારણે તેનો ફોટો લગાવવામાં આવ્યો છે. સુપ્રિન્ટેન્ડેન્ટ એન્જિનિયર એસકે શ્રીવાસ્તવ અને મુખ્ય એન્જિનિયર કાનપુર રાકેશ વર્માએ ફોન રિસીવ કરવાનું પણ બંધ કરી દીધું છે. એસડીઓએ અગાઉ એમડી સહિત અન્ય અધિકારીઓ વિરૂદ્ધ પત્ર લખેલા છે જેની ભાષા જોઈને એમડી અને સીએમડીએ કાર્યવાહી કરવાની હિંમત નહોતી કરી.

ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન અલ્બેનીઝની 'સમાવેશક કેબિનેટ'માં ૧૩ મહિલા મંત્રીઓ, ૨ મુસ્લિમો

(એજન્સી) તા.૧

ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝે બુધવારે ઓસ્ટ્રેલિયાની નવી સરકારમાં પ્રથમ મહિલા મુસ્લિમ સહિત વિક્રમજનકરીતે ૧૩ મહિલા કેબિનેટ મંત્રીઓને સામેલ કર્યા છે. આ પહેલા સ્કોટ મોરિસનની સરકારમાં ૭ મહિલા મંત્રીઓ હતા, તે સિવાય ઉદ્યોગ પ્રધાન એડ હસિક અને યુવા પ્રધાન એની અલી ઓસ્ટ્રેલિયાની સંઘીય સરકારમાં પ્રથમ મુસ્લિમ પ્રધાન બન્યા છે. રાજધાની કેનબેરા શહેરમાં ગવર્નર-જનરલ ડેવિડ હર્લી દ્વારા શપથ ગ્રહણ સમારોહનું સંચાલન કરવામાં આવ્યું હતું જેમાં બુધવારે ૨૩ મંત્રીઓને શપથ આપવામાં આવ્યા હતા. વડાપ્રધાને ટ્વિટ કર્યું કે, ઓસ્ટ્રેલિયા જેટલી જ વૈવિધ્યસભર એવી સર્વસમાવેશક સરકારનું નેતૃત્વ કરવાનો મને ગર્વ છે. આ તમામ નવા લેબર સભ્યોનું સ્વાગત છે. નવી સરકારમાં નિયુક્ત કરાયેલા ૩૦ મંત્રીઓમાંથી લગભગ અડધી મહિલાઓ છે. મુખ્ય કેબિનેટમાં ૨૩માંથી ૧૦ સ્થાનો પર મહિલાઓ સ્થાન ધરાવે છે. ઓસ્ટ્રેલિયન કેબિનેટમાં ૧૦ મહિલાઓ સાથે મહિલાઓની આ અત્યાર સુધીની સૌથી મોટી સંખ્યા છે, તે ઉપરાંત મંત્રાલયમાં પણ ૧૩ મહિલાઓ છે અને ૧૯ ફ્રન્ટ બેન્ચર છે જેમાં સહાયક મંત્રીઓનો સમાવેશ થાય છે. કેબિનેટમાં મંત્રાલયમાં અને ફ્રન્ટબેન્ચના હોદ્દાઓમાં મહિલાઓના પ્રતિનિધિત્વ માટેની ત્રણેય શ્રેણીઓમાં આ વિક્રમી સંખ્યા છે. અલ્બેનીઝની કેબિનેટમાં નવા ચહેરાઓ અને અનુભવી ધારાશાસ્ત્રીઓનું મિશ્રણ છે જેઓએ આ અગાઉની લેબર સરકારમાં પણ સેવા આપી હતી જેણે નવ વર્ષ સત્તા સંભાળી હતી. અલ્બેનીઝે કહ્યું છે કે, અમારી સંસદમાં અમારી પાસે પ્રતિભાવાન વ્યક્તિઓ છે, તે ફેડરેશન પછીના અમારા ઈતિહાસમાં સૌથી વધુ અનુભવી લેબર સરકાર છે. લેબર પાર્ટીએ ૧૫૧ સીટવાળા નીચલા ગૃહમાં ૭૭ બેઠકો જીતી છે, હજુ છેલ્લા મહિનાના ચૂંટણી પરિણામોમાં મતોની ગણતરી ચાલુ છે.

ફેક વેબસાઈટના માધ્યમથી હેલિકોપ્ટર સવારીની ઓફર કરી ચારધામ યાત્રાના શ્રદ્ધાળુઓને છેતરાઈ રહ્યા છે

(એજન્સી) તા.૧

ઉત્તરાખંડમાં 'ચાર ધામ યાત્રા' માટે હેલિકોપ્ટર સવારીની ઓફર કરતી નકલી વેબસાઈટ દ્વારા ડઝનથી વધુ લોકોને છેતરવામાં આવ્યા છે. નોંધનીય છે કે છેલ્લા એક મહિનામાં લખનઉ સાયબર સેલમાં આવા પાંચ અને યુપી સાયબર સેલમાં આવા દસ કેસ નોંધાયા છે. યુપી સાયબર સેલના સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ ત્રિવેણી સિંહે કહ્યું કે રાઈડ ઓફર કરવા માટે જે ફરિયાદો આવી રહી છે તે વિવિધ વેબસાઈટ પરથી આવી રહી છે. સિંહે એમ પણ કહ્યું કે આવા કૌભાંડો માત્ર યુપીમાં જ નહીં પરંતુ પંજાબ, હરિયાણા અને દિલ્હી જેવા રાજ્યોમાં પણ સામે આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બિહાર અને ઝારખંડની બોર્ડર પર કાર્યરત એક ગેંગ આવી છેતરપિંડી કરી રહી છે. તેમણે કહ્યું કે અમને અન્ય રાજ્યોમાંથી પણ ફરિયાદો મળી રહી છે. આવી જ એક પીડિતાના જણાવ્યા અનુસાર, તેણે મંદિરોની મુલાકાત માટે ૫૦,૦૦૦ રૂપિયા ચૂકવ્યા હતા, પરંતુ તેને અને તેના પરિવારના સભ્યોને દેહરાદૂનમાં હેલિકોપ્ટરમાં બેસવાની મંજૂરી આપવામાં આવી ન હતી. જ્યારે તેણે કારણ પૂછ્યું તો તેને કહેવામાં આવ્યું કે તેણે બુક કરેલી ટિકિટ નકલી હતી. ફરિયાદ અનુસાર પીડિતાને દેહરાદૂન સ્થિત પવન હંસ લિમિટેડનો એજન્ટ હોવાનો દાવો કરનાર વ્યક્તિનો ફોન આવ્યો હતો. ચુકવણી પર છેતરપિંડી કરનારે તેમના આધાર કાર્ડ, પાસપોર્ટ અને કોવિડ-૧૯ રસીકરણની વિગતો લીધા પછી હેલિકોપ્ટર ટિકિટો વોટ્સએપ પર મોકલાવી હતી. બોર્ડિંગ સમયે જાણવા મળ્યું હતું કે તમામ ટિકિટ નકલી હતી. પોલીસ અધિકારીઓએ લોકોને સલાહ આપી છે કે તેઓ ખાનગી કંપનીઓને પસંદ ન કરે અને ચાર ધામ યાત્રા માટે સરકાર દ્વારા અધિકૃત હેલી-સેવા વેબસાઈટનો ઉપયોગ કરે અને તેની ખાતરી કરે તથા પ્રવાસન વિભાગ સાથે તેની પુષ્ટિ કરે. તેણે નાણાં ટ્રાન્સફર કરવાથી દૂર રહેવા અથવા બેંક પ્રદાન કરવાથી દૂર રહેવા પણ વિનંતી કરી છે.

કાશ્મીર અંગે વિવાદાસ્પદ ફિલ્મ બનાવનારા

નિર્દેશક વિવેક અગ્નિહોત્રીની ઓક્સફોર્ડે ઈવેન્ટ રદ કરી

(એજન્સી) મુંબઈ, તા.૧

બોલીવુડ ફિલ્મ ધ કાશ્મીર ફાઈલ્સને લઈને ચર્ચામાં આવેલા ડાયરેક્ટર વિવેક રંજન અગ્નિહોત્રીની એક ઈવેન્ટને ઓક્સફોર્ડ યુનિવર્સિટીએ કેન્સલ કરી દીધી છે. જે બાદ નારાજ વિવેકએ ટ્વીટર પર સપોર્ટની અપીલ કરી. વિવેક અગ્નિહોત્રીએ યુનિવર્સિટી પર હિંદુ ફોબિયા ફેલાવવાનો આરોપ લગાવ્યો છે. ફિલ્મ નિર્માતાએ એક વીડિયોમાં કહ્યુ કે તેમને યુકેમાં ઓક્સફોર્ડ યુનિવર્સિટી તરફથી ૩૧ મે એ એક ભાષણ આપવા માટે બોલાવવામાં આવ્યા હતા પરંતુ અંતિમ સમયે આને કેન્સલ કરી દેવાયુ.

તેમણે કહ્યુ, ઈમેલ પર આપવામાં આવેલી જાણકારીમાં બધુ જ નક્કી હતુ પરંતુ પહેલા એ કહેવામાં આવ્યુ કે ભૂલથી બે બુકિંગ થઈ ગયુ છે જેથી હુ હોસ્ટ કરી શકીશ નહીં.

વિવેકએ કહ્યુ કે મને પૂછ્યા વિના તેમણે ૧ જુલાઈની તારીખ આપી દીધી છે કેમ કે તે દિવસે કોઈ વિદ્યાર્થી હશે નહીં અને કોઈ કાર્યક્રમ કરવાનો અર્થ નથી.

ઉત્તર ભારતીય વિદ્યાર્થીઓ તમિલનાડુમાં કોવિડ-૧૯ ફેલાવી રહ્યા છે : આરોગ્ય પ્રધાન સુબ્રમણ્યમ

(એજન્સી) ચેન્નઈ, તા.૧

રાજ્યમાં રોજના ૧૦૦થી વધુ નવા કોરોના વાયરસ ચેપના કેસો સામે આવી રહ્યા છે તેના પગલે તમિલનાડુના આરોગ્ય પ્રધાન સુબ્રમણ્યને બુધવારે રાજ્યમાં કોવિડ-૧૯ કેસોમાં વધારા માટે ઉત્તર ભારતીય વિદ્યાર્થીઓને જવાબદાર ઠેરવ્યા હતા. સુબ્રમણ્યને જણાવ્યું હતું કે, ઉત્તર ભારતીય વિદ્યાર્થીઓ તમિલનાડુમાં કોવિડ-૧૯ ફેલાવી રહ્યા છે. કેલમ્બક્કમ VIT કૉલેજ અને સત્યસાઈ કૉલેજના વિદ્યાર્થીઓ હોસ્ટેલ અને વર્ગોમાં કોરોના વાયરસના ચેપથી પ્રભાવિત થયા છે. કેટલાક ઉત્તર ભારતીય રાજ્યોમાં કોવિડ-૧૯ના કેસ હજુ પણ વધી રહ્યા છે.

તમિલનાડુમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ૯૮ જેટલા નવા કેસ નોંધાયા છે, જેનાથી કુલ આંકડો ૩૪,૫૫,૪૭૪ પર પહોંચી ગયો છે. જો કે, મૃત્યુઆંક યથાવત્ રહ્યો છે કારણ કે, તે જ સમયગાળા દરમિયાન કોઈ જાનહાનિ નોંધાઈ ન હતી. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૪૯ લોકો ડિસ્ચાર્જ થતાં આ વાયરલ રોગથી સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા વધીને ૩૪,૧૬,૯૦૭ થઈ ગઈ છે, હવે ૫૪૨ સક્રિય કોવિડ-૧૯ કેસ છે. ચેન્ગલપેટ અને ચેન્નઈ જિલ્લામાં અનુક્રમે ૪૬ અને ૪૪ સાથે મોટાભાગના કેસ નોંધાયા છે. કોઈમ્બતુર અને તિરૂવલ્લુરમાં ચાર કેસો જ્યારે કાંચીપુરમ, વેલ્લોરમાં એક-એક કેસ નોંધાયો છે.

ભારતમાં કોવિડ-૧૯ની સ્થિતિ

બુધવારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૭૪૫ નવા કોવિડ કેસ નોંધાયા છે, જે ગઈકાલ કરતાં ૪૦૭ વધુ છે. દેશમાં મંગળવારે ત્રીજા નિયમિત દિવસે નવા કોવિડ કેસોમાં વધુ ઘટાડો જોવા મળતા દેશમાં ૨૩૩૮ કેસ નોંધાયા હતા. દેશમાં સક્રિય કેસ વધીને ૧૮,૩૮૬ થઈ ગયા હતા જે ગઈકાલે ૧૭,૮૮૩ હતા. દેશમાં કુલ કેસ લોડના ૦.૦૪ ટકા સક્રિય કેસ છે.

WhatsApp અપડેટ : ટૂંક સમયમાં જ તમને વ્હોટ્સએપમાં મેસેજ મોકલ્યા પછી તેને એડિટ (સંપાદિત) કરવાની સુવિધા મળશે

(એજન્સી) તા.૧

ટ્વિટરમાં તમને સંપાદન કરવા માટે બટન આપવામાં આવતું નથી, પરંતુ WhatsApp ટૂંક સમયમાં આ સુવિધા આપશે. મેસેજિંગ એપ પોતાની એપના બીટા વર્ઝન પર આ એડિટ બટનનું ટેસ્ટિંગ કરી રહી હતી. હાલમાં, WhatsApp પાસે સમર્પિત સંપાદન વિકલ્પ નથી. એકવાર મોકલવામાં આવેલ ટેક્સ્ટને ફક્ત ડિલીટ કરી શકાય છે, પણ સંપાદિત કરી શકાતું નથી, પરંતુ આગામી સુવિધા ટેક્સ્ટ મોકલ્યા પછી તેને સંપાદિત કરવાનું શક્ય બનાવી શકે છે. આ સુવિધાને Wabetainfo દ્વારા રજૂ કરવામાં આવી હતી, આ વેબસાઈટ જે WhatsApp સંબંધિત તમામ વિકાસને ટ્રેક કરે છે. વોટ્સએપે લોકોને મેસેજ કરવાની રીતમાં કેટલાક મોટા ફેરફારો કર્યા છે. મેસેજ પર રિએક્ટ કરવા માટે ફીચર બહાર પાડ્યા પછી, WhatsApp હવે યુઝર્સને મેસેજ મોકલ્યા પછી એડિટ કરવા માટે મંજૂરી આપશે. વોટ્સએપે પાંચ વર્ષ પહેલા આ ફીચર પર કામ કરવાનું શરૂ કર્યું હતું પરંતુ ટ્વિટર પર તેની જાણ થતાં તરત જ તેને કાઢી નાખવામાં આવ્યું હતું. જો કે, આખરે, પાંચ વર્ષના વિરામ પછી, WhatsApp એ ફરીથી સંપાદન સુવિધા પર કામ કરવાનું વિચાર્યું છે. Wabetainfoએ એડિટ ફીચરનો સ્ક્રીનશોટ શેર કર્યો છે જે હાલમાં ડેવલપ થઈ રહ્યો છે. જ્યારે તમે મોકલેલ સંદેશ પસંદ કરો ત્યારે સ્ક્રીનશોટ સમર્પિત સંપાદન વિકલ્પ દર્શાવે છે. આ સંદેશાઓને કોપી અને ફોરવર્ડ કરવાના વિકલ્પોની સાથે, વપરાશકર્તાઓને એક સંપાદન વિકલ્પ પણ મળશે. સંપાદન બટન પસંદ કર્યા પછી, તમે તમારા સંદેશમાં કોઈપણ લખાણની ભૂલ અથવા જોડણીની ભૂલને તમે તે મોકલ્યા પછી પણ સુધારી શકો છો. વર્તમાન સેટઅપ ફક્ત વપરાશકર્તાઓને સંદેશને કાઢી નાખવાની (ડિલીટ) મંજૂરી આપે છે. તમે તેને સંપાદિત કરી શકતા નથી.

સંભવતઃ આ સંપાદિત સંદેશાઓના અગાઉના સંસ્કરણોને તપાસવા માટે સંપાદન ઈતિહાસ હશે નહીં, પરંતુ આ સુવિધા વિકસિત થઈ રહી હોવાથી, આ સુવિધાને જાહેર કરતાં પહેલા તેમની યોજનાઓ બદલાઈ શકે છે. વધુમાં, લોકોને તેમના સંદેશાઓને સંપાદિત કરવા દેવાના સમય વિશેની વિગતો અત્યારે અજ્ઞાત છે, પરંતુ જ્યારે તે સમાચાર આવશે ત્યારે અમે તમને તરત જ જણાવીશું. આ ફીચર એન્ડ્રોઈડ માટે વોટ્સએપ બીટા પર ટેસ્ટ કરવામાં આવી રહ્યું હતું પરંતુ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વોટ્સએપ iOS અને ડેસ્કટોપ માટે વોટ્સએપ બીટામાં સમાન ફીચર લાવવા પર કામ કરી રહ્યું છે અને તેની વધુ વિગતો પછીથી ઉપલબ્ધ થશે. જો કે, આ ફીચર ડેવલપમેન્ટ હેઠળ હોવાથી, આ ફીચર અપડેટ માટે ક્યારે તૈયાર થશે તેની ખાતરી આપી શકાતી નથી, પરંતુ WhatsApp ટૂંક સમયમાં તેને વધુ બીટા યુઝર્સ માટે રજૂ કરી શકે છે.

કાશ્મીરી પંડિતો વિરોધ કરી રહ્યા છે પરંતુ ભાજપ તેના ૮ વર્ષની ઉજવણીમાં વ્યસ્ત છે : રાહુલ ગાંધી

(એજન્સી) તા.૧



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બુધવારે કુલગામમાં હિન્દુ મહિલા શિક્ષકની હત્યા પર સરકારની ટીકા કરતા કહ્યું હતું કે, કાશ્મીરી પંડિતો વિરોધ કરી રહ્યા છે પરંતુ ભાજપ મોદી સરકારના આઠ વર્ષની ઉજવણી કરવામાં વ્યસ્ત છે. જમ્મુ અને કાશ્મીરના કુલગામમાં આતંકવાદીઓ દ્વારા શાળાની શિક્ષિકા રેણુબાલાની તેમની શાળાની નજીક ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી તેના એક દિવસ પછી રાહુલ ગાંધીએ આ ટિપ્પણી કરી છે. તેમણે કહ્યું કે, કાશ્મીરમાં સુરક્ષાકર્મીઓ અને નાગરિકો મરી રહ્યા છે અને આ સત્ય છે અને આ કોઈ ફિલ્મ નથી. કાશ્મીરમાં છેલ્લા પાંચ મહિનામાં ૧૫ સુરક્ષાકર્મીઓ શહીદ થયા છે અને ૧૮ નાગરિકો માર્યા ગયા છે. ગઈકાલે પણ એક શિક્ષકની હત્યા કરવામાં આવી હતી. તેમણે હિન્દીમાં એક ટ્વિટમાં જણાવ્યું હતું કે, કાશ્મીરી પંડિતો છેલ્લા ૧૮ દિવસથી ધરણા પર બેઠા છે, પરંતુ ભાજપ પોતાની સત્તાના આઠ વર્ષની ઉજવણી કરવામાં વ્યસ્ત છે. વડાપ્રધાનજી, આ કોઈ ફિલ્મ નથી પરંતુ આ આજનું વાસ્તવિક કાશ્મીરનું સત્ય છે.

વ્હોટ્સએપે ગાઈડલાઈનના ભંગ બદલ એપ્રિલમાં ૧૬ લાખથી વધુ ભારતીયોના એકાઉન્ટ બ્લોક કર્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

વ્હોટ્સએપે બુધવારે જણાવ્યું હતું કે, તેણે નવા આઈટી નિયમ ૨૦૨૧નું પાલન કરતાં એપ્રિલ મહિનામાં ભારતમાં ૧૬.૬ લાખથી વધુ બેડ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ લગાવ્યો છે. પ્લેટફોર્મે માર્ચમાં દેશમાં આવા ૧૮ લાખથી વધુ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ લગાવ્યો હતો. વ્હોટ્સએપે એમ પણ જણાવ્યું કે, કંપનીને દેશની અંદર એપ્રિલમાં ૮૪૪ ફરિયાદો (ગ્રિવન્સ) રિપોર્ટ મળી હતી અને 'કાર્યવાહી'વાળા એકાઉન્ટ્સ હતા. જ્યારે માર્ચમાં વ્હોટ્સએપને ૫૯૭ ગ્રિવન્સ રિપોર્ટ મળી હતી અને કાર્યવાહીવાળા એકાઉન્ટ ૭૪ હતા. વ્હોટ્સએપના પ્રવક્તાએ કહ્યું કે, આ યૂઝર સેફ્ટી રિપોર્ટમાં યૂઝર્સની ફરિયાદોની વિગતો અને વ્હોટ્સએપ દ્વારા કરાયેલી સંબંધિત કાર્યવાહી સાથે-સાથે અમારા પ્લેટફોર્મ પર દુરૂપયોગનો સામનો કરવા માટે વ્હોટ્સએપની પોતાની નિવારક કાર્યવાહીની વિગતો સામેલ છે. વ્હોટ્સએપે એપ્રિલ માસમાં ૧.૬ મિલિયનથી વધુ એકાઉન્ટ્સને પ્રતિબંધિત કર્યા છે.

લગ્ન કર્યા પણ ગેરકાયદે ઘૂસવા બદલ ધરપકડ કરાઈ

પ્રેમીને મળવા બાંગ્લાદેશની યુવતી તરીને ભારત આવી

યુવતીએ ખતરનાક જંગલી પ્રાણીઓની પરવા કર્યા વિના ડેલ્ટા ઓળંગી અને તેના પ્રેમને શોધવા માટે ભારત પહોંચી

(એજન્સી) કોલકાતા, તા.૧

૨૨ વર્ષની બાંગ્લાદેશી યુવતીએ પોતાનો પ્રેમને પામવા માટે ખતરનાક જંગલી પ્રાણીઓથી ભરેલો સુંદરવન ડેલ્ટા પાર કર્યો હતો. આ કપલના લગ્ન તો થઈ ગયા, પરંતુ તેમ છતાં યુવતીની પરેશાનીઓ ઓછી થઈ નથી. એક ૨૨ વર્ષની બાંગ્લાદેશી યુવતીએ ભારતમાં તેના પ્રેમી સાથે લગ્ન કરવા પશ્ચિમ બંગાળ (ભારત) અને બાંગ્લાદેશમાં આવેલી વિશ્વની સૌથી મોટી નદી સુંદરબન ડેલ્ટાને પાર કરી લીધી. આ યુવતીએ ખતરનાક જંગલી પ્રાણીઓની પરવા કર્યા વિના ડેલ્ટા ઓળંગી અને તેના પ્રેમને શોધવા માટે ભારત પહોંચવા માટે એક કલાક સુધી તરી ગઈ.

યુવતીનું નામ કૃષ્ણા મંડલ છે, જેની ભારતના અભિક મંડલ સાથે ફેસબુક પર મિત્રતા શરૂ થઈ હતી. થોડી જ વારમાં તેમની મિત્રતા પ્રેમમાં બદલાઈ ગઈ. હવે ક્રિષ્ના અભિકને મળવાનું નક્કી કરે છે. પણ મળતા પહેલાં એક સમસ્યા સર્જાઈ, કૃષ્ણા પાસે પાસપોર્ટ ન હોવાથી તેણે ગેરકાયદેસર રીતે સરહદ પાર કરવાનું નક્કી કર્યું. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કૃષ્ણા સૌપ્રથમ સુંદરવન ડેલ્ટામાં પ્રવેશી હતી. સુંદરવન ડેલ્ટા રોયલ બંગાળ વાઘ માટે જાણીતું છે. પરંતુ તેની પરવા કર્યા વિના, કૃષ્ણાએ ૧ કલાક સુધી ડેલ્ટામાં તરીને પસાર કર્યો.

સાચા પ્રેમને મળતા કોણ રોકી શકે, આખરે કૃષ્ણાની મહેનત રંગ લાવી અને ત્રણ દિવસ પહેલા કૃષ્ણાએ કોલકાતાના કાલીઘાટ મંદિરમાં પોતાના પ્રેમી અભિષેક સાથે લગ્ન કર્યા હતા. સોમવારે દેશમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવા બદલ કૃષ્ણાની ધરપકડ કરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું કે કૃષ્ણાને બાંગ્લાદેશ હાઈ કમિશનને સોંપવામાં આવી શકે છે. આ પહેલાં પણ આવી ઘટનાઓ સામે આવી હતી, જ્યાં આ વર્ષની શરૂઆતમાં, એક બાંગ્લાદેશી કિશોર ભારતમાંથી ચોકલેટ ખરીદવા માટે સરહદ પાર કરી ગયો હતો.

બિહારમાં જાતિ આધારિત ગણતરી કરાશે : મુખ્યમંત્રી નીતિશકુમાર

(એજન્સી) પટના, તા.૧

બિહારમાં જાતિગત આધારે વસ્તી ગણતરી કરવા અંગે સહમતી સધાઈ છે. સર્વપક્ષીય બેઠકમાં મુખ્યમંત્રીએ આ નિર્ણય લીધો છે. પાછલા ઘણા દિવસોથી રાજ્યમાં જાતિ આધારિત વસ્તી ગણતરીની માગણી કરાઈ રહી હતી. આ મુદ્દે મુખ્યમંત્રી નીતિશકુમારની અધ્યક્ષતામાં સર્વપક્ષીય બેઠક બોલાવાઈ હતી. ત્યારે તમામ પાર્ટીના નેતાઓ એકઠા થયા હતા. આ બેઠકમાં એ નક્કી થવાનું હતું કે, જાતિઓની ગણતરી કેવી રીતે થશે. હવે મુખ્યમંત્રી નીતિશકુમારે જાતિ આધારિત વસ્તી ગણતરીને મંજૂરી આપી દીધી છે. અહેવાલો અનુસાર બેઠકમાં સધાયલી સર્વસંમતિના આધારે પ્રસ્તાવ બનાવીને કેબિનેટમાં મોકલવામાં આવશે. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર ઘણા સમયથી રાજ્યમાં જાતિ આધારિત વસ્તી ગણતરીની માગણી કરી રહ્યા હતા. આ મુદ્દે આરજેડી પણ તેમની સાથે જ હતી. બિહારના બે મોટા પક્ષો જાતિ આધારિત વસ્તી ગણતરી પર એકમત હતા ત્યારે ભાજપે મનેકમને આ અંગે સહમતી દર્શાવવી પડી હતી.

હિંદુવાદી સંગઠને પિતા-પુત્ર એડવોકેટ જોડીને હટાવ્યા

(એજન્સી) લખનૌ, તા.૧

વિશ્વ વૈદિક સનાતન સંઘ (VVSS)ના પ્રમુખ જીતેન્દ્રસિંહ વિશેને મંગળવારે જણાવ્યું હતું કે, સંસ્થાએ નિર્ણય લીધો છે કે, વરિષ્ઠ વકીલો હરિશંકર જૈન અને વિષ્ણુ શંકર જૈન હવે વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ કેસ અને કાશી વિશ્વનાથ સંબંધિત તાજેતરના કેસ સહિતના કેસમાં તેના દ્વારા દાખલ કરાયેલા કેસોમાં તેના વકીલ રહેશે નહીં. નિર્ણય પાછળનું કારણ જણાવવાનો ઈનકાર કરતાં, વિશેને કહ્યું, અમે દેશભર ની વિવિધ અદાલતોમાં અમારા દ્વારા દાખલ કરવામાં આવેલા તમામ કેસોમાં એડવોકેટ હરિશંકર જૈન અને વિષ્ણુ શંકર જૈનના વકીલાતનામાને રદ કરવાનો નિર્ણય લીધો છે. VVSS દેશભરની વિવિધ અદાલતોમાં ૫૦થી વધુ કેસ લડી રહી છે, જેમાંથી સાત જ્ઞાનવાપી કેસ સાથે સંબંધિત છે. જ્ઞાનવાપી મસ્જિદના સંબંધમાં વીવીએસએસ દ્વારા દાખલ કરાયેલી સૌથી તાજેતરની અરજીઓમાં, સંકુલમાં મુસ્લિમોના પ્રવેશ પર પ્રતિબંધની અને સમગ્ર વિસ્તાર હિંદુઓને સોંપવા માગણી કરવામાં આવી હતી. વીડિયોગ્રાફી સર્વેક્ષણ દરમિયાન જ્ઞાનવાપી મસ્જિદ સંકુલમાં શિવલિંગ મળી આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યા બાદ આ અરજી કરવામાં આવી હતી. બે વકીલો ઓછામાં ઓછા પાંચ ચાલુ કેસોના કેન્દ્રમાં રહ્યા છે જેમાં લખનૌની તેલી વાલી મસ્જિદથી ધારની ભોજશાળા અને આગ્રામાં તાજમહેલ અને મથુરામાં શાહી ઈદગાહ વચ્ચે અન્ય મસ્જિદોમાં પ્રાચીન મંદિરના ખંડેરના દાવાઓનો સમાવેશ થાય છે.

EDએ PFI, સંબંધિત સંસ્થાઓની રૂા. ૬૮ લાખથી વધુની ડિપોઝિટ PMLA હેઠળ ટાંચમાં લીધી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧

ઈડીએ બુધવારે કહ્યું કે તેણે મની લોન્ડ્રીંગ તપાસ અંગે ઈસ્લામિક સંસ્થા પીએફઆઈ અને તેની સાથે સંકળાયેલા સંગઠન રિહેબ ઈન્ડિયા ફાઉન્ડેશનની ૬૮.૬૨ લાખ રૂપિયા કરતાં વધુની બેંક ડિપોઝિટ ટાંચમાં લીધી છે. ફેડરલ તપાસ એજન્સી દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ એક્ટ(પીએમએલએ) હેઠળ કામચલાઉ આદેશ જારી કરવમાં આવ્યો છે જેના ભાગરૂપે બંને સંસ્થાઓના કુલ ૩૩ બેંક ખાતાઓ સામેલ છે. પીએફઆઈની ૨૩ બેંક એકાઉન્ટના ૫૯,૧૨,૦૫૧ રૂપિયા અને પીએફઆઈ સાથે સંકલિત રિહેબ ઈન્ડિયા ફાઉન્ડેશનના ૧૦ બેંક એકાઉન્ટમાં ૯,૫૦,૦૩૦ રૂપિયા મની લોન્ડ્રીંગની તપાસમાં ટાંચમાં લેવાયા છે તેમ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પોતાના નિવેદનમાં જણાવ્યુ હતું.

હજના અરકાન શીખવવા માટે કાર્યક્રમ યોજાયો

ગુજરાત રાજ્ય હજ સમિતિ દ્વારા બુધવારે અમદાવાદના ટાગોર હોલ ખાતે હજ ૨૦૨૨ માટે જઈ રહેલા હાજીઓને હજના અરકાન શીખવવા માટે અમદાવાદ જિલ્લા સ્તરનો ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સવારે નવ વાગ્યાથી શરૂ થયેલો આ કાર્યક્રમ દિવસભર ચાલ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ખિદમતના સાથીઓ પણ હાજર રહ્યા હતા. વેઈટિંગમાં ૫૫૩થી ૮૦૦ સુધીના ઉમેદવારો જેઓની યાદી હજ સમિતિની વેબસાઈટ પર રાખવામાં આવી છે. તેમને પાસપોર્ટ, હજ અરજી ફોર્મ, મેડિકલ પ્રમાણપત્ર, અન્ડરટેકિંગ ફોર્મ, બે વધારાના ફોટો હજ હાઉસ કાલુપુર, અમદાવાદ ખાતે આગામી તારીખ ત્રીજી જૂન સુધી જમા કરાવી જવા એક યાદીમાં જણાવાયું છે. વેઈટિંગમાં રહેલા ઉમેદવારોને પોતાના જિલ્લામાં હજ તાલીમ શિબિરમાં હાજરી આપવાનું પણ જણાવાયું હતું.

રાજ્યમાંથી નશીલા પદાર્થ ઝડપાવાનો સિલસિલો જારી

રાજકોટ-જૂનાગઢમાંથી એમ.ડી. ડ્રગ્સના જથ્થા સાથે બે આરોપી ઝડપાયા

રાજકોટમાંથી ૬.૬૯ લાખનું તથા જૂનાગઢમાંથી ૫.૫૦ લાખનું ડ્રગ્સ ઝડપાયું

જૂનાગઢ-રાજકોટ, તા.૧

જૂનાગઢા ધરાનગરમાંથી ૫.૫૦ લાખનું તથા રાજકોટમાં ૬.૬૯ લાખનું એમ.ડી. ડ્રગ્સ ઝડપાયું હતું. ઉક્ત બંને બનાવમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે. રાજકોટ એસઓજી પોલીસે શહેરની મધ્યમાં મનહર પ્લોટ શેરી નં.૨માંથી યોગેશ બારભાયા નામના સોની શખ્સની મેફેડ્રોનના જથ્થા સાથે ધરપકડ કરી છે. પોલીસે આરોપી પાસેથી કુલ ૬.૬૯ લાખનું ૬૬.૯૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ સહિત ૬.૭૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી ડ્રગ્સનો જથ્થો કોની પાસેથી લાવી વેચતો હતો તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે. જૂનાગઢ એલસીબીએ ધરાનગર વિસ્તારમાં રહેતા શખ્સને કિંમત રૂપિયા ૫.૫૦ લાખના પપ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી લીધો હતો. આ શખ્સ મુંબઈ રૂબરૂ જઈ ડ્રગ્સ લાવ્યો હતો. મુંબઈથી ડ્રગ્સ લાવી જૂનાગઢમાં છૂટકમાં વેચાણ કરતો હતો. ધરાનગરના શખ્સે પોલીસ પકડવા વોચ ગોઠવી હતી. ત્યારે પોલીસને જોઈ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પોલીસે વચ્ચે પડી બાઈક સાથે ઝડપી લીધો હતો. પોલીસ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ મુંબઈના શખ્સને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યો છે. પીએસઆઈ ડી.જે. બડવા અને વિક્રમભાઈ ચાવડા, ડાયાભાઈ કરમટા, ભરતભાઈ સોનારા, કરશનભાઈ કરમટા એલસીબીની ઓફિસ પર હાજર હતા, ત્યારે બાતમી મળી કે જૂનાગઢના ધરાનગરમાં હનુમાન ચોક નજીક રામાપીર મંદિરવાળી ગલીમાં રહેતો સાગર ઉર્ફે સાગરો પ્રવિણભાઈ રાઠોડ પાસે ડ્રગ્સનો જથ્થો છે અને બપોરના સાડા ત્રણ વાગ્યે રાજકોટ રોડ તરફથી જેલ ચોક તરફ નીકળવાનો છે. બાતમી મળતા એસપી રવિ તેજા વાસમ શેટ્ટીને જાણ કરી હતી અને આ શખ્સને પકડી લેવા એલસીબીએ તૈયાર શરૂ કરી હતી. પંચ વગેરેને બોલાવી જરૂરી કાર્યવાહી કરી હતી. બાદ એલસીબીની ટીમ બાતમીના સ્થળે પહોંચી ગઈ હતી. ત્યારે મજવડી દરવાજા તરફથી બાઈક ઉપર સાગર ઉર્ફે સાગરો આવી રહ્યો હતો. પોલીસે હાથ તથા લાકડીથી ઈશારો કરી બાઈક રોકવા કહ્યું હતું. પરંતુ સાગરે બાઈક ઊભું રાખ્યું ન હતું અને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસના કર્મચારીઓ આડા પડી બળપ્રયોગથી બાઈક અને સાગરને રોકી લીધા હતા. બાદ સાગર ઉર્ફે સાગરો રાઠોડની તપાસ કરતા ૨૩,૮૦૦ રોકડા અને બે મોબાઈલ મળી આવ્યા હતા. તેમજ વધુ તપાસ કરતા પ્લાસ્ટિકના ઝભલાની અંદરથી પારદર્શક પ્લાસ્ટિકની કોથળીઓ મળી આવી હતી. તેની અંદર સફેદ પાવડર હતો. પોલીસે એફએસએલની ટીમને બોલાવી તપાસ કરતા પ્રાથમિક દૃષ્ટિએ મેફેડ્રોન નામનું ડ્રગ્સ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે વજન કરતાં ૫૫ ગ્રામ ડ્રગ્સનો જથ્થો હતો. જેની કિંમત ૫.૫૦ લાખ રૂપિયા થયા છે. જૂનાગઢ એલસીબીએ ડ્રગ્સ, બાઈક, મોબાઈલ મળી રૂપિયા ૬,૫૪,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે સાગર ઉર્ફે સાગરો પ્રવિણ રાઠોડની પૂછપરછ કરતા મુંબઈના અંધેરીમાં રહેતા સાગર ખાન ઉર્ફે સાગર દાદા પાસેથી રૂબરૂ જઈ લાવ્યો હતો. પોતે જૂનાગઢમાં છૂટક વેચાણ માટે લાવ્યાનું કહ્યું હતું. જૂનાગઢ એલસીબીના પીએસઆઈ ડી.જી. બડવાએ ધરાનગરના સાગર ઉર્ફે સાગરો રાઠોડ અને મુંબઈના સાગર ખાન સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ મુંબઈના સાગર ખાન ઉર્ફે સાગર દાદાની અટક કરવા ચક્રો ગતિમાન કર્યો છે.

દેશના વિવિધ રાજ્યોના શિક્ષણમંત્રીઓ-સચિવોના રાષ્ટ્રીય સંમેલનનું આયોજન

સંમેલનના ભાગરૂપે મંત્રીઓ-સચિવો વગેરે વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાતે

સમીક્ષા કેન્દ્રની કામગીરી નિહાળવા સાથે વિસ્તૃત વિગતો મેળવતા મહાનુભાવો

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧

ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સ્કૂલ એજ્યુકેશન એન્ડ લીટરસી, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી અને ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ શિક્ષણ મંત્રીઓના રાષ્ટ્રીય સંમેલન કાર્યક્રમના ભાગરૂપે આજે તા.૧લી જૂનના રોજ ભારત સરકારના શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સમગ્ર ભારતમાંથી પધારેલા વિવિધ રાજ્યોના શિક્ષણમંત્રીઓ, શિક્ષણ સચિવો સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓ અલગ-અલગ ચાર જૂથમાં વહેંચાઈને સેક્ટર-૧૯, ગાંધીનગર સ્થિત વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લીધી હતી.

કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની આગેવાની હેઠળનું જૂથ આજે સવારે વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાતે આવ્યા હતા. તેમની સાથે દિલ્હીના નાયબ મુખ્યમંત્રી તેમજ મણીપુર, ગોવા, બિહાર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ત્રિપુરા, આસામ, હિમાચલપ્રદેશ અને હરિયાણા રાજ્યના શિક્ષણમંત્રીઓ ઉપરાંત શિક્ષણ વિભાગના સચિવો તથા ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે શિક્ષણ સચિવ વિનોદ રાવ દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્રની કાર્યપ્રણાલી દ્વારા ટેકનોલોજી અને ઓનલાઈન શિક્ષણ દ્વારા દરેક વિદ્યાર્થીની શીખવાની પ્રગતિ અને ગ્રેડ યોગ્ય શિક્ષણ પરિણામો, ઓનલાઈન વિદ્યાર્થીઓની હાજરી (એટેન્ડન્સ સિસ્ટમ), વિદ્યાર્થી માટે નિદાન કસોટી અને ઓરલ રીડીંગ ફ્લુઅન્સી ટેકનિક તેમજ ચાઈલ્ડ ટ્રેકીંગ સિસ્ટમનો ઉપયોગ જણાવી વિસ્તૃત વિગતો આપી હતી.

માઈક્રોસોફ્ટ વર્ચ્યુઅલ ટીચિંગ, દીક્ષા, જી-શાલા, ટીમ્સ અને યુટ્યુબ જેવા વિવિધ નવીન પ્રકલ્પો તથા કોવિડ દરમિયાન વિદ્યાર્થીઓને અપાયેલ ઓનલાઈન શિક્ષણ અને તેના ડેટા વિશ્લેષણ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિવિધ સ્તરે શિક્ષણ વધારવામાં મદદ કરી તેનાથી સૌને વાકેફ કરવામાં આવ્યા હતા. શિક્ષણના હાર્દસમી એકમ કસોટી (PAT) અને સત્રાંત કસોટી (SAT)ના સ્કોર્સની નિપજરૂપ પ્રક્રિયાની સમજ આપવામાં આવી હતી. એકમ કસોટી દ્વારા વિદ્યાર્થીઓની સાથે શિક્ષકો અને આચાર્યને વિદ્યાર્થીઓના અધ્યયન સ્તર, શાળાઓના શિક્ષણ સ્તરને સુધારવામાં મદદ કરે છે તે ફલશ્રુતિની વાત સદ્રષ્ટાંત રજૂ કરાઈ. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી દ્વારા ખાનગી શાળાઓને આ પ્રકારની પદ્ધતિ અપનાવવાથી કેવા પ્રકારનો અને કેટલો ફાયદો થયો તેની જાણકારી મેળવી હતી. નિદર્શન દરમિયાન ઉપસ્થિત થયેલ પ્રશ્નમાં ડેટા એનાલિસીસની સમગ્ર પ્રક્રિયા દરમિયાન શિક્ષકને કેટલો સમય ફાળવવો પડે અને ડેટાના આધારે વિદ્યાર્થીની શિક્ષણ ગુણવત્તા પર કેટલી અસર થાય તેનો સમાવેશ થયો હતો. આ બાબતને ધ્યાને રાખી ધો.૩થી ૮ના વિદ્યાર્થીઓના સ્કૂલીંગ ટુ લર્નિંગ દ્વારા તેના પરિણામ પર પડતી સકારાત્મક અસરને શીખવાના પરિણામ સાથે જોડી શકાય તે અંગે સૂચન કર્યું હતું. ડેટા સંગ્રહ બાદ તેનો વર્ગખંડ પ્રક્રિયાના આયોજનમાં વિવિધ સ્તરે કઈ રીતે ઉપયોગ થઈ રહ્યો છે તેની સ્પષ્ટતા પણ કરવામાં આવી હતી.

આજની કોન્ફરન્સમાં ગુણોત્સવ ૨.૦ની કાર્ય પદ્ધતિની પણ ચર્ચા કરવામાં આવી અને કેવી રીતે શાળાઓનું ગ્રેડેશન કરવામાં આવે છે તે પદ્ધતિ સમજાવવામાં આવી હતી. એકમ કસોટી, સત્રાંત અને વાર્ષિક પરીક્ષાના નિયમિત આયોજન દ્વારા દરેક વિદ્યાર્થી ગ્રેડ એપ્રોપ્રીએટ લર્નિંગ આઉટકમ્સ પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત કરવા માટેના પ્રયાસો અને પરિણામોની જાણકારી શિક્ષણ સચિવ દ્વારા આપવામાં આવી હતી. મહાનુભાવો દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્રની શૈક્ષણિક ગુણવત્તાની કાર્યપ્રણાલિની પ્રશંસા કરી અન્ય સંસ્થાઓ જેવી કે, ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ-ઈન્ફોર્મેટીક્ટ્સ (BISAG-N), ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એક્સેલન્સ (iACE) અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU)ની પણ મુલાકાત લીધી હતી.

"આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના" હેઠળ કરવેરા-ટેક્સમાં મળશે રાહત

રાજ્યની પાલિકાઓમાં એડવાન્સ ટેક્સ ભરનારાઓને રાહત : મુદ્દત વધારાઈ

જૂન-જુલાઈ એમ બે માસનો વધારો : એડવાન્સ ટેક્સ ભરનારાને ૧૨ ટકા મળશે રાહત

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧

"આઝાદી કા મહોત્સવ" અંતર્ગત સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવા સાથે રાહતો-પ્રોત્સાહનો આપવામાં આવી રહ્યા છે. જેમાં રાજ્યના નગરોની પ્રજાજનો કરવેરા-ટેક્ષમાં રાહત આપવા જાહેર કરાયેલ પ્રોત્સાહક વળતર યોજનાનો વધુ નાગરિકો લાભ લઈ શકે તેવા આશયે રાજ્ય સરકારે આ યોજના વધુ બે માસ માટે લંબાવવાનો નિર્ણય કર્યો છે. રાજ્યની નગરપાલિકાઓ દ્વારા નાગરિકો પાસેથી વિવિધ માળખાકીય તેમજ અન્ય સુવિધા માટે કરવેરા-ટેક્ષ ઉઘરાવવામાં આવે છે. જેમાં રાહત આપવા સરકારે આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના જાહેર કરી હતી. જેની મુદ્દતમાં વધારો કરાયો છે. પાલિકાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ માળખાકીય સેવાઓના કરવેરા જેમાં મિલકત વેરો, સામાન્ય પાણી વેરો, ખાસ પાણી વેરો, દિવાબત્તી (લાઈટ) વેરો, ગટર વેરો વગેરે વેરાઓની ચૂકવણીમાં નાગરિકોને સરળતા અને પ્રોત્સાહન આપવા અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ યોજના અન્વયે એવો નિર્ણય કર્યો છે કે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ની વેરાની રકમ જો નાગરિકો તા.૩૦-૬-૨૦૨૨ સુધી એડવાન્સ ભરપાઈ કરે તો તેમને ૭ ટકા વળતર આપવામાં આવશે. એટલું જ નહીં. ડિઝીટલ ઈન્ડિયાના સંકલ્પને વેગ આપવા નિર્ણય કર્યો છે કે, આવી વેરાની રકમ મોબાઈલ એપ કે ઈ-નગરના ઓનલાઈન પોર્ટલ મારફતે તા.૩૦ જૂન-૨૦૨૨ સુધીમાં ભરપાઈ કરનારા નાગરિકોને વધારાનું ૫ ટકા વળતર અપાશે. એટલે કે, ડિઝીટલ ટ્રાન્ઝેકશન કરનારા નાગરિકોને કુલ ૧૨ ટકા વળતરનો લાભ મળશે. યોજનાનો લાભ વધુ નાગરિકો લઈ શકે તેવો ઉદાત્ત અભિગમથી લેવાયેલ આ નિર્ણય અનુસાર નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ની વેરાની રકમ તા.૧ જુલાઈ-૨૦૨૨થી તા.૩૧ જુલાઈ-૨૦૨૨ સુધીમાં એડવાન્સ ભરપાઈ કરનારા નાગરિકોને પાંચ ટકા વળતર મળવાપાત્ર થશે. આ જ સમયગાળા દરમ્યાન ઈ-નગર મોબાઈલ એપ કે ઈ-નગરના ઓનલાઈન સિટીઝન પોર્ટલ મારફતે વેરાની રકમ ભરનારા લોકોને વધુ પાંચ ટકા વળતર મળવાપાત્ર રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની નગરપાલિકાની આવકમાં વધારો થાય સાથોસાથ કરદાતાઓને પણ કરવેરાની રકમ ભરવામાં સરળતા રહે અને પ્રોત્સાહન મળે તેવા ભાવથી આ "આઝાદી કા અમૃત મહોત્સવ વળતર યોજના"નો અમલ વધુ બે મહિના લંબાવવાનો નિર્ણય કર્યો છે.

ઘરમાં યુવતી મળી આવતા પત્ની રેશમા પટેલ સાથે ભરતસિંહની ઝપાઝપીનો વીડિયો વાયરલ થતાં કોંગ્રેસ ક્ષોભજનક સ્થિતિમાં

ભરતસિંહ સોલંકીને છેલ્લા ઘણા સમયથી પત્ની રેશમા પટેલ સાથે મનમેળ નથી, તેઓ એક સિનિયર નેતા હોવાને કારણે તેમનો આ પારિવારીક ઝઘડો અવારનવાર માધ્યમોમાં ચમકે છે

હું બધું ભૂલી નવેસરથી પારિવારીક જીવન શરૂ કરવા પતિ સાથે વાત કરવા ગઈ હતી : રેશમા પટેલ





(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

કોંગ્રેસના દિગ્ગજ નેતા ભરતસિંહને પોતાની પત્ની રેશમા પટેલ સાથે છેલ્લા ઘણા સમયથી પારિવારીક વિવાદ ચાલી રહ્યો છે છૂટાછેડા માટે બોરસદ કોર્ટમાં પણ અરજી દાખલ કરી હોવાનું જાણવા મળ્યું છે. આ વચ્ચે ભરતસિંહ પરસ્ત્રી સાથે પોતાના નિવાસે હતા ત્યારે ત્યાં અચાનક તેમની પત્ની રેશમા પટેલ આવી ચઢી હતી. જ્યાં તેમની વચ્ચે ઝપાઝપી થઈ હતી. એટલું જ નહીં રેશમા પટેલે ઘરમાં હાજર મહિલાને લાફા પણ ઝીંકી દીધા હતા. આ સમગ્ર ઘટનાક્રમનો વીડિયો સોશિયલ મીડિયા પર વ્યાપક પ્રમાણમાં વાયરલ થયો હતો જેના પગલે ચૂંટણી વર્ષમાં કોંગ્રેસ પાર્ટી ક્ષોભજનક સ્થિતિમાં મૂકાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત કોંગ્રેસના અગ્રણી નેતા ભરતસિંહ સોલંકીએ અગાઉ એક જાહેર નોટિસ પાઠવી ખુલાસો કર્યો હતો કે, તેમને પત્ની રેશમા પટેલ સાથે કોઈ સંબંધ નથી તેઓ છેલ્લા ચાર વર્ષથી અલગ રહે છે. પત્ની રેશમા પટેલે જણાવ્યું હતું કે, હું મારા પતિ ભરતસિંહને સમજાવવા ગઈ હતી. હું હજુ પણ મારા પતિને ચાહું છું. હું ઈચ્છું છું કે, તેઓ મારી સાથે ફરી આવી જાય. હું મારા પતિને ઘણા સમયથી શોધતી હતી પછી મને ગઈકાલે અચાનક ખબર પડી કે, તેઓ આણંદ વિદ્યાનગર નજીક આઈસ્ક્રીમ ખાઈ રહ્યા છે. જ્યાં મે તેમને પરસ્ત્રી સાથે જોતા કહ્યા નથી અને મનસ્વી રીતે વર્તે છે. જો તેમની સાથે કોઈ નાણાકીય લેવડદેવડ કરવામાં આવશે તો તેની જવાબદારી મારી રહેશે નહીં. આ નોટિસ અંગે રેશમા પટેલે જણાવ્યું હતું કે, મારી સામેના આરોપો પાયાવિહોણા છે.

રેશમા પટેલે જણાવ્યું હતું કે, હું બધું ભૂલી નવેસરથી પારિવારીક જીવન શરૂ કરવા પતિ સાથે વાત કરવા ગઈ હતી : રેશમા પટેલ (સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧ કોંગ્રેસના દિગ્ગજ નેતા ભરતસિંહને પોતાની પત્ની રેશમા પટેલ સાથે છેલ્લા ઘણા સમયથી પારિવારીક વિવાદ ચાલી રહ્યો છે છૂટાછેડા માટે બોરસદ કોર્ટમાં પણ અરજી દાખલ કરી હોવાનું જાણવા મળ્યું છે. આ વચ્ચે ભરતસિંહ પરસ્ત્રી સાથે પોતાના નિવાસે હતા ત્યારે ત્યાં અચાનક તેમની પત્ની રેશમા પટેલ આવી ચઢી હતી. જ્યાં તેમની વચ્ચે ઝપાઝપી થઈ હતી. એટલું જ નહીં રેશમા પટેલે ઘરમાં હાજર મહિલાને લાફા પણ ઝીંકી દીધા હતા. આ સમગ્ર ઘટનાક્રમનો વીડિયો સોશિયલ મીડિયા પર વ્યાપક પ્રમાણમાં વાયરલ થયો હતો જેના પગલે ચૂંટણી વર્ષમાં કોંગ્રેસ પાર્ટી ક્ષોભજનક સ્થિતિમાં મૂકાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત કોંગ્રેસના અગ્રણી નેતા ભરતસિંહ સોલંકીએ અગાઉ એક જાહેર નોટિસ પાઠવી ખુલાસો કર્યો હતો કે, તેમને પત્ની રેશમા પટેલ સાથે કોઈ સંબંધ નથી તેઓ છેલ્લા ચાર વર્ષથી અલગ રહે છે. પત્ની રેશમા પટેલે જણાવ્યું હતું કે, હું મારા પતિ ભરતસિંહને સમજાવવા ગઈ હતી. હું હજુ પણ મારા પતિને ચાહું છું. હું ઈચ્છું છું કે, તેઓ મારી સાથે ફરી આવી જાય. હું મારા પતિને ઘણા સમયથી શોધતી હતી પછી મને ગઈકાલે અચાનક ખબર પડી કે, તેઓ આણંદ વિદ્યાનગર નજીક આઈસ્ક્રીમ ખાઈ રહ્યા છે. જ્યાં મે તેમને પરસ્ત્રી સાથે જોતા તેમનો પીછો કર્યો હતો પછી હું તેમના ઘરે પહોંચી હતી જ્યાં ઝપાઝપી થઈ હતી. તેમણે જણાવ્યું હતું કે, ભરતસિંહનું આવું વર્તન કોંગ્રેસ પાર્ટીને પણ નુકસાન પહોંચાડી રહ્યું છે. જો કે, આ સમગ્ર ઘટનાક્રમ અંગે કોંગ્રેસ પાર્ટી તરફથી કે ભરતસિંહ સોલંકી તરફથી સત્તાવાર રીતે કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. ભરતસિંહ સોલંકીની પત્ની સાથેની બબાલની કુલ ચાર વીડિયો ક્લીપ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે, જેમાં બેફામ વર્તન જોવા મળે છે.

ભરતસિંહે અગાઉ એક જાહેર નોટિસમાં જણાવ્યું હતું કે, તેમને પત્ની રેશમા પટેલ સાથે કોઈ સંબંધ નથી અને તેઓ છેલ્લા ચાર વર્ષથી અલગ રહે છે

વિવાદાસ્પદ વીડિયોનો ઘટનાક્રમ

સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયો મંગળવાર સાંજનો હોવાનું કહેવાઈ રહ્યું છે, ભરતસિંહ સોલંકી અને તેમની પત્ની રેશમા પટેલ વચ્ચે યુવતીને લઈને થયેલી જોરદાર બબાલની કુલ ચાર વીડિયો ક્લીપ સોશિયલ મીડિયામાં વહેતી થઈ છે, જેમાં જોઈ શકાય છે કે, અંધારામાં રેશમા પટેલ ભરતસિંહના ઘરમાં દરવાજો ખોલી પ્રવેશે છે અને ઘરમાં રહેલી એક યુવતી સાથે ઝપાઝપી શરૂ કરે છે. વીડિયોમાં દેખાઈ રહેલા દૃશ્યો અનુસાર, રેશમા પટેલ દરવાજો ખોલીને જેવા ભરતસિંહના ઘરમાં પ્રવેશે છે તે જ વખતે ભરતસિંહ દોડતા ત્યાં આવે છે અને 'પોલીસને બોલાવો..' તેમ કહીને રેશમા પટેલને આવતા અટકાવે છે. જો કે, રેશમા પટેલ તેમજ તેમની સાથે રહેલા કેટલાક લોકો ઘરમાં જબરજસ્તી ઘૂસે છે અને અંદર રહેલી યુવતીના વાળ પકડીને તેને મારવાનું શરૂ કરે છે. ભરતસિંહ તેને બચાવવાનો પ્રયાસ કરે છે, પરંતુ તેમને હડસેલીને દૂર કરી દેવામાં આવે છે. ત્યારબાદની ત્રણ ક્લીપમાં રેશમા પટેલ અને ભરતસિંહના ઘરમાં રહેલી અજાણી યુવતી વચ્ચે થયેલી મારામારી જોઈ શકાય છે, જેમાં રેશમા પટેલ યુવતીના વાળ ખેંચીને તેનું મોઢું કેમેરામાં દેખાય તેવા પ્રયાસ કરી રહ્યા છે.'

રેશમા પટેલ આ યુવતીને એમ પણ કહે છે કે, 'તું મારા ઘણીને લઈને બેઠી છે... તને નહીં છોડું..' રેશમા પટેલના અચાનક ઘરમાં ઘૂસી જવાથી ભરતસિંહ એટલા ડઘાઈ જાય છે કે, તેઓ સિક્યોરિટી ગાર્ડસને બૂમો પાડીને પોલીસને બોલાવવા માટે કહે છે. રેશમા પટેલ યુવતીના વાળ ખેંચીને 'આનો વીડિયો ઉતારો.. તારૂં મોઢું બતાય' એમ કહેતા રહે છે. જો કે, યુવતી પોતાનો ચહેરો છૂપાવવા માટે પોતાનાથી બનતા તમામ પ્રયાસ કરે છે, તે વખતે રેશમા પટેલ સાથે રહેલો એક વ્યક્તિ યુવતીને એમ પણ કહે છે કે, આ ધંધા સારા નથી. એક ક્લિપમાં રેશમા પટેલ યુવતીને એમ કહેતા પણ સાંભળી શકાય છે કે, 'તે મારો નથી થયો. તેના માટે મેં આખી દુનિયા છોડી દીધી. મારો બાપ પણ મરી ગયો. જેવી દશા મારી થઈ તેવી જ દશા તારી પણ થશે.' યુવતી રેશમા પટેલને આન્ટી કહીને પણ સંબોધે છે, જેના જવાબમાં રેશમા પટેલ તેને એમ કહેતા સાંભળી શકાય છે કે, 'તું મને આન્ટી કહે છે તો પેલો તારો દાદો ના થયો?'

જે બંગલામાં ઝપાઝપી થઈ ત્યાંના ગટર અને વીજ જોડાણ કાપી નંખાયા

આણંદના વિદ્યાનગર રોડ પર આવેલા આશ્રય બંગલોમાં રાત્રીના સુમારે થયેલા વિવાદ બાદ આશ્રય બંગલો કન્સ્ટ્રક્શનના બિલ્ડર નરેશભાઈએ જણાવ્યું હતું કે, બંગલોના ગટર અને વીજ કનેક્શન કાપી નાખવામાં આવ્યા છે અને જ્યાં સુધી આ સોસાયટીમાં આવી ઘટના બીજીવાર નહીં બને તેની ખાત્રી નહીં મળે ત્યાં સુધી આ મકાનમાં રહેવા દેવામાં આવશે નહીં. તેમજ આ મકાનમાં છેલ્લા ૫ માસથી રિદ્ધિ રાજપૂત નામની યુવતી રહેતી હતી અને ભરતસિંહ અહિયા અવરજવર કરતા હતા જેથી સંબંધી હશે તેથી અવરજવર કરતા હશે તેવું અમે સમજતા હતા પરંતુ ગત રાત્રે વિવાદ થયા બાદ આ મામલે અમને જાણકારી મળી. પરંતુ રાત્રે જ ભરતસિંહ સોલંકી અને યુવતી ક્યાંક ચાલ્યા ગયા છે.

ભરતસિંહના વિવાદને કારણે ગુજરાતમાં પાર્ટીની મહેનત પર પાણી ફરી જાય છે : હાઈકમાન્ડ સમક્ષ પ્રદેશ નેતાઓએ રજૂઆત કરી હોવાનું જણાવતાં સૂત્રો

રાહુલ ગાંધીએ ગુજરાતના એક નેતાને ભરતસિંહને મળી વાત કરવાની જવાબદારી સોંપી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧

કોંગ્રેસના સીનિયર નેતા ભરતસિંહ અને તેમના પત્ની વચ્ચે થયેલી ઝપાઝપીનો વીડિયો વાયરલ થયા બાદ હવે આ ઘટનાની હાઈકમાન્ડ સુધી નોંધ લેવામાં આવી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ગુજરાત કોંગ્રેસના નેતાઓએ કોંગ્રેસ મોવડીમંડળ સમક્ષ રજૂઆત કરી છે કે, ભરતસિંહના વિવાદને કારણે ગુજરાતમાં પાર્ટીની મહેનત પર પાણી ફરી જાય છે. ભરતસિંહનો પત્ની સાથેની ઝપાઝપીનો વીડિયો દિલ્હીમાં કોંગ્રેસ મોવડીમંડળ પાસે પહોંચ્યો છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાતના નેતાઓએ મોવડીમંડળ સમક્ષ રજૂઆત કરી છે કે, આ પ્રકારની ઘટનાઓને કારણે પાર્ટીની છબી ખરડાય છે. સૂત્રોના જણાવ્યા મુજબ પ્રદેશના નેતાઓએ હાઈકમાન્ડ સમક્ષ એવી પણ રજૂઆત કરી છે કે, જો ભરતસિંહ ન સુધરે તો રાજકારણ છોડી દે. આ વચ્ચે એવું જાણવા મળ્યું છે કે, કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીએ ભરતસિંહના મામલાની તપાસ માટે ગુજરાતના એક નેતાને જવાબદારી સોંપી છે. રાહુલ ગાંધીએ આ નેતાને આદેશ કર્યો છે કે, તેઓ ભરતસિંહ સાથે મુલાકાત કરી સાચી હકીકત મેળવે.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મહૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ ● સહસ્થાપક : મહૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS